આંતરભારતીય પુસ્તકમાળા

## કથાભારતી

# હિન્દી નવલિકાઓ

સંપાદક

ડૉ. નામવર સિંહ

અનુવાદ

ગુલાબદાસ બ્રોકર

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા

ISBN 81-237-3299-6

પહેલી આવૃત્તિ 1972
બીજી આવૃત્તિ 2000
પુનર્મુદ્રણ 2003 (શક 1925)



*Original Title* : KATHA BHARATI : HINDI KAHANIYAN
*Gujarati Title* : KATHA BHARATI : HINDI NAVALIKAO

**રૂ. 70.00**

નિયામક, નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા
એ-5 ગ્રીન પાર્ક, નવી દિલ્હી-110016 દ્વારા પ્રકાશિત

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | *ભૂમિકા* | | *V* |
| 1 | એણે કહ્યું'તું | ચન્દ્રધર શર્મા 'ગુલેરી' | 1 |
| 2 | કફન | પ્રેમચંદ | 13 |
| 3 | ગુંડો | જયશંકર પ્રસાદ | 22 |
| 4 | ઝાંઝર | જૈનેન્દ્ર કુમાર | 34 |
| 5 | પારકું સુખ | યશપાલ | 49 |
| 6 | ગદલ | રાંગેય રાઘવ | 64 |
| 7 | ત્રીજા સોગંદ | ફણીશ્વરનાથ રેણુ | 81 |
| 8 | લંડનની એક રાત | નિર્મલ વર્મા | 111 |
| 9 | ખુશબો | રાજેન્દ્ર યાદવ | 143 |
| 10 | એનું ભોજન | મોહન રાકેશ | 163 |
| 11 | ગરમીના દિવસો | કમલેશ્વર | 175 |
| 12 | સ્મશાનયાત્રા | શ્રીકાન્ત વર્મા | 183 |
| 13 | બપોરનું ભોજન | અમરકાન્ત | 193 |
| 14 | વાડની આ પાર ને પેલે પાર | જ્ઞાનરંજન | 200 |
| 15 | સુખ | કાશીનાથ સિંહ | 207 |
| | *લેખક-પરિચય* | | *215* |

# ભૂમિકા

1915ના 'સરસ્વતી'માં ચન્દ્રધર શર્મા 'ગુલેરી'ની નવલિકા 'ઉસને કહા થા' (એણે કહ્યું'તું) પ્રસિદ્ધ થઈ ત્યારે કોઈને ખ્યાલ પણ નહોતો કે વખત જતાં એ હિન્દી સાહિત્યને માટે ગોગોલના 'ઓવરકોટ' સમી નીવડશે. 'ઉસને કહા થા' હિન્દીની પહેલી નવલિકા નથી, પહેલી હિન્દી નવલિકા તો કદાચ કિશોરીલાલ ગોસ્વામીની "ઇન્દુમતી" (1900) છે, કે કદાચ એ જ લેખકની "પ્રણયિનો પરિણય" (1887) અથવા એ જ સમયની બીજી કોઈ નવલિકા પણ હોઈ શકે છે. અને એ પણ સાચું છે કે "ઉસને કહા થા" (એણે કહ્યું'તું)ની પહેલાં હિન્દીમાં બંગ મહિલાની "દુલાઈવાલી" (1907), વૃન્દાવનલાલ વર્માની "રાખીબંદ ભાઈ" (રાખડી બાંધેલો ભાઈ) (1909), જયશંકર પ્રસાદની "ગ્રામ" (ગામડું) (1911), રાજા રાધિકારમણપ્રસાદ સિંહની "કાનોં મેં કંગના" (કાનના ફૂલ) (1913), વિશ્વંભરનાથ શર્મા કૌશિકની "રક્ષાબંધન" આદિ અનેક મૌલિક નવલિકાઓ પ્રકાશિત થઈ ચૂકી હતી. પરંતુ આરંભની બધીયે નવલિકાઓ જ્યારે ઇતિહાસની વસ્તુ બનીને રહી ગઈ છે, ત્યારે "ઉસને કહા થા" (એણે કહ્યું'તું) હિન્દી જગતની સ્મૃતિમાં આજે પણ અમર છે, અને એની સાથે સાથે એના લેખક ગુલેરીજી પણ અમર બની ગયા છે, અને એ પણ માત્ર એક જ નવલિકાને લઈને, જેની રચના સંભવતઃ એમને માટે પણ એક અકસ્માતરૂપ જ હતી. કેમકે વસ્તુતઃ તો તેઓ સંસ્કૃતના પંડિત હતા અને ભાષાશાસ્ત્ર તથા પુરાતત્ત્વના વિષયો એમના મનમાં અગ્રતમ સ્થાન ધરાવતા હતા. એમણે આ ઉપરાંત બીજી બે નવલિકાઓ પણ લખી હતી: "બુદ્ધુ કા કાંટા" (બુદ્ધુનો કાંટો) (1911) અને "સુખમય જીવન" (1911 અને 1915ની વચમાં). પણ એમ લાગે છે કે એમને માટે નવલિકા એ હાંસિયામાંનાં લખાણ સમાન જ હતી. એમનું મૃત્યુ પણ 1920માં, માત્ર સાડત્રીસ વર્ષની નાની ઉંમરે થયું, એટલે, બધી જ દૃષ્ટિએ જોતાં હિન્દી નવલિકાના ઇતિહાસમાં "ઉસને કહા થા" (એણે કહ્યું'તું)ને એક સુખદ અકસ્માત સિવાય બીજું શું કહી શકાય ?

તો પણ "ઉસને કહા થા" (એણે કહ્યું'તું) તદ્દન ઓચિંતાની આવી પડી નથી.

એનું વિષયવસ્તુ એ યુગને સર્વથા અનુરૂપ એવા પ્રેમમાં બલિદાનના આદર્શનું છે. શરૂઆતમાં મુખત્વે આ આદર્શવાદને માટે એની પ્રશંસા કરવામાં આવતી; પરંતુ એની સાથે સાથે કલાગત સંયમ અને યથાર્થના કુશળ ચિત્રણ પર પણ નજર તો હતી જ. આ વાત યુગસમીક્ષક રામચંદ્ર શુકલના આ કથનથી સ્પષ્ટ થાય છે. તેઓ કહે છે : "આમાં પાકો વાસ્તવવાદ અને સુરુચિની ચરમ મર્યાદાની ભાવુકતાનો ઉત્તમ ઉત્કર્ષ અત્યંત નિપુણતાથી સધાયેલો છે. આની ઘટના એવી જ છે જેવી હંમેશાં બન્યા કરતી હોય, પણ તેની અંદરથી પ્રેમના એક સ્વર્ગીય સ્વરૂપની ઝાંખી થયા કરે છે – કેવળ એની ઝાંખી જ થાય છે, એ સ્વરૂપ નિર્લજ્જપણે પોકારતું નથી કે પીડાથી હાય હાય કરતું નથી. આખી યે વાર્તામાં ક્યાંય પ્રેમની નિર્લજ્જ પ્રગલ્ભતા કે વેદનાનું બીભત્સ અનાવરણ નથી. આમાં ક્યાંયે સુરુચિના સુકુમારમાં સુકુમાર સ્વરૂપ ઉપર આઘાત થતાં નથી; એમાંની ઘટનાઓ જ બોલી રહી છે એટલે પાત્રોના બોલવાની અપેક્ષા રહેતી નથી." સ્પષ્ટ છે કે વાર્તામાંના આદર્શવાદ કરતાં એ આદર્શની વ્યંજના તરફ દોરતો વાર્તાકારનો કલાસંયમ વિશેષ મહત્ત્વપૂર્ણ છે. એ યુગની બીજી નવલિકાઓ જોતાં એ સંયમને અણધાર્યો જ કહેવો પડે. આ કલાસંયમનો આધાર છે પાકો યથાર્થવાદ, જે વાસ્તવિક જીવનની માર્મિક સ્થિતિઓની પસંદગી અને તેના જીવંત નિરુપણમાં ઝળકી ઊઠે છે. આગળ જતાં જે વસ્તુ હિન્દી નવલિકાની આગવી વિશિષ્ટતા બની ગઈ તે વસ્તુ--એટલે કે સ્થળ સ્થળની પ્રાદેશિક રંગત 'ઉસને કહા થા' થી જ શરૂ થઈ ગણાય--પછી ભલેને તે પ્રાદેશિકતા અમૃતસરની બજારની દોડધામની હોય કે જર્મન મોરચા પરના શીખ જવાનોનાં પંજાબી લોકગીતોનાં ગાનની, કે મરણાસન્ન લહનાસિંહના પ્રલાપોમાંથી તરી ઊઠતી તેના ઘરની યાદની હોય ! આ વાર્તાએ હિન્દી નવલિકાને કુતૂહલપૂર્ણ ઘટનાઓથી ભર્યા ભર્યા કથાનકથી એકી ઝપાટે મુક્ત કરી દીધી, અને તેને માર્મિક જીવનસ્થિતિઓ તરફ વાળી લીધી એટલું જ નહિ, પરંતુ એથીયે કે સહુથીયે વિશેષ કામ તો તેણે નવલિકાની ભાષાના ક્ષેત્રમાં કર્યું. જેના અભાવને અંગે આટલા દિવસ સુધી હિન્દીમાં નવલિકાનો વિકાસ અવરુદ્ધ રહ્યો હતો તે જીવંત ભાષા હિન્દી નવલિકાને આ વાર્તા દ્વારા જ જાણે પહેલી વાર મળી. એ ઉપરાંત, આ વાર્તામાં પચ્ચીસ વર્ષના લાંબા ગાળાને, કથાનક-વિપર્યય અને ફ્લેશબેકના જે કૌશલથી જોડી દેવામાં આવ્યો છે, તેથી સ્પષ્ટ થઈ ગયું છે કે કાળ વિશેની આ કલાની સાધના આ વાર્તાકારની જ સિદ્ધિ છે. પ્રસંગવશ એ પણ કહેવું જોઈએ કે પ્રથમ મહાયુદ્ધ 1914માં શરૂ થયું હતું અને આ વાર્તા 1915માં લખાઈ હતી. છતાં વાર્તાને યુદ્ધના મોરચા પર ઊભી કરી દઈને ગુલેરીજીએ સમકાલીનતા વિશેની સમજનો જે પરિચય આપ્યો તે કદાચ સમગ્ર ભારતીય નવલિકાના ઇતિહાસમાં અજોડ હશે. આ

રીતે હિન્દી નવલિકાનું એ સૌભાગ્ય છે કે તેનું પ્રથમ ઉત્થાન આવા ભવ્ય આરંભથી થયું.

એથી પણ વિશેષ સૌભાગ્યની વાત એ છે કે વિકાસના આ સૂત્રને સંભાળી લેવાને માટે પ્રેમચંદ (1880-1936) જેવા સમર્થ કથાકાર તત્કાળ આગળ આવ્યા 1915ના "સરસ્વતી"માં "ઉસને કહા થા"(એણે કહ્યું'તું)નું પ્રકાશન થયું, તો 1916ના "સરસ્વતી" માં પ્રેમચંદની વાર્તા "પંચ પરમેશ્વર" પ્રકાશિત થઈ. તેણે "ઉસને કહા થા" (એણે કહ્યું'તું)ની પ્રાદેશિકતાને એક ડગલું વળી આગળ વધીને તેને સીધી ગ્રામકથા સાથે જોડી દીધી. પરંપરાગત લોકકથાનું આ સાહિત્યિક રૂપાંતર એટલું સહજ અને સજીવ બની ગયું કે યુરોપની "શોર્ટ સ્ટોરી" અને બંગાળની "ગલ્પ"ની સાથે હિન્દી નવલિકાની સગાઈ જોડનારાઓનાં કલ્પનાનાં ઉડ્ડયનો એકી ઝપાટે નષ્ટ થઈ ગયાં. જેમાં ગ્રામીણ કથાઓનાં રસ અને શૈલી અપનાવાયાં હોય એવી આ પરંપરામાં પ્રેમચંદે અનેક નવલિકાઓ લખી છે. એમની કેટલીયે વાર્તાઓ સીધેસીધી આ રીતે શરૂ થાય છે · "કોઈક ગામમાં શંકર નામનો એક કણબી ખેડૂત રહેતો હતો. સીધોસાદો ગરીબ માણસ હતો; પોતાના કામથી કામ; ન કોઈની સાથે લેવું, ન દેવું. એક દિવસ સંધ્યા સમયે એક મહાત્માએ આવીને એને બારણે ડેરા જમાવ્યા : "સવા શેર ઘઉં." કહેવાની જરૂર નથી કે કથા કહેવાની આ સાદીસીધી રીત હિંદુસ્તાનના દરેક ભાગમાં વાર્તા કહેવાવાળા તથા સાંભળવાવાળા જાણતા જ હોય છે. આ શૈલી અપનાવીને પ્રેમચંદે નવલિકાને વાંચવાની સાથોસાથ કહેવા-સાંભળવાની ચીજ પણ બનાવી દીધી.

પરંતુ પોતાની નવલિકાસૃષ્ટિમાં પ્રેમચંદ હંમેશાં આ નિયમથી બંધાયેલા રહ્યા નહિ. જેમ કે, એમણે જ ક્યાંક કહ્યું છે : "નવલિકા હૃદયની વસ્તુ છે, નિયમની વસ્તુ નથી. નિયમ છે, પણ તે ઉપયોગી થવાને માટે છે. હૃદયના દાનમાં જ્યારે તે અનુપયોગી થઈ જાય ત્યારે તેને ઉલ્લંઘનીય માનવા જોઈએ." આ રીતે એમણે જરૂરત પ્રમાણે બીજી શૈલીઓ પણ અપનાવી. જે પ્રકારનું વિષયવસ્તુ તે પ્રમાણે શૈલીની દૃષ્ટિએ પણ એમની નવલિકાઓમાં એક મહાન કલાકારની પ્રચુરતા અને વિવિધતા છે. "શતરંજ કે ખિલાડી" (શેતરંજના ખેલાડી)ના મિરઝા અને મીરથી લઈને "દો બૈલોંકી કથા" સુધીની એમની વાર્તાઓનાં પાત્રોની એટલી બધી વિવિધતા છે કે જીવન વિશેના એમના અનુભવોની વ્યાપકતાથી આશ્ચર્યચકિત થઈ જવાય. પ્રેમચંદે બધું મળીને લગભગ સવા બસો નવલિકાઓ લખી અને વીસ વર્ષના ગાળામાં એમણે આદર્શોન્મુખ યથાર્થવાદથી માંડીને આલોચનાત્મક યથાર્થવાદ સુધીની લાંબી યાત્રા પૂર્ણ કરી, જેમાં સ્વાભાવિક રીતે જ નવલિકાની કલાનો પણ વિકાસ થયો નવલિકાકલાની પ્રૌઢીની દૃષ્ટિએ એમના છેલ્લા દિવસોની "પૂસ કી

રાત" (પોષની રાત) (1930) અને "કફન" (1936) જેવી વાર્તાઓ સવિશેષ ઉલ્લેખનીય છે. એ દિવસોમાં પ્રેમચંદે પોતાની નોટબુકમાં એક જગ્યાએ લખ્યું હતું :

"વિષાદની વાર્તા, મઝા લેતાં લેતાં."

જેમા ચેખોવનો થોડાક રંગ દેખાઈ આવે છે એવી "પૂસ કી રાત" (પોષની રાત) કે "કફન" જેવી વાર્તાઓની કૂંચી સમાન આ કથન છે. આ રીતે પ્રેમચન્દે હિન્દી નવલિકાને પોતાનું આગવું વૈશિષ્ટ્ય પણ પ્રદાન કર્યું અને સાથેસાથે તેને પ્રૌઢાવસ્થા સુધી પણ પહોંચાડી દીધી.

જયશંકર પ્રસાદ (1886-1937) નવલિકાના ક્ષેત્રમાં લગભગ પ્રેમચન્દની સાથે સાથે જ આવ્યા, અને પોતાની કાવ્યાત્મક તથા નાટકીય પ્રતિભા દ્વારા તેમણે હિન્દી નવલિકાને વિશેષ રીતે સમૃદ્ધ કરી. પ્રસાદની જીવનદષ્ટિ રોમેન્ટિક હતી અને કલારુચિ ઊર્મિશીલતા ભરી (Lyrical). એથી એમના હાથમાં નવલિકા પણ રોમેન્ટિક ઊર્મિશીલતાના ઢાંચામાં ઢળી ગઈ. એમણે મુખ્યત્વે રોમેન્ટિક પ્રેમને જ વાર્તાના વિષય તરીકે પસંદ કર્યો અને વાર્તામાં વિશેષ ધ્યાન રોમેન્ટિક વાતાવરણની સૃષ્ટિ ઉપસાવવા તરફ આપ્યું. એ દષ્ટિએ એમની નવલિકાઓમાં ક્યાંક ક્યાંક પ્રકૃતિનાં સુદૂરરમ્ય ચિત્રોનાં કાવ્યાત્મક વર્ણનો આવે છે. તો ક્યાંક ક્યાંક અતીતનાં મોહક ચિત્રોનાં રંગીન અંકન. એમનાં પાત્રો પણ મુખ્યત્વે રોમાંચક કાર્યોથી વિભૂષિત, મધ્યયુગીન શૌર્યનાં પ્રતીક જેવાં વ્યક્તિત્વવાળાં હોય છે. એ પાત્રોની વાતચીત પણ વધારે પડતી નાટકીય, સુસંસ્કૃત અને કાવ્યોચિત ભાવુકતાથી ભરી ભરી દેખાઈ આવે છે. પ્રસાદે નવલિકાને યથાર્થ કરતાં વિશેષ પ્રમાણમાં કલ્પનાની સૃષ્ટિ જેવી માની, અને એ રીતે એમણે પોતાની નવલિકાઓ દ્વારા એક જાતની ઇન્દ્રજાળ જેવા સંસારની સૃષ્ટિ પેદા કરી જેમા રમ્યાદ્‌ભુત સૌન્દર્ય હોય. એમના નવલિકાસંગ્રહોનાં "છાયા", "ઇન્દ્રજાલ", "આકાશદીપ" વગેરે નામ એક રીતે એમની કલાદષ્ટિનાં પણ સૂચક છે. આ બધી વાતો સાચી હોવા છતાં પણ સ્થાનીય રંગતની એક ભૂમિ એવી છે કે જેનાથી પ્રસાદની રોમેન્ટિક નવલિકાઓ પણ ક્યાંકને ક્યાક રંગાઈ જાય છે. આ દષ્ટિએ "ગુંડા" (ગુંડો) એ બનારસના પ્રસાદની પ્રતિનિધિ વાર્તા છે.

પ્રસંગવશ એક વાત કહેવી જોઈએ કે પ્રેમચંદ અને પ્રસાદ બન્ને એક જ શહેરના, બનારસના રહેવાસી હતા, છતાં તેમના વચ્ચે એટલી ભિન્નતા છે કે ભાગ્યે જ કોઈ બે સમકાલીન લેખકો વચ્ચે આટલી ભિન્નતા હશે. આ ભિન્નતાને ધ્યાનમાં રાખીને એક વખત હિન્દી નવલિકામાં બે સ્કૂલો છે તેવી વાતો થતી હતી. પ્રેમચંદ સ્કૂલ અને પ્રસાદ સ્કૂલ. અને એ સ્કૂલો અનુસાર તત્કાલીન વાર્તાકારોના પણ બે વર્ગ બનાવી દેવામાં આવ્યા હતા. સંપૂર્ણ હિન્દી નવલિકા, મૂળગત રીતે,

પ્રેમચંદ અને પ્રસાદની બે ભિન્ન ભિન્ન પરંપરાઓનાં વિકાસનાં ફળરૂપ જ છે એમ કહેનારા કોઈ કોઈ લોકો આજે પણ મળી આવે છે. પરંતુ આ પ્રકારની અતિ સરલ રૂપ પામેલી માન્યતાઓને કોઈ સચાટ વૈજ્ઞાનિક આધાર નથી. વધુમાં વધુ એમ કહી શકાય કે હિન્દી નવલિકાના ઉત્થાનના બીજા તબક્કામાં પ્રેમચંદે જો નવલિકાને યથાર્થોન્મુખ કરવાનો પ્રયાસ કર્યો તો પ્રસાદે તેને સંવેદનાત્મક સંસ્કાર આપ્યા, એમ તો એ કાળમાં સુદર્શન, વિશ્વંભરનાથ શર્મા કૌશિક, પાંડેય, બેચન શર્મા "ઉગ્ર," ચતુરસેન શાસ્ત્રી, ભગવતીપ્રસાદ બાજપેયી આદિ થોડા બીજા ઉલ્લેખનીય નવલિકાકારો પણ થઈ ગયા છે કે જેમની પાસે વાર્તા કહેવાની પોતાની આગવી કલા પણ હતી અને સાથોસાથ પ્રતિભા પણ.

પ્રેમચંદની છાયામાં નવલિકાની એક અન્ય પ્રતિભા જૈનેન્દ્રકુમાર(1905)ના ઉદય થયો. એ પ્રેમચંદની નિકટ હોવા છતાં એમનાથી એટલા બધા ભિન્ન છે કે એ બેની વચ્ચે સંબંધની કલ્પના કરવી પણ મુશ્કેલ લાગે, જૈનેન્દ્રે વાર્તા કહેવાની સીધીસાદી કલા તો પ્રેમચંદ પાસેથી ગ્રહણ કરી. પરંતુ પ્રેમચંદની લોકસુલભ સાદાઈને વિશેષરૂપે સજીને અને એમણે કલાનું રૂપ દઈ દીધું – તે એટલે સુધી કે એ સંમાર્જનને જોઈને કહેવું પડે કે જૈનેન્દ્રના હાથે પહેલી જ વાર હિન્દીમા નવલિકાએ કલાનો દરજ્જો પ્રાપ્ત કર્યો. વાર્તા કહેવાનું જૈનેન્દ્ર જેવું અનાયાસ, સુખદ પોતાપણું અન્યત્ર મળવું દુર્લભ છે. એમ લાગે છે કે જાણે આ લેખકના હાથમાં કોઈ પણ વાત કે સ્થિતિ નવલિકા બની શકે છે જૈનેન્દ્રે નવલિકાને જીવનની મોટી મોટી સમસ્યાઓના ચક્કરમાંથી બહાર કાઢીને રોજ-બ-રોજની નાની નાની વાતોની ગાંઠો ખોલવા તરફ વાળી. એથી વાર્તાના આ પ્રકારમાં હિન્દીમાં તે "મનોવૈજ્ઞાનિક" તથા "મનોવિશ્લેષણવાદી" વાર્તાકારરૂપે વિખ્યાત થઈ ગયા. પણ એમ કહેવું એ સ્પષ્ટરૂપે એમના વિશે થોડો વધારે પડતો હક્કદાવો કરવા જેવું છે. એ વાત તો સાચી જ છે કે જૈનેન્દ્રે નવલિકાને બહારની ઘટનાઓ તથા ઘટનાના બાહુલ્યવાળાં કથાનકોમાંથી હઠાવી દઈને માનવના અન્તર્મન તરફ વાળી, અને એ રીતે મનમાં ઊઠવાવાળી નાનામાં નાની લહેરીને પણ અંકિત કરી દેવાનો પ્રયત્ન કર્યો. પણ માત્ર એટલાથી કોઈ પણ વાર્તાકાર મનોવિશ્લેષણવાદી બની જતો નથી. તેમની અધિકાંશ નવલિકાઓ, જેમની શક્તિ ગાંધીવાદી ગદ્યની પારદર્શક સચ્ચાઈ, સહજતા અને સાદગીમાં સમાવિષ્ટ છે એવા અંતર્મુખી ચિંતકના સત્યાન્વેષણની પ્રતિલિપિઓ જેવી છે. પ્રેમચંદના હાથમાં જે નવલિકા સામાજિક સંઘર્ષનું હથિયાર બની હતી તે જૈનેન્દ્રના હાથમાં નૈતિક ઊહાપોહનું સૂક્ષ્મ માધ્યમ બની ગઈ. જૈનેન્દ્રે લગભગ સો જેટલી નવલિકાઓ લખી હશે. તેમાંથી ઓછામાં ઓછી એક ડઝન તો એવી છે કે જે પોતાની સૂક્ષ્મ કલાકારીને અંગે બરોબર યાદ રહી જશે.

જૈનેન્દ્ર પછી થોડા જ સમયમાં નવલિકાના ક્ષેત્રમાં બીજા બે લેખકો આવ્યા :

યશપાલ (1903) અને અજ્ઞેય (1911). એમનું યુગ્મ ફરી એક વાર પ્રેમચંદપ્રસાદના યુગ્મની યાદ આપી જાય છે. ચોથા દશકાના જે સંક્રાંતિકાળમાં, ભારતીય માનસ, મૂલ્યો ઉપર આવી પડેલા સંકટના તબક્કામાંથી પસાર થતું હતું અને ગાંધીવાદી આદર્શોથી અસંતુષ્ટ બની નવી પેઢી માર્ક્સ તથા ફ્રોઇડના વિચારોમાં સત્યનું સંધાન કરી રહી હતી તે કાળમાં યશપાલ અને અજ્ઞેયે લેખનનો આરંભ કર્યો. વિચારધારાઓના આ ઘર્ષણની અસર નવલિકા ઉપર પણ પડી. જીવનની વિષમતામાં યશપાલને આર્થિક કારણો દેખાયાં, તો અજ્ઞેયને એ વિષમતાનો સ્રોત માનવમનની દમન કરેલી વાસનાઓ અને ગ્રંથિઓમાં દેખાયો. રસ્તા બે હતા પરંતુ બન્ને લેખકો પૂર્વવર્તી યુગની આદર્શવાદિતા અને રોમેન્ટિકપણા સાથે જોડાઈ જવાનો પ્રયત્ન કરી રહ્યા હતા, અને એ રીતે બન્નેની દૃષ્ટિ આલોચનાત્મક યથાર્થવાદ તરફ દોરાયેલી હતી. યશપાલનો પ્રથમ નવલિકાસંગ્રહ "પિંજરે કી ઉડાન" (પાંજરાનું ઉડ્ડયન) (1938) તથા અજ્ઞેયનો પ્રથમ નવલિકાસંગ્રહ "ત્રિપથગા" (1937) થોડા થોડા અંતરે લગભગ એકીસાથે જ પ્રસિદ્ધ થયા. એ સંગ્રહોથી એ બન્ને વાર્તાકારોની દૃષ્ટિનું અંતર સ્પષ્ટ થઈ જાય છે. આરંભમાં અજ્ઞેયમાં ભાવુકતા વિશેષ હતી અને તેમની ભાષા પણ કાવ્યાત્મક પ્રયોગોથી ભારેખમ બની જતી હતી; પરંતુ ધીમે ધીમે જ્યારે એનો મેદ ગળી ગયો ત્યારે "રોજ" જેવી વાર્તા વાચકો સમક્ષ રજૂ થઈ. એ જ વાર્તા આગળ વધતાં 'ગ્રેંગીન'ના નામથી પુનઃપ્રકાશિત થઈ. "રોજ" યા "ગેંગ્રીન"નું પહેલું વાક્ય છે : "બપોરે એ જૂના આંગણામાં પગ મૂકતાંવેંત મને એવું લાગ્યું કે જાણે એના પર કોઈ શાપની છાયા ઘૂમી રહી છે – એના વાતાવરણમાં કશુંક એવું અકથ્ય, અસ્પર્શ્ય પરંતુ વજનદાર, પ્રકમ્પ્ય અને ઘેરું ફેલાઈ રહ્યું હતું." હિન્દી નવલિકામાં વાતાવરણનું ચિત્રણ કરવાવાળી આ ભાષા જ માત્ર નવી નહોતી, પરંતુ એ ભાષા દ્વારા નિરૂપાયેલું વાતાવરણ પણ નવું હતું. આ રીતે અજ્ઞેય દ્વારા હિન્દી નવિલકામાં એક નવી સંવેદનશીલતા પ્રવેશ પામી.

બીજી તરફ જો યશપાલની વાર્તા "દુઃખ કા અધિકાર" (દુઃખનો અધિકાર) જોઈએ તો તેનો તીક્ષ્ણ વ્યંગ્ય પણ હિન્દી નવલિકામાં એક નવી સામાજિક ચેતનાનો ઉદય થઈ રહ્યો છે તેની સાક્ષી પૂરે છે. તેમાં એક બાજુ શાકભાજી વેચનારી એક ગરીબ સ્ત્રી આવે છે જેને પોતાના જુવાન પુત્રના મરણ ઉપર રોવાનો પણ અધિકાર નથી. અને બીજી બાજુએ શ્રીમંત સ્ત્રી આવે છે જેના મૃત્યુનો શોક પાળવાની ચર્ચા આખું ગામ કરી રહ્યું છે. યશપાલે બહુ જ ઝીણવટથી એ સત્યનું ઉદ્ઘાટન કર્યું છે કે અધિકાર સુખનો જ નહિ, પણ દુઃખનો પણ હોય છે, અને જે ગરીબ હોય છે તેમને પોતાનું દુઃખ દેખાડવાનો પણ અધિકાર નથી. મુખ્યત્વે આવાં નાનાં નાનાં દૃષ્ટાંતોનો આશ્રય લઈને યશપાલે વ્યંગ્યાત્મક ચોટની

વાર્તાઓ લખી છે. પહેલાં એક વિચાર રજૂ કરવો અને સ્પષ્ટ નિશાન તરફ ધસી જવું, પછી એને અનુરૂપ એક ઘનત્વ પામેલું કથાનક મૂકવું જે થોડે દૂર સુધી વાચકોને અહીંતહીંના અનુષંગમાં બહેલાવતું બહેલાવતું ખેંચી જાય, અને અંતમાં ઓચિંતાની જ એક ચોટ લગાવે. આ રીતે યશપાલ પ્રેમચંદ જેવા જ ઉદ્દેશપ્રિય વાર્તાકાર છે; એમની દરેક વાર્તા અંતમાં એક જ બિન્દુ પર ચોટ લગાવે છે અને એ બિન્દુ છે વર્ગવિષમતાનું. વર્ગીય સમાજના ઢોંગનો પડદો ખોલી નાખવામાં યશપાલે નવલિકાને એક અસ્ત્રના રૂપમાં વાપરી છે. એનું પ્રતિનિધિરૂપ ઉદાહરણ છે "ફૂલોં કા કુત્તા" (ફૂલનો કૂતરો). અજ્ઞેય દ્વારા હિન્દી નવલિકા જો સંશ્લિષ્ટ સંવેદનાઓની ચિત્રશાળી બની તો યશપાલ દ્વારા એને વાસ્તવિકતાના અધિકારથી, વિશેષ ઉદ્ઘાટનની ક્ષમતા પ્રાપ્ત થઈ.

આ જ ગાળામાં ભગવતીચરણ વર્મા અને ઉપેન્દ્રનાથ અશ્કે પણ નવલિકાઓ, લખી. અશ્ક પ્રેમચંદની યથાર્થવાદી પરંપરાના વાહક મનાય છે, અને ભગવતીચરણ વર્મા પોતાની ફક્કડતાભરી રીતિથી "ફસાન-એ-આઝાદ"ના લેખક સરશાહની યાદ આપી જાય છે. એમની પ્રસિદ્ધ વાર્તા "દો બાંકે" (બે છેલછબિલા)માં આ વાત સ્પષ્ટ સ્વરૂપે દેખાઈ આવે છે. આ સંદર્ભમાં નાની નાની પણ ચોટવાળી નવલિકાઓ લખનાર રાધાકૃષ્ણ પણ ઉલ્લેખનીય છે. અને જેમની નિરાળી પ્રતિભાએ નવલિકાના ક્ષેત્રમાં પોતાની વિશિષ્ટ કેડી સ્થાપી દીધી છે તે નિરાલા પણ અવશ્ય ઉલ્લેખનીય છે.

થોડાં વર્ષો સુધી ગતાનુગતિકતાની સ્થિતિ ચાલ્યા બાદ, સ્વાધીનતાની પ્રાપ્તિ પછી, છઠ્ઠા દશકાના આરંભમાં એક નવો ઉન્મેષ જોવામાં આવ્યો. એણે જાગ્રતભાવે "નવી કવિતા"ની માફક, "'નવી નવલિકા'ની ઘોષણા કરી. સ્વાધીનતાની સાથે સાથે એક નવો સર્જનાત્મક ઉન્મેષ આવે એ સ્વાભાવિક હતું તેની સર્જનાત્મક પરિણતિ નવી નવલિકા જેવી કોઈ નિતાન્ત નવી ચીજમાં થઈ હોય કે નયે થઈ હોય, પણ તોયે હકીકત તો એ રહે છે કે તબક્કામાં નવલિકાકારોની એક આખી નવી પેઢી મોટી સંખ્યામાં નવલિકાસર્જનની દિશામાં સક્રિય થઈ ઊઠી હતી. તેમાં રાગેય રાઘવ, ફણીશ્વરનાથ રેણું, દ્વિજેન્દ્રનાથ મિશ્ર "નિર્ગુણ", ભિષ્મ સાહની, કૃષ્ણ સોબતી, કૃષ્ણ બળદેવ વૈદ, રાજકુમાર, કમલ જોષી, લક્ષ્મીનારાયણ લાલ, હરિશંકર પરસાઈ, મોહન રાકેશ, અમરકાન્ત, ઉષા પ્રિયંવદા, મન્નુ ભંડારી, નિર્મલ વર્મા, માર્કન્ડેય, રાજેન્દ્ર યાદવ, કમલેશ્વર, શેખર જોષી, શિવપ્રસાદ સિંહ, ધર્મવીર ભારતી, રઘુવીર સહાય, મનોહર શ્યામ જોશી, શૈલેશ મટિયાની વગેરેનાં નામો ઉલ્લેખનીય છે. આટલી બધી સર્જનાત્મક પ્રતિભાઓ એકીસાથે નવલિકા તરફ વળે એ હિન્દીમાં એક મહત્ત્વપૂર્ણ ઘટના હતી. ભૈરવપ્રસાદ ગુપ્તનાં સંપાદન હેઠળ પ્રસિદ્ધ થતી માસિક પત્રિકા, "કહાની" એ અને એ પછી "નઈ કહાનિયા"એ આ પ્રતિભાઓને માટે એક વ્યાપક મંચ

પૂરો પાડ્યો. આ પેઢીના કેટલાક લેખકોએ પ્રાદેશિક જીવનનાં દુર્લભ ચિત્રો અને વ્યક્તિચરિત્રોનાં નિરૂપણ દ્વારા હિન્દી નવલિકાના સંસારને સમૃદ્ધ કર્યો, તો બીજા કેટલાકોએ શહેરોના મધ્યમ વર્ગના જીવનના સંઘર્ષનું માર્મિક ચિત્ર નિરૂપીને નવલિકાની કલાને વળી વિશેષ તેજોમય બનાવવાનો પ્રયત્ન કર્યો. આ દશકાની નવલિકાએ સર્જનશીલતાને એક સંગઠિત આંદોલનમાં સીમાબદ્ધ કરવાના પ્રયત્નો કર્યા એ ખરું, પણ તે ઉપરાંત આ નવા કથા ઉન્મેષની સહુથી મોટી વિશેષતા તો તેની વિવિધતા અને પ્રચુરતા જ છે. ભિષ્મ સાહનીની સાદાઈ અને સરલતા, રામકુમારની ઊંડી માનવતા, નિર્મલ વર્માની ભાષા સંબંધી સંવેદનશીલતા, અમરકાંતની મર્મસ્પર્શી વ્યંગ્યશીલતા, રઘુવીર સહાયની સ્વચેતના, રાજેન્દ્ર યાદવનું કલાવૈવિધ્ય, રેણુની સંગીતમય પ્રાદેશિકતા, માર્કન્ડેયની ગ્રામીણ સહજતા તથા પરસાઈની પ્રખર સામાજિક ચેતનાથી આ સમયાવધિનો નવલિકાસંસાર પૂરેપૂરો રંગાઈ ગયો છે. આ સમયાવધિના મોટા ભાગના નવલિકાકારોએ ખરેખર નવલિકાને એક ગંભીર કલા-માધ્યમના રૂપમાં સ્વીકારી, અને નવલિકા-કલાની જૂનીપુરાણી રૂઢિઓની કેડી પર ચાલ્યે રાખવાને બદલે જિંદગીનો સીધો સાક્ષાત્કાર કરવાનો સંકલ્પ કર્યો. પુસ્તકિયા જીવનદષ્ટિથી દૂર જઈને "પ્રામાણિક અનુભૂતિ" અને "સ્વાનુભૂત વાસ્તવ" ઉપર જોર દેવાયું. સામાન્ય સિદ્ધાંતના રૂપમાં આ વાત નવી ન હોવા છતાં પણ આ વિશિષ્ટ ઐતિહાસિક સ્થિતિમાં એ પૂરતી ક્રાન્તિકારી અને સર્જનાત્મક નીવડી. બધું મળીને આ તબક્કામાં દોઢથી બે ડઝન નવલિકાઓ તો જરૂર એવી સર્જાઈ છે કે જેને આકરામાં આકરા માપદંડથી માપીએ તો પણ પ્રથમ શ્રેણીમાં સ્થાન આપી શકાય જ.

સાતમાં દશકાની સાથે હિન્દીમાં નવલિકાકારોની વળી એક નવી પેઢી આવી. એની પ્રખર વાસ્તવદષ્ટિને, છઠ્ઠા દશકાના મોટા ભાગના વાર્તાકારોના "સ્વાનુભૂત વાસ્તવ"વાળી વાત, છેતરામણી અને દષ્ટિ તદ્દન રોમેન્ટિક લાગી. સંયોગ પણ કંઈ એવો બની આવ્યો કે છઠ્ઠા દશકામાં બહાર આવેલા વાર્તાકારો બદલાયેલી પરિસ્થિતિઓની સાથે તાલ જાળવી ન શક્યા તે કારણે કાં તો ચૂપ થઈ ગયા અથવા તો સર્જનાત્મક સંભાવનાનો કોઈ અન્ય માર્ગ શોધવાને બદલે પોતાની પૂર્વપરિચિત દુનિયામાં જ પોતાનું મોં છુપાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા. સાતમા દશકના વાર્તાકારોએ પરંપરામાંથી પ્રાપ્ત થતા યથાર્થના ખ્યાલોનો ત્યાગ કરીને, જેનાથી આજ સુધી આંખને અળગી રાખવામાં આવે છે તેવાં સામાન્ય માનવીની સરેરાશ જિંદગીમાં વ્યાપ્ત એવાં પરાયાપણાંનાં, પોતે જ જાણે નિર્વાસિત હોય તેવી તેની સ્થિતિમાં, અમાનુષિકતાનાં અને સંત્રાસનાં અતલ ઊંડાણમાં દષ્ટિ નાખવાનો પ્રયત્ન કર્યો. આ પેઢીના વાર્તાકારોને મુક્તિબોધની "ક્લૉડ ઇથરલી" અને "વિપાત્ર" જેવી વાર્તાઓ પોતાની વિશેષ નજીકની લાગી, અને એ અભિજ્ઞાનને

દૃષ્ટિ સમક્ષ રાખીને તેમણે જીવનની ભયાવહતાની ફેન્ટસી"ને નિરૂપિત કરવાનો પ્રયત્ન કર્યો. આ દૃષ્ટિએ સાતમા દશકાના નવલિકાકારોમાં શ્રીકાંત વર્મા, મહેન્દ્ર ભલ્લા, જ્ઞાનરંજન, કાશીનાથ સિંહ, દૂધનાથ સિંહ, રવીન્દ્ર કાલિયા, કામતાનાથ, સુધા અરોડા, રમેશ બક્ષી, પ્રબોધકુમાર, વિજય ચૌહાન આદિનાં નામ વિશેષ ઉલ્લેખનીય છે. આમાંથી મોટા ભાગના વાર્તાકારોનો માંડ માંડ એક એક વાર્તાસંગ્રહ પ્રકાશિત થયો હશે. એ સાથે એ પણ સાચું છે કે ઘણા બધા યુવાન નવલિકાકારો અત્યારથી જ પોતે કહેલી વસ્તુ ફરી ફરી કહેવા લાગ્યા છે. છતાં આ પરિવર્તનથી હિન્દી નવલિકામાં નવી સર્જનાત્મક સંભાવનાનાં દ્વાર ખૂલ્યાં છે તેમાં કશી શંકા નથી.

જે લક્ષ્યસ્થાનો સુધી પહોંચવામાં બીજી ભાષાઓની નવલિકાઓને એથી દોઢો કે બમણો સમય લાગ્યો હતો તે લક્ષ્યસ્થાનો સુધી આ રીતે હિન્દી નવલિકા પાછલાં 70 વર્ષના ગાળામાં પહોંચી ગઈ છે. હિન્દીમાં નવલિકાનો ઉદય, નિઃસંદેહ, કંઈક મોડો થયો, અને સંભવતઃ હિન્દી પ્રતિભાનું ધ્યાન પણ નવલિકા કરતાં કવિતા અને નવલકથાનાં ક્ષેત્રો ઉપર વિશેષ પ્રમાણમાં કેન્દ્રિત રહ્યું, છતાં પણ ટૂંકા ગાળામાં હિન્દી નવલિકાએ પોતાનું એક નિશ્ચિત વ્યક્તિત્વ બનાવી લેવામાં સફળતા પ્રાપ્ત કરી છે. એને લીધે તે માત્ર ભારતીય સાહિત્યમાં જ નહિ, પરંતુ વિશ્વના નવલિકાના સાહિત્યમાં પોતાની વિશિષ્ટ અસ્મિતા(આઇડેન્ટિટી)નો દાવો કરી શકે છે. આશા છે કે આ સંકલન એ અસ્મિતાનો કંઈક ખ્યાલ આપી શકશે.

અંતમાં બે શબ્દો આ સંકલન સંબંધી; સંપૂર્ણ હિન્દી નવલિકાનું આ સંકલન નથી કેટલાક પ્રસિદ્ધ નવલિકાકારોનો એમાં સમાવેશ કરી શકાયો નથી. વાર્તાના શિલ્પના, કલારૂપના પ્રયોગોની વિવિધતા પણ આમાં નિભાવી શકાઈ નથી અને કદાચ કેટલીક નવલિકાપ્રવૃત્તિઓ પણ આમાંથી બાદ રહી ગઈ છે. એનું એક કારણ તો સંકલનના આકારની નક્કી કરેલી મર્યાદા છે અને બીજું કારણ તો સંપાદકની પોતાની પસંદગીની દૃષ્ટિ. સામાન્ય રીતે એ દૃષ્ટિને સામાજિક વાસ્તવનું નામ આપી શકાય, પરંતુ ખરેખર તો એની સાચી ભાળ આમાં સંકલિત કરેલી નવલિકાઓના અવલોકનમાંથી જ મળી શકે. મારી સમજ પ્રમાણે મેં આ સંકલન દ્વારા હિન્દી નવલિકાની મુખ્ય પરંપરાને ઉપસાવીને વાચક સમક્ષ પ્રસ્તુત કરવા માગી છે, છતાં, પ્રત્યેક સંકલનની માફક, આ પણ એક હદ સુધી વૈયક્તિક સંકલન જ છે એમ સ્વીકારી લેવામાં મને કોઈ સંકોચ નથી. ખેદ એ વાતનો છે કે અનુમતિ ન મળવાને લીધે આ સંગ્રહમાં અજ્ઞેયની વાર્તા 'ગેગ્રીન' સમાવિષ્ટ કરી શકાઈ નહિ. એકદંર આ સંકલન જેવું પણ થયું છે તેનું શ્રેય જેમણે પોતાના સહયોગથી આ યોજનાને સફળ બનાવી છે તે વાર્તાકારોને ફાળે જાય છે.

**— નામવર સિંહ**

# એણે કહ્યું'તું

## ચન્દ્રધર શર્મા ગુલેરી

### 1

**મો**ટાં મોટાં શહેરોના ગાડીવાળાઓની જીભના કોરડાથી જેમની પીઠ છોલાઈ ગઈ હોય અને કાન પાકી ગયા હોય તેમને અમારી પ્રાર્થના છે કે તેઓ અમૃતસરના બામ્બુગાડીવાળાઓની બોલીનો મલમ લગાવે. જ્યારે મોટાં મોટાં શહેરોની પહોળી સડકો ઉપર ઘોડાની પીઠને ચાબુકથી છોલી નાખનારા એક્કાવાળાઓ ક્યારેક ઘોડાની માની મા સાથેનો પોતાનો નિકટનો સંબંધ જાહેર કરતા હોય છે, તો ક્યારેક રસ્તે ચાલનારાઓને આંખો ન હોવા બદલ તેમની દયા ખાતા હોય છે; તો ક્યારેક એમની આંગળીઓની વચ્ચેની જગ્યાને ચીરી નાખ્યા છતાં પોતાને જ સતાવવામાં આવ્યા હોય તે રીતે દુનિયાભરની ગ્લાનિ, નિરાશા અને લોભના અવતારરૂપ બની ગયા હોય તેમ નાકની સીધમાં ગાડી ચલાવી જતા હોય છે, ત્યારે અમૃતસરના એમની જ બિરાદરીવાળા ભાઈઓ સાંકડી અને ગોળ ગોળ ગલીઓમાં હરેક બેલગાડીવાળાઓને રસ્તો આપવા માટે ઊભા રહીને અને ધીરજનો સમુદ્ર ઊથલાવી દઈને "ખાલસાજી, સાંભળો," "ભાઈજી, હટો," "ઊભા રહો, ભાઈ," "આવવા દો, લાલાજી," "હટો બાદશાહ" કહેતાં કહેતાં સફેદ કેડિયાં, ખચ્ચરો અને બતકો; શેરડી વેચનારાઓ, ખૂમચાવાળાઓ અને ભારે માલ લઈ જનારાઓના જંગલમાંથી પોતાનો માર્ગ કરી લેતા હોય છે. કોની મગદૂર છે કે 'જી' અથવા 'સાહેબ' સાંભળ્યા વિના કોઈને હટવું પડે ? એમ નથી કે એમની જીભ ચાલતી જ નથી. ચાલે છે, પણ મીઠી છૂરીની જેમ ઝીણો માર મારે છે. વારંવાર ચેતવણી આપ્યા છતાં પણ જો કોઈ બૂઢી બાઈ રસ્તામાંથી હઠતી ન હોય તો એમની વચનાવલિનો નમૂનો આ રહ્યો : "હટી જા, એ જીવવા જોગ," "હટી જા એ કરમી બાઈ," "હટી જા એ પુત્રપ્યારી," "બચી જા, એ લાંબી ઉમ્મરવાળી." એ બધાનો સામટો અર્થ એ થાય છે કે તું જીવવા યોગ્ય છે, તું ભાગ્યશાળી છે, પુત્રોને તું પ્યારી છે, તારી સામે હજી લાંબી જિંદગી પડી છે તો પછી શા માટે તું મારાં પૈડાં નીચે આવી જવા માગે છે ? બચી જા.

આવા બામ્બુગાડીવાળાઓની વચમાં થઈને એક છોકરો અને છોકરી ચૉકની એક દુકાન આગળ ભેગાં થઈ ગયાં. પેલાના વાળ ઉપરથી અને આના ઢિલા સૂંથણા ઉપરથી જણાઈ આવતું હતું કે બન્ને શીખ છે. એ પોતાના મામાના વાળ ધોવા માટે દહીં લેવા આવ્યો હતો અને આ નાસ્તાને માટે વડાં લેવા. દુકાનદાર કોઈ પરદેશી જોડે માથાફોડમાં ગૂંથાઈ ગયો હતો, કેમ કે પેલા કાચા પાપડની એક શેરની થોકડીમાંના નંગેનંગને ગણી લીધા સિવાય ત્યાંથી હઠતો નહોતો.

"તારું ઘર ક્યાં છે ?"

"મગરામાં... ને તારું ?"

"માંઝામાં... અહીં ક્યાં રહે છે ?"

"અત્તરસિંહની બેઠકમાં, એ મારા મામા થાય."

"હું પણ મામાને ત્યાં આવ્યો છું. એમનું ઘર ગુરુબજારમાં છે."

એટલામાં દુકાનદાર પરવાર્યો અને આમને જોઈતી ચીજો આપવા લાગ્યો. એ બધું લઈને બન્ને સાથે સાથે ચાલ્યાં. થોડેક ગયા પછી છોકરાએ હસીને પૂછ્યું : "તારી સગાઈ થઈ ગઈ ?" એ સાંભળી છોકરી જરા આંખ કાઢીને 'ધત્' કહેતીકને દોડી ગઈ ને છોકરો મોં વકાસતો ઊભો રહી ગયો.

એ પછી દર બીજે કે ત્રીજે દિવસે શાકવાળાને ત્યાં કે દૂધવાળાને ત્યાં કે ક્યાંકને ક્યાંક આ છોકરાં ભેગાં થઈ જતાં. મહિના સુધી આમ જ ચાલ્યું. છોકારાએ વળી બે ત્રણવાર પૂછ્યું : "તારી સગાઈ થઈ ગઈ ?" જવાબમાં એ જ "ધત્" મળ્યું. એક દિવસ જ્યારે ફરીવાર છોકરાએ એને ચીડવવા માટે મશ્કરીમાં એ પૂછ્યું ત્યારે છોકરી છોકરાની ધારણાની વિરુદ્ધ બોલી : "હા, થઈ ગઈ."

"ક્યારે ?"

"કાલ. જોતો નથી આ રેશમી બુટ્ટાવાળી ચૂંદડી ?"

છોકરી ભાગી ગઈ. છોકરો ઘર તરફ વળ્યો. રસ્તામાં એણે એક છોકરાને ગટરમાં ધકેલી દીધો, એક છાબડીવાળાની દિવસ આખાની કમાણી ઊંધી વાળી, એક કૂતરાને પથ્થર માર્યો અને એક કોબીવાળાની રેંકડીમાં દૂધ ઢોળ્યું, સામેથી નાહીને ચાલી આવતી વૈષ્ણવ સ્ત્રી જોડે ભટકાઈને આંધળાની ઉપાધિ મેળવી, ત્યારે માંડ ઘેર પહોંચ્યો.

## 2

"રામ રામ, આ પણ કંઈ લડાઈ છે ? દિવસને રાત ખાઈઓમાં બેસીને હાડકાં અકડાઈ ગયાં. લુધિયાનાથી દસગણી ઠંડી, અને વધારામાં વરસાદ અને બરફ. પગની પીંડીઓ સુધી કીચડમાં ઘૂસી ગયા છીએ. દુશ્મન ક્યાંય દેખાતો

નથી... કલાક બે કલાકમાં કાનના પડદા ફાડી નાખે તેવા ધડાકાની સાથે આખી ખાઈ હલી ઊઠે છે ને ધરતી સો સો ગજ જેટલી ઊછળે છે. આ ગેબી ગોળાથી કોઈ બચે તો લડે ને ! નગરકોટના ધરતીકંપ વિશે સાંભળ્યું હતું, પણ અહીં તો દિવસમાં પચ્ચીસવાર ધરતીકંપ થાય છે. ખાઈની બહાર જરાક જેટલો પણ સાફો કે કોણી નીકળે તો ધડ દઈને ગોળી લાગી જ છે. ખબર નથી પડતી કે બેઈમાનો ધરતીની માટીમાં લપેટાયેલા રહે છે કે ઘાસનાં તણખલાં પાછળ છુપાઈ બેસે છે.

"લહનાસિંહ, હવે બીજા ત્રણ દિવસ રહ્યા. ચાર તો ખાઈમાં વિતાવી દીધા છે. પરમ દિવસે "રિલીફ" આવી જશે અને પછી સાત દિવસની છુટ્ટી. આપણે હાથે જ ઝટકો* કરીશુ અને પેટ ભરીને ખાઈને સૂઈ જઈશું. પેલી ફિરંગી મડમના બાગમાં મખમલ જેવું લીલું ઘાસ છે. ફળ અને દૂધનો તો વરસાદ કરી દે છે. એ ગમે તેટલું કહીએ તોયે પૈસા લેતી નથી, કહે છે, "તમે રાજા છો, મારા દેશને બચાવવા આવ્યા છો."

"ચાર દીથી મટકું પણ માર્યું નથી. ફેરવ્યા વિનાનો ઘોડો બગડે છે અને લડ્યા વિનાનો સિપાહી. મને તો સંગીન ચડાવીને માર્ચ કરવાનો હુકમ જો મળી જાય ! બસ. પછી તો એકલે હાથે સાત જર્મનોને માર્યા વિના પાછો ફરું તો દરબારસાહેબની ડેલીએ માથું નમાવવાનો અધિકાર છોડી દઉં, પાજી ક્યાંના ! ચાવી દીધેલા ઘોડા જેવા છે !... સંગીન દેખે છે કે તરત જ મોં પહોળું કરી દે છે ને પગ પકડવા લાગે છે. ને આમ અંધારામાં ત્રીસ ત્રીસ મણના ગોળા ફેંકે છે ! પેલે દિવસે હુમલો કર્યો હતો... ચાર માઈલ સુધીમાં એક પણ જર્મનને છોડ્યો નહોતો. પછી જનરલસાહેબે હઠી જવાનો હુકમ દીધો, નહિ તો..."

"નહિ તો સીધા બર્લિન પહોંચી જાત, કેમ ?" સૂબેદાર હજારાસિંહે હસીને કહ્યું. "લડાઈનો મામલો જમાદાર કે નાયબ ચલાવે તેમ ચાલતો નથી. મોટા મોટા અફસરો તો લાંબા ગાળાની વાતો વિચારે છે. ત્રણસો માઈલનો સામનો છે. એક જ તરફ આગળ વધી ગયા તો શું થાય ?"

"સૂબેદારજી, સાચી વાત છે," લહનાસિંહે કહ્યું. "પણ કરીએ શું ? ઠંડી તો હાડકાંમાં પણ પેસી ગઈ છે. સૂર્ય નીકળતો નથી, અને ખાઈમાં બન્ને બાજુ ચમ્બની વાવડી જેવાં ઝરણાં ઝરતાં રહે છે. એક હુમલો થઈ જાય તો ગરમી આવી જાય."

"ઉદમી, ઊઠ. સગડીમાં કોલસા નાખ. વજીરા, તમે ચાર જણા બાલદીઓ લઈને ખાઈમાંથી પાણી બહાર ઉલેચો. લહનાસિંહ, સાંજ થઈ ગઈ છે. ખાઈના દરવાજા ઉપરનો પહેરો બદલી નાખ." આમ કહેતાં કહેતાં સૂબેદાર આખીયે

* "ઝટકો કરવો" એટલે એક ઘાએ પશુને મારી નાખવું. શીખ લોકો એ જ રીતે કપાયેલા જાનવરનું માંસ ખાઈ શકે.

ખાઈમાં ચક્કર મારવા લાગ્યા. વજીરાસિંહ પલટનનો વિદૂષક હતો. બાલદીમાં ગંદું પાણી ભરીને ખાઈની બહાર ફેંકતાં ફેંકતાં બોલ્યો : "હું પુરોહિત બની ગયો છું. લો, જર્મનીના બાદશાહનું તર્પણ કરો." આ સાંભળી સહુ ખડખડાટ હસી પડ્યા અને ઉદાસીનાં વાદળ વિખેરાઈ ગયાં.

લહનાસિંહે બીજી બાલદી ભરીને એના હાથમાં દઈને કહ્યું, "આપણી વાડીના ખરબૂજાને પાણી પા. ખાતરનું આવું પાણી આખા પંજાબમાં નહિ મળે."

"હા, દેશ તો કેવો છે ! સ્વર્ગ છે સ્વર્ગ. હું તો લડાઈ પછી સરકાર પાસે અહીં દસગણી જમીન માંગી લઈશ અને ફળનાં ઝાડ રોપીશ."

"પત્ની હોરાંને પણ અહીં બોલાવી લેશો. કે પેલી દૂધ પિવડાવવાવાળી ફિરંગી મડમો..."

"ચૂપ કર. અહીંના લોકોને શરમ નથી."

"દેશ દેશના પણ રિવાજ હોય છે ના ! આજ સુધી હું એને સમજાવી શક્યો નથી કે શીખો તમાકુ પીતા નથી. એ સિગરેટનો આગ્રહ કરે છે, મારા હોઠમાં મૂકવા ઇચ્છે છે, ને હું પાછો હઠી જાઉં છું તો સમજે છે કે રાજાને માઠું લાગ્યું, હવે એ મારા દેશ માટે લડશે નહિ."

"અચ્છા ! હવે બોધાસિંહને કેમ છે ?"

"સારું છે."

"જાણે મને કંઈ ખબર જ ન હોય ! રાત આખી તું એને મારા બન્ને કામળા ઓઢાડી રાખે છે ને તું પોતે સગડીને આધારે રાત કાઢી નાખે છે; એને બદલે તું જ પહેરો ભરી આવે છે; તારી લાકડાની સૂકી પાટ ઉપર તું એને સુવડાવે છે ને પોતે કીચડમાં પડી રહે છે. ક્યાંક તું માંદો ન પડી જતો. આ ઠંડી નથી, મોત છે, ને નિમોનિયાથી મરવાવાળાને મેવામીઠાઈ નથી મળ્યા કરતાં."

"મારી ચિંતા કરો માં. હું તો બુલેલના તળાવના કિનારા ઉપર મરીશ. ભાઈ કિરતસિંહની ગોદમાં મારું માથું હશે, અને આંગ[illegible] મારે હાથે ઉગાડેલા આંબાની છાયા મારા ઉપર ઢળતી હશે."

વજીરાસિહે ભ્રૂકુટિ ચડાવીને કહ્યું "મરવા-મરાવવાની આ શી વાત માંડી છે ? મરે જર્મનો અને તુરકડાઓ !"

"હાં ભાઈઓ, કેમ—

દિલ્લી શહર તે પિશૌર નું જાંદિએ
કર લેણા લૌંગાં દા બપાર મડિએ
કર લેણા નાડે દા સૌદા અડિએ
ઓય લાણા, ચટાકા કદુએ નું

કટ્ટ બણયાવે મજેદાર ગોરિએ
હુણે લાણા ચટાકા કદુએ નું."

કોને ખબર હતી કે દાઢીવાળા અને ઘરગૃહસ્થીવાળા શીખો આવું લુચ્ચાઈભર્યું ગીત ગાશે, પણ આખી ખાઈ એ ગીતથી ગૂંજી ઊઠી, અને બધા સૈનિકો ફરીથી તાજા થઈ ગયા-જાણે ચાર દિવસથી આરામ અને મોજમઝા જ કરતા રહ્યા ન હોય!

3

બે પહોર રાત વીતી ગઈ છે. અંધારું પથરાયું છે. ચારે બાજુ સન્નાટો છવાઈ ગયો છે. બોધાસિંહ બિસ્કીટના ખાલી ત્રણ ડબ્બાઓ પર પોતાના બન્ને ધાબળા બિછાવીને અને લહનાસિંહના બે ધાબળા અને બે લશ્કરી કોટ ઓઢીને સૂઈ રહ્યો છે. લહનાસિંહ પહેરા પર ઊભો છે. એક આંખ ખાઈના મુખ ઉપર છે અને એક બોધાસિંહના દુબળા શરીર પર.

બોધાસિંહ કરાંજ્યો.

"કેમ બોધાભાઈ, શું છે ?"

"પાણી પાઓ."

લહનાસિંહે પ્યાલો એને મોઢે લગાડીને પૂછ્યું : "કહો, કેમ છો ?"

પાણી પીને બોધાએ કહ્યું : "કમ્પારી છૂટે છે. રોમરોમમાં તાર દોડાદોડી કરી રહ્યા છે. દાંત કકડે છે."

"ઠીક, આ મારી જરસી પહેરી લો."

"ને તમે ?"

"મારી પાસે તો સગડી છે. મને ગરમી થાય છે. પસીનો આવવા લાગ્યો છે."

"ના, હું નહિ પહેરું ચાર દિવસથી તમે મારે માટે..."

"હા, હા, યાદ આવ્યું. મારી પાસે બીજી ગરમ જરસી છે, આજે સવારે જ આવી છે વિલાયતથી. મેમસાહેબા ગૂંથીગૂંથીને મોકલે છે. ગુરુ એમનું ભલું કરે," એમ કહીને લહનાએ પોતાનો કોટ ઉતારીને જરસી કાઢવા માંડી.

"સાચું કહો છો ?"

"ત્યારે શું જૂઠું કહું છું ?" એમ કહીને ના ના કરી રહેલા બોધાને એણે બળજબરીથી પોતાની જરસી પહેરાવી દીધી અને પોતે માત્ર ખાખી કોટ અને જીનનું ખમીસ પહેરીને પહેરા પર જઈને ઊભો રહી ગયો. મેમની જરસીની કથા તો માત્ર કથા જ હતી.

અર્ધો કલાક વીત્યો. એટલામાં ખાઈના મુખ તરફથી અવાજ આવ્યો : "સૂબેદાર હજારાસિંહ !"

"કોણ ! લેફ્ટેનન્ટસા'બ ! હુકુમ હજૂર" કહેતાકને સીધોસટ થઈને લશ્કરી સલામ કરતો સૂબેદાર સામે ઊભો રહી ગયો.

"જુઓ, આ પળે જ હુમલો કરવો પડશે, અહીંથી એક માઈલને છેટે પૂર્વના ખૂણામાં એક જર્મન ખાઈ છે. એમાં પચાસથી વધારે જર્મનો નથી. આ ઝાડોની નીચે નીચે થઈને જતાં બે ખેતરો વટાવવા જેટલો રસ્તો છે. ત્રણચાર વળાંકો આવે છે. જ્યાં વળવાનું છે ત્યાં પંદર સૈનિકો ઊભા રાખીને આવ્યો છું. તમે અહીં દસ માણસોને મૂકી બાકી બધાને લઈ જઈને એને મળો. ખાઈ કબજે કરીને પછી જ્યાં સુધી બીજો હુકમ ન મળે ત્યાં સુધી ત્યાં જ પડ્યા રહેજો. હું અહીં રહીશ."

"જેવો હુકમ."

ચૂપચાપ સહુ તૈયાર થઈ ગયા. બોધાસિંહ પણ ધાબળો ઉતારીને ચાલવા લાગ્યો ત્યારે લહનાસિંહે તેને રોક્યો. લહનાસિહં આગળ થવા ગયો, તો બોધાના બાપ સૂબેદારે આંગળીથી બોધા તરફ ઇશારો કર્યો. લહનાસિંહ સમજીને ચૂપ થઈ ગયો. પાછળ કયા દસ માણસો રહે એ બાબતમાં ખૂબ જ દલીલો થઈ. કોઈ રહેવા ઇચ્છતું નહોતું. બધાને સમજાવી-પટાવીને સુબેદારે કૂચ કરી. લેફ્ટેનન્ટસાહેબ મોં ફેરવીને લહનાની સગડી પાસે ઊભા રહ્યા અને ખીસામાંથી સિગરેટ કાઢીને સળગાવવા લાગ્યા. દસ મિનિટ પછી લહના તરફ હાથ લંબાવીને તેમણે કહ્યું :

"લો, તમે પણ પીઓ."

આંખના પલકારામાં લહનાસિંહ બધું સમજી ગયો. મોં ઉપરનો ભાવ છુપાવીને બોલ્યો : "લાવો, સાહેબ," હાથ આગળ થયો કે તરત તેણે સગડીના પ્રકાશમાં સાહેબનું મોં જોયું, વાળ જોયા. એ ભેગું એનું માથું ધમધમી ઊઠ્યું. લેફ્ટેનન્ટસાહેબના પટિયાંવાળા વાળ એક દિવસમાં ક્યાં ઊડી ગયા અને એની જગ્યાએ કેદીઓ જેવા આવા કાપેલા વાળ ક્યાંથી આવી ગયાં ?

કદાચ સાહેબે શરાબ પીધો હશે અને એમને વાળ કપાવવાની તક મળી ગઈ હશે. લહનાસિંહને ખાતરી કરવાનું મન થયું. લેફ્ટેનન્ટ પાંચ વર્ષથી એની રેજિમેન્ટમાં હતા.

"હેં સાહેબ, આપણે હવે હિન્દુસ્તાન ક્યારે જઈશુ ?"

"લડાઈ પૂરી થાય ત્યારે. કેમ, આ દેશ પસંદ નથી ?"

"ના, સાહેબ, શિકારની મઝા અહીં ક્યાં છે ? યાદ છે ગયે વર્ષે નકલી લડાઈ પૂરી થઈ ગયા પછી આપણે જગાધારી જિલ્લામાં શિકાર કરવા ગયા હતા...હાં...હાં...આપ જ્યારે ગધેડા ઉપર સવારી કરતા હતા અને આપનો ખાનસામો અબદુલ્લા રસ્તાના એક મંદિરમાં ભગવાનને પાણી ચડાવવા પાછળ

રહી ગયો હતો !" "ખરેખર પાજી હતો સાલ્લો..." "સામેથી પેલી નીલગાય* નીકળી... એના જેવડી મોટી નીલગાય મેં તો ક્યારેય દીઠી નહોતી. ને આપની ગોળી એની કાંધમાં લાગીને પૂંઠમાંથી નીકળી. આવા અફસરો જોડે શિકાર ખેલવાની મઝા આવે. કાં સાહેબ, સિમલાથી તૈયાર થઈને એ નીલગાયનું માથું આવી ગયું'તું ના ? આપે કહ્યું હતું કે એને રેજિમેન્ટની મેસમાં લગાવીશું."

"હા, પણ મેં એ તો વિલાયત મોકલી દીધું."

"કેવાં મોટાં મોટાં શિંગડાં હતાં ! બે બે ફૂટનાં તો હશે, નહિ ?"

'"હા લહનાસિંહ, બે ફૂટ અને ચાર ઈંચના હતાં. તમે સિગરેટ ન પીધી ?"

"પીઉં જ છું, સાહેબ, દીવાસળી લઈ આવું," કહેતોકને લહનાસિહં ખાઈમાં ઘૂસી ગયો. હવે એને કશો સંદેહ રહ્યો નહોતો. હવે શું કરવું જોઈએ એ વિશે એણે ઝટપટ નિર્ણય કરી લીધો.

અંધારામાં એ કોઈક સૂતેલા સૈનિક સાથે અથડાયો.

## 4

"કોણ વજીરાસિંહ ?"

"હા, કેમ લહના ? કયામત આવી ગઈ શું ? જરા આંખ તો મળવા દેવી'તી ?"

"ભાનમાં આવી જા. કયામત આવી છે ને લેફ્ટેનન્ટસાહેબનો વેશ પહેરીને આવી છે."

"શું ?"

"લેફ્ટેનન્ટસાહેબ કાં તો મરાયા છે કે કાં કેદ પકડાયા છે. એમનો વેશ પહેરીને કોઈક જર્મન આવ્યો છે. સૂબેદારે એનું મોઢું જોયું નહોતું, મેં જોયું છે ને એની સાથે વાત પણ કરી છે. સાલ્લો શુદ્ધ ઉર્દૂ બોલે છે. પણ પુસ્તિકિયા ઉર્દૂ. ને મને પીવાને સિગરેટ આપી છે."

"તો હવે ?"

"હવે મરી ગયા. દગો છે. સૂબેદાર કીચડમાં ચક્કર માર્યે રાખશે ને અહીં ખાઈ પર હુમલો થશે. ત્યાં એમના પર ખુલ્લામાં હુમલો થશે. ઊઠ તું, ને એક કામ કર. આપણી પલટન ગઈ છે એનાં પગલાંનાં નિશાન જોતો જોતો તું દોડ્યો જા. હજી બહુ દૂર નહિ પહોંચ્યા હોય. સૂબેદારને કહે કે જલદી પાછા ચાલ્યા આવે. ખાઈવાળી વાત જુઠ્ઠાણું છે, ચાલી જા. ખાઈની પાછળથી નીકળી જા. કંઈ શંકા પણ ન આવવી જોઈએ. હવે ઢીલ કરમાં,"

* એક પ્રકારનું હરણ જે ગાય જેવડું લાગે. અમુક ભાગમાં તેને "ચિતળ" કહે છે.

"હુકમ તો એવો છે કે અહીં..."

"હુકમની એસીતેસી. મારો હુકમ છે, જમાદાર લહનાસિંહનો – જે આ ક્ષણે અહીંનો સહુથી મોટો અફસર છે તેનો હુકમ છે. હું લેફ્ટેનન્ટસાહેબની ખબર લઉં છું."

"પણ અહીં તો તમે આઠ જ જણ છો."

"આઠ નહિ, દસ લાખ છીએ. એક એક અકાલી શીખ સવા લાખ માણસો જેવા હોય છે, ચાલી જા તું."

પાછો ફરીને લહનાસિંહ ખાઈના મુખ આગળની દીવાલ સાથે ચોંટી ગયો. તેણે જોયું કે લેફ્ટેનન્ટસાહેબે ખીસામાંથી મોટા મોટા બોર જેવડા ત્રણ ગોળા કાઢ્યા. ત્રણેને ખાઈની ભીંતમાં જુદી જુદી જગ્યાએ ખોસી દીધા અને ત્રણેમાં એક તાર જેવું કંઈક બાંધી દીધું. તારની આગળ દોરીની એક ગાંઠ હતી જેને એણે સગડી પાસે રાખી. બહારની બાજુ એક દીવાસળી, એ ગાંઠ પર મૂકવાને માટે...

વીજળીની ત્વરાથી બન્ને હાથમાં બંદૂકને ઊંધી ઉઠાવીને લહનાસિંહે સાહેબની કોણી પર જોરથી મારી. ધબાક દઈને સાહેબના હાથમાંથી દીવાસળી પડી ગઈ. બંદૂકનો એક કૂંદો લહનાસિંહે સાહેબની ગરદન પર માર્યો, અને સાહેબ "ઓહ માઈ ગોડ" કહેતા મૂર્છા ખાઈને ઢળી પડ્યા. લહનાસિંહે વીણી વીણીને ત્રણે ગોળા ખાઈની બહાર ફેંકી દીધા. અને સાહેબને ઘસડીને સગડી પાસે લેટાડ્યા. ખિસ્સાં તપાસ્યાં. ત્રણચાર કવર અને ડાયરી કાઢી લઈને પોતાના ખિસ્સામાં મૂકી દીધાં.

સાહેબની મૂર્છા વળી. લહનાસિંહે હસીને કહ્યું : "કેમ લફ્ટેનન્ટસાહેબ ? કેમ છે તબિયત ? આ જ હું ઘણી વાતો શીખ્યો. એ શીખ્યો કે શીખો સિગરેટ પીએ છે. એ શીખ્યો કે જગાધારીના જિલ્લામાં નીલગાયો થાય છે અને એમનાં શિંગડાં બે ફૂટ અને ચાર ઇંચનાં હોય છે. એ શીખ્યો કે મુસલમાન ખાનસામો મૂર્તિ પર જલ ચડાવે અને લેફ્ટેનન્ટસા'બ ગધેડા પર સવારી કરે છે, પણ એ તો કહો કે આવી શુદ્ધ ઉર્દૂ ક્યાંથી શીખી આવ્યા ? આમારા લેફ્ટેનન્ટસાહેબ તો 'ડેમ' કર્યા વિના પાંચ શબ્દો પણ નહોતા બોલતા."

લહનાએ પાટલૂનના ખીસાં નહોતાં તપાસ્યાં. જાણે કે ઠંડીથી બચવાને હોય તેમ સાહેબે બન્ને હાથ ખીસ્સામાં નાખ્યા.

લહનાસિંહ બોલતો ગયો : "ચાલાક તો ખૂબ છો, પણ માંઝાનો લહનો આટલાં વરસ લેફ્ટેનન્ટસાહેબની સાથે રહ્યો છે. એને બનાવી જવાવાળાને ચાર આંખ હોવી જોઈએ. ત્રણ મહિના પહેલાં એક તૂર્કી મૌલવી મારા ગામમાં આવ્યો'તો. બચ્ચાં થાય એને માટે સ્ત્રીઓમાં તાવીજ વહેંચતો'તો અને બચ્ચાંઓને દવા દેતો'તો. ચૌધરીના વડની નીચે પાટ બિછાવીને હુક્કો પીધા કરતો'તો ને

કહેતો'તો કે જર્મનીવાળા મહાપંડિત છે. વેદો વાંચી વાંચીને એમાંથી વિમાન ચલાવવાની વિદ્યા શીખી ગયા છે. ગાયોને મારતા નથી. હિન્દુસ્તાનમાં આવી જશે તો ગૌહત્યા બંધ કરાવી દેશે. બજારના વેપારીને ભડકાવ્યો'તો ને કહ્યું'તું કે પોસ્ટ ઑફિસમાંથી પૈસા લઈ લો, સરકારનું રાજ જવા બેઠું છે. પોસ્ટ માસ્તર પોલ્હૂરામ પણ બ્હી ગયા'તા. મેં મુલ્લાજીની દાઢી મૂંડી નાખી'તી, ને ગામની બહાર ધકેલી દઈને કહ્યુ'તું કે જો મારા ગામમાં પગ મૂક્યો છે તો..."

સાહેબના ખિસ્સામાંથી પિસ્તોલ ફૂટી ને લહનાસિંહની જાંઘમાં ગોળી વાગી. આ બાજુ લહનાની હેન્રીમાર્ટિનીના બે બારથી સાહેબનો આખરી ફેંસલો થઈ ગયો. ધડાકા સાંભળીને સહુ દોડી આવ્યા. બોધા બૂમ પાડી ઊઠ્યો : "શું છે ?"

એને તો લહનાસિંહે એમ કહીને સુવડાવી દીધો કે એક હડકાયો કૂતરો આવ્યો'તો એને મારી નાખ્યો, પણ બાકીનાઓને એણે બધી હકીકત કહી. બન્દૂકો લઈને બધા તૈયાર થઈ ગયા. લહનાએ સાફો ફાડીને જખમની બન્ને બાજુએ કસીને પાટો બાંધી દીધો. ઘા માંસમાં જ હતો. પાટો કસીને બાંધ્યો તેથી લોહી નીકળતું બંધ થઈ ગયું.

એટલામાં સિત્તેરેક જર્મનો બૂમો પાડતા ખાઈમાં ઘૂસી ગયા. શીખોની બંદૂકોની ભરતીએ પહેલા હુમલાને રોકી દીધો. બીજાને પણ રોક્યો. પણ આ બાજુ માત્ર આઠ જ જણ હતા. લહનાસિંહ તાકી તાકીને મારતો હતો. એ ઊભો હતો, બાકી બધા સૂઈને લડતા હતા. અને પેલી બાજુ સિત્તેર. પોતાના મરેલા ભાઈઓનાં શરીર પર ચડીને જર્મનો આગળ વધતા જતા હતા. થોડી જ મિનિટોમાં એ...

અચાનક અવાજ આવ્યો, "વાહ ગુરુજીદી ફતહ, વાહ ગુરુજીદા ખાલસા." અને બંદૂકોમાંથી જર્મનોની પીઠ ઉપર ધડાધડ બાર થવા લાગ્યા. આમ, જર્મનો ચક્કીના બે પડની વચ્ચે આવી ગયા. પાછળથી સૂબેદાર હજારાસિંહના સૈનિકો આગ વરસાવતા હતા. અને સામેથી લહનાસિંહના સાથીઓની સંગીનો ચાલતી હતી. પાસે આવી જતાં પાછળવાળાઓએ પણ સંગીનો પરોવવી શરૂ કરી દીધી.

ફરી એક લલકાર થયો : "અકાલ સિકખાદી ફોજ આઈ. વાહ ગુરુજીદી ફતહ. વાહ ગુરુજીદા ખાલસા. સતસિરિ અકાલ પુરુષ," અને લડાઈ ખતમ થઈ ગઈ. ત્રેસઠ જર્મનો કાં તો મરાયા હતા, યા તો કરાંજતા હતા. શીખોમાંથી પંદરના પ્રાણ ગયા, સૂબેદારના ખભા આરપાર ગોળી નીકળી ગઈ. લહનાસિંહની પાંસળીમાં એક ગોળી લાગી. એણે જખમને ખાઈની ભીની માટીથી પૂરી દીધો. અને બાકીના ભાગોમાં સાફો કમરબંધની જેમ લપેટી લીધો. કોઈને ખબર ન પડી કે લહનાનો બીજો જખમ ભારે ગંભીર છે.

લડાઈના સમયે ચંદ્ર બહાર નીકળ્યો હતો, એવો ચંદ્ર હતો જેનો પ્રકાશ સંસ્કૃત

કવિઓએ તેને આપેલી ‘ક્ષયી’ નામ સાર્થક કરે. અને પવન એવો વહી રહ્યો હતો કે તેને બાણભટ્ટની ભાષામાં ‘દન્તવીણોપદેશાચાર્ય’ કહી શકાય. વજીરાસિંહ કહી રહ્યો હતો કે પોતે જ્યારે દોડતો સૂબેદારની પાછળ ગયો હતો ત્યારે ફ્રાંસની ભૂમિ જાણે મન ભરીને તેના બૂટમાં ચોંટી જતી હતી.

સૂબેદાર, લહનાસિંહ પાસેથી આખી વાત સાંભળીને અને કાગળિયાં વગેરે કરીને તેને સમયસૂચકતાભરી બુદ્ધિનાં વખાણ કરી રહ્યા હતા, અને કહી રહ્યા હતા કે તું ન હોત તો આજે બધા મરી ગયા હોત.

આ લડાઈનો અવાજ દક્ષિણ દિશામાં ત્રણ માઈલ દૂર આવેલી ખાઈવાળાઓએ સાંભળ્યો હતો. એમણે પાછળ ટેલિફોન કરી દીધો હતો. ત્યાંથી તરત જ ડૉક્ટર, તથા બીમારોને લઈ આવવા માટે બે ગાડીઓ નીકળી ચૂકી અને દોઢેક કલાકની અંદર ત્યાં આવી પહોંચી. ફિલ્ડ હૉસ્પિટલ નજીક હતી. સવાર થતાં સુધીમાં તો ત્યાં પહોંચી જવાશે. એટલે મામૂલી પાટાપિંડી કરીને એક ગાડીમાં ઘાયલોને લઈ લીધા ને બીજીમાં લાશો રાખી દીધી. સૂબેદારે લહનાસિંહની જાંઘમાં પાટો બંધાવવાની ઇચ્છા કરી, પણ એણે એમ કહીને એ ટાળી દીધું કે મામૂલી ઘા છે, સવારે જોયું જશે. બોધાસિંહ તાવમાં બકબક કરતો હતો. એને ગાડીમાં સુવડાવી દીધો. લહાનાને છોડીને સૂબેદાર જતા નહોતા એ જોઈ લહનાએ કહ્યું :

“તમને બોધા અને સૂબેદારણીજીનાં સોગંદ છે, તમે આ ગાડીમાં ચાલ્યા જાઓ.”

“ને તું ?”

“ત્યાં પહોંચીને મારે માટે ગાડી મોકલજો અને આ જર્મનોનાં મુડદાં લેવા માટે તો ગાડી આવતી જ હશે, મારી હાલત ખરાબ નથી, જોતા નથી, હું તો ઊભો છું. વળી વજીરાસિંહ પણ મારી પાસે જ છે.”

“ઠીક... પણ...”

“બોધા ગાડીમાં સૂઈ ગયો ? હવે તમે પણ ચડી જાઓ. અને સાંભળો, સૂબેદારણી હોરાંને પત્ર લખો તો મારા પ્રણામ લખજો. અને જ્યારે ઘેર જાઓ ત્યારે એમને કહી દેજો કે એમણે જે કહ્યું હતું તે મેં કરી દીધું છે.”

ગાડીઓ ઊપડી ચૂકી હતી. સૂબેદારે ચડતાં ચડતાં લહનાનો હાથ પકડી લીધો અને કહ્યું : “તેં મારા અને બોધાના પ્રાણ બચાવ્યા છે. લખવાનું શેનું ? આપણે સાથે જ ઘેર જઈશું. સૂબેદારણીને તું જ કહી દેજે, એણે શું કહ્યું’ તું ?”

“હવે આપ ગાડી પર ચડી જાઓ. મેં જે કહ્યું એ લખી દેજો ને કહી પણ દેજો.”

ગાડી ગઈ કે તરત જ લહના લાંબો થઈને પડ્યો, “વજીરા, પાણી પા અને

મારો કમરબંધ ખોલી નાખ, એ ભીનો થઈ ગયો છે."

મૃત્યુના થોડા સમય પહેલાં સ્મૃતિ ખૂબ સ્પષ્ટ થઈ જાય છે. જન્મભરની ઘટનાઓ એકએક કરીને સામે આવી જાય છે. બધાં દૃશ્યોનો રંગ ચોખ્ખો થઈ જાય છે. સમયનું ધૂંધળાપણું તેમના પરથી હઠી જાય છે.

લહનાસિંહ બાર વર્ષનો છે. અમૃતસરમાં મામાને ત્યાં આવ્યો છે. દહીંવાળાને ત્યાં, શાકવાળાને ત્યાં, ક્યાંક તેને એક આઠ વર્ષની છોકરી મળી જાય છે. જ્યારે એ પૂછે છે કે "તારી સગાઈ થઈ ગઈ ?" ત્યારે એ "ધત્" કરતીકને ભાગી જાય છે. એક દિવસ એણે, એમ જ પૂછ્યું તો પેલીએ કહ્યું : "હા, કાલ થઈ ગઈ. દેખતો નથી આ રેશમી બુટાવાળી ચૂંદડી ?" સાંભળતાં જ લહનાસિંહને દુ:ખ થયું, ક્રોધ આવ્યો, શા માટે આવ્યો ?

"વજીરાસિંહ, પાણી પાઈ દે,"

## 5

પચીસ વર્ષ વીતી ગયાં, હવે લહનાસિંહ 99 નંબરની રાઇફલ્સમાં જમાદાર થઈ ગયો છે. એ આઠ વર્ષની છોકરી વિશે વિચાર સુદ્ધાં કર્યો નથી. એ કોઈ દિવસ મળી હતી કે નહિ એ પણ ખબર નથી. સાત દિવસની રજા લઈને જમીનના મુકદ્દમા બાબત પેરવી કરવા માટે એ પોતાને ગામ ગયો, તો ત્યાં રેજિમેન્ટના ઑફિસરનો પત્ર મળ્યો કે ફોજ લામ જવાની છે. જલદી પહોંચી જાઓ. સાથે જ સૂબેદાર હજારાસિંહનો પત્ર મળ્યો કે હું અને બોધાસિંહ પણ લામ જઈએ છીએ, જતી વખતે અમારે ગામ થઈને જજો, સાથે જઈશું. સૂબેદારનું ગામ રસ્તામાં આવતું હતું. અને સૂબેદાર એને ચાહતા પણ ખૂબ હતા. લહનાસિંહ સૂબેદારને ઘેર પહોંચી ગયો.

જ્યારે જવા લાગ્યા ત્યારે સૂબેદાર જનાનખાનામાંથી બહાર આવ્યા અને બોલ્યા : "લહના, સૂબેદારણી તને ઓળખે છે, બોલાવે છે, જા, મળી આવ," લહનાસિંહ અંદર ગયો. સૂબેદારણી મને ઓળખે છે ? ક્યારથી / રેજિમેન્ટના ક્વાર્ટરમાં તો સૂબેદારનાં ઘરનાં માણસો કદી રહ્યાં નથી ! દરવાજા પાસે જઈને "પ્રણામ કરું છું," કહ્યું, આશિષ સાંભળી લહનાસિંહ ચૂપ.

"મને ઓળખી ?"

"ના."

"તારી સગાઈ થઈ ગઈ ? ધત્... કાલ થઈ ગઈ... જોતો નથી આ રેશમની બુટાવાળી ચૂંદડી ?... અમૃતસરમાં..."

ભાવોની અથડામણથી ભાન આવી ગયું. પાસું બદલ્યું. પાંસળીનો જખમ

દૂઝવા લાગ્યો.

"વજીરા, પાણી પા... એણે કહ્યું'તું."

સ્વપ્ન ચાલી રહ્યું છે, સૂબેદારણી કહી રહી છે :

.... "મેં તો તને તું આવ્યો તે ભેગો ઓળખી લીધો, એક કામ સોંપું છું, મારું મારું નસીબ ફૂટી ગયું છે." સરકારે 'બહાદુર'નો ખિતાબ આપ્યો છે, લાયલપૂરમાં જમીન આપી છે. આજે નિમકહલાલી સાબિત કરવાનો અવસર છે. પણ સરકારે અમારી સ્ત્રીઓની એક ઘાઘરા–પલટણ કેમ બનાવી નહિ ? નહિ તો હું પણ સૂબેદારની સાથે ચાલી જાત. એક દીકરો છે. લશ્કરમાં ભરતી થયાને તેને એક જ વર્ષ થયું છે. એના પછી બીજા ચાર થયા હતા પણ એકકે રહ્યો નહિ," સૂબેદારણી રોવા લાગી. "હવે બન્ને જાય છે. મારું નસીબ ! તને યાદ છે ? એક દિવસ ટાંગાવાળાનો ઘોડો દહીંવાળાની દુકાન આગળ તોફાને ચડ્યો'તો. તેં એ દિવસ મારો જીવ બચાવ્યો'તો. તું પોતે, ઘોડો પગ ઉછાળતો હતો ત્યાં પહોંચી ગયો'તો અને મને ઉપાડીને દુકાનની પાટ ઉપર ચડાવી દીધી'તી, એ જ રીતે આ બેયને બચાવજે. એ ભીખ માગું છું. તારી પાસે મારો છેડો પાથરું છું."

રડતી રડતી સૂબેદારણી અંદરના ઓરડામાં જતી રહી. લહનો પણ આંસુ લૂછતો લૂછતો બહાર આવ્યો.

"વજીરાસિંહ, પાણી પા... એણે કહ્યું'તું,"

લહનાનું માથું પોતાના ખોળામાં રાખીને વજીરાસિંહ બેઠો છે. જ્યારે માગે છે ત્યારે પાણી પાઈ દે છે. અર્ધા કલાક સુધી લહનો ચૂપ રહ્યો. પછી બોલ્યો :

"કોણ કીરતસિંહ ?"

વજીરાએ કંઈક વિચારીને કહ્યું : "હા."

"ભાઈ, મને જરા ઊંચો કર. તારી જાંઘ ઉપર મારું માથું રાખ"

વજીરાએ એ પ્રમાણે કર્યું.

"હા, હવે ઠીક. પાણી પાઈ દે, બસ, આવતા અષાઢમાં એ આંબો ખૂબ ફળ આપશે. કાકો-ભત્રીજો બન્ને અહીં બેસીને કેરી ખાજો. તારા ભત્રીજાને જેટલાં વરસ થયાં એટલાં વરસ આ આંબાને થયાં છે. જે મહિને એનો જન્મ થયો'તો એ જ મહિને મેં આ આંબો વાવ્યો'તો."

વજીરાસિંહની આંખમાંથી આંસુ ટપટપ ટપકી રહ્યાં હતાં.

થોડા દિવસ પછી લોકોએ છાપામાં વાંચ્યું.

"ફ્રાંસ અને બેલ્જિયમ, 68મી યાદી. મેદાનમાં જખ્મોથી મર્યો. નં. 77 શીખ રાઇફલ્સ, જમાદાર લહનાસિંહ."

# કફન

## પ્રેમચંદ

ઝૂંપડાનાં બારણાં આગળ બાપ ને દીકરો બન્ને એક બુઝાઈ ગયેલા તાપણા સામે ચૂપચાપ બેઠા હતા, અને અન્દર દીકરાની જવાન વહુ બુધિયા પ્રસવવેદનાથી પછડાટો ખાતી હતી. રહી રહીને એના મોંમાંથી દિલ હલાવી નાખે એવી ચીસો નીકળતી હતી ત્યારે બન્ને જણા છાતી પર હાથ મૂકી દેતા હતા. શિયાળાની રાત હતી અને સૃષ્ટિ સન્નાટામાં ડૂબી ગઈ હતી. આખુંયે ગામ અંધકારમાં લીન થઈ ગયું હતું.

ઘીસુએ કહ્યું : "લાગે છે કે બચશે નહિ. આખો દી દોડતો દોડતો વહી ગયો. જા, જો તો ખરો."

માધવ ચિડાઈને બોલ્યો : "મરવાની જ છે તો જલદી કેમ નથી મરી જતી ? જોઈને શું કરું ?"

"તું તદ્દન દિલ વિનાનો છે. આખું વરસ જેની સાથે સુખચેનથી રહ્યો, એની સાથે આટલી બેવફાઈ ?"

"તો મારાથી તો એનું આમ તરફડવું અને હાથપગ ઉછાળવું જોયું જતું નથી."

ચમારોનો એ કૂબો હતો અને આખા ગામમાં બદનામ હતો. ઘીસુ એક દિવસ કામ કરતો તો ત્રણ દિવસ આરામ. માધવ એટલો કમજોર હતો કે અર્ધો કલાક કામ કરે તો કલાક સુધી ચલમ પીધા કરે. એટલે એમને ક્યાંય મજૂરી નહોતી મળતી. ઘરમાં મૂઠી જેટલું પણ ધાન હોય તો તો એ લોકોને કામ કરવાના સોગંદ રહેતા. જ્યારે બેચાર કડાકા થઈ જાય ત્યારે ઘીસુ ઝાડ પર ચડીને લાકડાં તોડી લાવતો અને માધવ તેને બજારમાં વેચી આવતો. ને જ્યાં સુધી એ પૈસા રહેતા ત્યાં સુધી બંને જણ માર્યા માર્યા આમતેમ ફર્યા કરતા. જ્યારે અપવાસની નૌબત વાગતી ત્યારે પાછા લાકડાં ફાડતા કે મજૂરીની શોધમાં નીકળતા. ગામમાં કામની અછત નહોતી. ખેડૂતોનું ગામ હતું, મહેનતુ માણસ માટે પચાસ કામ નીકળતાં, પણ આ બે જણાને તો જ્યારે બે માણસો એક માણસ જેટલું કામ કરે છતાં સંતોષ માની લેવા સિવાય બીજો કોઈ ઉપાય ન હોય ત્યારે જ લોકો બોલાવતા. જો આ બેય સાધુ હોત તો એમને સંતોષ અને ધૈર્યને માટે સંયમ અને નિયમની બિલકુલ જરૂર

પડત નહીં. એ જ તો એમનો સ્વભાવ હતો. વિચિત્ર જીવન હતું એમનું. ઘરમાં માટીનાં બેચાર ઠોબરાં સિવાય કંઈ સંપત્તિ નહોતી. ફાટેલાં ચીંથરાંથી પોતાની નગ્નતાને ઢાંકીને એ લોકો જીવી રહ્યા હતા. સંસારની ચિન્તાથી મુક્ત હતા.

કરજમાં ડૂબેલા હતા એટલે ગાળો પણ ખાતા, માર પણ ખાતા, પણ એનું એમને જરા જેટલું પણ દુ:ખ નહોતું. દીન એટલા હતા કે આપેલું વસૂલ કરવાની જરા જેટલી પણ આશા ન હોય છતાં લોકો એમને કરજ કરવા દેતા. વટાણા અને બટાટાની ફસલ વખતે બીજાઓનાં ખેતરોમાંથી વટાણા અને બટાટા ઉખેડી લાવતા અને શેકીને ખાઈ લેતા, કે શેરડીના પાંચદસ સાંઠા ઉઠાવી આવતા અને ચૂસ્યે રાખતા. ઘીસુએ આ આકાશવૃત્તિથી સાઠ વરસનું આયુષ્ય કાપી નાખ્યું હતું, અને સપૂત દીકરાની જેમ માધવ પણ તેને પગલે પગલે ચાલી રહ્યો હતો એટલું જ નહિ, પણ તેનું નામ હજુ વિશેષ અજવાળી રહ્યો હતો. આ સમયે પણ એ બન્ને તાપણાની સામે બેસીને કોઈકના ખેતરમાંથી ખોદી આણેલા બટાટા શેકી રહ્યા હતા. ઘીસુની સ્ત્રી તો ઘણા વખતથી મરી ગઈ હતી. માધવનાં લગ્ન ગયે વર્ષે થયાં હતાં. જ્યારથી આ સ્ત્રી આવી ત્યારથી તેણે આ કુટુંબમાં વ્યવસ્થાનાં બી રોપ્યાં હતાં. દળણાં દળીને કે ઘાસ કાપીને એ શેરેક લોટની વ્યવસ્થા કરી લેતી હતી અને આ બન્ને બેશરમોનાં પેટ ભરતી રહેતી હતી. જ્યારથી એ આવી ત્યારથી આ બન્ને વળી વિશેષ આળસુ અને આરામપ્રિય બની ગયા હતા એટલું જ નહિ, વિશેષ બગડવા પણ લાગ્યા હતા. કોઈ કામ કરવા બોલાવે તો નિર્વ્યાજ ભાવથી બમણી મજૂરી માગવા લાગ્યા હતા. એ સ્ત્રી આજે પ્રસવવેદનાથી મરી રહી હતી અને આ બન્ને કદાચ એની જ રાહ જોઈ રહ્યા હતા કે જો એ એ મરી જાય તો પછી પોતે આરામથી સૂઈ જાય.

ઘીસુએ બટાટું કાઢીને એની છાલ ઉતારતાં ઉતારતાં કહ્યું "જઈને જો તો એની શી દશા છે ? ચૂડેલબૂડેલ વળગી હશે, બીજું શું ? અહીં તો ભૂવો પણ રૂપિયો એક માગે છે."

માધવને ભય હતો કે જો પોતે કોટડીમાં ગયો તો ઘીસુ બટાટાનો મોટો ભાગ સાફ કરી નાખવાનો. એ બોલ્યો, "મને ત્યાં જતાં બીક લાગે છે."

"બીક શેની લાગે ? હું તો અહીં જ છું ના ?"

"તો તમે જ જઈને જુઓની."

"મારી બૈરી જ્યારે મરી ગઈ'તી ત્યારે હું એની પાસેથી ત્રણ દી સુધી ચસક્યો પણ નહોતો. ને વળી એ મારાથી શરમાય કે નહિ ? જેનું કોઈ દિવસ મોં પણ જોયું નથી, તેનું ઉઘાડું શરીર આજે જોઉં ? એને શરીરનું ભાન પણ નહિ હોય ! જો એ મને જોઈ જશે તો છૂટથી હાથપગ પણ પછાડી નહિ શકે."

"મને થાય છે કે જો કંઈક બાળબચ્ચું થઈ જશે તો શું થશે ? સૂંઠ, ગોળ, તેલ, ઘરમાં તો કંઈ પણ નથી !"

"બધું આવી જશે. ભગવાન એમ કરશે તો જે લોકો આજે એક પૈસો પણ નથી દેતા એ જ કાલે બોલાવીને રૂપિયા આપી દેશે. મને નવ દીકરા થયા. ઘરમાં કોઈ દિવસ કંઈયે નહોતુ. પણ ભગવાને કોઈ ને કોઈ રીતે બેડો પાર કરી દીધો."

જે સમાજમાં રાતદહાડો મહેનત કરનારની હાલત આ લોકોની હાલત કરતાં કંઈ વધારે સારી નહોતી, અને ખેડૂતોની દુર્બળતાનો લાભ ઉઠાવવાનું જાણનારા લોકો જેમાં ખેડૂતોની સરખામણીમાં વિશેષ સંપન્ન હતા, ત્યાં આ જાતની મનોદશા પેદા થઈ જાય તેમાં કશું આશ્ચર્ય ન ગણાય. હું તો એમ કહું કે ખેડૂતોના વિચારશૂન્ય સમૂહમાં દાખલ થવાને બદલે નવરાઓની નકામી મંડળીમાં ભળી જનારો ઘીસુ ખેડૂતો કરતાં વધારે વિચારવાન હતો. હા, એનામાં એ શક્તિ નહોતી કે નવરાંઓના નીતિનિયમોનું એ પાલન કરે. એટલે તો એની મંડળીના બીજા લોકો જ્યાં નેતાઓ અને મુખીઓ બની ગયા હતા ત્યાં ગામના સહુ લોકો એની સામે આંગળી ચીંધતા હતા. છતાં પણ એને એ આશ્વાસન તો હતું જ કે પોતે ભલે ચીંથરેહાલ રહ્યો પણ છતાંયે પોતાને ખેડૂતોની જેમ તનતોડ મહેનત તો નહોતી કરવી પડતી ! અને એની સરળતા અને નિર્દોષતાને લઈને બીજા લોકો એનો ગેરલાભ તો નહોતા લેતા !

બટાટા કાઢી કાઢીને બન્ને એક પછી એક ખાવા લાગ્યા. ગઈકાલથી કંઈ ખાધું નહોતું. એટલી ધીરજ નહોતી કે એને ઠંડા પડવા દે. કેટલીયે વાર એ લોકોની જીભ તતડી ગઈ. છાલ ઉતાર્યા પછી બટાટાનો બહારનો ભાગ તો બહુ ગરમ નહોતો લાગતો, પણ દાંતની નીચે આવતાં જ અંદરનો ભાગ જીભને, ગળાને ને તાળવાને દઝાડતો હતો, અને એ અંગારાને મોંમાં રાખી મૂકવા કરતાં એને અંદર ધકેલી દેવામાં વધારે સલામતી હતી. ત્યાં એને ઠંડા કરવા માટે પૂરતો સામાન હતો. એટલે બન્ને એને જલદી જલદી ગળી જતા હતા – જોકે એ પ્રયત્ન કરવામાં એમની આંખોમાંથી પાણી નીકળી પડતાં હતાં.

ઘીસુને એ વખતે પોતે વીસ વર્ષ પહેલાં જેમાં ગયો હતો તે ઠાકુરની જાન યાદ આવી ગઈ. એ જાનમાં એને જે તૃપ્તિ મળી હતી એ એના જીવનમાં એક યાદ રાખવા જેવી વાત બની ગઈ હતી અને આજે પણ એ યાદ એના મનમાં તાજી હતી. એણે કહ્યું : "એ ભોજન ભૂલ્યો નથી. એ પછી, એ જાતનું ખાવાનું, ને એયે પેટભરીને, ફરી કદીયે ખાધું નથી. છોકરીવાળાઓએ બધાને પેટ ભરીને પૂરીઓ ખવડાવી હતી, બધાયને – નાનામોટા સહુએ પૂરી ખાધી, ને એ પણ ચોખ્ખા ઘીની. ચટણી, રાયતું, ત્રણ જાતનાં સૂકાં શાક, દહીં, મીઠાઈ. શું કહું તને

આજે એ ભોજનનો કેવો સ્વાદ મળ્યો હતો એ ? કોઈ જાતની રોકટોક નહોતી. જે મન પડે એ માગો ને જેટલું ખાવું હોય તેટલું ખાઓ. લોકોએ એવું ખાધું, એવું ખાધું કે પાણી પણ પિવાયું નહિ. ને પીરસવાવાળા પણ ભાણામાં ગરમ ગરમ, ગોળ ગોળ, સુગંધી કચોરીઓ નાખતા જ જાય ! ના પાડીએ કે હવે નથી જોઈતું, થાળી ઉપર હાથ પણ આડા ધરી દઈએ, પણ એ લોકો તો મૂક્યે જ જાય. ને જેવું મોં ધોઈ લીધું કે તરત પાનસોપારી પણ મળ્યાં. પણ મને પાન લેવાની સૂધ ક્યાં હતી ? ઊભું પણ નહોતું થવાતું. ઝટઝટ જઈને કામળા પર પોઢી ગયો. એવા દરિયાવ દિલના હતા એ ઠાકુર !"

માધવે મનમાં ને મનમાં એ બધા પદાર્થોની મોજ માણતાં કહ્યું, "હવે આપણને કોઈ એવું ભોજન નથી કરાવતું."

"હવે કોઈ શું ખવડાવતું'તું ? એ જમાનો જુદો હતો. હવે તો સહુને કરકસર કરવાનું જ સૂઝે છે. લગનબગનમાં ખરચ ન કરો, ક્રિયાકર્મમાં ખરચ ન કરો. એને પૂછો તો ખરા કે ગરીબોનો માલ સંઘરી સંઘરીને ક્યાં રાખશો ? સંઘરો કરવાનું તો ઓછું થતું નથી. હા. ખરચમાં કરકસર કરવાનું સૂઝે છે."

"તમે વીસ પૂરીઓ ખાધી હશે ?"

"એનાથી વીસ વધારે ખાધી'તી."

"હું પચાસ ખાઈ જાઉં."

"મેં પણ પચાસથી ઓછી નહીં ખાધી હોય, ખાસ્સો તગડો હતો હું. તું તો મારાથી અરધો પણ નથી."

બટાટા ખાઈને બન્નેએ પાણી પીધું ને ત્યાં જ તાપણાંની સામે જ પોતાનાં ધોતિયાં ઓઢીને ને ટૂંટિયું વાળીને સૂઈ ગયા – જાણે બે મોટા મોટા અજગર ગુંચળું વળીને સૂઈ ન ગયા હોય !

ને બુધિયા હજુ પણ કરાંજતી હતી.

સવારે માધવે કોટડીમાં જઈને જોયું તો એની વહુ ઠંડી પડી ગઈ હતી. એના મોં ઉપર માખીઓ બણબણતી હતી. ફાટી ગયેલી આંખો ઉપર તાકી રહી હતી. આખો દેહ ધૂળથી લથપથ હતો. એનું બચ્ચું પેટમાં મરી ગયું હતું.

માધવ દોડતો દોડતો ઘીસુની પાસે આવ્યો. પછી બન્ને જોરશોરથી હાયહાય કરવા અને છાતી પીટવા લાગ્યા. પડોશીઓએ આ રોક્કળ સાંભળીને દોડતા આવ્યા ને જૂની રીતરસમ પ્રમાણે આ અભાગીઓઓને આશ્વાસન આપવા લાગ્યા.

પરંતુ ઝાઝું રડવાકૂટવાનો અવસર નહોતો. કફનની અને લાકડાંની ફિકર કરવાની હતી. સમડીના માળામાંથી માંસનો ટુકડો જે રીતે ગાયબ થઈ જાય, એ રીતે ઘરમાંથી પૈસો ગાયબ થઈ ગયો હતો.

બાપદીકરો રડતાં રડતાં ગામના જમીનદાર પાસે ગયા. એમને આ બેઉનું મોં જોવા ઉપર નફરત હતી. ઘણીયે વાર પોતાના હાથથી તેઓ આ લોકોને ચોરી કરવા માટે અને વાયદા પ્રમાણે કામ ઉપર હાજર ન થવા માટે, મારી પણ ચૂક્યા હતા. પૂછ્યું, "શું છે અલ્યા ઘીસુડા, રડે છે શા માટે ? હવે તો તું ક્યાંય દેખાતો પણ નથી. લાગે છે કે આ ગામમાં રહેવા માગતો નથી."

ઘીસુએ જમીનને માથું અડાડીને અને આંખમાં આંસુ ભરીને કહ્યું : "સરકાર, મોટી આફતમાં છું. માધવની ઘરવાળી રાતના ગુજરી ગઈ. આખી રાત તડપતી'તી સરકાર. અમે બન્ને એના માથા આગળ બેઠા રહ્યા'તા. જે કંઈ દવાદારૂ થઈ શક્યાં એ બધાંય કર્યાં. પણ મૂઈ એ અમને દગો દઈ ગઈ. હવે તો રોટલો ઘડી આપવાવાળું પણ ન રહ્યું. માલિક, તોબાહ પોકારી ગયો છું. ઘર ઉજ્જડ થઈ ગયું. આપનો ગુલામ છું. હવે આપના સિવાય એની માટીને ઠેકાણે કોણ પાડશે ? અમારી પાસે તો જે કંઈ હતું એ બધું એના દવાદારૂમાં ખરચાઈ ગયું. સરકારની દયા હશે તો જ એની ઠાઠડી નીકળશે. આપના સિવાય કોને બારણે જાઉં ?"

જમીનદારસાહેબ દયાળુ હતા. પણ ઘીસુ ઉપર દયા કરવી એટલે કાળા કામળા ઉપર રંગ ચડાવવો. મનમાં તો થયું કે કહી દે કે જા, જા, અહીંથી આઘો ખસ. આમ તો બોલાવું છું તોય નથી આવતો ને આજે ગરજ પડી તો આવીને ખુશામત કરે છે ! હરામખોર ક્યાંનો ? બદમાશ ? પણ આ ક્રોધ કરવાનો કે શિક્ષા કરવાનો અવસર નહોતો. મનમાં ખીજ ચડતી હતી. છતાં કાઢીને બે રૂપિયા ફેંકી દીધા પણ મોંમાંથી આશ્વાસનનો એક શબ્દ પણ ન કાઢ્યો. એની તરફ જોયું પણ નહિ. જાણે માથા ઉપરથી ભાર ઉતારી નાખ્યો.

જ્યાં જમીનદારસાહેબે બે રૂપિયા દીધા ત્યાં ગામના વાણિયા મહાજન ના પાડવાની હિંમત શી રીતે કરી શકે ? જમીનદારના નામનો ઢંઢેરો પીટવાનું પણ ઘીસુને ખૂબ આવડતું હતું. કોઈએ બે આના આપ્યા, કોઈએ ચાર. એક કલાકમાં ઘીસુ આગળ ખાસ્સા પાંચ રૂપિયાની રકમ જમા થઈ ગઈ. ક્યાંકથી અનાજ મળ્યું ક્યાંકથી લાકડાં. પછી બપોરના ઘીસુ અને માધવ બજારમાંથી કફન લાવવા ગયા. અહીં લોકો વાંસબાંસ કાપવા લાગ્યા.

ગામની કૂમળા દિલની સ્ત્રીઓ આવી આવીને લાશને જોતી હતી અને એની લાચારી પર બે આંસુ પાડીને ચાલી જતી હતી.

બજારમાં પહોંચીને ઘીસુ બોલ્યો : "લાકડાં તો એને બાળવા માટે પૂરતાં મળી ગયાં છે, નહિ, માધવ ?"

માધવ બોલ્યો : "હા, લાકડાં તો ઘણાં છે. હવે કફન જોઈએ."

"તો ચાલ, કોઈક આછુંપાતળું કફન લઈ લઈએ."

"હા, બીજું શું ? લાશ કાઢતાં કાઢતાં રાત થઈ જશે. રાતના કફન કોણ જોવાનું છે."

"કેવા ખરાબ રિવાજ છે કે જીવતે જીવ શરીર ઢાંકવાને ચીંથરું પણ મળતું નથી, તેને મરી ગયા પછી વળી કફન જોઈએ છે !"

"કફન તો લાશની સાથે ચાલી જાય છે."

"તો વળી બીજુ શું રહી જાય છે ? આ પાંચ રૂપિયા પહેલાં મળ્યા હોત તો કંઈક દવાદારૂ કરત."

બન્ને એકબીજાનાં મનનો તાગ પામવા મથી રહ્યા હતા. બજારમાં અહીંથી ત્યાં ઘૂમતા રહ્યા. ક્યારેક આ કાપડિયાની દુકાને ગયા તો ક્યારેક પેલાની દુકાને જાતજાતનાં રેશમી અને સુતરાઉ કપડાં જોયાં. પણ મનમાં કંઈ જચ્યું નહિ. એટલું બધું રખડ્યા કે એમ ને એમ સાંજ થઈ ગઈ. ત્યારે કોણ જાણે કઈ દૈવી પ્રેરણાથી બન્ને એક દારૂના પીઠા પર આવી પહોંચ્યા, અને જાણે કોઈ પૂર્વનિશ્ચિત યોજનાથી જતા હોય તેમ, અંદર ચાલ્યા ગયા. ત્યાં થોડીવાર સુધી બન્ને અસમંજસમાં ઊભા રહ્યા, પછી ઘીસુએ કલાલની પાસે જઈને કહ્યું : "આહુજી, એક બાટલી અમને પણ આપજો."

એ પછી થોડો નાસ્તો અને તળેલી માછલી આવી. બન્ને જણા વરંડામા બેસીને શાંતિથી પીવા લાગ્યા.

ઉપરાઉપરી થોડી પ્યાલીઓ ગટગટાવી ગયા પછી થોડો નશો આવ્યો.

ઘીસુ બોલ્યો : "કફન લગાવવાથી શું વળવાનું ? એને બળી જ જવાનું ના ? કંઈ વહુની સાથે એ નથી જવાનું."

માધવ આકાશ સામે જોઈને બોલ્યો. જાણે દેવતાઓને પોતાની નિષ્પાપ વૃત્તિના સાક્ષી બનાવી રહ્યો ન હોય : "દુનિયાનો રિવાજ છે. નહિંતર લોકો બ્રાહ્મણોને હજારો રૂપિયા શા માટે દઈ દે છે ? કોણ જાણે છે પરલોકમાં એનું વળતર મળે છે કે નહિ ?"

"મોટા લોકોની પાસે ધન છે, મરજી પડે તો ફૂંકી નાખે. આપણી પાસે ફૂંકી નાખવાને શું છે ?"

"પણ લોકોને જવાબ શો દેશો ? લોકો પૂછશે નહિ કે કફન ક્યાં છે ?"

ઘીસુ હસ્યો : "અબ્બે, કહી દેશું કે રૂપિયા કમરમાંથી સરકી ગયા. ખૂબ ગોત્યા, મળ્યા જ નહિ. લોકોને વિશ્વાસ તો નહિ આવે, પણ પાછા એ ને એ જ લોકો રૂપિયા દેશે."

માધવ પણ આ અણધાર્યા સૌભાગ્ય પર હસ્યો અને બોલ્યો : "બહુ સારી હતી બિચારી. મરી તોયે ખૂબ ખવડાવીપીવડાવીને."

અરધી બાટલીથી વધારે ખતમ થઈ ગઈ. ઘીસુએ બશેર પૂરી મંગાવી. ચટણી, અથાણું, કલેજી, બધુંય મંગાવ્યું. દારૂની દુકાનની સામે જ દુકાન હતી ત્યાંથી માધવ બે પતરાળીઓમાં બધો સામાન લઈ આવ્યો, બીજો દોઢ રૂપિયો ખર્ચાઈ ગયો. હવે થોડા જ પૈસા બાકી રહ્યાં.

આ સમયે બન્ને જણા વટમાં બેસીને પૂરીઓ ખાઈ રહ્યા હતા – જાણે જંગલમાં કોઈ સિંહ પોતાનો શિકાર ઉડાવી ન રહ્યો હોય ! જવાબદારીની બીક નહોતી. બદનામીની ફિકર નહોતી. આ લાગણીઓને તો એ લોકોએ ઘણા સમય પહેલાં જીતી લીધી હતી.

ઘીસુ દાર્શનિકભાવથી બોલ્યો : "આપણો આત્મા પ્રસન્ન થઈ રહ્યો છે તો શું એને પુણ્ય નહિ મળે ?"

માધવે હોંશથી માથું હલાવી હા ભણી, "જરૂર ને જરૂર મળશે જ. ભગવાન, તમે અંતર્યામી છો, એને વૈકુંઠમાં લઈ જજો. અમે બન્ને હૃદયથી આશીર્વાદ દઈએ છીએ. આજે જેવું ખાવાનું મળ્યું છે એવું આખી જિંદગીમાં ક્યારેય નહોતું મળ્યું."

એક પળ પછી માધવના મનમાં શંકા ઊઠી. બોલ્યો : "દાદા, આપણે બધા પણ એક નહિ ને એક દી જવાના જ ના ?"

ઘીસુએ આ ભલાભોળા સવાલનો કંઈ જવાબ ન આપ્યો. પરલોકની વાતનો વિચાર કરીને એ આ આનંદમાં વિઘ્ન નાખવા ઇચ્છતો નહોતો.

"જો ત્યાં એ આપણને પૂછશે કે તમે મને કફન કેમ ન આપ્યું, તો શું કહેશો ?"

"કહેશું તારું માથું."

"પૂછવાની તો ખરી જ."

"તને કેમ ખબર પડી કે એને કફન નહિ મળે ? તું મને એવો ગધેડો સમજે છે ? દુનિયામાં સાઠ વરસ સુધી શું ઘાસ કાપતો રહ્યો છું ? એને કફન મળશે ને એ પણ આના કરતાં ઘણું વધારે સરસ."

માધવને વિશ્વાસ ન આવ્યો. બોલ્યો : "કોણ આપશે ? રૂપિયા તો તમે ચટ કરી નાખ્યા. એ તો મને પૂછવાની. એના સેંથામાં સિંદૂર તો મેં ભર્યું હતું."

ઘીસુ ગરમ થઈને બોલ્યો. "હું કહું છું એને કફન મળશે. તું માનતો કેમ નથી ?"

"કોણ આપશે ? કહેતા કેમ નથી ?"

"એ જ લોકો આપશે, જેમણે આ વખતે આપ્યું હતું. પણ આ વખતે રૂપિયા આપણા હાથમાં નહિ આવે."

જેમ જેમ અંધારું વધતું જતું હતું અને તારાઓનું તેજ વિસ્તરતું જતું હતું તેમ

તેમ પીઠાની રોનક પણ વધતી જતી હતી. કોઈ ગાતું હતું. કોઈ ગપ્પાં મારતું હતું, કોઈ પોતાના સાથીદારોને ગળે વળગતું હતું, કોઈક પોતાના મિત્રને હોઠે પ્યાલી લગાડતું હતું.

ત્યાંના વાતાવરણમાં રંગિની હતી, હવામાં નશો હતો. કેટલાક તો આવીને એક પેગમાં જ મસ્ત બની જતા હતા. દારૂથી પણ વિશેષ તો અહીંની હવા જ એ લોકોને નશો ચડાવતી હતી. જીવનની મુશ્કેલી એમને અહીં ખેંચી લાવતી હતી અને થોડા સમય માટે તો એ લોકો પોતે જીવે છે એ પણ ભૂલી જતા હતા, કે નથી જીવતા ને નથી મરતા, એયે.

એને આ બન્ને – બાપદીકરો–હજી પણ મજાથી ઘૂંટડા ભરી રહ્યા હતા. સહુની નજર એમના ઉપર જ ખોડાઈ ગઈ હતી. બન્ને કેવા ભાગ્યશાળી છે ! આખી બાટલી વચમાં પડી છે !

પેટ ભરાય તેટલું ખાઈ લઈને વધેલી પૂરીઓની પતરાવળી માધવે ઉઠાવીને એક ભિખારીને આપી દીધી. એ માણસ ઊભો ઊભો ભૂખી આંખોથી એને જોઈ રહ્યો હતો. માધવે પોતાની જિંદગીમાં પહેલી જ વાર કોઈને કશુંક આપવાનાં ગૌરવ, આનંદ અને ઉલ્લાસનો અનુભવ કર્યો.

ઘીસુએ કહ્યું : "લઈ જા, ખૂબ ખાજે ને આશીર્વાદ દેજે. જેની આ કમાણી છે એ તો મરી ગઈ. પણ તારા આશીર્વાદ એને જરૂર પહોંચશે. તારું રોમરોમ એને આશીર્વાદ દે એટલા સંતોષથી ખાજે. મોટી મહેનતની કમાણીના પૈસા છે."

માધવે ફરી આકાશ તરફ જોઈને કહ્યું : "એ વૈકુંઠમાં જ જશે, દાદા, એ વૈકુંઠની રાણી બનશે."

ઘીસુ ઊભો થઈ ગયો અને જાણે ઉલ્લાસની લહરીઓમાં તરતો હોય તેમ બોલ્યો : "હા બેટા, વૈકુંઠમાં જશે. કોઈને એણે સતાવ્યું નથી. કોઈને દબાવ્યું નથી. મરતાં મરતાં આપણી જિંદગીની સહુથી મોટી લાલસા પૂરી કરતી ગઈ. એ જો વૈકુંઠમાં નહિ જાય તો શું આ ગરીબોને બે બે હાથથી લૂંટવાવાળા ને પોતાના પાપ ધોવા માટે ગંગામાં નહાવાવાળા ને મંદિરોમાં જળ ચડાવવાવાળા મોટા મોટા લોકો જશે ?"

શ્રદ્ધાનો આ રંગ તરત જ પલટાઈ ગયો. અસ્થિરતા એ નશાની ખાસિયત છે. હવે દુ:ખ અને નિરાશાનો વારો આવ્યો.

માધવ બોલ્યો : "પણ દાદા, બિચારીએ જિંદગીમાં દુ:ખ ખૂબ વેઠ્યું, કેટલું દુ:ખ સહન કરીને મરી !"

આંખો પર હાથ મૂકીને બૂમો પાડી પાડીને એ રોવા લાગ્યો.

ઘીસુએ સમજાવ્યો, "રડે છે શા માટે, બેટા ? રાજી થા કે એ માયાજાળમાંથી

મુક્ત થઈ ગઈ. જંજાળમાંથી છૂટી ગઈ. વહુ જ નસીબદાર હતી. તો જ આટલી જલદીથી માયામોહનાં બંધન એણે તોડી નાખ્યાં."

ને બન્ને ઊભા થઈને ગાવા લાગ્યા :

**"ઠગારી, નયના કાં મચકાવે ? ઠગારી..."**

પીનારાઓની આંખો એમના ઉપર ચોંટેલી હતી ને એ બન્ને મસ્ત બનીને ગાઈ રહ્યા હતા. પછી બન્ને નાચવા લાગ્યા. ઊછળ્યા પણ, કૂદ્યા પણ, પડ્યા પણ, આખડ્યા પણ, ભાવ પણ બતાવ્યા, અભિનય પણ કર્યો, અને આખરે નશામાં મદમસ્ત બનીને ત્યાં જ ઢળી પડ્યા.

# ગુંડો

## જયશંકર પ્રસાદ

### 1

ઉંમર પચાસ ઉપરની હતી છતાં તે યુવાનોથી વધારે બળવાન અને મજબૂત હતો. ચામડી ઉપર કરચલીઓ પડી નહોતી. વરસાદની ઝડીમાં, પોષની રાતોની છાયામાં, જેઠના તાપમાં ઉઘાડે ડિલે ઘૂમવામાં એને મઝા પડતી. વળ દીધેલી તેની મૂછ જોનારાની આંખોમાં વીંછીના ડંખની જેમ ખૂંચી જતી. તેનો સાંવળો રંગ સર્પના જેવો ચીકણો અને ચમકદાર હતો. તેની નાગપુરી ધોતિયાંની લાલ રેશમી કિનારી દૂરથી પણ ધ્યાન ખેંચતી. કમરમાં બનારસી સેલાંની ભેટમાં છીપની મૂઠવાળું ખંજર ખોસેલું રહેતું. એના વાંકડિયા વાળ પર બાંધેલા સોનેરી સાફાનો છેડો તેની પહોળી પીઠ પર પથરાઈ રહેતો. ઊંચી ખાંધ પર ટેકવેલું પહોળી ધારનું ધારિયું એની ધજા હતી. પંજાને ઉપાડીને જ્યારે તે ચાલતો ત્યારે તેની નસો કટકટ અવાજ કરતી. એ ગુંડો હતો.

ઈસવી સનની અઢારમી સદીના અંત ભાગમાં એ કાશીનગરી રહી ન હતી જેમાં ઉપનિષદે આલેખેલ અજાતશત્રુની પરિષદમાં બ્રહ્મવિદ્યા શીખવાને માટે વિદ્વાન બ્રહ્મચારીઓ આવતા હતા. ગૌતમબુદ્ધ અને શંકરાચાર્યના ધર્મદર્શન સંબંધી વાદવિવાદ, કેટલીયે શતાબ્દીઓ સુધી લાગલગાટ ચાલેલાં મંદિરો અને મઠોના વિનાશ અને તપસ્વીઓના વધને કારણે, લગભગ બંધ થઈ ગયા હતા. તે એટલે સુધી કે પવિત્રતા અને છૂતાછૂતમાં કટ્ટર વૈષ્ણવ ધર્મ પણ, એ વિશૃંખલતામાં, નવા આવેલા ધર્મોન્માદમાં, પોતાની અસફળતા જોઈને કાશીમાં અધીર રૂપ ધરી રહ્યો હતો. એ સમયે સમસ્ત ન્યાય અને બુદ્ધિવાદને શસ્ત્રબળની સામે ઝૂકતો જોઈને કાશીના વિચ્છિન્ન અને નિરાશ નાગરિક જીવને એક નવીન સંપ્રદાય સર્જાવ્યો. વીરતા તેનો ધર્મ હતો. પોતાની ટેક ખાતર ખતમ થઈ જવું, સિંહવૃત્તિથી આજીવિકા મેળવવી, પ્રાણની ભિક્ષા માગવાવાળા કાયરો તથા માર ખાઈને પડી ગયેલા શત્રુની સામે શસ્ત્ર ન ઉઠાવવું, જેમને સતાવવામાં આવ્યા હોય તેવા નિર્બળોને સહાયરૂપ થવું અને હરપળે પ્રાણને હથેળીમાં લઈને ફરવું એ એની

પ્રતિજ્ઞા હતી. એવા માણસોને લોકો કાશીમાં ગુંડા કહેતા હતા.

જીવનની કોઈક અલભ્ય અભિલાષાથી વંચિત બનવાથી જેમ ઝાઝે ભાગે લોકો વિરક્ત થઈ જાય છે, એ જ પ્રમાણે કોઈક માનસિક ચોટથી ઘાયલ બનીને નન્હકૂસિંહ એક પ્રતિષ્ઠિત જમીનદારનો પુત્ર હોવા છતાં ગુંડો બની ગયો હતો. તેણે બેઉ હાથે પોતાની સંપત્તિ લૂંટાવી દીધી. નન્હકૂસિંહે બેસુમાર રૂપિયા ખરચીને જે જાતનો સ્વાંગ ધર્યો હતો તેને કાશીવાળા લોકો ઘણા બધા સમય સુધી ભૂલી શક્યા નહોતા. વસંતઋતુમાં આ પ્રહસન્નપૂર્ણ અભિનય ખેલવાને માટે, એ દિવસોમાં, પુષ્કળ ધન, નિર્ભયતા અને ઉચ્છ્રૃંખલતાની જરૂર પડતી હતી. એક વાર નન્હકૂસિંહે પણ એક પગમાં ઝાંઝર, એક હાથમાં તોડો, એક આંખમાં કાજળ, એક કાનમાં હજારોનાં મોતી પહેરીને અને બીજા કાનમાં તૂટેલા જોડાનું તળિયું લટકાવીને, અને એક હાથમાં જડેલી મૂઠની તલવાર પકડીને બીજો હાથ આભૂષણોથી લદાયેલી અભિનય કરવાવાળી પ્રેમિકાના ખભા ઉપર રાખીને ગાયું હતું :

"મળે ક્યાંહીં જો રીંગણાંવાળી
તો એને બોલાવો ને"

ઝાઝેભાગે તે બનારસની બહારની હરિયાળીઓમાં પાણી ભરેલા કૂવાઓ આગળ કે ગંગાની ધારામાં હિલોળા લેતી હોડીઓની અંદર જોવામાં આવતો. કોઈ કોઈવાર જુગારખાનામાંથી નીકળીને એ જ્યારે ચોકમાં આવતો ત્યારે કાશીની રંગીલી વેશ્યાઓ હસીહસીને એનું સ્વાગત કરતી અને તેના મજબૂત શરીર તરફ સસ્પૃહ તાકી રહેતી. એ પાનવાળાની દુકાને બેસીને જ એમનું ગીત સાંભળતો, ઉપર કદી જતો નહિ. જુગારમાં જીતેલા રૂપિયા મુઠ્ઠીમાં લઈને ગાનારીઓની બારીમાં એ એવી રીતે ફેંકતો કે એ જોઈને કોઈ કોઈવાર સમાજના લોકો પોતાનું માથું ખજવાળવા લાગતા ત્યારે એ મોટેથી હસી પડતો. કોઈકવાર જો કોઈ એને ઉપર કોઠામાં જવાનું કહેતું તો તે ઉદાસીપૂર્ણ લાંબો શ્વાસ લઈને ચૂપ થઈ જતો.

હમણાં એ બંસીના જુગારખાનામાંથી બહાર આવ્યો હતો. આજે એના પાસાએ સાથ નહોતો આપ્યો. સોળ પરીઓના નૃત્યમાં એનું મન લાગ્યું નહિ. મુન્નૂ તમ્બોળીની દુકાન પર બેઠક જમાવતાં તેણે કહ્યું : "આજ નસીબ સારું ન રહ્યું, મુન્નૂ."

"કેમ માલિક ! ચિન્તા કઈ વાતની છે ? અમે લોકો ક્યારે કામ આવીએ ? જે છે એ આપનું જ છે."

"અરે, તું તો બુદ્ધુ જ રહ્યો. જ્યારે કોઈ પાસેથી પૈસા લઈને નન્હકૂસિંહ જુગાર રમવા માંડે એ દહાડે સમજવું કે એ મરી ગયો છે. તને ખબર નથી કે હું

જુગાર રમવા ક્યારે જાઉં છું ? જ્યારે મારી પાસે એક પૈસો પણ હોય નહિ ત્યારે પાટિયા પાસે પહોંચતાવેંત જ્યાં ઝાઝો ઢગલો થયો હોય ત્યાં જ દાવ લગાડું છું, ને વળી ત્યાં દાવ જીતી પણ જવાય છે. બાબા કીનારામનું આ વરદાન છે."

"તો આજે આમ કેમ થયું, માલિક !"

"પહેલો દાવ તો જીત્યો જ. પણ પછી બેચાર દાવ લગાડતાં બધું ચાલી ગયું. તો પણ લે, આ પાંચ રૂપિયા બચ્યા છે. એક રૂપિયો તો તું પાન માટે રાખી લે. ને ચાર દઈ દે નાચવાવાળા મલૂકીને, કહી દે કે એ દુલારીને ગાવાનું કહી આવે. હાં, પેલું જ ગીત હોં :

વાલમો વિદેશ રહે."

નન્હકૂસિંહની વાત સાંભળતાં જ, ગાંજાની ચલમમાં ભરવાને માટે અંગારાને સરખા કરી રહેલો મલૂકી, ગભરાઈને ઊભો થઈ ગયો. દોડતો દોડતો એ સીડી ચડી ગયો. ચલમ ભરતો ભરતો એ ઉપર દોડ્યો હતો એટલે એને ઠેસ પણ લાગી હતી, પણ નન્હકૂસિંહની ભ્રૂકુટિ જોવાની એનામાં હિંમત ક્યાં હતી ? એ નન્હકૂસિંહની પેલી મૂર્તિ ભૂલ્યો નહોતો. ત્યારે એ જુગારમાંથી જીતેલા રૂપિયાની કોથળી લઈને આ જ પાનની દુકાને બેઠો હતો. નન્હકૂએ પૂછ્યું :

"આ કોનો વરઘોડો છે ?"

""ઠાકુર બોધીસિંહના દીકરાનો," મુન્નૂએ એટલું કહ્યું ત્યાં જ નન્હકૂના હોઠ ફફડવા લાગ્યા. એણે કહ્યું : "મુન્નૂ, આ નહિ બની શકે. આજ વરઘોડો અહીંથી નહિ નીકળી શકે. બોધીસિંહ મારી સાથે ફેંસલો કરી નાંખે તો જ આ વરઘોડો અહીંથી જઈ શકશે."

મુન્નૂએ કહ્યું, "તો હું શું કરું, માલિક ?"

નન્હકૂએ ધારિયાને ખભા ઉપર હજી વધારે ઊંચુ કર્યું, અને મલૂકીને કહ્યું :

"મલુકિયા, શું જોઈ રહ્યો છે ? જા, ઠાકુરને કહી દે કે નન્હકૂસિંહ આજ અહીંયાં તડાફડી કરવા માટે ઊભો છે. સમજીને આવે. દીકરાનો વરઘોડો છે."

કાંપતો કાંપતો મલુકિયો ઠાકુર બોધીસિંહ પાસે ગયો. બોધીસિંહ અને નન્હકૂ પાંચ વર્ષથી એકબીજાની સામે આવ્યા નથી. કોઈક દિવસ જુગારના પાટિયા ઉપર કોઈક વાતમાં કંઈક બોલાચાલી થઈ ગઈ હતી, અને લોકો વચ્ચે પડ્યા હતા. પછી સામસામા આવ્યા નહોતા. આજ નન્હકૂ પોતાનો જાન હોડમાં મૂકીને એકલો ઊભો છે. બોધીસિંહ પણ એની ટેક સમજતો હતો. એણે મલૂકીને કહ્યું : "જા અલ્યા એ, કહી દે કે મને શી ખબર કે બાબુસાહેબ ત્યાં ઊભા છે ? જો એ ત્યાં જ છે તો પછી બે વેવાઈએ જવાની શી જરૂર છે ?"

બોધીસિંહ પાછો વળી ગયો, અને મલૂકીના ખભા ઉપર કોથળી મૂકીને

વાજાવાળાની આગળ જઈને નન્હકૂસિંહ વરઘોડો આગળ લઈ ગયો. લગ્નમાં જે કંઈ ખર્ચ થયું તે કર્યું. લગ્ન પતાવીને પછી બીજે દિવસે આ જ દુકાન સુધી આવીને એ રોકાઈ ગયો. છોકરાને અને એની જાનને એમને ઘેર મોકલી દીધાં.

મલૂકીને પણ એ દિવસે દસ રૂપિયા મળ્યા હતા. તો પછી નન્હકૂસિંહનો હુકમ સાંભળ્યા પછી બેઠું રહેવું કે યમને નોતરું દેવું એ એકસરખું જ હતું. તેણે જઈને દુલારીને કહ્યું : "હું ઠેકો દઉં છું, તું ગા. એટલામાં બલ્લુ સારંગીવાળો પાણી પીને આવી જાય છે."

"બાપ રે, કંઈ આફત આવી પડી છે કે શું ? બાબુસા'બ ! સલામ," કરીને દુલારી હસીને બારીમાં ડોકાઈ ત્યાં તો નન્હકૂસિંહ તેની સલામનો ઉત્તર વાળીને બીજા કોઈ આવનારને જોઈ રહ્યો.

હાથમાં નેતરની પાતળી સોટી, આંખોમાં સુરમો, મોંમાં પાન, મેંદી લગાડેલી લાલ દાઢી જેમાંથી સફેદ વાળ પણ ડોકાઈ રહ્યા હતા, બે પડવાળી ટોપી, છ કાળીનું અંગરખું, અને સાથે લેસના પટ્ટા પહેરેલા બે સિપાઈ. કોઈ મૌલવીસાહેબ છે. નન્હકૂ હસી પડ્યો. નન્હકૂની સામે જોયા પણ વિના મૌલવીએ એક સિપાહીને કહ્યું : "જા, દુલારીને કહી દે કે આજે રેસિડેન્ટસાહેબની કોઠી પર મુજરો કરવો પડશે. હમણાં ને હમણાં નીકળે. જો, ત્યાં સુધીમાં હું જાનઅલીને ત્યાંથી થોડું અત્તર લઈ લઉં."

સિપાહી ઉપર જઈ રહ્યો હતો, અને મૌલવી બીજી બાજુ જવા લાગ્યા હતા. ત્યાં નન્હકૂએ લલકારીને કહ્યું : "દુલારી, હું ક્યાં સુધી અહીં બેઠો રહું ? શું હજી સારંગીવાળો નથી આવ્યો ?"

દુલારીએ કહ્યું : "વાહ રે બાબુસા'બ, આપને જ માટે તો હું અહીં આવીને બેઠી છું. સાંભળોને, આપ તો ક્યારેય ઉપર...." મૌલવી સળગી ઊઠ્યો, એણે કડકાઈથી કહ્યું : "ચોબદાર, હજુ સુધી એ સુવરની બચ્ચી ઊતરી નથી ? જા, કોટવાલની પાસે મારું નામ લઈને કહે કે મૌલવી અલાઉદ્દીન કૂબડા બોલાવે છે. આવીને આને સીધી કરે. જોઉં છું; જ્યારથી નવાબી ગઈ છે ત્યારથી આ કાફિરોની મસ્તી વધી ગઈ છે."

કૂબડા મૌલવી ! બાપરે ! પાનવાળો પોતાની દુકાન સમેટવા લાગ્યો. પાસેની દુકાન પર ઝોલે ચડેલો કાપડિયો ચોંકીને, માથામાં ચોટ લાગી હોય તેમ ઊભો થઈ ગયો. આ જ મૌલવીએ તો મહારાજ ચેતસિંહ પાસે ત્રણ શેર કીડીઓનાં માથાનું તેલ માગ્યું હતું. મૌલવી અલાઉદ્દીન કૂબડા ! બજારમાં હલચલ મચી ગઈ. નન્હકૂસિંહે મુન્નૂસિંહને કહ્યું : "કેમ, ચૂપચાપ બેસીશ નહીં" દુલારીને કહ્યું, "ત્યાં જ રહેજે, બાઈજી. આમતેમ હલવાની જરૂર નથી. તું ગા. આવા ઘાસ વેચનારા

તો મેં કંઈક જોઈ નાખ્યા છે. હજી કાલ તો રમતના પાસા ફેંકીને ચારઆઠ આની માગતો ફરતો'તો એ આજે રુઆબ કરવા નીકળ્યો છે !"

હવે કૂબડાએ ફરીને એના તરફ જોઈને કહ્યું : "આ પાજી કોણ છે ?"

"તારો કાકો. બાબુ નન્હકૂસિંહ," કહીને એક તમાચો માર્યો ત્યાં તો આખું બનારસ ફફડી ઊઠ્યું. કૂબડાનું માથું ઘૂમ થઈ ગયું. લેસના પટાવાળા સિપાહીઓ બીજી બાજુ ભાગી ગયા, ને મૌલવીસાહેબ, ગભરાઈને લથડતા લથડતા, પડતા-આથડાતા કેમે કરીને જાનઅલીની દુકાન પર પહોંચી ગયા.

જાનઅલીએ મૌલવીને કહ્યું : "મૌલવીસાહેબ, આપ પણ ક્યાં એ ગુંડા સાથે માથાફોડ કરવા લાગ્યા ! એણે ધારિયું મારી ન દીધું એ કહો ને." કૂબડાના મોંમાંથી શબ્દ નીકળતો નહોતો. "વાલમો વિદેશ રહે" ગાયન પૂરું થયું. કોઈ આવ્યું કે ગયું નહિ. એ પછી નન્હકૂસિંહ ધીરે ધીરે, ટહેલતો ટહેલતો, બીજી બાજુ ચાલ્યો ગયો. થોડીવારમાં રેશમી કપડાંથી ઢાંકેલી એક પાલખી આવી. સાથે એક ચોબદાર હતો. એણે દુલારીને રાજમાતાની આજ્ઞા સંભળાવી.

દુલારી ચૂપચાપ થઈને પાલખીમાં બેસી ગઈ. ધૂળ અને સંધ્યાકાળના ધુમાડાથી ભરેલી બનારસની સાંકડી ગલીઓમાં થઈને પાલખી શિવાલયના ઘાટ તરફ ચાલી ગઈ.

## 2

શ્રાવણ મહિનાનો છેલ્લો સોમવાર હતો. રાજમાતા પન્ના, દેવાલયમાં બેસીને પૂજન કરી રહી હતી. દુલારી બહાર બેસીને બીજી ગાવાવાળીઓના સંગમાં ભજન ગાઈ રહી હતી. આરતી થઈ ગયા બાદ ફૂલોની અંજલિ વેરીને પન્નાએ ભક્તિભાવપૂર્વક દેવતાનાં ચરણોમાં પ્રણામ કર્યાં. પછી પ્રસાદ લઈને બહાર આવી ત્યાં જ તેણે દુલારીને જોઈ. દુલારીએ ઊભા થઈ જઈને હાથ જોડતાં જોડતાં કહ્યું : "હું તો વહેલી જ આવી ગઈ હોત. પણ શું કરું ? પેલો નઘરોળ કૂબડા મૌલવી આવીને મને રેસિડેન્ટની કોઠી ઉપર લઈ જવા લાગ્યો. કલાકો એ ઝંઝટમાં જ વીતી ગયા, સરકાર !"

"કૂબડા મૌલવી ! જ્યાંત્યાં એનું જ નામ સંભળાય છે ! સાંભળ્યું છે કે એણે અહીં આવીને પણ કંઈ..." પછી કોણ જાણે શો વિચાર કરીને વાત બદલતાં પન્નાએ કહ્યું : "હાં, તો પછી શું થયું ? તું અહીં આવી શી રીતે શકી ?"

"બાબુ નન્હકૂસિંહ ત્યાં આવી ચડ્યા. મેં કહ્યું કે સરકારની પૂજા ટાણે મારે ભજન ગાવાં જવું છે, ને આ જવા દેતો નથી. એમણે કૂબડાને એવી થપાટ મારી કે એનો રુઆબ ઓસરી ગયો, ને ત્યારે છેક માંડમાંડ મને અહીં આવવાની છુટ્ટી મળી."

"કયા બાબુ નન્હકૂસિંહ ?"

દુલારીએ માથું નીચું કરીને કહ્યું : "અરે, સરકારને શું ખબર નથી ? બાબુ નિરંજનસિંહના દીકરા. પહેલાં જ્યારે હું બહુ જ નાની હતી ત્યારે એક દિવસ આપની વાડીમાં હું હીંચકે હીંચકતી'તી ત્યારે ગાંડો બનીને નવાબનો હાથી ધસી આવ્યો'તો. બાબુ નિરંજનસિંહના દીકરાએ જ એ દિવસે આપણાં બધાંની રક્ષા કરી હતી."

એ જૂની વાતનું સ્મરણ કરતાંવેંત કોણ જાણે કેમ પણ રાજમાતાનું મોં ફિક્કું પડી ગયું. પછી સ્વસ્થ થઈને એમણે પૂછ્યું : "પણ બાબુ નન્હકૂસિંહ શી રીતે આવી પહોંચ્યો ?"

દુલારીએ હસીને માથું નીચું ઢાળી દીધું. દુલારી રાજમાતા પન્નાના પિતાની જમીનદારીમાં રહેવાવાળી વેશ્યાની દીકરી હતી. પન્ના પોતાના બાળપણમાં કેટલીયે વાર તેની સાથે હીંચકા પર ઝૂલી ચૂકી હતી. એ નાનપણથી જ ગાવામાં સૂરીલી હતી, સુંદરી પણ હતી, અને ચંચળ પણ. પન્ના જો કાશીરાજની માતા હતી તો દુલારી કાશીની પ્રસિદ્ધ ગાવાવાળી હતી. રાજમહેલમાં એનું ગાવાબજાવવાનું થયા જ કરતું. મહારાજ બળવંતસિંહના સમયથી જ સંગીત પન્નાના જીવનનું આવશ્યક અંગ બની ચૂક્યું હતું. હા, ત્યારે તેની રુચિ પ્રેમ, દુ:ખ અને દર્દ ભરી કલ્પનાનાં ગીતો તરફ વધારે વળતી હતી. હવે સાત્ત્વિક ભાવપૂર્ણ ભજન ગમતાં હતાં. રાજમાતા પન્નાનું વૈધવ્યથી દીપી રહેલું શાંત મુખ જરા મ્લાન થઈ ગયું.

મોટાં રાણીની શોક્ય પ્રત્યેની ઈર્ષ્યાની જ્વાલા બળવંતસિંહના મૃત્યુ પછી પણ શમી નહીં. અંત:પુર કલહનો રંગમંચ બની ગયું. ખાસ તો આથી જ પન્ના ઝાઝે ભાગે કાશીના રાજમંદિરમાં આવીને પૂજાપાઠમાં પોતાનું મન પરોવતી. રામનગરમાં એને ચેન નહોતું પડતું. નવી રાણી હોવાને અંગે બળવંતસિંહની માનીતી સ્ત્રી હોવાનું ગૌરવ તો એને મળ્યું જ હતું ને સાથે સાથે પુત્ર પેદા કરવાનું સૌભાગ્ય પણ મળ્યું, છતાં નીચા કુળની હોવાનો સામાજિક દોષ તેના હૃદયને વ્યથા આપ્યા કરતો. એને પોતાના લગ્નસમયની પ્રારંભિક ચર્ચા યાદ આવી ગઈ.

નાના એવા આસન પર બેસીને અન્યમનસ્ક બનીને પન્ના, ગંગાની વહી જતી ધારાને જોવા લાગી. જે વાત, હાથમાંથી અજાણતાં સરકી ગયેલી વસ્તુની જેમ સદાને માટે ભૂતકાળમાં દટાઈ ગઈ હોય તેને યાદ કરવાનું કોઈ કારણ નથી હોતું. તેથી કંઈ બનતું નથી, કંઈ બગડતું પણ નથી, પરંતુ હિસાબ રાખવાની રીત પ્રમાણે માનવસ્વભાવ કોઈ કોઈવાર કહી જ બેસે છે કે, "જો એ વાત આમ બની ગઈ હોત તો ?" બરોબર એ પ્રમાણે જ પન્ના, રાજા બળવંતસિંહે તેને જબરજસ્તીથી રાણી બનાવી દીધી એની પહેલાંની એક સંભાવના વિશે વિચારમાં પડી ગઈ હતી.

એ વિચાર બાબુ નન્હકૂસિંહનું નામ સાંભળ્યું તેથી આવ્યો હતો. ગેંદા મોંએ ચડાવેલી દાસી હતી. જ્યારથી પન્ના બળવંતસિંહની પ્રેયસી બની છે ત્યારથી તે તેની સાથે જ છે. રાજ્યભરની વાતો એની દ્વારા મળ્યા કરતી. ને કોણ જાણે કેટલી બધી વાતો એ જાણતી પણ હતી. દુલારીને ભોંઠી પાડી નાખવા માટે એને કંઈક કહેવું જરૂરી લાગ્યું.

"પોતાની સઘળી જમીનદારી કપડાંમાં, પાડાઓની લાડાઈઓમાં, ઘોડદોડની શરતોમાં અને ગાવા-બજાવવામાં ઉડાવી દઈને નન્હકૂસિંહ હવે ડાકુ બની ગયો છે. જેટલાં ખૂન થાય છે એ બધામાં એનો હાથ હોય છે. જેટલી..."

એને રોકીને દુલારીએ કહ્યું : "આ જુઠાણું છે. બાબુસાહેબ જેવો ધર્માત્મા બીજો કોઈ છે જ નહિ. કેટલી બધી વિધવાઓ એમણે આપેલી સાડીઓથી પોતાનાં અંગો ઢાંકે છે ? કેટલી બધી કન્યાઓના લગ્નવિવાહ એમની મદદથી થાય છે ? જેમની સતામણી થતી હોય એવા કેટલા બધા લોકોની એમના દ્વારા રક્ષા થાય છે ?"

રાણી પન્નાના હૃદયમાં તરલતા જાગી ઊઠી. તેણે હસીને કહ્યું : "દુલારી, એ તારે ત્યાં આવે છે ને ? એટલે તું એમની મોટાઈ..."

"નહીં, સરકાર ! હું સોગંધ ખાઈને કહી શકું છું કે બાબુ નન્હકૂસિંહે આજ સુધી મારા કોઠામાં પગ પણ નથી મૂક્યો."

રાજમાતા, કોણ જાણે કેમ, આ અદ્ભુત વ્યક્તિને સમજવા માટે ચંચળ બની ગઈ હતી. તો પણ તેણે દુલારી હવે કશું ન બોલે એટલા ખાતર તેની સામે તીક્ષ્ણ નજરથી જોયું. એ ચૂપ થઈ ગઈ પહેલા પહોરની શરણાઈ વાગવા લાગી. દુલારી રજા લઈને પાલખીમાં બેસી ગઈ. ત્યારે ગેંદાએ કહ્યું : "સરકાર, આજકાલ નગરની દશા ઘણી ખરાબ થઈ ગઈ છે. ધોળા દિવસે લોકો લૂંટાઈ જાય છે. સેંકડો જગ્યાઓએ જુગારનાં પાટિયાં ઉપર લોકો પોતાનું બધુંય ગુમાવી બેસે છે. બચ્ચાંઓની ફોસલામણી થાય છે. ઊંચું મોં રાખીને ચાલવું એ પણ ગલીઓમાં લાઠી અને છરી ચલાવવાનું કારણ બની જાય છે. ત્યાં વળી રેસિડન્ટસાહેબ સાથે મહારાજનો અણબનાવ ચાલુ છે." રાજમાતા ચૂપ રહી.

બીજે દિવસે રાજા ચેતસિંહ ઉપર રેસિડન્ટ માર્કહેમનો પત્ર આવ્યો. તેમાં નગરની દુર્વ્યવસ્થા વિશે કડક ટીકા હતી અને ડાકુઓ અને ગુંડાઓને પકડવાની અને તેમના ઉપર કડક નિયંત્રણ રાખવાની સલાહ આપવામાં આવી હતી. કૂબડા મૌલવીવાળી ઘટનાનો પણ ઉલ્લેખ હતો. એને ત્યાં હેસ્ટિંગ્સ આવશે એવી પણ સૂચના હતી. શિવાલય ઘાટ અને રામનગરમાં હલચલ મચી ગઈ. જેના જેના હાથમાં લાઠી, સળિયો, દાતરડું, છૂરી કે ખંજર દેખાય તેને કોટવાળ હિંમતસિંહ

ગાંડાની માફક પકડી લેવા લાગ્યો.

એક દિવસ નન્હકૂસિંહ સુમ્માના નાળાના સંગમ પાસે ઊંચા એવા ટેકરાની ઘેરી લીલોતરીમાં પોતાના ચૂંટેલા સાથીદારોની સાથે ભાંગ લસોટતો બેઠો હતો. તેની પાતળી હોડી ગંગાતીર પર વડની વડવાઈ સાથે બાંધેલી હતી.* કત્થકોનું ગાણું ચાલતું હતું. ચાર એક્કા તૈયાર થઈને ઊભેલા હતા.

નન્હકૂસિંહે ઓચિંતા જ કહ્યું, "મલૂકી, ગાણું જામતું નથી. એક્કામાં બેસીને જા, ને દુલારીને બોલાવી લાવ." મલૂકી મંજીરાં વગાડી રહ્યો હતો. દોડીને એક્કા પર ચડી ગયો કેમકે નન્હકૂસિંહનું મન આજે ઠેકાણે નહોતું. ભાંગને ખૂબ ખૂબ લસોટવા અને ગાળવા છતાં પણ નશો આવતો નહોતો. એક કલાકમાં દુલારી આવી પહોંચી. એણે હસીને પૂછ્યું, "શો હુકમ છે, બાબુસા'બ !"

"દુલારી, આજે ગાણું સાંભળવાનું મન થયું છે."

"આ જંગલમાં શા માટે ?" એણે સાશંક બનીને કશુંક વિચારીને પૂછ્યું.

"તું કોઈ વાતે ગભરાતી નહિ," નન્હકૂસિંહે હસીને કહ્યું.

"એ તો હું તે દિવસે મહારાણીને પણ કહી આવી છું."

"શું ? કોને ?"

"રાજમાતા પન્નાદેવીને..." પછી એ દિવસે ગાણું જામ્યું નહિ. દુલારીએ સાશ્ચર્ય જોયું કે આલાપ વખતે નન્હકૂસિંહની આંખો ઘેરી બની જતી હતી.

ગાવું-બજાવવું પૂરું થઈ ગયું હતું. વર્ષાની રાત્રિમાં મહેફિલવાળાઓના સ્વર એ વનસ્થલીમાં ગુંજી રહ્યા હતા. મંદિરની પાસેના નાના એવા ઓરડામાં નન્હકૂસિંહ ચિંતામાં ડૂબેલો બેઠો હતો. એની આંખમાં ઊંઘ નહોતી. બાકીના બધા તો ઊંઘમાં પડ્યા હતા. દુલારી જાગતી હતી. એ પણ કશુંક વિચારી રહી હતી. આજે તેને પોતાને રોકવા માટે કઠિન પ્રયત્ન કરવો પડતો હતો. પરંતુ અંતે એ તેમાં અસફળ બની. ઊઠી અને ધીરેધીરે નન્હકૂસિંહની પાસે ગઈ. કંઈક અવાજ સાંભળીને નન્હકૂ ચોંકીને ઊઠી ગયો ને પાસે પડેલી તલવાર ઉપાડી. ત્યાં તો હસીને દુલારીએ કહ્યું : "બાબુસા'બ, આ શું ? સ્ત્રીઓ પર તલવાર ચલાવાય કે ?"

નાના એવા દીવાના પ્રકાશમાં વાસનાભરી સ્ત્રીનું મુખ જોઈને નન્હકૂ હસી પડ્યો. એણે કહ્યું : "કેમ બાઈજી, આવા વખતે કેમ પધાર્યાં છો ? મૌલવીએ ફરીથી તમને બોલાવ્યાં છે કે શું ?"

દુલારી નન્હકૂની પાસે જઈને બેસી ગઈ. નન્હકૂએ કહ્યું :

"તને બીક લાગે છે કે શું ?"

---

*કત્થક : નાચવા ગાવાવાળાઓની એક જાતિ

"ના, હું કંઈક પૂછવા આવી છું."

"શું ?"

"શું ? એ જ કે... ક્યારેય તમારા હૃદયમાં..."

"એ વિશે ન પૂછ તું, દુલારી. એ બધું નકામું સમજીને તો હૃદયને હાથમાં લઈને ફરું છું. કોઈ કંઈક કરી દે, કચડી નાખે, ચોરી નાખે, ઉછાળી દે ! મરી જવા માટે બધુંય કરી છૂટું છું, પણ મરી શકતો નથી."

"મરવા માટે પણ ક્યાંક શોધવા જવું પડે છે ! આપને કાશીના હાલની ક્યાં ખબર છે ? ઘડીભરમાં શું થઈ જાય, કઈ જાતની ઊલટાસૂલટી થઈ જાય તેની કોને ખબર છે ? કાશીની ગલીઓ તો જાણે ખાવા ધાય છે."

"અહીં કંઈક નવી વાત બની ગઈ છે શું ?"

"હેસ્ટિંગ્સ નામનો કોઈ સાહેબ આવ્યો છે. સાંભળ્યું છે કે તેણે શિવાલયઘાટ પર અંગ્રેજોની પલટણના દેશી સિપાહીઓનો પહેરો બેસાડી દીધો છે. રાજા ચેતસિંહ અને રાજમાતા પન્ના ત્યાં જ છે. કોઈક કોઈક કહે છે કે એ લોકોને પકડીને કલકત્તા મોકલી દેવા..."

"શું પન્ના પણ... રણવાસ પણ ત્યાં જ છે ?" નન્હકૂ અધીર બની ગયો હતો.

"કેમ, બાબુસા'બ, આજે રાણી પન્નાનું નામ સાંભળીને આપની આંખમાં આંસુ કેમ આવી ગયાં ?"

સહસા નન્હકૂનું મોં ભયાનક બની ગયું. તેણે કહ્યું :

"ચૂપ કર. એ બધું જાણીને તું શું કરવાની છો ?"

એ ઊઠીને ઊભો થઈ ગયો. ઉદ્વિગ્નની જેમ કોણ જાણે શું ખોળવા લાગ્યો. પછી સ્વસ્થ થઈને તેણે કહ્યું : "દુલારી, એકાન્ત રાત્રિમાં આવીને કોઈ સ્ત્રી મારા પલંગ પર બેસી ગઈ હોય તેવો મારી જિંદગીમાં આજ પહેલો દિવસ છે. ચિરકુમાર એવો હું મારી એક પ્રતિજ્ઞા પાળવાને માટે સેંકડો અસત્યો અને અપરાધો કરતો ફરું છું. શા માટે ? તને ખબર છે ? હું સ્ત્રીઓનો અત્યંત વિરોધી છું. ને પન્ના... પણ એનો શો વાંક?... પણ પન્ના ! એને પકડીને ગોરાઓ કલકત્તા મોકલી દેશે !... ત્યાં..."

નન્હકૂસિંહ ઉન્મત્ત બની ગયો હતો. દુલારીએ જોયું કે નન્હકૂ અંધારામાં જ વડની નીચે પહોંચી ગયો. અને ગંગાની ઊભરાતી જલધારામાં તેણે હોડી છોડી દીધી. એ ઘન અંધકારમાં દુલારીનું હૃદય કંપી ઊઠ્યું.

## 3

ઈ. સ. 1781ના ઑગસ્ટ મહિનામાં કાશીનગરી ડામાડોળ બની ગઈ હતી. શિવાલય ઘાટમાં રાજા ચેતસિંહ લેફ્ટેનન્ટ સ્ટોકરના પહેરામાં આવી ગયા હતા. નગરમાં ભય વ્યાપી ગયો હતો. દુકાનો બંધ હતી. ઘરોમાં બાળકો માતાઓને પૂછી રહ્યાં હતાં : "મા, આજ હલવાવાળો આવ્યો નથી ?" એ કહેતી હતી : "ચૂપ, બેટા." સડકો સૂની થઈ ગઈ હતી. દેશી સિપાહીઓની ટુકડીને મોખરે કૂબડા મૌલવી કોઈ કોઈવાર આવતો-જતો દેખાતો રહેતો હતો. એ સમયે ખૂલેલી બારીઓ પણ બંધ થઈ જતી હતી. ભય અને સન્નાટાનું રાજ હતું. ચોકમાં ચિથરુંસિંહની હવેલી પોતાની અંદર કાશીની વીરતાને કેદ કરનારી કોટવાળીનો અભિનય કરી રહી હતી. એ સમયે કોઈકે બૂમ મારી :

"હિંમતસિંહ !"

બારીમાંથી ડોકું બહાર કાઢીને હિંમતસિંહે પૂછ્યું :

"કોણ ?"

"બાબુ નન્હકૂસિહ."

"ઠીક, તમે હજી સુધી બહાર જ રહ્યા છો ?"

"ગાંડા, રાજા કેદ થઈ ગયા છે. આ બધા બહાદુરોને છૂટા કરી દો. એ બધાને લઈને આપણે એકવાર શિવાલય ઘાટ પર જઈએ."

"ઊભા રહો," કહીને હિંમતસિંહે કંઈક હુકમ આપ્યો. સિપાહીઓ બહાર નીકળ્યા. નન્હકૂની તલવાર ચમકી ઊઠી. સિપાહીઓ પાછા અંદર ભાગ્યા. નન્હકૂએ કહ્યું : "નિમકહરામો, ચૂડી પહેરો." લોકો જોતા રહ્યા ને એ ચાલ્યો ગયો, કોટવાળીની સામે સન્નાટો છવાઈ ગયો.

નન્હકૂ ઉન્મત્ત બની ગયો હતો. તેના થોડા સાથીઓ તેની આજ્ઞા મળતા જાન ન્યોચ્છાવર કરવાને તૈયાર થઈ ગયા હતા. એને ખબર નહોતી કે રાજા ચેતસિંહ પર રાજદ્રારી અપરાધનો આરોપ લગાવવામાં આવ્યો હતો. એ તો પોતાની હોડી લઈને જલધારા કાપતો કાપતો શિવાલયની બારી નીચે પહોંચી ગયો. ક્યાંક દેખાઈ આવતા પથ્થર સાથે રસી બાંધીને એ ચંચળ હોડીને એણે સ્થિર કરી અને વાંદરાની જેમ છલાંગ મારીને બારીમાંથી અંદર પહોંચી ગયો. એ વખતે ત્યાં રાજમાતા પન્ના અને યુવાન રાજા ચેતસિંહને બાબુ મનિયારસિંહ કહી રહ્યા હતા :

"આપ લોકો અહીંયાં છો એટલે અમે શું કરી શકીએ એ કશું સમજાતું નથી. પૂજાપાઠ પૂરો કરીને આમ રામનગર ચાલ્યાં ગયાં હોત તો આ..."

તેજસ્વી પન્નાએ કહ્યું : "હવે હું રામનગર શી રીતે ચાલી જાઉં ?"

મનિયારસિંહે દુ:ખી થઈને કહ્યું : "કેમ કહી શકું ? મારા સિપાહીઓ તો કેદી છે."

એટલામાં બારણા આગળ કોલાહલ મચ્યો. રાજપરિવાર પોતાની મંત્રણામાં ડૂબ્યો હતો ત્યાં નન્હકૂસિંહના આવવાની તેને ખબર પડી. સામેનું બારણું બંધ હતું. નન્હકૂસિંહે એક વાર ગંગાની ધાર સામે જોયું. ત્યાં એક નાવ ઘાટ પર લાગવાને માટે લહેરો સામે ઝૂઝી રહી હતી. એ પ્રસન્ન થઈ ગયો. આની પ્રતીક્ષામાં એ રોકાયો હતો. એણે જાણે બધાંને સચેત કરતો હોય તેમ કહ્યું :

"મહારાણી ક્યાં છે ?"

બધાંએ ફરીને જોયું. એક અપરિચિત વીરમૂર્તિ ઊભી હતી. શસ્ત્રોથી સુસજ્જ એવો દેવ જાણે !

ચેતસિંહે પૂછ્યું : "તમે કોણ છો ?"

"રાજપરિવારનો પગાર વિનાનો એક સેવક."

પન્નાના મોંમાંથી નાનો એવો સિસકારો નીકળતો નીકળતો રહી ગયો. એણે પિછાણી લીધો. આટલાં વર્ષો પછી પણ, એ જ નન્હકૂસિંહ !

મનિયારસિંહે પૂછ્યું : "તમે શું કરી શકશો ?"

"હું મરી શકીશ. પહેલાં મહારાણીને હોડીમાં બેસાડી દો. નીચે બીજી હોડીમાં સરસ હોડી હંકારનારા છે. એ પછી વાત કરો."

મનિયારસિંહે જોયું કે જનાનાની દોઢીનો દરોગો રાજાની એક નાવડીમાં ચાર નાવિકોની સાથે પ્રતીક્ષા કરી રહ્યો હતો. નાવને એણે બારી લગોલગ લાવી દીધી હતી. એમણે પન્નાને કહ્યું :

"ચાલો, હું સાથે આવું છું."

"ભલે... પણ... ?" ચિતસિંહને જોઈને પુત્રવત્સલ માતાએ પ્રશ્ન કર્યો. કોઈ પાસે તેનો ઉત્તર નહોતો. મનિયારસિંહે કહ્યું : "તો હું અહીં રહું ?" નન્હકૂએ હસીને કહ્યું : "મારા માલિક, આપ હોડીમાં બેસી જાઓ. જ્યાં સુધી રાજાસાહેબ પણ હોડીમાં નહિ બેસી જાય ત્યાં સુધી સત્તર ગોળીઓ ખાઈને પણ જીવતા રહેવાની નન્હકૂસિંહ પ્રતિજ્ઞા કરે છે."

પન્નાએ નન્હકૂ તરફ જોયું. એક ક્ષણ માટે ચાર આંખો મળી. એમાં જ્યોતિની માફક જન્મજન્મનો વિશ્વાસ ઝબકી રહ્યો હતો. દરવાજો બળપૂર્વક ખોલાઈ રહ્યો હતો. નન્હકૂએ ઉન્મત્ત બનીને કહ્યું :

"માલિક, જલદી કરો."

બીજી જ ક્ષણે પન્ના હોડીમાં હતી અને નન્હકૂ દરવાજા આગળ સ્ટોકરની પાસે. ચેતરામે આવીને એક ચિઠ્ઠી મનિયારસિંહના હાથમાં આપી. લેફ્ટેનન્ટે કહ્યું :

"આપના માણસો ગડબડ મચાવે છે. હવે હું મારા સિપાહીઓને ગોળી છોડતા રોકી શકું તેમ નથી."

"મારા સિપાહીઓ અહીંયાં ક્યાં છે, સાહેબ ?" મનિયારસિંહે હસીને કહ્યું. બહાર કોલાહલ વધતો જતો હતો.

ચેતરામે કહ્યું : "પહેલાં ચેતસિંહને કેદ કરો."

"એવી હિંમત કોણ કરે છે ?" કડકાઈથી કહેતાં કહેતાં બાબુ મનિયારસિંહે તલવાર ખેંચી. હજી આ વાતચીત પૂરી થાય એ પહેલા કૂબડા મૌલવી આવી પહોંચ્યો. અહીં મૌલવીસાહેબની કલમ ચાલતી પણ નહોતી કે એ બહાર પણ જઈ શકતા નહોતા. એમણે કહ્યું : "શું જોઈ રહ્યા છો, ચેતરામ ?"

ચેતરામે રાજા ઉપર હાથ મૂક્યો ન મૂક્યો ત્યાં જ નન્હકૂના નિશાન તાકતા હાથે એનો હાથ કાપી નાખ્યો. સ્ટોકર આગળ વધ્યો, મૌલવીસાહેબ બૂમો પાડવા લાગ્યા. નન્હકૂસિંહે જોતજોતામાં સ્ટોકર અને એના કેટલાયે સાથીઓને ધરાશાયી કરી દીધા. પછી મૌલવીસાહેબ ક્યાંથી બચે ?

નન્હકૂસિંહે કહ્યું "કેમ પેલા દિવસની થપ્પડે તને સમજાવી નહોતું દીધું ? લે પાજી !" કહીને એવો સચોટ જનોઈવઢ ઘા માર્યો કે એ ઢગલો થઈ ગયો. થોડી ક્ષણોમાં જ આ ભીષણ ઘટના બની ગઈ. હવે એ વિશે કશું વિચારવાનું નહોતું.

નન્હકૂસિંહે બૂમ મારીને ચેતનસિંહને કહ્યું : "આપ શું જોઈ રહ્યા છો ? હોડીમાં બેસી જાવ."

તેના જખમોમાંથી લોહીના ફુવારા ઊડતા હતા. પેલી બાજુના દરવાજામાંથી દેશી સિપાહીઓ અંદર આવી રહ્યા હતાં. ચેતસિંહે બારીમાંથી ઊતરતાં ઊતરતાં કહ્યું કે વીસ વીસ સિપાહીઓની સંગીનો સામે નન્હકૂસિંહ અવિચલ ઊભો રહીને તલવાર ચલાવી રહ્યો છે. તેના ખડગ જેવા શરીરમાંથી રક્તની ધારાઓ ગુલાલની જેમ વહી રહી છે. ગુંડાનું એક એક અંગ કપાઈ કપાઈને ત્યાં પડવા લાગ્યું.

એ કાશીનો ગુંડો હતો.

# ઝાંઝર

જૈનેન્દ્રકુમાર

બજારમાં એક નવી જાતનાં ઝાંઝર આવ્યાં છે. પગમાં પહેરાતાં એ બહુ સરસ લાગે છે. તેની કડીઓ એકબીજામાં એવી નાજુક રીતે જોડાયેલી હોય છે કે એમ જ લાગે કે જાણે ઝાંઝરને પોતાનો કોઈ આકાર જ નથી. જે પગમાં એ પહેરાયાં હોય એને જ અનુકૂળ એ બની જાય.

આડોશીપાડોશીમાં તો નાનીમોટી બધી જ સ્ત્રીઓના પગમાં તમને એ જ ઝાંઝર જોવા મળશે. એકે પહેર્યાં કે પછી તરત બીજીએ પણ પહેર્યાં. દેખાદેખીને અંગે એ ન પહેરવાં મુશ્કેલ બની ગયું છે.

અમારી મુન્નીએ પણ કહ્યું કે બાબુજી, હું ઝાંઝર પહેરીશ. જુઓ તો ખરા. માંડ ચાર વર્ષની થઈ હશે ને ઝાંઝર પહેરવાં છે !

મેં કહ્યું કે કેવાં ઝાંઝર ?

બોલી કે હાં, પેલાં, જેવાં રુક્મિન પહેરે છે, જેવાં શીલા પહેરે છે તેવાં.

મેં કહ્યું કે ઠીક ઠીક.

એણે કહ્યું કે આજે જ મંગાવી લઈશ.

મેં કહ્યું કે ઠીક ભાઈ, ભલે આજે જ મંગાવજે.

એ વખતે તો મારી મુન્ની કોઈક કામમાં પડી ગઈ. પણ જ્યારે બપોરે મુન્નીનાં ફઈબા આવ્યાં, ત્યારે એ છોકરી સહેલાઈથી પટાવાય તેવી નહોતી રહી.

ફઈબાએ મુન્નીને મીઠાઈ ખવડાવી ખોળામાં લીધી ને કહ્યું કે ઠીક, તો તારાં ઝાંઝર હું હવેના રવિવારે જરૂર લઈ આવીશ.

રવિવારે ફઈબા આવ્યાં ને ઝાંઝર લાવ્યાં. એ પહેરીને ખુશખુશાલ થઈને મુન્ની છનછન કરતી અહીંથી ત્યાં ઘૂમવા લાગી. રુક્મિનની પાસે ગઈ ને કહ્યું કે જો રુક્મિન, મારાં ઝાંઝર. શીલાને પણ પોતાનાં ઝાંઝર બતાવ્યાં. એને ઝાંઝર પહેરેલી જોઈને સહુએ એને વહાલ કર્યું અને તેનાં વખાણ કર્યાં. પગને ચારે બાજુથી લપેટી લઈને મૂંગી મૂંગી ફેલાઈ જતી ચાંદની એ બેત્રણ સફેદ સેર ખરેખર એટલી તો સુઘડ લાગતી હતી કે બસ. ને દીકરીના આનંદનો તો પાર નહોતો.

અને અમારા મહાશય આશુતોષ, જે મુન્નીના મોટાભાઈ હતા તે, મુન્નીને

ઠાઠમાઠ કરેલી જોઈને પહેલાં તો ખૂબ જ રાજી થયા. પોતાની સરસ મુન્નીનાં ઝાંઝર સહુને દેખાડવા તેને હાથ પકડીને એ આજુબાજુમાં લઈ ગયા. મુન્નીનાં ઝાંઝરનું ગૌરવ એમને પોતાનું પણ લાગતું હતું. એ ખૂબ હસ્યા અને તાળીઓ પાડી. પણ થોડીવાર પછી એ નાચવા લાગ્યા કે મુન્નીને જો ઝાંઝર અપાવ્યાં છે તો હું પણ બાઇસિકલ લઈશ.

ફઈબાએ કહ્યું કે ભલે ભાઈ, હવે તારો જન્મદિવસ આવશે ત્યારે તને બાઇસિકલ અપાવીશું.

આશાબાબુએ કહ્યું કે હું તો હમણાં જ લઈશ.

ફઈબાએ કહ્યું કે છી, છી, તું શું છોકરી છે ? જીદ તો છોકરીઓ કરે, ને છોકરીઓ રડે. કોઈ દહાડો બાબુસાહેબો રડે છે કંઈ ?

આશુતોષબાબુએ કહ્યું કે તો હું બાઇસિકલ જરૂર લઈશ જ – જનમને દહાડે જ.

ફઈબાએ કહ્યું કે હા એ વાત પાકી. તારા જનમને દિવસે તને બાઇસિકલ મળશે.

આમ એ રવિવારનો દિવસ હસવા-રમવામાં પૂરો થઈ ગયો. સાંજ થતાં બાળકોનાં ફઈબા ચાલ્યાં ગયાં. ઝાંઝરનો શોખ ઘડીવારનો હતો. પછી એને ઉતારીને સાચવીને મૂકી દેવામાં આવ્યાં જેથી ક્યાંક ખોવાઈ ન જાય. ઝાંઝરની નકશી બારીક અને સુંદર હતી ને તેના ખાસ્સા પૈસા પડ્યા હતા.

શ્રીમતીએ કહ્યું કે કેમ સાહબ, લાગે છે તો સરસ હોં. હું પણ એક જોડ કરાવી લઉં ?

મેં કહ્યું, શા માટે ન કરાવ ? તું ક્યાં ચાર વરસની નથી ?

ખેર, આમ વાત થઈ. પણ રાતે જ્યારે હું મારા ટેબલ પાસે બેસી કામ કરતો હતો ત્યારે શ્રીમતીએ આવીને કહ્યું કે તમે ઝાંઝર જોયું તો નથી ને ?

મેં આશ્ચર્યથી કહ્યું કે શું કહેવા માગે છે ?

બોલી કે જુઓ અહીં આ ટેબલ-બેબલ ઉપર તો નથી ને ? એ જોડીનું એક ઝાંઝર તો છે, પણ બીજું મળતું નથી. કોણ જાણે ક્યાં ગયું ?

મેં કહ્યું કે જાય તે ક્યાં ? જરા અહીંતહીં જોઈ લે. મળી જશે.

એણે મારા ટેબલ ઉપરના કાગળો આમતેમ કરવા માંડ્યા ને આલમારીમાંની ચોપડીઓમાં પણ શોધવાનો મનસૂબો દાખવ્યો.

મેં કહ્યું કે આ શું કરી રહી છે ? એ અહીં ક્યાંથી આવ્યું હોય ?

જવાબમાં એ મને જ પૂછવા લાગી કે તો પછી એ છે ક્યાં ?

મેં કહ્યું કે તેં જ મૂક્યું હતું. ક્યાં મૂક્યું'તું ?"

કહેવા લાગી કે બપોર પછી લગભગ બે વાગે મેં જ ઉતારીને બેય ઝાંઝરને સરખી રીતે સાંભળીને નીચેવાળી પેટીમાં મૂક્યાં'તાં. જોયું તો ખબર પડી કે એક છે, બીજું ગુમ છે.

મેં કહ્યું કે તો પછી પગ કરીને એ આ ઓરડામાં ક્યાંથી આવી જાય ? ભૂલ થઈ ગઈ હશે. એક જ મૂક્યું હશે ને બીજું અહીંતહીં ક્યાંક ભોંય પર પડી ગયું હશે. જો બરોબર, મળી જશે ક્યાંય જઈ શકે જ નહિ.

આ ઉપર શ્રીમતી બોલબોલ કરવા લાગ્યાં કે તમે તો એવા જ છો. તમે જ બેદરકાર છો ને ઊલટાનો દોષ મારા પર ઢોળો છે. કહી તો રહી છું કે મેં બેય ઝાંઝર સંભાળીને મૂક્યાં'તાં.

મેં કહ્યું કે જો સંભાળીને મૂક્યા'તાં તો પછી અહીંતહીં શોધાશોધ કેમ કરે છે, જ્યાં મૂક્યાં હોય ત્યાંથી લઈ લે ને, ત્યાં નથી તો પછી કોઈકે ત્યાંથી લીધાં જ હશે.

શ્રીમતીએ કહ્યું કે મને પણ એમ જ લાગે છે. કહો કે ન કહો પણ બંસી નોકરે લીધું હશે. મેં મૂક્યું ત્યારે એ ત્યાં હાજર હતો.

મેં કહ્યું કે તો એને પૂછ્યું ?

બોલી કે એ તો ચોખ્ખી ના પાડે છે.

મેં કહ્યું કે તો પછી ?

શ્રીમતી બોલ્યાં કે તો પછી હું શું કહું ? તમને તો કોઈ વાતની ફિકર જ નથી ! હા, એ બંસીને બોલાવીને દમ ભિડાવીને કહેતા કેમ નથી ? ઝાંઝર જરૂર એણે લીધું છે.

મેં કહ્યું કે ઠીક, તો એને શું કહેવાનું ? કહું કે લાવ ભાઈ, ઝાંઝર દઈ દે ?

શ્રીમતી ચિડાઈને બોલ્યાં કે તમારાથી થઈ રહ્યું કંઈએ ! તમે જ તો એ નોકરની જાતને માથે ચડાવી છે. ન ખિજાવું, ન મારવું. નોકરની જાત માથે ન ચડે તો બીજું થાય શું ?

પછી બોલી કે કહી તો રહી છું કે કોઈએ ઝાંઝર પેટીમાંથી કાઢ્યું જ છે, ને સોળમાંથી પંદર આના તો એ બંસી જ છે. સાંભળો છો ને ? એ જ છે.

મેં કહ્યું કે મેં બંસીને પૂછ્યું હતું. લાગે છે કે એણે લીધું નથી.

આ ઉપરથી શ્રીમતીએ કહ્યું કે તમે નોકરોને ઓળખતા નથી. એ બહુ જ પાકા હોય છે. જરૂર બંસી જ ચોર છે, નહિ તો શું ફિરસ્તાઓ લેવા આવવાના હતા ?

મેં કહ્યું કે તે આશુતોષને પણ પૂછ્યું છે ખરું ?

બોલી કે પૂછ્યું હતું. એ તો પોતે જ ટ્રંક અને પેટીની નીચે ઘૂસી ઘૂસીને શોધખોળ કરવામાં મને મદદ કરી રહ્યો છે. એ લઈ શકે જ નહિ.

મેં કહ્યું કે એને પતંગનો ખૂબ જ શોખ છે.

એણે કહ્યું કે તમે તો એને કોઈ વાતની શિખામણ આપતા નથી કે મનાઈ કરતા નથી. મોટો થતો જાય છે. આવો ન આવો જ રહી જશે. એને પતંગનો શોખ લગાડનારા તમે જ છો.

મેં કહ્યું કે કદાચ ક્યાંક પડી ગયેલું ઝાંઝર તેને મળ્યું હોય તો ?

એણે કહ્યું કે ના, ના ને ના. મળ્યું હોય તો એ કહેય નહિ ?

ભલે. વાતવાતમાં ખબર પડી કે એ સાંજે આશુતોષ પતંગ અને દોરાનું એક નવું બંડલ લાવ્યો હતો.

શ્રીમતીએ કહ્યું કે તમે જ એને પતંગની છૂટ આપો છો. બસ, આખો દહાડો પતંગ ને પતંગ. એમ નહિ કે કોઈ દહાડો બેસાડીને એને ભણવાની કંઈ વાત પૂછી હોય. મને થાય છે કે એક દી ઊઠીને એની બધી દોરીઓ ને પતંગો ફાડીતોડી નાખું. આખો દી એની એ જ ધૂન છે.

મેં કહ્યું કે હવે વાત છોડ. કાલે સવારે પૂછપરછ કરીશું.

સવારે બોલાવીને મેં એને ગંભીરતાથી પૂછ્યું કે કેમ બેટા, એક ઝાંઝર મળતું નથી તો તેં તો જોયું નથી ને ?

એ ગુમસૂમ થઈ ગયો, નારાજ હોય તેમ. એણે માથું હલાવી કહ્યું કે એણે લીધું નથી. પણ મોં ખોલ્યું નહિ.

મેં કહ્યું કે જો દીકરા, લીધું હોય તો કંઈ નહિ. પણ સાચું કહી દેવું જોઈએ.

એનું મોં વળી વધારે ફૂલી ગયું, ને એ ગુમસૂમ બેઠો રહ્યો.

મારા મનમાં એ ક્ષણે જાતજાતના સિદ્ધાન્તો ઊભરાયા. મેં નક્કી કર્યું કે અપરાધ તરફ કરુણા જ દાખવવી જોઈએ, ગુસ્સાનું તેમાં કામ નથી. અપરાધી વૃત્તિને પ્રેમથી જ જીતી શકાય છે. બીકથી એને દબાવવો ઠીક નથી. બાળકનો સ્વભાવ કોમળ હોય છે અને એની સાથે હંમેશાં સ્નેહથી વ્યવહાર કરવો જોઈએ; ઇત્યાદિ, ઇત્યાદિ.

મેં કહ્યું કે બેટા આશુતોષ, તું ગભરા માં, સાચું કહેવામાં ગભરાવું ન જોઈએ. લીધું હોય તો હિંમતથી કહી દે દીકરા. સાચું કહેનારને હું કંઈ સજા થોડી જ કરવાનો હતો ? ઊલટું, સાચું બોલે તો તો ઇનામ જ મળે.

આશુતોષ બધું સાંભળતો બેઠો રહ્યો. એનું મોં ચઢી ગયું હતું. એ મારી આંખો સામે જોતો નહોતો. રહી રહીને એનું માથું ધ્રૂજી જતું હતું.

"કેમ ભાઈ, તેં તો નથી લીધું ને ?"

એણે માથું ધુણાવીને ક્રોધથી અસ્થિર અને મોટા અવાજે કહ્યું કે મેં નથી લીધું, નથી લીધું, આમ કહીને રડવા જેવો થઈ ગયો પણ રડ્યો નહિ. આંખોમાં જ આંસુ રોકી લીધાં.

એ વખતે મને ખાતરી થઈ ગઈ કે ઉગ્રતા એ દોષનું લક્ષણ છે.

મેં કહ્યું કે જો ભાઈ, ડર માં. ઠીક, તું જા, ગોતવા માંડ, કદાચ ક્યાંક એ ઝાંઝર પડી ગયું હોય ને તને મળી જાય. જો મળી જશે તો હું તને ઇનામ આપીશ.

એ ચાલી ગયો અને બીજા ઓરડામાં જઈને પહેલાં તો એક ખૂણામાં ઊભો રહી ગયો. થોડીવાર મૂંગો મંગો ઊભો રહ્યો પછી એ અહીંતહીં ઝાંઝરની તલાશમાં લાગી ગયો.

શ્રીમતીએ આવીને પૂછ્યું કે તમે આશુને પૂછ્યું ? શું લાગે છે ?

મેં કહ્યું કે મને વહેમ તો પડે છે. આ કામ નોકરનું તો નથી જ.

શ્રીમતીએ કહ્યું કે ના ભઈ, આશુ બિચારો શા માટે લે ?

હું કશું બોલ્યો નહિ. મારા મનમાં આશુતોષ તરફ કોણ જાણે કેવોય ગંભીર પ્રેમનો ભાવ ઊભરાવા માંડ્યો હતો. મને એમ લાગતું હતું આવે સમયે તો ખાસ મારે આશુતોષને મારી સહાનુભૂતિથી વંચિત ન કરવો જોઈએ; ઊલટું આવે સમયે તો બાળકને સવિશેષ સ્નેહ મળવો જ જોઈએ. મને આ મોટી દુર્ઘટના લાગતી હતી. લાગતું હતું કે જો આશુતોષે ચોરી કરી હોય તો એમાં એનો એટલો દોષ નથી, બલકે આ તો મારા ઉપર જ મોટું તહોમતનામું છે. બાળકોમાં ચોરીની આદત ખૂબ ભયાવહ બની શકે છે. પરંતુ બાળક માટે આવી લાચારી ઉપસ્થિત થઈ એ તો વળી ઘણું વધારે ભયાવહ છે. આ તો મારો જ દોષ ગણાય. હું આ ચોરીની જવાબદારીમાંથી મુક્ત ન ગણાઉં.

મેં બોલાવીને કહ્યું, ઠીક, સાંભળ જો, મારી સામે જો, તે આ ઝાંઝર છુન્નુને આપ્યું હતું કે નહિ એ તો કહે.

થોડીવાર એ કંઈ જ ન બોલ્યો. તેના ચહેરા ઉપર રંગ આવ્યો ને ગયો. હું એ ચહેરા ઉપરના એક એક ભાવનું વિશ્લેષણ કરવા માગતો હતો.

આશ્વાસન આપતાં મેં કહ્યું કે કંઈ નહિ, હાં, હાં, બોલ, ડર નહિ. સાચું કહી દે, બેટા. કેવો મારો સાચાબોલો દીકરો છે !

લાગ્યું કે બહુ જ મુશ્કેલી પછી એણે પોતાનું માથું હલાવ્યું.

હું બહુ જ ખુશ થઈને બોલ્યો કે છુન્નુને દીધું છે ને ?

એણે માથું હલાવી દીધું.

અત્યંત સાંત્વનાના સ્વરમાં મેં સ્નેહપૂર્વક કહ્યું કે મોંએથી બોલ. છુન્નુને આપ્યું છે ?

એણે કહ્યું, હા... આ.

મેં એને અત્યંત આનંદપૂર્વક બન્ને હાથોમાં ઉપાડી લીધો. કહ્યું કે સારા છોકરાઓ તો આમ જ બોલે છે. આશુ મારો રાજા બેટો છે. એને તેડેલો જ

રાખીને હું ગર્વપૂર્વક એની મા પાસે ગયો. ઉલ્લાસપૂર્વક કહ્યું કે જો મારા દીકરાએ સાચી વાત કબૂલ કરી દીધી છે. એણે ઝાંઝર છુન્નુને આપ્યું છે.

સાંભળીને એની મા ખુશ થઈ ગઈ. તેણે એને ચૂમ્યો, ખૂબ શાબાશી આપીને તેનાં ઓવારણાં લેવા લાગી.

આશુતોષ પણ હસી પડ્યો, જોકે એના ચહેરા ઉપરથી ઉદાસભાવની કશીક છાયા હજી દૂર નહોતી ગઈ.

એ પછી એને છેટો લઈ જઈને મેં ઘણા પ્રેમથી પૂછ્યું કે ઝાંઝર છુન્નુ પાસે છે ને ? જા, તું એની પાસેથી એ માગી લાવી શકે છે ?

આશુતોષ મારી સામે જોતો બેઠો રહ્યો. મેં કહ્યું, જા દીકરા, લઈ આવ.

એણે જવાબમાં મોઢું ખોલ્યું નહિ.

મેં આગ્રહ કર્યો તો એણે કહ્યું કે છુન્નુ પાસે નહિ હોય તો એ ક્યાંથી દેશે ?

મેં કહ્યું કે તો એણે જેને આપ્યું હશે તેનું નામ બતાવી દેશે.

સાંભળીને એ ચૂપ થઈ ગયો. વારંવાર મેં એને કહ્યા કર્યું તો એ તો એક જ વાત કહેતો રહ્યો કે ઝાંઝર છુન્નુની પાસે નહિય હોય તો એ ક્યાંથી દેવાનો ?

આખરે હસીને મેં કહ્યું કે એ ક્યાંક તો હોવાનું જ ને ? ઠીક, તેં એ ક્યાંથી ઉઠાવ્યું'તું ?

"પડ્યું'તું ત્યાંથી મળ્યું'તું"

"ને પછી નીચે જઈને તેં એ છુન્નુને બતાવ્યું ?"

"હા,"

"પછી એણે કહ્યું કે આ વેચી દઈશું ?"

"હા,"

"ક્યાં વેચવાનું કહ્યું ?"

"કહ્યું, મીઠાઈ લઈશું, ના પતંગ લઈશું"

"ઠીક, પતંગનું કહ્યું?"

"હા."

"એટલે ઝાંઝર છુન્નુની પાસ રહી ગયું ?"

"હા."

"તો એની પાસે જ હોવું જોઈએ ને ? કે પતંગવાળા પાસે હશે. જા બેટા, તેની પાસેથી લઈ આવ, કહેજે કે મારા બાપુ તને ઇનામ દેશે."

એ જવા માગતો નહોતો. એણે ફરીથી કહ્યું કે છુન્નુની પાસે નહિ હોય તો એ ક્યાંથી દેશે ?

મને એની જિદ્દ ખરાબ લાગી, મેં કહ્યું કે તો પછી તેં એને ક્યાંય દાટી દીધું

છે ? શું કર્યું છે કહેતો કેમ નથી ?

એ મારી સામે જોતો રહ્યો ને કશું બોલ્યો નહિ.

મેં કહ્યું કે કંઈ કહેતો કેમ નથી ?

એ ગૂમસૂમ બેઠો રહ્યો. બોલ્યો નહિ.

મેં ખિજાઈને કહ્યું કે જા, જ્યાં હોય ત્યાંથી ઝાંઝર લઈ આવ.

જ્યારે એ એની જગ્યાએથી ઊઠ્યો નહિ કે ગયો નહિ ત્યારે મેં એને કાન પકડીને ઉઠાડ્યો. કહ્યું કે સાંભળે છે ? જા, ઝાંઝર લઈ આવ, નહિ તો ઘરમાં તારું કામ નથી.

એ રીતે ઉઠાડ્યો એટલે એ ઊઠ્યો અને ઓરડામાંથી બહાર નીકળી ગયો. નીકળીને રિસાયેલું મોં કરીને વરંડામાં ઊભો રહી ગયો.

મને ઘણો ક્ષોભ થતો હતો. આ છોકરો સાચું બોલ્યા પછી હવે કઈ વાતથી ગભરાતો હતો એ હું જરી પણ સમજી શક્યો નહિ. મેં બહાર જઈને જરા ધીમેથી કહ્યું કે જા ભાઈ, જઈને છુન્નુને કહેતો કેમ નથી ?

પહેલાં તો એણે કંઈ જવાબ ન આપ્યો ને જ્યારે જવાબ આપ્યો ત્યારે વારંવાર કહેવા લાગ્યો કે છુન્નુની પાસે નહિ હોય તો એ ક્યાંથી દેશે ?

મેં કહ્યું કે એણે જેટલામાં વેચ્યું હશે એ પૈસા આપણે દઈ દઈશું, સમજ્યો ને, જા, તું કહે તો ખરો.

છુન્નુની મા તો કહી રહી છે કે એનો દીકરો આવું કામ કરી જ ન શકે. એણે ઝાંઝર જોયું નથી.

એટલે આશુતોષની માએ કહ્યું કે ના તમારો છુન્નુ જૂઠું બોલે છે. કેમ રે અલ્યા આશુતોષ, તેં આપ્યું'તું ને !

આશુતોષ ધીરેકથી કહ્યું કે હા આપ્યું'તું.

બીજી બાજુથી છુન્નુ ધસતો આવ્યો ને હાથ પછાડીને કહ્યું કે મને નથી આપ્યું. કેમ રે ભાઈ, મને ક્યારે આપ્યું'તું ?

આશુતોષે હઠે ચડીને કહ્યું કે આપ્યું તો હતું. કહે ને, નહોતું આપ્યું ?

પરિણામ એ આવ્યું કે છુન્નુની માએ છુન્નુને ખૂબ માર્યો ને પોતે પણ રોવા લાગી, કહેતી જતી હતી કે હાય રે, હવે તો અમે ચોર થઈ ગયાં. આ કુલક્ષણી ઔલાદ કોણ જાણે ક્યારે મરી જશે ?

વાત દૂર સુધી ફેલાઈ ગઈ. પડોશની સ્ત્રીઓમાં પક્ષો પડવા લાગ્યા ને શ્રીમતીએ ઘેર પાછાં આવીને કહ્યું કે છુન્નુને એની મા બેય સરખાં જ છે.

મેં કહ્યું કે તેં ગરમાગરમી શા માટે કરી નાખી ? આ રીતે તે ભલા કોઈ વાત કદી ઠેકાણે આવે ?

એ બોલી કે હા, હું ગરમ થઈને બોલું છું. તો તમે જાઓ ને, તમે જ એની પાસેથી ઝાંઝર કઢાવીને પાછું કેમ લાવતા નથી ! ઝાંઝર કઢાવો ત્યારે જાણું.

મેં કહ્યું કે ઝાંઝરથી વધારે મૂલ્યવાન શાંતિ છે, ને અશાંતિથી તો ઝાંઝરે કંઈ મળી જવાનું નથી.

શ્રીમતી બબડાટ કરતી નારાજ થઈને મારી પાસેથી ચાલી ગઈ.

થોડા સમય પછી છુન્નુની મા અમારે ઘેર આવી. શ્રીમતી એને લાવ્યાં હતાં. હવે એ બન્ને વચ્ચે ઉશ્કેરાટ રહ્યો નહોતો. એણે મારી પાસે આવીને કહ્યું કે છુન્નુ તો ઝાંઝરની બાબતમાં ના જ પાડે છે. એ ઝાંઝર કેટલાનું હતું ? હું એની કિંમત ચૂકવી દઉં.

મેં કહ્યું : "એ તમે શું કહો છો ? છોકરાંઓ તો છોકરાંઓ છે. તમે છુન્નુને શાંતિથી પૂછ્યું હતું ?"

એ જ ક્ષણે એણે છુન્નુને બોલાવીને મારી સામે ઊભો કરી દીધો, કહ્યું કે કેમ રે, જો તેં ઝાંઝર જોયું હોય તો કહી કેમ નથી દેતો ?

છુન્નુએ જોરથી માથું હલાવીને ઇનકાર કર્યો ને કહ્યું કે ઝાંઝર મેં આશુતોષના હાથમાં જોયું હતું ને એ પતંગવાળાને દઈ આવ્યો છે. મેં બરોબર જોયું હતું. એ ચાંદીનું હતું.

"તને બરોબર ખબર છે ?"

"હા, એ મને કહેતો તો કે તું પણ ચાલ, પતંગ લાવીશું."

"ઝાંઝર કેટલું મોટું હતું ? બતાવ તો."

છુન્નુએ એનો આકાર બતાવ્યો, જે બરોબર હતો.

મેં એની માની સામું જોઈને કહ્યું કે જોયું ને ! પહેલાં આ જ કહેતો હતો કે મેં ઝાંઝર જોયું પણ નથી. હવે કહે છે કે જોયું છે.

માએ મારી નજર સામે જ છુન્નુને ખેંચીને ધમધમ કરતાં મારવાનું શરૂ કરી દીધું, કહ્યું કે કેમ અલ્યા, જૂઠું બોલે છે ? તારી ચામડી ઊખેડી ન નાખું તો મારું નામ નહિ.

મેં વચ્ચે પડીને છુન્નુને બચાવ્યો. એ શહીદની જેમ માર ખાતો રહ્યો હતો. રોયો બિલકુલ નહોતો ને એક ખૂણામાં ઊભા રહેલા આશુતોષને કોણ જાણે કેવાય ભાવથી જોઈ રહ્યો હતો.

ખેર, મેં બધાંને જવા દીધાં, કહ્યું કે જાઓ બેટા છુન્નુ, રમો. એની માને કહ્યું કે તમે એને મારશો નહિ. ને ઝાંઝર કંઈ એવી મોટી ચીજ નથી !

છુન્નુ ચાલ્યો ગયો ત્યારે એની માએ પૂછ્યું કે તમે એને કસૂરદાર માનો છો ?

મેં કહ્યું કે એને કંઈક ખબર છે એવું લાગે છે, ને એ આ વાતમાં શામેલ છે.

આ ઉપરથી છુન્નુની માએ એની પાસે બેઠેલી મારી પત્નીને કહ્યું : "ચાલો બહેન, તમને હું મારું આખું ઘર બતાવી દઉં. દરેક દરેક ચીજ જોઈ લો. ઝાંઝર હશે તો ક્યાં જશે ?"

મેં કહ્યું : "છોડો ને વાત. નાહકની વાત વધારવાથી ફાયદો શો ?" એમ જેમ તેમ એને દિલાસો આપ્યો. નહિ તો એ તો છુન્નુને પીટી પીટીને હાલ બેહાલ કરવાની પ્રતિજ્ઞા જ કરવા મંડી'તી. કુલક્ષણો, આજ એને ધરતીમાં દાટી દઉં નહિ તો મારું નામ નહિ.

ઠીક, ગમે તે રીતે બખેડો ટાળ્યો. આ ઝંઝટમાં હું ઑફિસ પણ સમયસર જઈ શક્યો નહિ. જતી વખતે શ્રીમતીને કહી ગયો કે જોજે, આશુતોષને ધમકાવજે માં. બધી વાત વહાલથી પૂછજે, ધમકાવવાથી બાળકો બગડી જાય છે, ને હાથમાં કશું આવતું નથી, સમજીને ?

સાંજે ઑફિસેથી આવ્યો ત્યાં શ્રીમતીએ કહ્યું કે આશુતોષે બધું કબૂલ કરી લીધું છે. અગિયાર આનામાં એણે એ ઝાંઝર પતંગવાળાને આપી દીધું છે. પેલાએ થોડા થોડા કરીને પૈસા આપવાનું કહ્યું છે. જે પાંચ આના એણે આપ્યા હતા એ છુન્નુની પાસે છે. આ પ્રમાણે રતીએ રતી વાત એણે કહી દીધી છે.

કહેવા લાગી કે મેં પ્યારથી પૂછી પૂછીને આ બધી વાતો એના પેટમાંથી કઢાવી છે, બેત્રણ કલાક સુધી મેં માથાફોડ કરી. અરે ભગવાન, છોકરાઓનો પણ કેવો જીવ હોય છે ?

સાંભળીને હું ખુશ થયો, મેં કહ્યું કે ચાલો, ઠીક છે. હવે પાંચ આના મોકલીને ઝાંઝર મંગાવી લઈશું. પણ આ પતંગવાળો પણ કેવો બદમાશ કે બચ્ચાંઓ પાસેથી આવી ચીજ પડાવી લે છે ! એને પોલીસમાં આપી દેવો જોઈએ. ધુતારો ક્યાંનો !

પછી મેં પૂછ્યું કે આશુતોષ ક્યાં છે ?

એણે કહ્યું કે બહાર ક્યાંક રમતો–કરતો હશે.

મેં કહ્યું કે બંસી, જઈને એને બોલાવી તો લાવ.

બંસી ગયો ને પાછા આવીને તેણે કહ્યું કે એ હમણાં આવે છે.

"શું કરે છે ?"

"છુન્નુ સાથે ગિલ્લીદંડા રમે છે."

થોડીવારમાં આશુતોષ આવ્યો ત્યારે મેં એને ગોદમાં લઈને વહાલ કર્યું. આવતાં આવતાં જ એનો ચહેરો ઉદાસ થઈ ગયો હતો. એને ગોદમાં લીધો તો પણ એ વિશેષ પ્રસન્ન થયેલો દેખાતો નહોતો.

એની માએ ખુશ થઈને કહ્યું કે આપણા આશુતોષે પોતાની મેળે જ બધી વાત

કરી દીધી છે. આપણો આશુતોષ ખૂબ સાચાબોલો છોકરો છે.

આશુતોષ મારી ગોદમાં જ પડ્યો રહ્યો પણ પોતાનાં વખાણ સાંભળીને પણ એને કશો હર્ષ થયો નહોતો, એવું લાગતું હતું.

મેં કહ્યું કે ચાલ જોઉં. હવે શી વાત છે ? કેમ મહેરબાન, તમને પાંચ આના તો મળ્યા છે ને ? મારી પાસ માગ્યા હોત તો હું શું પાંચ આના ન આપત ? સાંભળ્યું ? હવેથી એમ નહિ કરતો હાં, બેટા.

ઓરડામાં લઈ જઈને ફરી મેં પૂછપરછ કરી, કેમ બેટા, પતંગવાળાએ તને પાંચ આના આપ્યા'તા ને ?

"હા,"

"ને એ છુન્નુની પાસે છે ?"

"હા."

"હમણાં તો એની પાસે જ હશે ને ?"

"ના."

"વાપરી નાખ્યા ?"

"ના."

"નથી વાપર્યા ?"

"હા."

"વાપર્યા કે નથી વાપર્યા ?"

આ જાતનો પ્રશ્ન પુછાતાં એ મારી સામે જોઈ રહ્યો ને કશો ઉત્તર વાળ્યો નહિ.

"કહી દે, વાપરી નાખ્યા કે હજી છે ?"

જવાબમાં એણે એક વાર "હા" કહી તો બીજી વાર "ના" કહી.

મેં કહ્યું કે તો એમ કેમ નથી કહેતો કે તને ખબર નથી.

"હા."

"બેટા, ખબર છે ને ?"

"હા."

"પતંગવાળા પાસેથી પૈસા છુન્નુએ લીધા છે ને ?"

"હા."

"તેં કેમ ન લીધા ?"

એ ચૂપ.

"પાંચ એક આની હતી, કે બે આની કે છૂટા પૈસા પણ હતા ?"

એ ચૂપ.

"કહેતો કેમ નથી, હેં ?"

એ ચૂપ.

"એક આની કેટલી હતી, બોલ,"

"બે."

"બાકી છૂટા પૈસા હતા ?"

"હા."

"બે આની નહોતી ?"

"હા."

"બેઆની હતી ?"

"હા."

મને ક્રોધ આવવા લાગ્યો. ચિડાઈને કહ્યું કે બોલતો કેમ નથી ? બધું કહી દે, કેટલી બેઆની હતી અને કેટલું શું હતું ?

એ ગુમસૂમ ઊભો રહ્યો. કશું બોલ્યો નહિ.

"સાંભળે છે ? બોલ.. નહિ તો..."

આશુતોષ ડરી ગયો ને કંઈ બોલ્યો નહિ.

"હું શું કહું છું એ સાંભળતો નથી ?"

આ વખતે પણ એ ન બોલ્યો. એટલે મેં પકડીને એનો કાન ખેંચ્યો. એ આંસુ પાડ્યા વિના ગુમસૂમ ઊભો રહ્યો.

"હજીય નહિ બોલે ?"

એ ડરનો માર્યો પીળો પડી ગયો પણ બોલી શક્યો નહિ. મેં જોરથી બૂમ પાડી, "બંસી, અહીં આવ. આને લઈ જઈને ઓરડીમાં પૂરી દે."

બંસી નોકર એને ઉપાડીને લઈ ગયો ને ઓરડીમાં પૂરી દીધો.

દસ મિનિટ પછી મેં એને પાછો મારી પાસે બોલાવ્યો. એનું મોં સૂજી ગયું હતું. કંઈ બોલતો નહોતો તો પણ એના હોઠ હલતા હતા. ઓરડીમાં પુરાયો છતાં એ રડ્યો નહિ.

મેં કહ્યું કે કેમ ભાઈ, અક્કલ આવી કે નહિ ?

એ સાંભળતો સાંભળતો ગુમસૂમ ઊભો રહ્યો.

"ઠીક, કયો પતંગવાળો છે ? જમણી તરફનો કે ચાર રસ્તાવાળો ?"

એ હોઠમાં ને હોઠમાં જ કંઈક બબડી ગયો જેમાંથી હું કંઈ જ સમજી શક્યો નહિ.

"પેલા ચાર રસ્તાવાળો ? બોલ !"

"હા."

"જો, તારા કાકાને સાથે લઈને જા. એને દેખાડી દેજે, એ કોણ છે એ. પછી એ પોતે એની જોડે ફોડી લેશે. સમજે છે ને ?"

એમ કહીને મેં મારા ભાઈને બોલાવ્યો. બધી વાત સમજાવીને કહ્યું : "જો, પાંચ આનાના પૈસા લઈ જા. પહેલાં તું છેટો રહેજે. આશુતોષ જઈને એને પૈસા આપશે ને પોતાનું ઝાંઝર માગશે. ઝાંઝે ભાગે તો એ ઝાંઝર આપી જ દેશે, નહિ તો એને દમ ભિડાવીને કહેજે કે તને પોલીસને હવાલે કરી દઈશ. છોકરાંઓ આગળથી ઠગાઈ કરીને માલ પડાવી લે છે ? સમજ્યો ? નરમ રહેવાની જરૂર નથી."

"ને આશુતોષ જા, હવે કાકાની સાથે જા."

એ પોતાની જગ્યાએ ઊભો હતો. સાંભળીને પણ ટસથી મસ થતો દેખાયો નહિ.

"નહિ જા તું !"

એણે માથું હલાવી દીધું કે નહિ જાઉં.

ત્યારે મેં એને સમજાવીને કહ્યું કે ભાઈ, ઘરની ચીજ છે. પૈસા પડ્યા છે. પાંચ આનામાં તે કંઈ રૂપિયાનો માલ કોઈના હાથમાં દેવાય ? જા, કાકાની સાથે જા. તારે કંઈ જ કહેવું નહિ પડે. હા, પૈસા આપી દેવા ને પોતાની ચીજ પાછી માગી લેવી આપે તો ભલે, નહિ તો કંઈ નહિ. તને એની સાથે લાગેવળગે નહિ. સાચું છે ને ભાઈ ? હવે જા.

પણ એ જવાને તૈયાર લાગતો નહોતો, આ છોકરાની બદમાશીથી મને ખૂબ જ ખરાબ લાગ્યું. આમાં શી વાત છે ? આમાં મુશ્કેલી ક્યાં છે ? સમજાવીને વાત કરું છું તોયે સમજતો જ નથી, સાંભળતો જ નથી !

મેં કહ્યું કે કેમ રે, નહિ જાય ?

એણે ફરીથી માથું હલાવીને કહ્યું કે નહિ જાઉં,

મેં મારા નાના ભાઈ પ્રકાશને બોલાવ્યો. કહ્યું : "પ્રકાશ, આને પકડીને લઈ જા."

પ્રકાશે એને પકડ્યો ને આશુતોષ હાથપગથી એનો સામનો કરવા લાગ્યો. એ સાથે જવા માગતો નહોતો.

મેં મારી ઉપર ખૂબ જ જબરજસ્તી કરીને આશુતોષને કહ્યું કે જા ભાઈ, ડર મા, આપણી ચીજ ઘરમાં આવશે. આટલી આવી વાત સમજતો નથી ? પ્રકાશ, એને તેડીને લઈ જા ને એ માગે એ ચીજ એને બજારમાંથી અપાવજે, જા ભાઈ આશુતોષ.

પણ એનું મોં ફૂલેલું હતું. ખૂબ સમજાવ્યા પછી એ માંડમાંડ પ્રકાશની સાથે

ચાલવા લાગ્યો એ એવી રીતે ચાલતો હતો કે જાણે પગ ઉપાડવા એને ભારે પડતા હોય તેવું લાગે. આ છોકરો આઠ વર્ષનો થવા આવ્યો છતાં જુઓ ને એનામાં કોઈ વાતંની સમજ નથી ! મને એવો ગુસ્સો આવ્યો કે વાત નહિ. પણ ગુસ્સાથી છોકરાંઓ સુધરવાને બદલે બગડે છે એ યાદ કરીને મેં મારી જાતને દાબી દીધી. ઠીક. એ ગયો એટલે મેં આરામનો શ્વાસ લીધો.

પણ શું જોઉં છું કે થોડી જ વારમાં પ્રકાશ પાછો આવી ગયો છે. મેં પૂછ્યું, "કેમ ?"

બોલ્યો કે આશુતોષ ભાગી આવ્યો છે.

મેં કહ્યું કે હમણાં એ ક્યાં છે ?

"એ રિસાઈને ઊભો રહ્યો છે. ઘરમાં આવતો નથી."

"જા, પકડીને લઈ આવ."

પકડાઈને એ આવ્યો. મેં કહ્યું, "કેમ અલ્યા, તું બદમાશીથી થાક્યો નથી, કેમ ? બોલ જઈશ કે નહિ ?"

એ બોલ્યો નહિ એટલે મેં એને જોરથી બે થપાટ લગાવી દીધી. થપ્પડ લાગતાં જ એણે જોરથી ચીસ પાડી. પણ પછી તરત જ ચૂપ થઈ ગયો. એ એમ જ મારી સામે ઊભો રહ્યો.

એને જોઈને બહુ જ ગુસ્સાથી મેં કહ્યું કે આને મારી પાસેથી લઈ જાઓ. જઈને ઓરડીમાં પૂરી દો. દુષ્ટ !

આ વખતે એ અર્ધાએક કલાક સુધી પુરાયેલો રહ્યો. મને થયું કે હું ઠીક કરતો નથી, પરંતુ બીજો રસ્તો દેખાતો નહોતોઃ મારપીટ કરીને મનને ઠેકાણે લાવવાની આદત પડી ગઈ હતી. ને બીજો કશો અભ્યાસ નહોતો.

ખેર, મેં પ્રકાશને કહ્યું કે તું બન્ને પતંગવાળાઓ પાસે જા. તપાસ કરજે કે ઝાંઝર કોણે લીધું છે ? હોશિયારીથી તપાસ કરજે. ખબર પડે કે તરત જોર કરજે. ભલા થવાની જરૂર નથી, સમજ્યો ?

પ્રકાશ ગયો. પણ પાછા આવીને જણાવ્યું કે કોઈની પણ પાસે ઝાંઝર નથી.

સાંભળીને ગુસ્સો આવી ગયો. કહ્યું કે તારાથી કંઈ કામ નહિ થઈ શકે. આટલી અમથી ચીજ પણ થતી નથી. તો તારી પાસે શી આશા રાખવી ?

એ પોતાનો બચાવ કરવા લાગ્યો. મેં કહ્યું : "બસ, તું જા."

પ્રકાશ મારું બહુ જ માન રાખતો હતો. મોં ઢાળીને એ જતો રહ્યો. ઓરડી ખોલાવીને જોયું તો આશુતોષ ભોંય પર સૂતો હતો. એના ચહેરા ઉપર હજી પણ આંસુ નહોતાં. સાચું પૂછો તો એ વખતે મને એ બાળક ઉપર દયા આવી ગઈ, પણ મનુષ્યના મનમાં એકીસાથે કોણ જાણે કેટલા બધા પરસ્પર વિરોધી ભાવો ઊઠતા

હોય છે !

મેં એને જગાડ્યો. એ ચોંકીને ઊઠી ગયો. મેં કહ્યું : "કહે, શી વાત છે ?"

થોડીવાર સુધી તો એ સમજ્યો જ નહિ. પછી કદાચ પાછલી હારમાળા યાદ આવી ગઈ. તેના ચહેરા ઉપર ઝટ પેલી જ જિદ્દ, અટકાઈ અને વિરોધના ભાવ દેખાવા લાગ્યા.

મેં કહ્યું કે કાં તો પોતાની મેળે ચાલ્યો જા, નહિ તો આ ઓરડીમાં પાછો પુરાવી દઈશ.

આશુતોષ ઉપર એનો વિશેષ પ્રભાવ હોય તેવું લાગ્યું નહિ.

ભલે. એને પકડીને લાવ્યો ને સમજાવવા લાગ્યો. મેં કાઢીને એને એક રૂપિયો આપ્યો ને કહ્યું, બેટા આ પતંગવાળાને દેજે ને ઝાંઝર પાછું માગી લેજે. ગભરાવાની કંઈ જરૂર નથી. તું તો સમજદાર છોકરો છે.

એણે કહ્યું કે ઝાંઝર એની પાસે નહિ હોય તો એ ક્યાંથી દેશે ?

"એનો શો અર્થ ? તેં જ કહ્યું છે ને કે પાંચ આનામાં તેં ઝાંઝર દઈ દીધું છે ? નહિ તો છુન્નુને પણ સાથે લઈ જજે. સમજ્યો ?"

એ ચૂપ થઈ ગયો. સમજાવ્યો ત્યારે અંતે તૈયાર થયો, મેં પ્રેમપૂર્વક એને પ્રકાશ સાથે જવાનું કહ્યું. એનું મોં ભારે જોઈને ખિજાવા જતો હતો એટલામાં જ સામે એનાં ફઈબા આવતાં દેખાયાં.

ફઈબાએ આશુતોષના માથા ઉપર હાથ રાખીને પૂછ્યું કે ક્યાં જાય છે ? હું તો તારે સારું કેળાં અને મીઠાઈ લાવી છું.

આશુતોષનો ચહેરો રુઠેલો જ રહ્યો. મેં ફઈબાને કહ્યું કે એને રોકો માં, જવા દો.

આશુતોષ રોકાવા તૈયાર હતો, એ ચાલવાની આનાકાની કરવા લાગ્યો.

ફઈબાએ પૂછ્યું, શી વાત છે ?

મેં કહ્યું, કંઈ નથી. એને જાવા દો ને.

પણ આશુતોષ જાન પર આવી ગયો હતો. મેં ખિજાઈને કહ્યું, પ્રકાશ, આને કેમ લઈ જતો નથી ?

ફઈબાએ કહ્યું કે શી વાત છે ? વાત શી છે ?

મેં બૂમ પાડી, બંસી, તું પણ સાથે જા. વચમાંથી ભાગી ન આવે. એટલે મારા હુકમ અનુસાર બન્ને આશુતોષને બળજબરીથી ઉઠાવીને મારી સામેથી લઈ ગયા.

ફઈબાએ કહ્યું, એને સતાવો છો શા માટે ?

મેં કહ્યું, કંઈ નહિ, જરા એમ જ....

પછી હું એમની સાથે ઇધરઉધરની વાતો કરવા લાગ્યો. રાજનીતિ માત્ર રાષ્ટ્રોમાં જ નથી હોતી, મોહલ્લાઓમાં પણ હોય છે. એનો ભાર સ્ત્રીઓ પર

ટકતો હોય છે. ક્યાં શું થયું, શું થવું જોઈએ, ઇત્યાદિની ચર્ચા સ્ત્રીઓને લીધે રંગીલી બની જાય છે. આ પ્રકારની કંઈક વાતો થઈ, પછી નાની એવી ડાબલી સરકાવીને એ બોલ્યાં, આમાં તમે મંગાવ્યા હતા એ કાગળો છે. અને આંહીં...

એમ કહીને એમણે પોતાના કબજાના ખીસામા હાથ નાખી એમાંથી ઝાંઝર કાઢીને સામે મૂક્યું. જાણે સામે વીંછી ન આવ્યો હોય ? હું ભયભીતભાવથી બોલી ઊઠ્યો કે આ શું ?

એમણે કહ્યું કે તે દિવસે ભૂલથી આ એક ઝાંઝર મારી સાથે આવી ગયું હતું.

# પારકું સુખ

યશપાલ

આકાશ ગીચ વાદળોથી ઘેરાયેલું હતું સૂર્યોદય થઈ ગયો છે કે નહિ તેની ખબર નહોતી પડતી. પાણી ભરેલી ઠંડી હવા થોડા વેગથી વહેતી હતી. પઠાણકોટ સ્ટેશનના ખુલ્લા બાગમાં બેઠેલા, આગળ પહાડોમાં જવાવાળા મુસાફરો કામળામાં લપેટાઈને બસોના ઊપડવાના સમયની રાહ જોઈ રહ્યા હતા. બસોના ડ્રાઇવરો મુસાફરોની શોધમાં અહીંતહીં ઘૂમી રહ્યા હતા. આગળ જવાની જેટલી ચિન્તા મુસાફરોને હતી એનાં કરતાં ઘણી વધારે ચિન્તા આ ડ્રાઇવરોને તેમને ઘેર પહોંચાડી દેવાની હતી.

સ્ટેશનના લાંબા સૂના પ્લૅટફૉર્મ ઉપર કોઈકવાર કોઈક મજૂર નજરે પડતો હતો. શેઠી જાડો ગરમ સૂટ અને ઓવરકોટ પહેરીને જમણી બાજુ પર પ્લૅટફૉર્મના છેડા આગળ બાંધેલા પથ્થરના ચબૂતરા આગળ ટહેલી રહ્યો હતો. પહાડીની ઠંડી હવામાં પણ, તેનાં ગરમ કપડાંને વીંધીને તેના શરીરને અડવાની તાકાત નહોતી. હવા ફક્ત એના ચહેરા અને માથાના વાળને સ્પર્શતી હતી. વાયુની આ શીતળતા જે સેંકડો મુસાફરોના પ્રાણ લેતી હતી તે, શેઠીને સ્ફૂર્તિ આપી રહી હતી. આ શાન્તિમાં એ પોતે પોતાની જ અંદર સમાઈ જવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

બસના ડ્રાઇવરો ખુલ્લા ભાગમાંથી પોતાના મુસાફરોને શોધી રહ્યા હતા. મોટરોના ડ્રાઇવરો વેઇટિંગ રૂમની જાળીમાંથી પોતાના ઘરાકોને ડરતાં ડરતાં જોઈ રહ્યા હતા. એક ડ્રાઇવરે વિનયપૂર્વક સલામ કરીને શેઠીને કહ્યું : “હજૂર, બહુ જ સગવડવાળી ગાડી છે.”

શેઠીએ એની વાતનો જવાબ આપ્યો નહિ. એ ઠંડી હવાનો આનંદ લઈ રહ્યો હતો. જવાબ આપીને પોતાની શાન્તિનો ભંગ કરવાની જરૂર નહોતી. ગાડીમાં જગા જ મળવાનો પ્રશ્ન એને માટે નહોતો. ગાડીમાં જગ્યા ખોળવાની એને જરૂર નહોતી. ગાડીઓ તો એની પાછળ પાછળ ફરતી હતી. દૂર ઊભો રહીને ડ્રાઇવર સાહેબના જવાબની પ્રતીક્ષા કરી રહ્યો હતો. પરંતુ શેઠીનું ધ્યાન એની તરફ ગયું નહિ.

શેઠીએ જોયું કે સ્ત્રીઓના વેઇટિંગ રૂમનો દરવાજો ખૂલ્યો. લાંબો કાળો કોટ

અને સફેદ સાડી પહેરેલી એક યુવતી નીકળી. એની આંગળીએ દોઢ કે બે વરસનું એક બાળક હતું. યુવતી એ સૂના પ્લૅટફૉર્મની બીજી બાજુ તરફ ચાલી ગઈ.

સ્ત્રી અને બાળકને દેખીને શેઠીના મનમાં અચાનક એક વિચાર આવ્યો. બાળકના હાથમાં આંગળી પકડાવીને પૂર્વ તરફ મોં રાખીને ચાલી જતી એ યુવતી એને સફળ જીવનના રૂપ સમી જણાઈ. એને પોતાનું જીવન પવનમાં નિરુદ્દેશ ઊડતા રહેતા વાદળના એક ભૂલા પડેલા ટુકડા જેવું નિષ્પ્રયોજન લાગતું હતું. યુવતીનું જીવન તેને ધાન્યથી ભરેલા શ્યામલ ખેતર પર છવાઈ જતાં સજળ વાદળ જેવું લાગ્યું. એ છોકરાના નાના નાના માંસલ પગ, લટપટ કરતી ચાલ, માની આંગળી પકડીને એનું લટકતું લટકતું ચાલવું, અને માની સંતુષ્ટ, ગંભીર અને સ્થિર ગતિ પ્રવાહમાં ગંભીર ચાલથી ચાલી જતી માલથી લદાયેલી નૌકા જેવી લાગતી હતી.

શેઠીએ ફાનસના થાંભલાને આશ્રયે પીઠ ટેકવી અને મા અને બાળકની, યુવતી અને બાળકની જોડી તરફ જોતો રહ્યો. સ્ટેશનના મકાનના અંત સુધી જઈ આવીને યુવતી પાછી ફરી. પાછાં વળતી વેળાએ એણે જમણા હાથની આંગળી છોડાવીને બાળકને ડાબા હાથની આંગળી પકડાવી અને શેઠી તરફ આવવા લાગી. બાળક લતાને વળગેલા ફળની જેમ પોતાનું જીવન એ યુવતીમાંથી મેળવી રહ્યો હતો. આગળ આવી રહેલી યુવતીનો ચહેરો અને બાળકની આકૃતિ શેઠીની દૃષ્ટિમાં સ્પષ્ટ થવા લાગ્યાં. યુવતીનો ગોરો રંગ, પાતળું સ્ફૂર્તિભર્યું શરીર, સ્વાસ્થ્યની ઝલક, મોટી મોટી આંખો, ને બાળકનું નાનું સરખું નાક, ગોળ ગોળ આંખો, ફૂલેલા ગાલ, ચહેરા ઉપર લોહીની તાજગી – આ બધું શેઠીને ચશ્માંના જાડા જાડા કાચમાંથી દેખાઈ રહ્યું હતું. તાજી હવાની શીતળતામાંથી શાન્તિ મેળવવાની વાત શેઠી ભૂલી ગયો.

મોટરના ડ્રાઇવરે મેમસાહેબને સલામ કરીને ટૂંકામાં કંઈક પૂછ્યું. એ પછી એક બસ ડ્રાઇવરે સલામ કરીને તેની સાથે કંઈક વાત કરી.

શેઠી વ્યવહારનો માણસ હતો. તે સમજી ગયો કે મેમસાહેબ સસ્તી અને સારી સવારીની શોધમાં છે. બસ સાત વાગ્યા પહેલાં સફર કરી શકતી નહોતી, પણ મોટર માટે કોઈ જાતની બંધી નહોતી. મુસાફરો બસની રાહ જોઈ રહ્યા હતા કેમ કે એમને માટે અત્યારે રસ્તો બંધ હતો. મોટરના મુસાફરોની ડ્રાઇવરો રાહ જોઈ રહ્યા હતા કેમ કે સાહેબલોકોને ઉતાવળ નહોતી. શેઠીના મનમાં એક વિચાર આવ્યો. ફાનસના થાંભલાનો આશ્રય છોડીને એ ટટ્ટાર ઊભો થઈ ગયો અને ડ્રાઇવર તરફ જોયું. ડ્રાઇવર દોડતો આવ્યો ને બીજી વાર સલામ કરી.

શેઠીએ પૂછ્યું : "ગાડી સારી છે ?"

"હજૂર તદ્દન નવી, ઑસ્ટિન સલૂન."

"ઠીક."

"હજૂર, બીજી કોઈ સવારી બેસવાની નથી ને ?"

"ના, હમણાં જ જવું છે. તને કંઈ પૈસા મળતા હોય તો તું એકાદ પેસેન્જર લઈ શકે છે."

ડ્રાઇવરે એથીયે મોટી સલામ કરી.

વેઇટિંગ રૂમમાંથી શેઠીનો સામાન કાઢ્યો : ત્રણ સૂટ-કેસ, એક મોટું હોલડોલ અને બે નાની એટેચી બેગો. પછી ડ્રાઇવરે તરત જઈને મેમસાહેબને સલામ કરી, અને મફતની મળતી એક સવારીનો સોદો સસ્તામાં કરી લીધો.

શેઠી એ જોઈ રહ્યો હતો. મેમસાહેબનો થોડો એવો સામાન પણ નીકળ્યો. માત્ર એક સૂટકેસ અને હોલડોલ હતાં. બાળકને લઈને એ પણ શેઠીની પાછળ પાછળ મોટર તરફ ચાલવા લાગી. પાછળ બેસવાને બદલે શેઠી ડ્રાઇવરની સાથે આગળ બેસી ગયો. મેમસાહેબ અને એમનું બાળક પાછળની સીટ પર આરામથી બેઠાં.

ઠંડી હવાને ચીરતી મોટર દોડવા લાગી. પોતાની પીઠ પાછળ કોઈકની હાજરીનો અનુભવ કરતો શેઠી સંતોષ પામી રહ્યો હતો. આખી ગાડીનું ભાડું ભર્યા છતાં સાંકડી સીટ પર બેસવું તેને અપ્રિય નહોતું લાગતું. સામેથી જલદી જલદી દોડી જતા વૃક્ષો અને સડકના કિનારા પરનાં મકાનોને જોઈને મેમસાહેબનું બાળક આગલી સીટને પકડીને કૂદી રહ્યું હતું, એની આ ધાંધલથી કોઈ વાર શેઠીની ટોપી હલી જતી હતી, તો કોઈક વાર એના હાથ સાથે છોકરાનું માથું અથડાઈ જતું હતું.

બાળકની આ ધૃષ્ટતાને અંગે એની માને સંકોચ થઈ રહ્યો હતો. એણે કેટલીયે વાર બાળકને શાંત રહેવા કહ્યું, મીઠી ધમકી પણ આપી, પણ એણે કશુંયે માન્યું નહિ. શેઠીને અને માને બન્નેને એથી હસવું આવી ગયું. બાળક કૂદીને આગલી સીટ પર પહોંચી જવા ઇચ્છતું હતું. શેઠીએ પાછળ ફરીને છોકરાને ઉઠાવીને પોતાની ગોદમાં બેસાડી દીધો. બાળકના માંસલ, પુષ્ટ, કોમળ દેહના સ્પર્શથી એના શરીરમાં અદ્ભુત સ્ફૂર્તિનો અનુભવ થયો. એક નવીન અનુભૂતિએ એના મનને ઘેરી લીધું.

આજ સુધી પ્રયત્ન અને સંઘર્ષ કરીને સફળ બનાવેલું પોતાનું જીવન શેઠીને અસફળ અને નિષ્પ્રયોજન જેવું લાગવા માંડ્યું. એ આ બાળકના મોં સામે જોઈ રહ્યો હતો. તેને પોતાના જીવનમાં તૈયાર થયેલી વ્યવસ્થામાં એક ખૂબ જ મોટા અભાવનો અનુભવ થઈ રહ્યો હતો.

મોટરની સાથે દોડી રહેલા દૃશ્યમાં શેઠીને પોતાના જીવનની કથની સિનેમાના

દૃશ્યની જેમ દોડતી દેખાવા લાગી.

પિતાના મૃત્યુને કારણે એફ. વાય. એ. માંથી અભ્યાસ છોડવાને મજબૂર બની જવું, આજીવિકાનો કોઈ ઉપાય ન મળવાને અંગે અહીંતહીં ભટકવું. એક કૉન્ટ્રેક્ટરને ત્યાં વીસ રૂપિયા મહિનામાં હાડકાં તૂટી જાય તેટલો પરિશ્રમ કરવો ... બીજો કૉન્ટ્રેક્ટરોનાં કામ કૉન્ટ્રેક્ટ પર કરાવવાં અને પોતે મોટા કૉન્ટ્રેક્ટર બની જવું, એક પછી બીજો કૉન્ટ્રેક્ટ લેવો ! જે રૂપિયાને માટે એને ઘેર ઘેર માર્યા માર્યા ભટકવું પડતું હતું એ રૂપિયા હજારો ને લાખોની સંખ્યામાં, એના હાથમાં આવવા જવા લાગ્યા. રેલવેના પુલના કૉન્ટ્રેક્ટમાં એક ઝાટકે અઢી લાખનો નફો...

શેઠીએ જીવનમાં એક જ ચીજ, રૂપિયાને જ જાણ્યા હતા. રૂપિયાના પ્રેમમાં એણે દિવસને દિવસ અને રાતને રાત તરીકે જાણ્યાં ન હતાં. આજે એ લાખોપતિ છે. પોતાની કમાણીના જોર પર મોટામાં મોટી કંપનીઓમાં એનો ભાગ છે. ખીસામાં પડેલી ઇમ્પિરીઅલ બૅન્કની ચાર આંગળ જાડી ચેકબૂકમાં થોડા આંકડાઓ લખીને સહી કરી દે તો એ શું કરી શકે તેમ નથી ? પરંતુ આ બધા સમય દરમિયાન એને રૂપિયા સિવાય બીજુ શું મળ્યું ?..... રૂપિયાથી શુ નથી મળી શકતું ? શેઠીના સેંકડો સંબંધીઓ, જેમને એ ઓળખતો નથી, કે ઓળખવાની જરૂર પણ જોતો નથી, એ લોકો પોતાનો પરિચય એનું નામ આપીને કરાવે છે. સ્નેહભર્યાં હૃદય લઈને એની તરફ ધસે છે. એને સન્માનની કશી ખોટ નથી. રાજનૈતિક અને સામાજિક સંસ્થાઓ એને પોતાનો સંરક્ષક કે પ્રમુખ બનાવવાને માટે વ્યાકુળ બની જાય છે. પરંતુ એ બધાંથી એને શું મળે છે ?

શેઠીને ઘેરી લઈને પ્રેમ અને પ્રણયના ઘણા બધા અભિનયો કરાઈ ચૂક્યા હતા. એ લજ્જાન્વિત અને મુગ્ધ આંખોમાં એને માત્ર રૂપિયાનો લોભ દેખાયો હતો, તેને ફસાવવાનો પ્રયત્ન માત્ર. એ બધું જોવા છતાં એ ભીની માખી શી રીતે ગળી જાય ? તેને કોઈ આકર્ષી શક્યું નહિ. એ બધીઓને એ ગોળ ઉપર બણબણતી માખીઓ અને ભમરીઓને ઉડાડે તેમ ઉડાડી મૂકતો હતો. એનું લક્ષ્ય હતું રૂપિયા.

આજે એને રૂપિયાની જરૂર નથી તે છતાં વળી વધારે કમાય છે. રૂપિયા વધાર્યે જવા બસ, એ જ, એના જીવનનો ઉદ્દેશ છે. વરસાદમાં જેમ નાનાંમોટાં નાળાંઓનાં પાણી પોતે જ આવીને નદીમાં જમા થઈ જાય તેમ રૂપિયા હવે તેની તરફ વહી આવતા હતા. તેની મારફત તૈયાર થયેલી વ્યવસ્થામાં વીસને બદલે હજારો માણસો પરિશ્રમ કરે છે અને રૂપિયા શેઠીના ખાતામાં પહોંચી જાય છે. શેઠીનું કામ ધન અને રૂપિયાને વહાવીને લાવવા માટે નવી નવી નળીઓ તૈયાર કરવાનું છે.

શેઠીનો કોઈ ખાસ ખર્ચ હતો નહિ. તેને કંઈ શોખ નહોતો. એકલો માણસ

ખર્ચ શેના પર કરે ? એનો વ્યક્તિગત ખર્ચ મહિને હજાર-બારસોથી વધારે નહોતો. કદીયે સુખ તરફ એનું ધ્યાન ગયું નહોતું. પણ ઠંડીઠંડી હવાની ફરફરથી શાંત બનેલા તેના મગજમાં તેને આજે અચાનક એક નવી અનુભૂતિ થઈ, એક અભાવનો અનુભવ થયો.

શેઠીના કીમતી કોટ ઉપર પોતાના પગ મૂકીને છોકરો ઊભો હતો. મોટરના બરફ જેવા ઠંડા કાચ પર હાથ રાખીને અને એ કાચ સાથે પોતાનું મોં ચોંટાડીને એ આનંદથી ખિલખિલાટ કરી રહ્યો હતો. એના પગથી ખૂંદાતા શેઠીને સુખનો અનુભવ થતો હતો. તેની આંખ ભીની થઈ ગઈ. એના મોંનો એક ખૂણો અંદર ખેંચાઈ ગયો. એકધારી નજરથી એ બાળકની વ્યસ્તતા જોતો રહ્યો. પીઠની પાછળ, કાનોની પાસે તેને એક ઉપસ્થિત, વ્યગ્રવાત્સલ્યમય ઉપસ્થિતિનો અનુભવ થતો રહેતો હતો. એ વૃક્ષની છાયાની જેવી વ્યાપક અને વૃક્ષને જન્મ દેવાવાળા ફૂલના જેવી આકર્ષક હતી. એ સંતાનના માથા પર રક્ષા અને ધૈર્યનો હાથ મૂકે છે, અને પુરુષના હૃદયમાં ઇચ્છાનું તીર મારી દે છે. એનું હાસ્ય સપ્તરંગી ધનુષ્ય બનાવી આપે છે. એનામાં પ્રણયનો કટાક્ષ, રક્ષાનું આશ્વાસન, આશીર્વાદની છાયા, વાસનાનો ઝળહળાટ બધું એકીસાથે વસે છે. આ પ્રકારનું એક લોહચુંબક તેને ઉપર તરફ, અને તેની ગોદમાં ઊભેલા બાળકનું આકર્ષણ નીચે તરફ ખેંચી રહ્યું હતું. એક નવા અનુભવથી શેઠી કંઈક ભૂલો પડ્યો હોય તેવો—કંઈક ખોવાઈ ગયો હોય તેવો મગ્ન બની ગયો હતો. એકાદ વીજળી જેવું કશુંક તેના શરીરને વિચલિત કરી રહ્યું હતું.

મોટર પહાડી સડક પર ચડતી જતી હતી અને ઠંડક વધતી જતી હતી. વાદળ ઘેરાં બનતાં જતાં હતાં. હવા પાણીના વજનથી ભારી બની ગઈ હતી. મોટરના કાચ પર પાણી જામી જામીને ટીપાંરૂપે વહી રહ્યું હતું. પાણીથી આવેલાં ઝાખાં પણાને કાચ ઉપરથી સાફ કરનારુ યંત્ર ડ્રાઇવરની સામેના ભાગને લગાતાર સાફ કરી રહ્યુ હતું અને બાળક એને પકડી લેવા માટે ઉત્સુક હતો. શેઠી એની ભરાવદાર ગોળ ભુજાઓને રોકી રહ્યો હતો. એ ભુજાઓને છોડી દેવાનું એને મન થતું નહોતું. બાળકે ઊલટા ફરીને શેઠી તરફ જોયું. શેઠીની નેકટાઈ પરની જડેલી પીને તેનું ધ્યાન ખેચ્યું. એ એને ખેંચવાનો પ્રયત્ન કરવા લાગ્યો. શેઠીએ પીન ઉતારીને એના કોટ પર લગાડી દીધી. મોટરમાં પહેરવાના એના શરબતી રંગનાં અજબ-ગજબનાં મોટાં ચશ્માં બાળકના સુંદર મોં આગળ આવી ગયાં. ચશ્માંમાં એનો અર્ધો ચહેરો છુપાઈ ગયો. એ ચશ્માંના કાચમાંથી શેઠીને પ્રતિબિંબ દેખાયું. પાછલી સીટ પર બેઠેલી મા હોઠ ઉપર આંગળી મૂકીને બાળકને શાંત રહેવાનો ઇશારો કરતી હતી. શેઠીએ પાછળ ફરીને મા તરફ જોઈને ભલામણ કરતો હોય

તેમ કહ્યું : "ઇટ ઇઝ ઑલ રાઇટ, એમાં કંઈ નહિ." એના હોઠ ઉપર એક કરુણ સ્મિત આવી ગયું. માનું હૃદય પીગળી ગયું.

ડ્રાઇવરે મોટરની ગતિ ધીમી કરી દીધી અને માફી માગતો હોય તેવા સ્વરમાં બોલ્યો : "હજૂર, ઉપરના ભાગમાં ખૂબ જોશમાં વરસાદ પડે છે. ધુમ્મસ બહુ જ ઘેરાયેલું છે."

શેઠીએ જવાબ આપ્યો, "કંઈ વાંધો નહિ. ધીરે ધીરે જઈએ."

પર્વતના ઉપરના ભાગમાં વરસેલું પાણી વહી વહીને સડકના છેડા આગળ ઝરણાંઓ રચી રહ્યું હતું. મોટર સડક ઉપર વહેતાં પાણીને ચીરતી, તેને ફુવારાની જેમ હવામાં ઉડાડતી, ગોળ ગોળ, ઉપર ને ઉપર ચડતી જઈ રહી હતી. વિજ્ઞાનના ફાનસને ઘસી ઘસીને વશ કરેલો આ મોટરનો દૈત્ય, પહાડની સખત ચડાઈ, વાદળોની આંધી અને વાછંટોની પરવા કર્યા વિના શેઠી, બાળક અને મહિલાને ઉપાડીને ઉપર ને ઉપર ચડતો જ જતો હતો.

બે કલાક સુધી એકધારા ચાલ્યા પછી એ લોકો અર્ધા રસ્તા પરના ડાક બંગલે પહોંચી ગયાં. વળીને મોટર એક બંગલાના આંગણામાં પહોંચી ગઈ અને પોર્ચમાં જઈને ઊભી રહી. બંગલાના આંગણાની બહાર અનેક મુસાફરો ટીનનાં અને ઘાસનાં છાપરાં નીચે અર્ધા ભીંજાતા બેઠા હતા. પહાડોમાં સામાન ઊંચકનાર બળદો અને ખચ્ચરો પાણીમાં જ્યાં ત્યાં ભીંજાતાં મનુષ્યોની ઢીલી ઢીલી અને ઉત્સાહીન હાલચાલને ભયાતુર દૃષ્ટિથી દેખી રહ્યાં હતાં. મુસાફરો વાદળની અને સરકારી હુકમની અને તેમનાં પશુઓ તેમના નિર્ણયની પ્રતીક્ષા કરી રહ્યાં હતાં. આખી રાત વરસાદ જોરથી પડ્યો હતો. એથી ઉપરની સડક પર બે જગ્યાએ ખડકો તૂટી પડ્યા હતા, અને એટલે સડક બંધ થઈ ગઈ હતી. મુસાફરોને આગળ જવા હુકમ નહોતો.

ડ્રાઇવરે મોટરનો દરવાજો ખોલ્યો, શેઠી ઊતર્યો, બાળકે શેઠીની આંગળી પકડી હતી. એની પાછળ મેમસાહેબ ઊતર્યાં. ડાકબંગલાના ચપરાશી અને ખાનસામાએ મોટરને જોઈને સલામ ભરી, યુનિફૉર્મ પહેરેલા ખાનસામાએ અત્યંત વિનયપૂર્વક નાસ્તા સંબંધી પૂછ્યું. શેઠીએ કહ્યું : "હા."

મેમસાહેબ બાળક માટે પેટીમાં દૂધની બાટલી લાવ્યાં હતાં. પોતા માટે તેમને ખાસ કોઈ ચીજની જરૂર નહોતી. મહિને સાઠ રૂપિયા કમાનારી શાળાની માસ્તરાણીને ડાકબંગલામાં નાસ્તો કરવાની ટેવ હોતી નથી. વરંડાની એક આરામખુરશીમાં બેસીને મેમસાહેબે શેઠી તરફ જોયા વિના બલ્લુ(બાળક)ને આવીને દૂધ પી જવાનું કહ્યું.

શેઠીએ મેમસાહેબ તરફ જોયા વિના કહ્યું : "બલ્લુ ગરમ દૂધ પીશે."

નાસ્તો ટેબલ પર મૂક્યા પછી ખાનસામાએ મેમસાહેબને એ વિશે જણાવ્યું, એના અનુમાન પ્રમાણે સાહેબ, મેમસાહેબ અને બચ્ચું એક જ કુટુંબ હતું.

મેમસાહેબ સમજ્યાં કે ખાનસામા ભૂલ કરી રહ્યો છે. પણ ગુસ્સો કરવાનું આ ટાણું નહોતું. શેઠી તરફ જોઈને તેમણે નમ્ર અને વિવેકભર્યા સ્વરમા અંગ્રેજીમાં કહ્યું : "આપ નાસ્તો કરો, મને તો જરૂર નથી."

શેઠીએ શિષ્ટતાપૂર્વક આગ્રહ કર્યો, "આવી ઠંડીમાં એક પ્યાલો ચા પીવી સારી પડશે."

શેઠી, મેમસાહેબ અને બલ્લુ નાસ્તો કરવા અંદર બેઠાં, એ ઓરડામાં આવવું-જવું માત્ર ખાનસામાનું જ હતું. દીવાલોની આડને અંગે ન દેખાતા બહારના જગતની દૃષ્ટિમાં એ લોકો પતિ, પત્ની અને બાળકનું બનેલું નાનું કુટુંબ જ હતાં. એમના એક કુટુંબનો પ્રતિનિધિ કે સાક્ષી માત્ર એ ખાનસામો હતો. ખાનસામાના દેખતાં નકામો સંકોચ રાખીને પોતાને ભયભીત અને અપરાધી બનાવવાનું મેમસાહેબને પણ ઉચિત નહોતું લાગતું. એમણે તદ્દન નિઃસંકોચભાવથી પ્યાલામાં ચા રેડવાનું શરૂ કર્યું, શેઠીએ આમ્લેટનો એક નાનો એવો ટુકડો બલ્લુના મોંમાં મૂક્યો. એ મોં ભરીને ખાવા લાગ્યો.

ખાનસામાએ મેમસાહેબની પીઠ પાછળથી આવીને પૂછ્યું. "હજૂર, બિસ્કીટ જામ, ફ્રુટ, કંઈ લાવું ?"

શેઠીએ જવાબ આપ્યો : "લાવ."

ડાકબંગલામાં રહેલી ઘણી બધી ચીજો ઊઘડી ઊઘડીને પ્લૅટોમાં, અને અધખુલ્લા ડબ્બાઓના આકારમાં ટેબલ પર આવવા લાગી. શેઠી હસતો જતો હતો અને બાળકને એક એક ચીજ ચખાડતો જતો હતો. બાળકની ખુશી જોઈને મા ગદ્ગદ્ બની જતી હતી, એ શેઠીને ના પાડી રહી હતી : "બસ કરો, વધારે નહિ, હવે એને ભૂખ નથી. પેટ ખરાબ કરી નાખશે."

"જી હા. મારું નામ મિસિસ મદન છે. મિ. મદન મિલિટરી એકાઉન્ટસની ઑફિસમાં છે. હું સ્કૂલમાં ભણાવું છું. બહેનને મળવા અમૃતસર ગઈ હતી."

શેઠી પોતાનો પરિચય શો આપે ? કહી દીધું. "બરોબર છે." પોતા વિશે કહેવા જેવી કોઈ વાત જ એની સમજમાં ન આવી. તેને પોતાનું જીવન તદ્દન આધાર વિનાનું, રૂપ વિનાનું લાગી રહ્યું હતું.

"આપ અહીં ડેલહાઉસીમાં ઉનાળો ગાળવા જાઓ છો ?" મિસિસ મદને પૂછ્યું.

"ના રે ના. આ તો કામકાજ માટે બે દિવસ માટે જાઉં છું. ડેલહાઉસી સરસ જગ્યા છે, ઘણી સરસ જગ્યા છે. ત્યાં ઘણાં સુંદર દૃશ્યો છે."

"આપ બાળબચ્ચાંને સાથે ન લાવ્યા ?" નિકટતાના સ્વરમાં મિસિસ મદને પ્રશ્ન કર્યો.

"ના... છે જ નહિ ... એકલો છુ. મારું નામ આર. એલ. શેઠી છે. કૉન્ટ્રાક્ટનું કામ પણ કરું છું. અમૃતસરનું નવું ચર્ચ મેં જ કૉન્ટ્રેક્ટ લઈને બાંધ્યું છે." શેઠીએ દીવાલ તરફ જોતાં જોતાં ચાના પ્યાલામાં ચમચી હલાવતાં હલાવતાં કહ્યું, "હું એકલો જ રહું છું."

શેઠીની વાતથી મિસિસ મદનના મનમાં દયા અને સાહનુભૂતિના ભાવ ઊભરાયા. એ વિચારવા લાગી : કેવો ભલો અને કેટલો અમીર માણસ છે !

બલ્લુ શેઠીના ચામડાના પટામાં બાંધેલા સોનાના ઘડિયાળને ટેબલ પર ઘસ ઘસ કરી રહ્યો હતો.

મિસિસ મદને આંગળી ઊંચી કરીને કહ્યું, "ના." ને પછી શેઠી સામે હસી પડી. "આ ઘણો સેતાન છે."

શેઠી વારંવાર પોતાના માથામાં આંગળીઓ ફેરવી રહ્યો હતો—જા મનની કોઈ બેચેની તેના વાળની લટોમાં ચળ પેદા કરતી ન હોય ! ઘણું બધું પ્રાપ્ત કર્યા છતાં પણ તેને પોતાનું જીવન લંગડાની માફક નિરાધાર જેવું લાગતું હતું. સામે બેઠેલી મિસિસ મદનનું ટેબલ પર કોણી રાખીને પોતાના બાળકની સામે જોવું, તેનો સ્વચ્છ, ખીલેલો, સ્નિગ્ધ ચહેરો, મોટી મોટી રસસભર આંખો, માથા પરથી સાડીનો છેડો ખસી જતાં દેખાતું વાળથી ભરેલું માથું, તેના લાલ હોઠ, કોટના કોલરથી બનેલા ત્રિકોણમાં દેખાતો ગળાની નીચેનો ભાગ—આ બધું તેને પોતાની પહોંચની બહાર હોય એવા એક જીવનના પ્રતીક જેવું લાગતું હતું.

મિસિસ મદનની નજર શેઠીની આંખો તરફ ગઈ. શેઠીની દૃષ્ટિ પોતાના શરીરને વીંટળાઈ વળી હોય તેવો તેને અનુભવ થયો. શરીરમાં એક ધ્રુજારી ફરી વળતી લાગી. પરંતુ એ દુઃખદાયક નહોતી. ઊલટું એથી તો મિસિસ મદનના વ્યવહારમાં આત્મવિશ્વાસનો ભાવ આવી ગયો. બન્ને હાથ ટેબલ પર રાખીને, સીધેસીધી ચમકતી આંખોથી શેઠીની તરફ જોઈને એણે કહ્યું :

"કેટલો જોરથી વરસાદ પડે છે ? આપણે શી રીતે પહોંચીશું ?"

શેઠીએ ખીસામાંથી સોનાની સિગરેટ કેઈસ કાઢી. સિગરેટ મોમાં રાખીને સળગાવી અને કશાયે સંકોચ વિના ધુમાડા કાઢતાં બોલ્યો : "આ વરસાદ અટકે પણ નહિ, અને આજે આપણે પહોંચીએ પણ નહિ, તો શો વાંધો છે ? કાલે પહોંચી જઈશું."

મિસિસ મદને બન્ને હાથની આંગળીઓને એકબીજામાં પરોવી દેતાં ચિન્તાના સ્વરમાં, છતાં પણ હસીને કહ્યું : "જી, મારે તો કાલે સ્કૂલમાં હાજર થવાનું છે.

આપ પણ કામકાજ માટે જ જાઓ છો. આપને પણ વાંધો તો હશે જ."

"હા, જે કામ માટે આવ્યો છું તે કદાચ ન થઈ શકે."

વરંડામાં ઊભા રહેલા ખાનસામા તરફ જોઈને એણે બૂમ પાડી, "આમ જો."

ખાનસામાએ તરત જ રકાબીમાં બિલ હાજર કર્યું, બિલની સામે જોયા વિના મિસિસ મદન બોલી : "ડ્રાઇવર ક્યાં સુધીમાં નીકળશે ?"

શેઠીએ બિલ પોતા તરફ ખેંચતાં કહ્યું : "જ્યારે હું સ્કૂલમાં ભણતો હતો ત્યારે હંમેશાં ઇચ્છતો હતો કે સ્કૂલમાં રજા પડે કે બીજા કોઈ પણ બહાને સ્કૂલમાં જવું ન પડે તો મઝા આવે. પણ હું જોઉં છું. આપને તો સ્કૂલ ખૂબ જ પ્યારી છે."

મિસિસ મદને ઉત્તર આપ્યો, "આપ તોફાની વિદ્યાર્થી હશો, આજે પણ આપ, કદાચ, કામકાજમાંથી બચી જવા માટે ઇચ્છી રહ્યા છો કે વરસાદ પડતો રહે, ને એ બહાને આપ અહીં મઝાથી સિગરેટ ફૂંક્યા કરો." એ હસી પડી.

"હા, એમ ઇચ્છું તો જરૂર છું જ."

"આપના બિઝનેસમાં આપનું દિલ નથી લાગતું ?"

"કદી વિચાર્યું જ નથી. એમ લાગે છે કે જીવનની ગાડીને કીચડમાં ખેંચી રહ્યો છું."

ડ્રાઇવરે આવીને ખબર આપ્યા કે રસ્તો હજુ સુધી ખૂલ્યો નથી. શેઠીએ પોલીસ સ્ટેશને ટેલિફોન કરીને ખબર મેળવી કે છ કલાક પહેલાં એના ખૂલવાની કોઈ આશા નહોતી.

આ ખબરથી મિસિસ મદનને ગભરાતી જોઈને શેઠીએ કહ્યું, "આપના સ્કૂલવાળાઓ પણ સમજી શકે કે સડકને સરખી કરવી એ કંઈ આપના હાથની વાત નથી."

મિસિસ મદનનો બિસ્તરો એક ઓરડામાં ઉઘાડવામાં આવ્યો અને તે એ ઓરડામાં ચાલી ગઈ. બાળક ક્યારેક એ ઓરડામાં જતો અને ક્યારેક શેઠી પાસે આવી જતો હતો. મિસિસ મદનના ઊઠીને ચાલી જવાથી શેઠીને પોતે વધારે ખાઈને બીમાર ન પડી જાય એ ડરથી કોઈકે એની આગળથી થાળી હટાવી લીધી હોય તેવું લાગ્યું. પણ પોતાનું પેટ ભરાયું નહોતું. ભૂખ હજી બાકી હતી. એ થોડીકવાર આરામ-ખુરશી પર લંબાવીને આકાશમાં ઘેરાતાં વાદળોની સામે જોઈ રહેતો, તો થોડીવાર વંરડામાં આંટા મારવા લાગતો હતો; બેસી જતો ને પાછો આંટા મારવા લાગતો. એના હિસાબી મગજમાં આ દિવસે કલ્પનાએ ઘર કર્યું હતું. તેની આંખો સામે પોતાના જીવનનું નવું ચિત્ર દેખાવા લાગ્યું હતું. એ રૂપિયાની પાછળ નહિ, બીજી જ કોઈ વસ્તુની પાછળ દોડી રહ્યો હતો. એને લાગતું હતું કે સામેના દુર્ગમ પહાડ ઉપર ચડી રહ્યો છે. પોતાની આગળ ચાલ્યા જતા એક નારીદેહને એ પકડી

લેવા માગે છે. જ્યારે હાથ લંબાવીને એની સાડીના છેડાને પકડી લેવા ઇચ્છે છે. ત્યારે એ આગળ નીકળી જાય છે. એ દેહ એક ઝીણા વાદળામાં લપેટાઈ ગયેલી મિસિસ મદનનો હતો.

આંટા મારતો મારતો શેઠી પાછો આરામખુરશીમાં બેસી ગયો. એ જ સમયે ભીનાં ઘાસ અને વૃક્ષો પર સૂર્યના ધોવાઈને સ્વચ્છ બની ગયેલાં નવાં કિરણો ફેલાઈ ગયાં. સૂર્યનો અચાનક ઉઘાડ થઈ જવાથી શેઠીની આંખો અંજાઈ ગઈ. પોતે કેટલો અસમર્થ છે તેનો તેને ખ્યાલ આવ્યો. ઊઠીને એ મિસિસ મદનના ઓરડામાં પણ જઈ શકતો નથી. એ કદાચ સૂઈ ગઈ હશે. કદાચ જાગતી પણ હોય. જો બન્ને સાથે બેઠાં હોત તો ?

સ્ત્રીનાં પગલાંનો અવાજ સાંભળીને શેઠીએ ફરીને જોયું. કોટનાં બન્ને ખીસામાં હાથ નાખેલી મદને કહ્યું, "તડકો નીકળ્યો છે. છ કલાક પણ થઈ ગયા છે. હવે તો આપણે જઈ શકીશું ને ? ..... કેટલા વાગ્યા હશે ?"

ઘડિયાળ હજી સુધી બલ્લુ પાસે જ હતી અને તેનો કાચ તથા કાંટા તૂટી ચૂક્યા હતા. ડ્રાઇવરને પૂછીને જ સમય જાણી શકાય તેમ હતું.

છ કલાક જરૂર વીતી ગયા હતા પણ પણ રસ્તો હજી સરખો થયો નહોતો. અને એના ઉપરથી મોટરને નીકળવાની હજી રજા મળી નહોતી.

ખાનસામાએ ફરીથી આવીને સલામ કરી અને પૂછ્યું. "લંચને માટે કંઈ વ્યવસ્થા કરવાની છે ?"

"મેમસાહેબને પૂછ," કહીને બાળકની આંગળી પકડીને શેઠી તડકામાં નીકળી પડ્યા.

ખાનસામા પોતાના મનમાં શું યે સમજતો હશે એ વિચાર પર મિસિસ મદનને મધુર સંકોચ થઈ રહ્યો હતો. પણ એ સંકોચ પ્રકટ કરવાથી સવારનો વ્યવહાર અને અત્યારના સંકોચને અંગે સ્થિતિ વળી વધારે ખરાબ થઈ જાય, તેણે કહ્યું, "જલદીથી જે કંઈ બને તે બનાવો, મોડું ન થાય."

શેઠી મિસિસ મદનની નજીક બેસવા ઇચ્છતો હતો, પણ મિસિસ મદનને સંકોચ થતો હતો. લંચ લેવા માટે વળી બધાં સાથે બેઠાં. કંઈ વાતચીત તો થવી જ જોઈએ. શેઠીએ કહ્યું કે પહાડોમાં આમ રસ્તો બંધ થઈ જવાની હેરાનગતિ તો વારંવાર થયા જ કરે છે. આગલે વખતે તો એ સવારમાં ડેલહાઉસી પહોંચી ગયો હતો, અને ત્રણ કલાકમાં કામ પતાવીને સાંજે તો પાછો પણ વળી ગયો હતો. "આપ ડેલહાઉસીમાં ક્યાં રહો છો ?"

મિસિસ મદને પોતાનું સરનામું આપ્યું અને પૂછ્યું : "આપ ત્યાં કેટલા દિવસ રહેશો...?

શેઠી જરૂરી કામે ડેલહાઉસી જતો હતો પણ એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ પણ ત્યાં રહી શકે તેમ હતો. ડેલહાઉસીમાં 'ચુડેલડંડા પહાડ' ઉપર પલટનને માટે બંધાનારા નવા મકાનના કૉન્ટ્રેક્ટને માટે એ ડેલહાઉસી જતો હતો. પહેલા ડેલહાઉસી ગયો ત્યારે 'હિલક્રેસ્ટ' હૉટલમાં ઊતર્યો હતો. આ વખતે પણ ત્યાં જ ઊતરવાનો વિચાર હતો.

વાતવાતમાં જ મિસિસ મદને પોતાની વાત કરી દીધી. એનો પતિ મહિને સો રૂપિયા કમાતો હતો. તેને પોતાને પણ શાળામાંથી સાઠ રૂપિયા મળતા હતા. નોકરી કરવી જરૂરી હતી. એ લોકોનો એક બંગલો હતો જેને પતિની માંદગીના સમયે પિસ્તાલીસસો રૂપિયામાં ગિરવી મૂકી દીધો હતો. સીઝનમાં બંગલાનું ભાડું બસોઅઢીસો રૂપિયા આવતું, પરંતુ એનો એમને કંઈ ફાયદો મળતો નહિ. ઊલટાના મહિને વધારાના પચાસસાઠ રૂપિયાનો હપ્તો એમને પૈસા ધીરધારને ચૂકવવો પડતો.

શેઠીએ વિચાર્યું : પિસ્તાલીસસોમાં શું છે ? પણ એ શું કરી શકે તેમ હતો ? જમતી વખતે બન્ને જણ બલ્લુને સંતુષ્ટ આંખોથી જોઈ રહ્યાં હતાં. શેઠી એને ખવડાવ્યા કરવા માગતો હતો, અને મિસિસ મદન તેને વધારે ન ખવડાવવા માટે અનુરોધ કર્યા કરતી હતી. બલ્લુએ શેઠીનું ઘડિયાળ તોડી નાખ્યું હતું. મિસિસ મદને એને માટે દિલગીરી દર્શાવીને ક્ષમા માગી. શેઠીએ દિલગીરીની વાત સાંભળવાની જ ના પાડી દીધી. જમવાનું પૂરું થયું. મિસિસ મદન ઊઠીને પાછી અંદર ચાલી જવા માગતી હતી.

શેઠીએ હિંમત કરીને કહ્યું, "શું પાછાં સૂઈ જશો ?"

"ના રે ના, ... પણ બીજું શું કરવાનું ? કોઈ પણ રીતે આપણે સાંજ સુધી નહિ પહોંચી શકીએ ?"

"લાગતું તો નથી. આપ ગભરાઓ છો શા માટે ? કાલે આપ સ્કૂલમાં નહિ જાઓ તો એક દિવસનો પગાર કપાશે બે રૂપિયા ! પણ જો મારું કામ નહિ થાય તો ખબર છે કેટલું નુકસાન થશે ? સાઠ કે પાંસઠ હજાર રૂપિયા." શેઠી મિસિસ મદનને આશ્ચર્યચકિત કરી દઈને હસી પડ્યો, ને કહેતો રહ્યો, "આપ તો ધીરનાર પાસેથી આપનું મકાન છોડાવી કેમ નથી લેતાં ? પછી તો આપને નોકરી કરવાની જરૂર નહિ રહે ના ?"

"પણ કેવી રીતે ? હજી તો અમે માંડ હજાર રૂપિયા ચૂકવી શક્યાં હઈશું ?"

"એમાં કંઈ મોટી વાત નથી. આપ છોડાવી લો. રૂપિયાનું થઈ રહેશે. મારે વ્યાજ નથી જોઈતું. મુદ્દલ પણ જ્યારે સગવડ હોય ત્યારે આપજો."

મિસિસ મદનની આંખો ચમકી ગઈ. ચહેરા ઉપર લાલી ધસી આવી. પોતાની જાતને સંભાળી લેવા તેણે બલ્લુને ગોદમાં ખેંચી લીધો અને તેના હાથમાંથી ઘડિયાળ ખેંચી લઈને કહ્યું, “આને આપ સંભાળો, નહિ તો આ ખોઈ નાખશે.”

બલ્લુએ મોં ચડાવ્યું એટલે મિસિસ મદને આંગળી ઊંચી કરીને કહ્યું, “ચૂપ, મામા મારશે.” એક શબ્દ કહીને મિસિસ મદને શેઠી પર પોતાનો અધિકાર પ્રકટ કરી દીધો. હવે એણે પોતાના પિતાના ઘરની વાત સંભળાવવી શરૂ કરી દીધી અને કહ્યું કે પોતાનું નામ ઊર્મિલા છે.

આમ એ લોકો સાથે બેઠાં રહ્યાં ને સંધ્યા આવી ગઈ ને પછી રાત.

આકાશમાં ચંદ્ર ઊગ્યો હતો. નજીકમાં ઊભેલાં ચીડનાં વૃક્ષો ઉપર ચાંદની છન છન કરતી ચમકી રહી હતી. બલ્લુ અંદર સૂઈ ગયો હતો. ઊર્મિલા વિચારી રહી હતી. આમ એકાંત રાત્રિમાં પોતાનું બન્નેનું સાથે રહેવું અને ચંદ્રનું આવું ચમકવું એ બરોબર નહોતું. અને ભય અને આકુળતાની ચિનગારીઓ તેના મગજને અને ચામડીને દઝાડી રહી હતી.

બહાર ઠંડક હતી અને હવા પણ ઠંડી હતી. અંદર જવા માટે ઓરડાઓ હતા. પરંતુ ખાનસામાએ પોતાની બુદ્ધિ પ્રમાણે બન્નેનો સામાન એક જ સમજીને બન્નેનાં બિછાનાં એક જ ઓરડામાં કરી દીધાં હતાં. એમ ન કરવાનું એને કહેવામાં પણ નહોતું આવ્યું, પણ અંદર એક જ ઓરડામાં પલંગો ઉપર સૂઈ રહેવાની વાત વિચારતાં મિસિસ મદનને ભય લાગતો હતો. એ વિચારતી હતી, એમ તો કેમ થઈ શકે ?

રાત ઘણી વીતી ગઈ હતી. શેઠીએ કહ્યું, “આપ ઠંડીમાં હેરાન થશો. આપ જઈને સૂઈ જાઓ.”

“ને આપ ?”

“મને ઊંઘ નથી આવતી.”

મિસિસ મદન જાણતી હતી કે શેઠી રાત બહાર ગાળી નાખશે. એને આરામ આપવા માટે એનું મન કૃતજ્ઞતાથી આર્દ્ર બની ગયું. અરે, વાહ, કેવો સજ્જન માણસ છે ?

પોતાના સગાંમાંની એક ખૂબ ભણેલીગણેલી છોકરીની વાત કાઢીને મિસિસ મદને કહ્યું, “આપ .પરણી જાઓ.”

શેઠીએ જવાબ આપ્યો, “અડતાલીસ વર્ષ આમ જ વીતી ગયાં તો બાકીના પણ વીતી જ જશે. લગ્ન તો એક રીતે દાવ લગાવવા જેવું. એ સીધો પણ પડી શકે ને ઊંધો પણ.”

શેઠીએ ફરી એક વાર ઊર્મિલાને અંદર જઈને સૂઈ જવા કહ્યું.

ઊર્મિલાએ ઉત્તર વાળ્યો : "ચાંદની બહુ જ સરસ લાગે છે ને ઠંડી પણ ખાસ નથી."

બંને વરંડામાં બેઠાં હતાં. ક્યારેક શેઠી વાત કરતો અને ઊર્મિલા સાંભળતી, ક્યારેક ઊર્મિલા વાત કરતી અને શેઠી સાંભળતો.

નોમનો ચંદ્ર પહાડની પાછળ છુપાઈ ગયો. સમય જાણવાનો કંઈ ઉપાય નહોતો, પણ અર્ધીથી વધારે રાત વીતી ગઈ હતી. ઠંડીથી બન્ને ધ્રૂજી રહ્યાં હતાં. પોતાને ખાતર શેઠી આખી રાત આ ટાઢમાં મરતો રહે એ વાત ઊર્મિલા માટે સહ્ય નહોતી. ક્યાંક બીમાર પડી જાય તો ? તેણે ઊભાં થઈને કહ્યું : "ચાલો, અંદર જઈએ, ભાઈ-બહેન શું એક ઓરડામાં સૂઈ ન શકે ?" એ બન્ને અંદર જઈ રહ્યાં હતાં ત્યારે શેઠીએ ઊર્મિલાની પીઠ ઉપર હાથ મૂકી દીધો હતો. કામળા ઓઢીને બન્ને પોતપોતાનાં બિછાનામાં સૂઈ ગયાં.

ડેલહાઉસીનો રસ્તો સવારમાં જ ખૂલી ગયો હતો, પણ શેઠી અને ઊર્મિલાએ ચાપાણી કર્યા પછી જ ઊપડવાનો નિર્ણય કર્યો.

શેઠીએ પૂછી લીધું : "રાતના ઊંઘ ખૂબ આવી ગઈ ?" ને હસી પડ્યો.

ઊર્મિલાએ હસીને કહ્યું : "આપને તો આવી હશે ?"

બન્ને સમજી ગયાં કે કોઈને ઊંઘ આવી નહોતી. પરંતુ અનિદ્રામાં રાત વિતાવી હોવા છતાં બન્નેના શરીરમાં પૂરતી સ્ફૂર્તિ હતી.

શેઠીએ કહ્યું : "આ બંગલો છોડીને જવાનું મન થતું નથી."

ઊર્મિલાએ કરુણ દૃષ્ટિએ શેઠી તરફ જોયું અને આંખો નમાવી દીધી. શબ્દો નહોતા. એને પતિ મળ્યો હતો પણ આવી ઉદારતા, સંયમ અને અનુરાગ જોયો નહોતો. એનું રોમેરોમ પોકારી ઊઠવા ઇચ્છતું હતું : તમે ઉદાર છો, મહાન છો. પણ જીભ બંધ હતી. સ્ત્રીની હંમેશાં હાર જ હોય છે. જ્યારે એના પર આક્રમણ થાય ત્યારે પણ, અને જ્યારે એને આશ્રય આપવામાં આવે ત્યારે પણ.

ઊપડતાં પહેલાં શેઠીએ કહ્યું : "જો તમને વાંધો ન હોય તો હું આ બંગલામાં તમારો એક ફોટો પાડવા માગું છું."

વાંધો ? ઊર્મિલાને શો વાંધો હોઈ શકે ? એણે માત્ર કૃતજ્ઞતાથી શેઠી તરફ જોયે રાખ્યું.

ગરદન એક બાજુ ઝુકાવીને ઊર્મિલા થાંભલાનો ટેકો લઈને ઊભી રહી. શેઠીએ ઘણા ફોટોગ્રાફ પાડ્યા.

બે મહિના એટલે માત્ર સાઠ જ દિવસ હોય છે, પણ એ દરમિયાન કેટલાં બધાં પરિવર્તન થઈ શકે છે ? મદન મિલિટરી એકાઉન્ટસની ઑફિસમાંથી એકસો રૂપિયાની નોકરી છોડીને "શેઠી ઍન્ડ કંપની"માં આસિસ્ટંટ મેનેજર થઈ ગયો છે.

એને મહિને ત્રણસો રૂપિયા મળવા લાગ્યા છે. ઊર્મિલા સાઠ રૂપિયાની માસ્તરણી રહી નથી. એ પોતાના નાના એવા બંગલામાં બહુ મોટા છત્તરની નીચે ગુલાબી તડકામાં બેસીને બલ્લુ માટે સ્વેટર ગૂંથે છે ને ગોંડા જિલ્લાની કાળા રંગની આયા બલ્લુને રસ્તા ઉપર ફેરવવા લઈ જાય છે.

શેઠીએ વારંવાર ડેલહાઉસી આવવું જરૂરી છે. લશ્કરી બેરેકો બનાવવાનો કૉન્ટ્રેક્ટ એની પાસે છે. ઊર્મિલાના મનમાં દ્વિધા છે. એની સગાંમાંની બહેનની જોડે લગ્ન કરવાને માટે શેઠી તૈયાર કેમ નથી થતો ?

ઊર્મિલા બધુંય સમજવા છતાં સ્વીકાર કરવા માગતી નથી.

આગલી વાર તો સ્પષ્ટ કરી દીધું હતું : "પેટ ભરીને કોળું ચાવ્યે રાખવા કરતાં તો સંતરાની સુગંધ માણ્યા કરવી એ જ વધારે સારું હોય છે."

ઊર્મિલાને સ્વેટર ગૂંથતાં ખ્યાલ આવ્યો કે એ પોતે જ સંતરું છે. એક એક કરીને શેઠીનો વ્યવહાર તેની આંખો સામે આવવા લાગ્યો. શેઠીને એના વાળમાં આંગળીઓ ફેરવવી બહુ ગમે છે. કંઈ પણ બોલ્યા સિવાય શેઠીને એને પોતા સામે બેસાડી રાખવી ગમે છે. શેઠી જે કંઈ કપડાં લઈ આવે એ કપડાં શેઠી પાસે પહેરવાં જ જોઈએ. શેઠીની કોઈ પણ વાતનો અસ્વીકાર કરવો એને માટે સંભવિત નથી. શેઠીને જ્યારે ઇચ્છા થાય ત્યારે બાંય વિનાનું બ્લાઉઝ પહેરવું જ પડે. અલબત્ત, ઊર્મિલાને પણ શેઠીની જેવી ઇચ્છા હોય તેવી જાતનું પહેરવાથી અને એ રીતે રહેવાથી સંતોષ થતો હતો, પરંતુ તેનું પોતાનું અસ્તિત્વ, તેનું વ્યક્તિત્વ ક્યાં ચાલ્યું ગયું ?

આગલા બુધવારની રાતે શેઠી અર્ધી રાત સુધી એના બંગલામાં રહ્યો હતો. એણે કહ્યું શું હતું ...? ઊર્મિલાને હાથ ન લગાડ્યો, સ્પર્શ ન કર્યો, દૂર જ બેઠો રહ્યો, પણ તોયે એમાં બાકી શું રહેતું હતું ? એણે કહ્યું હતું, "હું તને ચાહું છું. મારે કંઈ જ જોઈતું નથી. મને તું હૃદયના પ્રેમ જેવી લાગે. હું તને જોવા તલસું છું. મારી છો એમ જાણવા તલસું છું."

પછી શેઠી "માફ કરજે" કહી ચૂપચાપ ચાલ્યો ગયો હતો.

ઊર્મિલાથી એ સહન થઈ શક્યું નહોતું. એ રોવા લાગી હતી.

ગૂંથતી હતી તેમાં જ દૃષ્ટિ ડુબાડી રાખેલી ઊર્મિલાને વીજળીના પ્રખર તેજમાં ભજવાઈ ગયેલું એ રાતનું આખું દૃશ્ય યાદ આવી રહ્યું હતું. એને પોતાની કૃતજ્ઞતા માટે ખેદ હતો. જે માણસે જરા પણ ઉપકાર ચડાવ્યા વિના એના જીવનભરના પરિશ્રમની કમાઈ પોતાને ચરણે ધરી દીધી, પોતા માટે જેણે કશું પણ ઇચ્છ્યું નહિ, એની વાત ભલે ગમે તે હોય... એને નિરાશ કરવો ?

શેઠીએ કહી દીધું હતું કે પોતાની બધીયે સંપત્તિ એ બલ્લુને આપી દેશે, પણ

એ સંપત્તિમાં બલ્લુનો કોઈ ભાગીદાર આવી જવો ન જોઈએ... સ્પષ્ટ શબ્દોમાં એનો અર્થ એ હતો કે ઊર્મિલાની કૂખ પર તાળું લગાવીને તેના પર શેઠીએ પોતાનો અધિકાર જમાવી દીધો હતો – પછી ભલેને એ ઊર્મિલાને અડતો હોય કે ન અડતો હોય ! બલ્લુ પણ એનો જ છે, મદન પણ એનો જ છે, ને ઊર્મિલા તો બીજાં બધાંય કરતાં પહેલાં એની જ છે.

શેઠી કેટલો સંયમી, કેટલો ઉદાર, કેટલા વિશાળ હૃદયનો છે ! ....કેવી રીતે એણે બધુંય દઈ દીધું છે...? ઊર્મિલાએ તો શેઠીને કંઈ પણ આપ્યું નથી, આપવાની કોઈ તક આવી નથી. શેઠીએ બધીયે ચીજો પર પોતાની મેળે જ અધિકાર જમાવી દીધો છે. અને તે પણ કેટલી સરળતાપૂર્વક ! જાણે કે બધી ચીજોની એક ચાવી હતી, જેને ઉઠાવીને એણે ખીસ્સામાં મૂકી દીધી છે. એ જાળમાંથી બહાર નીકળવાનો ઊર્મિલાને માટે, બલ્લુને માટે કે મદનને માટે એકકેય રસ્તો નથી. જાણે એ બધાં વેચાઈ ગયાં છે.

... જો કાલે ફરી પાછો શેઠી આવે અને ઉદાસ મુખથી પોતાની એ જ વાત ફરીથી કરે, તો ? એક બાજુ બેસીને કહે, "તને ચાહું છું." તો શું હું ફરીથી પણ "ના" કહીશ ?

ઊર્મિલાએ વિચાર્યું, એમાં શું ? મન ઇનકાર કરવા ઇચ્છતું હતું. પણ પોતાને ઇનકાર કરવાનો હક્ક છે ખરો ? જે સહુ કોઈને હોય એવો એ હક્ક પોતાને નહોતો, એના પોતાના આત્મા પાસે એ હક્ક નહોતો.... વેશ્યાઓનાં જીવન વળી બીજી કઈ જાતનાં હોય છે ?

ઊર્મિલાની આંખોમાંથી ટપ ટપ આંસુ સરવા લાગ્યાં.

ઊર્મિલાને વિચાર આવ્યો : બે જ મહિના પહેલાં, જ્યારે માત્ર બે ઓરડાઓમાં જ એ રહેતી ત્યારે, થાકીપાકીને પોતે સ્કૂલમાંથી આવતી અને દીકરાને ગોદમાં લઈને મૂર્ખ નોકર સાથે માથાફોડ કરતી. અનેક જરૂરિયાતો પૂરી થઈ શકતી નહોતી. પણ એ વખતે એ હા કે ના કહી શકતી હતી. સ્વયં પોતાની ઇચ્છાથી એ જે ઇચ્છે તે કરતી.... સિગરેટ કંપનીવાળો પેલો હસમુખો શેઠ કેવો ગમી જાય તેવો અને સજ્જન હતો ? પણ પોતે હંમેશાં એનો અસ્વીકાર જ કર્યો. પોતાનું સ્વમાન છોડ્યું નહિ !

પાછો વિચાર આવ્યો : કદાચ આજે જ શેઠી આવી ચડે એવું પણ બને. એણે આંસુભરી આંખો ઊંચી કરીને દરવાજા તરફ જોયું એની દૃષ્ટિમાં આતુરતા નહોતી. ભીરુતા હતી.

# ગદલ

## રાંગેય રાઘવ

### 1

બહાર ઘોંઘાટ મચી ગયો. ડોડીએ બૂમ મારી : "કોણ છે ?" કંઈ ઉત્તર મળ્યો નહિ. અવાજ આવ્યો : "હત્યારી, તને મારી નાખીશ."

સ્ત્રીનો અવાજ આવ્યો : "મારી તો જો. તારા કુટુંબને ડાકણ થઈને ખાઈ ન જાઉં તો કહેજે, કપૂત !"

ડોડી બેઠો રહી શક્યો નહિ. બહાર આવ્યો.

"શું કરે છે ? શું કરે છે, નિહાલ ?" ડોડીએ આગળ વધીને બૂમ મારી. "આખરે તો તારી મા છે."

"મા છે !" કહીને નિહાલ હઠી ગયો.

"અરે, તું હાથ ઉપાડી તો જો," સ્ત્રીએ ફૂંફાડો કર્યો. "કઢી ખાયા ! તારું માથું ભાંગી નાખીશ, સમજ્યો ? રુઆબ કરજે માં, હા, તારી આશ્રિત નથી હું."

"ભાભી, શું બકબક કરે છે ?" ડોડીએ કહ્યું, "ભાન રાખ."

એ આગળ વધ્યો. પછી પાછળ ફરીને કહ્યું : "જાઓ, તમે બધાં ચાલ્યાં જાઓ."

નિહાલ હઠી ગયો. તેની સાથે જ બધાં આમતેમ થઈ ગયાં.

ડોડી નિઃસ્તબ્ધ બનીને છાપરાંની નીચેના મોભને પકડી ઊભો રહ્યો. સ્ત્રી ત્યાં જ અન્યમનસ્ક જેવી બેઠી રહી. એની આંખોમાં આગ જલતી હતી.

એણે કહ્યું : "મને ખબર છે કે નિહાલમાં આટલી હિંમત નથી. આ બધું તેં જ કર્યું છે, દિયર."

"હા, ગદલ," ડોડીએ ધીરેથી કહ્યું. "મેં જ કર્યું છે."

ગદલ સંકોચાઈ ગઈ. કહ્યું : "કેમ, તારે કેમ એમ કરવું પડ્યું ?"

ડોડી કહી શક્યો નહિ. એ ઉપરથી નીચે સુધી ઝણઝણી ઊઠ્યો. પચ્ચાસ વરસની એની ઉંમર હતી. એ ઊંચો પૂરો ખારી ગુજર* એક જાતિ હતો; એની

---

* એક જાતિ

મૂછો કાબરચીતરી બની ગઈ હતી. છાપરા સુધી પહોંચી ગયો હોય એટલો લાંબો લાગતો હતો. એના ખભાનાં પહોળાં હાડકાં ઉપર અત્યારે દીવાનો આંછો પ્રકાશ પડી રહ્યો હતો. એના શરીર ઉપર જાડી બંડી હતી એનું ધોતિયું ઘૂંટણોની નીચે ઊતરતાં પહેલાં જ વળ લઈને ચોંટી જતું હોય તેમ ઉપર તરફ વળી ગયું હતું. તેના હાથ ખરબચડા હતા, અને એ અત્યારે નિઃસ્તબ્ધ ઊભો હતો.

સ્ત્રી ઊઠી. એ લગભગ પિસ્તાળીસ વર્ષની હતી, અને એનો રંગ ગોરો હોવા છતાં જિંદગીના આ સંધ્યાકાળમાં મેલા જેવો લાગતો હતો. એને જોતાં જ લાગતું હતું કે એ બહુ સ્ફૂર્તિલી હતી. જિંદગીભર મહેનત કરી હોવાથી, સ્નાયુઓ ઢીલા પડ્યા હોવા છતાં, એની સ્ફૂર્તિ હજી સુધી ટકી રહી હતી.

"તને શરમ નથી આવતી, ગદલ ?" ડોડીએ પૂછ્યું.

"કેમ, શરમ શેની આવે ?" ગદલે પૂછ્યું.

ડોડી ક્ષણભર બેભાન જેવો બની ગયો. અંદરની પરશાળમાંથી અવાજ આવ્યો, "એને શરમ શેની આવે ? શરમ તો જેની આંખોમાં લાજ રહી હોય એને આવે."

"નિહાલ," ડોડીએ રાડ પાડી : "તું ચૂપ રહે."

પછી અવાજ બંધ થઈ ગયો.

ગદલે કહ્યું : "તેં મને કેમ બોલાવી છે ?"

ડોડીએ એ વાતનો જવાબ વાળ્યો નહિ. પૂછ્યું : "તું જમી છો ?"

"ના," ગદલે કહ્યું. "ખાઉં પણ ક્યારે ? કમબખ્તો રસ્તામાં મળ્યા. ખેતરમાંથી પાછી જતી'તી; રસ્તામાંથી છાણાં વીણીને લઈ જતી'તી."

ડોડીએ બૂમ પાડી : "નિહાલ, વહુને કહે કે તેની સાસુને રોટલો દઈ જાય."

અંદરથી કોઈક સ્ત્રીનો ઉદ્ધત અવાજ આવ્યો : "અને, હવે તો લૌહારોની બૈયર આવી છે. એને કંઈ ગરીબ ખારીઓનો રોટલો ભાવશે ?"

કેટલીક સ્ત્રીઓ હસી પડી.

નિહાલ બરાડ્યો : "સાંભળી લે પરમેસરી, ગામ હાંસી કરે છે. ખારીઓનું નાક તું કપાવી રહી છે."

ખારી ગુન્નો મરી ગયો ત્યારે પંચાવન વર્ષનો હતો. ગદલ વિધવા બની ગઈ. ગદલનો મોટો દીકરો નિહાલ ત્રીસ વરસ આસપાસનો થવા આવ્યો હતો. એની વહુ દુલ્લોનો મોટો દીકરો સાતનો, બીજો ચારનો અને ત્રીજી દીકરી હતી જે કાંખમાં લેવા જેવડી નાની હતી. નિહાલથી નાની ઉપરાઉપર થયેલી બે બહેનો હતી, ચંપા અને ચમેલી. એમનાં લગ્ન ઝાંઝ અને બિસ્વારા ગામમાં થયેલાં હતાં. આજે એમની કાંખમાંથી ઊતરીને એમના દીકરાઓ ધૂળમાં ઘૂંટણીએ રમતા થયા

હતા. છેલ્લો દીકરો નારાયણ હવે બાવીસનો થયો હતો. એની વહુ બીજા બાળકની મા થવાની હતી. આવી ગદલ, આવડા મોટા કુટુંબને છોડીને ચાલી ગઈ હતી. અને બત્રીસ વર્ષની ઉંમરના એક લૌહારા ગુજરને ત્યાં જઈને બેઠી હતી.

ડોડી ગુન્નોનો સગો ભાઈ હતો. વહુ હતી, બાળકો પણ થયાં હતાં. પણ બધાં મરી ગયાં હતાં. એ સાવ એકલો થઈ ગયો. ગુન્નાએ ઘણું બધું કહ્યું, પણ એ તો એકલો જ રહ્યો, બીજીવાર પરણ્યો નહિ. ગદલને રસોડે જમતો રહ્યો. કમાઈને લાવતો તે એને જ આપી દેતો. એનાં બાળકોને પોતાનાં માનતો. ક્યારેય એણે જુદાપણું બતાવ્યું ન હતું. નિહાલ પોતાના કાકા માટે મરી પડતો હતો અને પાછા, ખારી ગુજરો પોતાને લૌહારો કરતાં ઊંચા સમજતા હતા.

ગદલ જેના ઘરમાં જઈને બેઠી હતી તેનો પણ મોટો કુટુંબ-કબીલો હતો. તેણે ગદલની ઉંમર જોઈ નહિ. એટલું જ જોયું કે આ ખારી કુટુંબની બૈરી છે, પડી રહેશે. વળી એને ચૂલો ફૂંકવાવાળીની જરૂર પણ હતી.

ગદલ આજ સવારે જ ગઈ હતી ને સાંજના તો એના દીકરા એને બાંધીને ઉપાડી લાવ્યા હતા. એના નવા પતિ મૌનીને તો હજી ખબર પણ નહિ પડી હોય. મૌની વિધુર હતો. દુલ્લોને જો ખબર પડે કે એની ભાભી દુલ્લો, જે પગ પહોળા કરીને નખરાં કરતી કરતી છાશ વલોવે છે, એ આ વાત જાણશે તો શું કહેશે ? ગદલનું મન વિક્ષોભથી ભરાઈ ગયું.

## 2

અર્ધી રાત થવા આવી હતી. ગદલ ત્યાં જ પડી રહી હતી. ડોડી ત્યાં જ બેસીને ચલમ ફૂંકી રહ્યો હતો.

એ શાંતિમાં ડોડીએ ધીરેકથી કહ્યું : "ગદલ!"

"શું છે ?" ગદલે ગભરાઈને પૂછ્યું.

"તું ચાલી ગઈ ના ?"

ગદલ બોલી નહિ. ડોડીએ ફરીથી કહ્યું : "બધાં જ ચાલ્યાં જાય છે. એક દિવસ તારી દેરાણી ચાલી ગઈ, પછી એક એક કરીને તારા ભત્રીજાઓ પણ ચાલ્યા ગયા. ભાઈ પણ ચાલ્યો ગયો. પણ તું જે રીતે ગઈ એ રીતે તો કોઈ ગયું નથી. દુનિયા હાંસી કરે છે, ખબર છે ?"

ગદલ ગણગણી : "દુનિયાની હાંસીથી હું ડરતી નથી, દિયર. જ્યારે ચૌદ વરસની હતી ત્યારે તારો ભાઈ મને મારે ગામ આવીને જોઈ ગયો'તો. ત્યારે તેલ પાયેલી લાઠી લઈને તું તેની સાથે મને લેવા આવ્યો'તો ના ? ત્યારે હું આવી'તી કે નહિ ? તું ધારતો હશે કે ગદલની ઉમ્મર થઈ. હવે એને મદદની શી જરૂર છે ?

પણ ખબર છે, હું કેમ ગઈ ?"

"ના."

"તું તો બસ એમ જ ધારતો હશે કે ગદલ ગઈ. હવે પહેલાં જેમ આરામથી રોટલા ખાવાના નહિ મળે... વહુઓ તારી ચાકરી નહિ કરે, દિયર, તેં તારા ભાઈ સાથે ને મારી સાથે નિભાવ્યું તો મેં પણ તને પોતાનો જ સમજ્યો. બોલ, ખોટું કહું છું ?"

"ના ગદલ, એમ મેં ક્યારે કહ્યું ?"

"બસ, આ જ વાત છે, દિયર ! હવે અહીં મારું કોણ છે ? મારો માણસ તો મરી ગયો. જીવતો હતો ત્યાં સુધી મેં એની ચાકરી કરી ને એને લઈને એનાં બધાંયની પણ ચાકરી કરી. પણ જ્યારે માલિક જ રહ્યો નહિ તો હું શા માટે હાડકાં ઘસાવું ? આ છોકરા, આ વહુઓ ! એની ગુલામી હું નહિ કરું."

"પણ શું આ બધાં તારાં જ ફરજંદ નથી, ગાંડી ? બિલાડી સુદ્ધાં પોતાનાં જણ્યાંઓ માટે સાત ઘર ફરે છે, ત્યારે તું તો માણસ છે. તારી માયામમતા ક્યાં ચાલી ગઈ છે ?"

"દિયર, તેં ફરી લગ્ન ન કર્યાં તો તારી ક્યાં ચાલી ગઈ'તી ?"

"મને તારો આસરો હતો, ગદલ."

"બાયલા, તારો ભાઈ મરી ગયો, દીકરાએ એનું કારજ કર્યું, ને પછી જ્યારે બધું પતી ગયું ત્યારે તું મને ઘરમાં બેસાડી નહોતો શકતો ? તેં મને પેટને ખાતર પારકે ઘેર જવા ફરજ પાડી. ચૂલો તો હું ક્યારે ફૂંકું કે જ્યારે કોઈક મારું પોતાનું હોય. એવી ગુલામડી નથી કે હું ઢસરડા કરું ને બીજા મઝા કરતા રહે. પેટ તો હું ત્યારે ભરું કે જ્યારે એની કિંમત વસૂલ કરી શકું. સમજ્યો, દિયર ? તેં ત્યારે તો કહ્યું નહિ. હવે કુટુંબના નાકે ટીલી લાગી ત્યારે વિચાર આવ્યો, પણ તારી ગદલની સામે જ્યારે વહુઓ આંખો કાઢતી હતી ત્યારે તને વિચાર નહોતો આવતો ? અરે, કોણ કોઈની દરકાર કરે છે ?"

"ગદલ," ડોડીએ ગદ્‌ગદ્ સ્વરે કહ્યું. "હું ડરતો હતો."

"કેમ રે ભલા ?"

"ગદલ, હું બુઢ્ઢો છું. ડરતો હતો કે દુનિયા હસશે. દીકરાઓને લાગશે કે કદાચ કાકાનો મા જોડે પહેલેથી જ સંબંધ હશે એટલે તો કાકાએ બીજું લગ્ન નહિ કર્યું હોય, ગદલ, ભાઈની બદનામી થાય ના ?"

"હવે ચાલ ચાલ. રહેવા દે એ બધી વાતો," ગદલે જવાબ વાળ્યો. "ભાઈ માટે જાણે ખૂબ લાગતું હોય ના તને ? એના કારજમાં તું નહોતો કે ? મારા સસરા મરી ગયા હતા ત્યારે તારા ભાઈએ આખી નાત ભેગી કરીને બધાનાં મોં

મીઠાં કરાવ્યાં હતાં. ને તમે બધાએ કેટલાકને બોલાવ્યા ? તું ભાઈ, ને બે દીકરા. આ રહ્યો ભાઈ ને આ રહ્યા દીકરા: કુલ પચ્ચીસ માણસોને નોતર્યાં. પૂછ્યું, કેમ ભાઈ ? તો કહી દીધું કે લડાઈ ચાલે છે એટલે એવો કાયદો છે. પચ્ચીસથી વધારે થાય તો તરત જ પોલીસ પકડી જાય. ડરપોક ક્યાંના ! એવાઓ ભેળી હું ન રહું !"

ઓચિંતો ડોડીનો અવાજ બદલાયો. કહ્યું ' "મારે બેઠે તું પારકા ભાયડા આગળ જઈશ ?"

"હા."

"હવે કહે જોઉં !" કહી એ ઊઠ્યો અને આગળ વધ્યો.

"સો વાર કહીશ, લાલાજી," ગદલ પડી પડી જ બોલી. ડોડી હજી આગળ વધ્યો.

"આવને" ગદલે જોરથી કહ્યું.

ડોડી અટકી ગયો. ગદલ જોઈ રહી. જઈને ડોડી બેસી ગયો. ગદલ જોઈ રહી. પછી હસીને કહ્યું : "તું મને શું કરવાનો હતો ? તારામાં હિંમત ક્યાં છે, દિયર ? મારો નવો મરદ છે ના, એ મરદ છે. આટલું સાંભળી લે તું. મને મારે છે. તારો ભાઈ જ જાણે મને પાછો મળી ગયો છે. ને તું ?" એ અટકી. "મરદ છે ? અરે, બૈયરની પાસે શું કોઈ નાકલીંટી તાણે કે ? આગળ ધસીને જો તેં મને મારી હોત ના તો હું સમજત કે તું મને પોતાની ગણે છે, તો ચાલ હું આ ઘરમાં રહું."

ડોડી જોઈ જ રહ્યો. રાત ઘેરી બની ગઈ છે. ગદલે સાડીનો છેડો ફેલાવીને શરીર ઢાંકી દીધું. ડોડી ઊંઘવા લાગ્યો.

## 3

ઓસરીમાં દુલ્લોએ અંગ મરડીને કહ્યું : "દેરાણીજી, આવી ગયાં ? રાતના ક્યાં રહ્યાં તાં ?"

શુક્ર આથમી ગયો હતો. આકાશમાં પ્હો ફાટી રહ્યો હતો. બળદ ઊઠીને ઊભા થઈ ગયા હતા. હવામાં ઠંડક હતી.

ગદલે તતડીને જવાબ આપ્યો : "લે, મારી જેઠાણી, તું મારા ઉપર હુકમ નહિ ચલાવતી. તારા જેવડી તો મારી દીકરીઓ છે. દિયરની સગાઈએ તારી દેરાણી છું, પગની જૂતી નથી, સમજીને !"

દુલ્લો સમસમી ગઈ. મૌની ઊઠી ગયો હતો. ચિડાતો ચિડાતો આવ્યો, "ક્યાં ગઈ'તી?"

ગદલે ઘૂમટો ખેંચ્યો પણ અવાજ બદલ્યો નહિ. કહ્યું : "એ લોકો મને ઘેરીને ઉપાડી ગયા. મોકો જોઈને નીકળી આવી."

મૌની દબાઈ ગયો. મૌનીનો બાપ બહારથી જ ઢોરને હાંકીને લઈ ગયો. મૌની ચાલવા લાગ્યો.

"ક્યાં જાય છે ?" ગદલે પૂછ્યું.

"ખેતર પર."

"પહેલાં મારો ફેંસલો કરતો જા." ગદલે કહ્યું.

દુલ્લો આ આધેડ સ્ત્રીનો આ વ્યવહાર જોઈને અચરજમાં પડી ગઈ.

"કેવો ફેંસલો ?" મૌનીએ પૂછ્યું. એ આ મોટી સ્ત્રીથી દબાઈ ગયો હતો.

"હવે હું શું તારા આખા ઘરનાં દળણાં દળીશ ?" ગદલે કહ્યું "આપણે તો બે જણાં છીએ. જુદાં રહીશું, ખાઈશું." એના જવાબની વાટ જોયા વિના જ એ તો કહેતી રહી : "કમાણી બધી ભલે ભેગી કરો, હું રોકતી નથી, પણ અંદર તો જુદાં જુદાં જ સારાં."

મૌની ક્ષણવાર સ્તબ્ધ બનીને ઊભો રહ્યો. દુલ્લો જુસ્સાભેર બહાર આવી. બોલી : "હવે ચૂપ કેમ થઈ ગયો, દિયર ? મારી દેરાણી લાવ્યો છે કે સાસુ ? તારી બોલતી કેમ બંધ થઈ ગઈ ? તું મને જેવી તેવી નહિ સમજતો, તાવડી ઉપર રોટલો ઊંધોચત્તો ફેરવતાં મને પણ આંચ નથી લાગતી તો આની સાચીખોટી વાત હું સાંભળી નહીં લઉં, સમજ્યો ? મારી માએ પણ મને ચૂલાની માટી ખાઈને જણી'તી, હોં."

"અરે મારી શોક," ગદલ ગરજી "તું માટી ખાઈને નથી આવી. તું તો આખા કુટુંબને ચાવી જઈશ, ડાકણ. એવું નથી કે તું કોઈ ગોળનું ભિલ્લું છે, ને જો તને ખાશું નહિ તો અમારા ગળામાં રોટલો ચોંટી જશે."

મૌની જવાબ દઈ શક્યો નહિ. એ બહાર ચાલ્યો ગયો.

બપોર થઈ ગયા હતા. દુલ્લો બેઠી બેઠી રેંટિયો કાંતતી હતી. તેવામાં નારાયણે આવીને પૂછ્યું : "કોઈ છે ?"

દુલ્લાએ ઘૂમટો કાઢ્યો. પૂછ્યું : "કોણ છો ?"

નારાયણે લોહીનો ઘૂંટડો ગળી જઈને કહ્યું : "ગદલનો દીકરો છું."

દુલ્લો ઘૂમટામાં હસી પડી. પૂછ્યું : 'નાનો છો કે મોટો ?"

"નાનો."

"બીજા કેટલા છે ?"

"ગમે તેટલા હોય, તારે શું છે ?" ગદલ નીકળીને બોલી.

"અરે, આવી ગઈ ?" કહેતીક ને દુલ્લો અંદર ભાગી.

"આજે એને આવવા દે. તને બતાવી દઈશ, જેઠાણી," ગદલે માથું ધુણાવીને કહ્યું.

"મા," નારાયણે કહ્યું : "આ તારી જેઠાણી છે ?"

"તું શા માટે આવ્યો છે, એ કહે." ગદલ ખિજાઈ.

"દંડની બાબતમાં આવ્યો છું, મા," કહેતોક નારાયણ બેસવા માટે આગળ વધ્યો."

"ત્યાં જ રહે," ગદલે કહ્યું.

એ જ વખતે દોરી-લોટો લઈને મૌની બહારથી આવ્યો. એણે જોયું કે ગદલે પોતાના કડાં અને હાંસડી ઉતારીને ફેંક્યાં ને કહ્યું : "તારો દંડ ભરાઈ ગયો. હવે અહીં કોઈ નહીં આવતા, સમજ્યો ? સમજી લેજે કે થણામાં લખાવી દઈશ કે મારા ધણીનો બધો માલ દાબી દઈને મારા દીકરાઓએ વહુઓના કહેવાથી મને ઘરમાંથી કાઢી મૂકી છે."

નારાયણનું મોં કાળું પડી ગયું. એ ઘરેણાં ઉપાડીને ચાલ્યો ગયો. મૌની મનમાં ને મનમાં શક્તિ બનીને અંદર આવ્યો.

દુલ્લોએ ફરિયાદ કરી, "સાંભળ્યું તેં, દિયર ? દેરાણીએ ઘરેણાં દઈ દીધાં. ઘૂંટણ આખરે પેટ તરફ જ વળ્યો. આમ ચાર ઘર કરશે તો એના દીકરાના ખેતરને વાડ બંધાઈ જશે, ને ઘરની આગળ પાકો ચબૂતરો શોભવા લાગશે. સમજાવી દઉં છું તને. તું ભોળો છે. ઈસ્તરીચરિતર તું શું સમજે ?"

ગદલે હસી કહ્યું, "વાહ જેઠાણી, જૂના વરની કિંમત નવા ભાયડા મારફત તારા ઘરની બૈયરો ચૂકવતી હશે. ગદલ તો માલિક બનીને રહે છે સમજી, ગૂલામડી બનીને નહિ. ચાકરી કરીશ તો મારા ભાયડાની, નહિતર રહીશ વિધવા. સમજીને ? લેતી જા. વચમાં બોલવાવાળી તું કોણ છે ?"

દુલ્લોએ ગુસ્સાથી જોયું ને પગ પછાડતી ચાલી લઈ.

મૌનીએ જોયું ને કહ્યું : "ચડી ચડીને બહુ વાતો કર માં, સમજી ? જા, ઘરમાં વહુ બની રહે."

"અરે, તું તો પેદા પણ નહોતો થયો, વાલમ !" ગદલે હસીને કહ્યું, "ત્યારથી હું તો બધુંય જાણું છું. તું મને શું શીખવતો'તો ? નાતજાતના નિયમ વિરુદ્ધ મેં કંઈ જ કર્યું નથી. તું જો, મેં એવી કઈ વાત કરી હોય તો તું મને હજાર વાર રોક, પણ મારી એ શોકનો રૂઆબ નહિ સાંખી લઉં."

"તો બતાવી દઉં, તને ?" એણે માથું ધુણાવીને કહ્યું.

ગદલ હસીને ઓસરીમાં ચાલી ગઈ ને કામે વળગી.

## 4

ઠંડી હવા જોરદાર બની ગઈ હતી. ડોડી બહાર છાપરા નીચે બેસીને હુક્કો પી રહ્યો હતો. પીતાં પીતાં કંટાળી ગયો ને ચલમ ઊંધી વાળી દીધી. પછી બેઠો રહ્યો.

ખેતરમાંથી પાછા વળીને નિહાલે બળદોને ખીલે બાંધ્યા, ચાર નાખી, ને કહ્યું :

"કાકા !"

ડોડી કંઈક વિચારી રહ્યો હતો. એણે સાંભળ્યું નહિ.

"કાકા," નિહાલે અવાજ ઊંચો કરીને કહ્યું.

"હે ?" ડોડી ચોંકી ગયો. "શું છે ? મને કંઈ કહ્યું ?"

"તમને નહિ કહું તો કોને કહીશ ? દિવસ આખો તો તમે મળ્યા નહિ. ચીમન કઠેરો કહેતો હતો, કે તમે આખો દહાડો મનમોજીબાબાની ધૂણી પાસે વિતાવી નાખ્યો હતો. આ બધું સાચું છે ?"

"હા બેટા. ગયો તો હતો."

"કેમ ગયા'તા ભલા ?"

'એમ જ. મન થઈ ગયું હતું, દીકરા.'

"ને કસબામાંથી વાણિયાનો માણસ આવ્યો'તો ઝઘડો થતો થતો રહી ગયો."

"એવું ન કરાય, બેટા," ડોડીએ કહ્યું. "શાહુકાર સાથે તે કોઈ ઝઘડો કરે ?"

નિહાલે ચલમ ઉપાડી, છાણાંનો અગ્નિ ભર્યો ને ફૂંક મારતો મારતો આવ્યો. કહ્યું : "હું તો ન ગયો. માથાં તૂટત. નારાયણને મોકલ્યો હતો."

"ક્યાં ?" ડોડી ચોંકી ગયો.

"પેલી કુલટા, કુળબોળુની પાસે."

'તારી મા પાસે ?"

"તમને એની સાથે શું છે એ ખબર પડતી નથી. હજીય તમને એની ઉપર ગુસ્સો નથી આવતો ? એને હું મા કહું ?"

"પણ દીકરા, તું ન કહે તોય દુનિયા તેને તારી મા જ કહેવાની. જ્યાં સુધી વર જીવતો હોય ત્યાં સુધી દુનિયા એને એની વહુ કહીને બોલાવે છે, જ્યારે વર મરી જાય છે ત્યારે લોકો એને એના દીકરાની મા કહીને બોલાવે છે. એમાં કંઈ નવો નિયમ થોડો જ છે ?"

નિહાલ સમસમી રહ્યો. કહ્યું : "ઠીક છે કાકા, ઠીક છે." પણ તમે હજી સુધી એ તો પૂછ્યું નહિ કે એને શા માટે મોકલ્યો'તો ?"

"હા બેટા," ડોડીએ ચોંકી જઈને કહ્યું. "એ તો તેં કહ્યું જ નહિ. કહે તો !"

"દંડ ભરાવવા માટે મોકલ્યો'તો. તો એણે તો પંચાયત બોલાવ્યા પહેલાં જ ઘરેણાં ઉતારીને ફેંકી દીધાં !"

ડોડી હસ્યો. કહ્યું : "તો એ એમ દેખાડી રહી છે કે ઘરવાળાંઓએ પંચાયત પણ ન બોલાવી. એટલે કે આપણે એને ભગાડી મૂકવા જ ઇચ્છતા હતા. નારાયણ લઈ આવ્યો ?"

"હા."

ડોડી વિચારવા લાગ્યો.

"હું પાછો જાઉં ત્યાં ?" નિહાલે જ પૂછ્યું.

"ના, ભાઈ," ડોડીએ કહ્યું. "એ સાચોસાચ ગુસ્સાની મારી જ ચાલી ગઈ છે. બીજી કંઈ વાત નથી. તું જમ્યો ?"

"ના."

"તો જા, પહેલાં ખાઈ લે."

નિહાલ ઊઠી ગયો, પણ ડોડી બેઠો રહ્યો. સાંજની પાછળ રાતનું અંધારું જાણે કોઈ ગડી ઊંધી વળી ગઈ હોય તેમ આવી પહોંચ્યું.

છેટેથી ઢોલ વાગવાનો અવાજ આવવા લાગ્યો. ડોડી ઊઠીને ચાલવા માંડ્યો.

નિહાલે વહુને પૂછ્યું: "કાકાએ જમી લીધું ?"

"ના."

નિહાલ બહાર આવ્યો. કાકા હતા નહિ.

"કાકા !" એણે બૂમ મારી.

રસ્તેથી ચિરંજી પૂજારી ગઢવાળા હનુમાનનો પટ બંધ કરીને આવતા હતા. એણે પૂછ્યું : "શું છે જે ?"

"પગે લાગું છું, પંડિતજી," નિહાલે કહ્યું. "કાકા હમણાં તો અહીં બેઠા'તા."

ચિરંજીએ કહ્યું : "અરે, એ તો ત્યાં ઢોલ સાંભળે છે. હમણાં જ જોઈને આવ્યો છું."

ચિરંજી ચાલ્યા ગયા. નિહાલ અચકાઈને ઊભો રહ્યો. વહુએ ડોકાઈને પૂછ્યું :

"શું થયું ?"

"કાકા ઢોલ સાંભળવા ગયા છે," નિહાલે અવિશ્વાસથી કહ્યું. "એ જતા તો નહોતા !"

"જઈને બોલાવી આવો. રાત વધતી જાય છે." વહુએ કહ્યું ને એ રડતા બચ્ચાને દૂધ પિવડાવવા લાગી.

નિહાલ જ્યારે કાકાને લઈને પાછો આવ્યો ત્યારે કાકાનું શરીર તપતું હતું.

"ઠંડી લાગી ગઈ છે, બીજું કંઈ નથી," બહાર લટકતા પોતાના પગને નાની ખાટ ઉપર સમેટી લઈને લંબાવી દેતાં ડોડીએ કહ્યું. "જમવાનું રહેવા દે. આજે મન નથી થતું."

નિહાલ ઊભો રહ્યો. ડોડીએ કહ્યું : "અરે દિકરા, ખ્યાલ તો કર. કેટલા બધા દિવસ પછી મેં ઢોલ સાંભળ્યાં. પેલે દિવસે, ભાઈનાં લગ્નની સોહાગ રાત હતી ત્યારે સાંભળ્યાં હતાં. એ પછી છેક આજે સાંભળ્યાં."

નિહાલે સાંભળ્યું અને જોયું કે આંખ મીંચીને ડોડી કંઈક ગણગણી રહ્યો હતો.

5

સાંજ થઈ હતી. મૌની બહાર બેઠો હતો. ગદલે ગરમ ગરમ રોટલો ને કેરીની ચટણી ખાવા માટે ધરી દીધી.

"ઘણી સરસ થઈ છે," ખાંતાં ખાતાં મૌનીએ કહ્યું. "ઘણી સરસ છે."

ગદલ બેસી ગઈ. કહ્યું : "તું તારી ઉંમરલાયકની કોઈને પરણી જઈને એક વધારે લગન કેમ કરી લેતો નથી ?"

મૌની ચોંક્યો. કહ્યું : "એકને તો રોટલો પૂરો પાડી શકતો નથી."

"ના," ગદલે કહ્યું. "તને લાગતું હશે કે હું શોકને બોલાવું છું, પણ મરદને શું છે ? મારી તો ઊતરતી ઉમ્મર છે. જીવતે જીવ જોતી જાઉં તો સારુંને. નહિ તો યે મને હુકમ ચલાવવા તો કોઈક મળી જાય."

મૌની હસ્યો, બોલ્યો : "એમ કહે કે તને હોંશ છે. લડવા માટે કોઈક જોઈએ છે."

જમીને ઊઠ્યો કે ગદલ હોકો ભરીને દઈ ગઈ ને પોતે ભીંતની ઓથે બેસીને ખાવા લાગી.

એટલામાં સંભળાયું : "અરે, આવે ટાણે ક્યાં ચાલ્યો ?"

"જરૂર કામ છે, મૌની," જવાબ આવ્યો, "શિરસ્તેદારસાહેબે બોલાવ્યો છે."

ગદલ ઓળખી ગઈ. એના ગામનો તો હતો. ઘોટ્યા મૈનાનો ગિર્રાજ ગોવાળ. જરૂર શિરસ્તેદારની ગાયને ચરાવવાની વાત હોવી જોઈએ.

"અરે, તો રાતના કેમ જાય છે ?" મૌનીએ કહ્યું. "લે ચાલ, ચલમ તો પીતો જા."

એ આકર્ષણે એને રોકી દીધો, ગિર્રાજ બેસી ગયો. ગદલે બીજો રોટલો ઉપાડ્યો. બટકું મોંમાં નાખ્યું.

"તેં સાંભળ્યું ?" ગિર્રાજે કહ્યું ને દમ લીધો.

"શું ?" મૌનીએ પૂછ્યું.

"ગદલનો દિયર ડોડી મરી ગયો."

ગદલનું ખાવાનું અટકી ગયું. જલદી જલદી પાણીને કોગળે બટકું ગળે ઉતાર્યું ને સાંભળવા લાગી. એનું કાળજું મોંમાં આવવા લાગ્યું.

"કેમ કરતાં મરી ગયો ?" મૌનીએ પૂછ્યું. "એ તો સાજોસારો હતો."

"શરદી લાગી ગઈ. રાતના ઉઘાડો રહી ગયો હતો."

ગદલ બારણામાં દેખાઈ. બોલી : "ગિર્રાજ !"

"કાકી," ગિર્રાજે કહ્યું. "સાચી વાત છે. મરતી વખતે એના મોમાંથી તમારું જ નામ નીકળતું'તું કાકી. બિચારો ઘણો ભલો માણસ હતો."

ગદલ સ્તબ્ધ બનીને ઊભી રહી.

ગિર્રાજ ચાલ્યો ગયો.

ગદલે કહ્યું : "સાંભળો છો ?"

"શું છે, અલી ?"

"હું જરા જઈ આવું."

"ક્યાં ?" મૌની ગભરાઈ ગયો.

"ત્યાં જ."

"કેમ ?"

"દિયર મરી ગયો છે ના ?"

"દિયર ? હવે તો એ તારો દિયર ક્યાં છે ?"

## 6

ગદલ હસી, ખડખડાટ હસી : "દિયર તો એ મારા આવતા જનમમાં પણ રહેવાનો. એણે મારા ઉપર ગુસ્સો કર્યો હોત તો આ પગ કપાયા વિના હું શું એ ડેલીમાંથી બહાર નીકળી શકી હોત ? એણે મારામાંથી મન ફેરવી લીધું, મેં એનામાંથી. મેં એની સાથે આવો બદલો લીધો."

કહેતાં કહેતાં એ કઠોર બની ગઈ.

"તું નહિ જઈ શકે," મૌનીએ કહ્યું.

"કેમ ?" ગદલે કહ્યું. "તું રોકીશ ? અરે, મારા પોતાના પેટના જણ્યાં મને રોકી નહોતાં શક્યાં. હવે શું છે ? જેનું હું નીચાજોણું કરવા માગતી હતી એ પોતે જ હવે રહ્યો નથી, ને મને રોકવાવાળો તું કોણ છે ? મારા મનથી આવી'તી. રહું પણ ને ન પણ રહું. ને શું તેં મને વેચાણ લીધી છે ? આટલું બોલ્યો તો છે. પણ જો મારા એ ઘરમાં તું હોત તો હું તારી જીભ ખેંચાવી લેત."

"અરે, જા, જા."

મૌનીએ હાથ પકડીને એને અંદર ધકેલી દીધી ને બારણા આગળ ખાટલો ઢાળીને, લાંબો થઈને હુક્કો પીવા લાગ્યો.

ગદલ અંદર રોવા મંડી, પણ એટલી ધીમેથી કે એનો સિસકારો સુદ્ધાં મૌની

સાંભળી શકે નહિ. આજ ગદલનું મન વહી રહ્યું હતું.

રાતનો ત્રીજો પહોર વીતી રહ્યો હતો. મૌની નસકોરાં બોલાવતો હતો. ગદલે પૂરું જોર કરીને છાપરીનો ખૂણો ઊંચો કર્યો અને એની નીચેથી સાપણની જેમ સરકીને બીજી બાજુ કૂદી ગઈ.

મૌની રહી રહીને તડપતો હતો. સીધા ગામમાં જઈને હલ્લો કરીને લાઠીના જોર ઉપર ગદલને ઉઠાવી લાવવાની એની હિંમત નહોતી ચાલતી. મન થતું'તું સાલીની ટાંગ તોડી નાખવાનું. દુલ્લોએ મેણું પણ માર્યું હતું કે એની બૈયર ભાગી જઈને એનું નાક કાપી ગઈ છે. લોહીના જેવો ઘૂંટડો ઉતારીને બેઠો હતો. ગુર્જરોએ જ્યારે સાંભળ્યું ત્યારે કહ્યું : "અરે, એ બૂઢડીને માટે ખૂનખરાબી કરાવીશ ? ને હજી સુધી તારી પાસે એણે ખરચ પણ શું કરાવ્યું છે ? બે ટંક જમી ગઈ છે તો તને પણ મોટા મોટા રોટલા ખવડાવીને ગઈ છે !"

મૌનીનો ક્રોધ ભભૂકી ઊઠતો.

ઘોટ્યાનો ગિર્રાજ કહી ગયો હતો.

જ્યારે ગદલ ત્યાં પહોંચી ત્યારે ગામના પટેલ બેઠા હતા. નિહાલે કહ્યું હતું : "ખબરદાર છે ! અંદર પગ નહિ મૂકતી. પાછી કેમ આવી છે ?"

પટેલ ચોંકી પડ્યો હતો. પૂછ્યું : "હવે શું લેવા આવી છે, વહુ ?"

ગદલ બેસી ગઈ. કહ્યું : "જ્યારે નાની હતી ત્યારે મારો દિયર લાઠી લઈને મારા ધણીની સાથે આવ્યો'તો. હું તો એના હાથ જ જોતી રહી ગઈ'તી. થયું'તું મરદ છે, એની છત્તરછાયામાં જીવી જઈશ. તમે કહો પટેલ, મારું માણસ જ્યારે મરી ગયું ત્યારે જો એ પણ મને ન રાખી શક્યો તો મારે કરવું શું ? ને જો હું રહી નહિ તો આ લોકો શું કરી શક્યા ? બે દિવસમાં કાકા ઊઠી ગયા ના ? આવાઓંને સહારે હું રહી હોત તો મારું શું થાત ?"

પટેલે કહ્યું : "પણ તેં દીકરા-દીકરીઓની ઉમ્મર સામું પણ ન જોયું, વહુ !"

"ઠીક છે," ગદલે કહ્યું. "પણ ઉમ્મર દેખું કે આબરૂ, એ કહો ! મારે દિયર જોડે તકરાર હતી. હવે એ પૂરી થઈ ગઈ. આ દીકરો છે. મેં નાતના નિયમની બહારની કંઈ વાત કરી હોય તો મને રોકીને મારા પર દાવો કરો. પંચાયતમાં જવાબ આપીશ. પણ આ દીકરાઓ નાતના મોં ઉપર થૂંકતા'તા ત્યારે તમે ક્યાં ગયા'તા ?"

"એ વળી ક્યારે ?" પટેલે આશ્ચર્યથી પૂછ્યું.

"પટેલ એમ ન કહે તો બીજું કોણ કહે ? મારા વરના કારજમાં પચીસ જ માણસને બોલાવીને વાત ટાળી દીધી'તી !"

"પણ ગાંડી, એ તો સરકારનો કાયદો હતો."

"કાયદો હતો !" ગદલ હસી, "આખી દુનિયામાં કાયદો ચાલે છે, કાં પટેલ ? રોજ રોજ ભેંસને છોડાવીને લઈ અવાય છે. મારા વર પૂરતો જ કાયદો હતો ? એમ કહો મા. દીકરાઓએ વિચાર્યુ હતું, હવે બીજું શું રહ્યું છે ? શા માટે પૈસા બગાડવા ? બાયલા ક્યાંના !"

નિહાલ ગરજ્યો : "બાયલા ? અમે બાયલા ? ને તું સિંહણ ?"

"હા, હું સિંહણ છું," ગદલે જોરથી કહ્યું. "બોલ, તારામાં છે હિંમત ?"

"બોલ," એ પણ બૂમ પાડી ઊઠ્યો.

"જા, તો કાકાના કારજ માટે નાતે નાતે નોતરાં દઈ આવ," ગદલે કહ્યું.

નિહાલ ચમકી ગયો. બોલ્યો : "પોલીસ..."

ગદલે છાતી ઠોકીને કહ્યું, "બેસ ?"

"આ બાયડી બકબક કરે છે," પટેલે કહ્યું. "ગોળી ચાલશે તો ?"

ગદલે કહ્યું : "ધરમને તો ધુરંધરોએ જ ડુબાડી દીધો છે. આખી ગુજરાત આમ જ ડૂબી ગઈ. હવે કોઈનો આસરો રહ્યો નથી. બધા નમાલા જ ભેગા થયા છે."

પછી અચાનક બોલી : "હું કરું ગોઠવણ ?"

"તું ?" નિહાલે કહ્યું.

"હા, હું." ને એની આંખોમાં પાણી ભરાઈ આવ્યાં. કહ્યું : "એ મરતી વખતે મારું નામ લેતો ગયો છે ના ? તો એની ગોઠવણ હું જ કરીશ."

મૌનીએ આ બધું આશ્ચર્યથી સાંભળ્યું હતું. ગિર્રાજે જ જણાવ્યું હતું કે કારજની જોરદાર તૈયારી થઈ ગઈ છે. ગદલે દારોગાને લાંચ આપી છે. દારોગો ત્યાં જશે જ નહિ. ગદલ મોટો ભપકો કરવાની છે. લોકો કહે છે કે એનો વર મરી ગયો ત્યારે એને આજે થાય છે તેટલું દુઃખ નહોતું થયું.

ગિર્રાજ તો ચાલ્યો ગયો હતો પણ મૌનીમાં ઝેર રેડી ગયો હતો. એણે ઊઠતાં ઊઠતાં કહ્યું, "તો ગદલ, જો તારા મનનું ધાર્યું થવા દઉં તો ગોલીનો હું મૌની નહીં. દારોગાનું મોં બંધ ભલે કરી દે, પણ એની પણ ઉપર એક દરબાર છે, કસબાના મોટા દારોગા આગળ હું ફરિયાદ કરીશ."

## 7

કારજ ચાલુ હતું. પંગત બેસતી, જમતી, ઊઠતી જતી હતી અને તવામાંથી પૂડા ઊતરતા રહેતા હતા.

બહારના ભાગમાં પુરુષો વ્યવસ્થા જાળવતા હતા અને જમાડતા હતા. લડાઈના વખતમાં નિહાલે ને નારાયણે મોંઘા અનાજ વેંચીને નોટોની ચાંદી

બનાવીને ઘડાઓમાં ભરી રાખી હતી એ વેચાઈ ગઈ હતી અને શાહુકારનું કરજ ચડ્યું. પણ લોકો કહેતા હતા : "ગદલની જ હિંમત હતી. દીકરાઓ તો હારી બેઠા'તા. કાયદો શું નાતથી ઉપર છે ?"

ગદલ થાકી ગઈ હતી. સ્ત્રીઓમાં બેઠી હતી. અચાનક બારણામાંથી સિપાહી જેવું કોઈક દેખાયું. બહાર આવી ગઈ. માથું નમાવીને નિહાલ ઊભો હતો.

"શું વાત છે, દીવાનજી ?" ગદલે આગળ આવીને પૂછ્યું.

સ્ત્રી આગળ આવીને પૂછે છે એ જોઈ દીવાન ચમકી ગયો.

નિહાલે કહ્યું : "કહે છે કે કારજ અટકાવી દો."

"એ શા માટે ?" ગદલ ચોંકી ગઈ.

"દારોગાજીએ કહ્યું છે," દીવાને નમ્રતાથી ઉત્તર આપ્યો.

"કાં ? એમને પૂછીને તો આ બધું થઈ રહ્યું છે." એનો સ્પષ્ટ અર્થ એ હતો કે લાંચ અપાઈ ગઈ છે.

દીવાને કહ્યું : "જાણું છું, દારોગાજી તો હળવાભળવામાં માને છે. પણ કોઈકે મોટા દારોગાજી પાસે ફરિયાદ પહોંચાડી છે. દારોગાજીએ આવવું જ પડશે. એટલે એમણે કહેવડાવ્યું છે કે ભીડ ઓછી કરી નાખો, નહિતર કાયદેસર કામ ચલાવવું પડશે."

પળવાર ગદલ વિચારમાં પડી ગઈ. કોણ હશે એ ? સમજાયું નહિ. બોલી : "દારોગાજીએ પહેલાં આ બધું વિચાર્યું નહોતું, કે હવે નાતને વિખેરી દઉં ? દીવાનજી, તમે બેસીને થાળી પિરસાવી લ્યો. જે થશે એ જોયું જશે. અમે ખબર મોકલી દેશું. દારોગાજી આવે છે શા માટે ? એ તો રાજા છે."

દીવાનજીએ કહ્યું : "સરકારી નોકરી છે. ચાલી જાય નહિ ? એમણે તો આવવું જ પડશે."

"તો આવવા દો," ગદલે વાગે એવા અવાજે કહ્યું. "માણસનું વચન એક વાર જ નીકળે છે. અમે નાતને નહિ ઉઠાડી મૂકીએ."

નારાયણ ગભરાયો. દીવાનજીએ કહ્યું : "બધાંને પકડી જશે, સમજ્યાં ? રાજની સામે થવાની કોશિશ કરો માં."

"અરે, તો રાજ શું નાતથી ઉપર છે ?" ગદલે ચિડાઈને કહ્યું. "રાજની પાછળ તો આજ સુધી પિસાયાં છીએ, પણ રાજને ખાતર ધરમ નહિ છોડીએ. સાંભળો, તમે જો અમારો ધરમ છીનવી લેશો તો અમારે જીવવું હરામ છે."

ગદલ ધબ ધબ કરતી ચાલી ગઈ. 'બીજી ત્રણ પંગત ઊઠી ગઈ. હવે છેલ્લી પંગત બેઠી હતી.' નિહાલે અંધારામાં જોઈને કહ્યું : "નારાયણ, જલદી કરો. એક જ પંગત બાકી છે ના ?"

ગદલે નિહાલને છાપરાની આડાશમાંથી બોલાવ્યો : "નિહાલ !"

નિહાલ તેની પાસે ગયો.

"ડરે છે ?"

સૂકા હોઠ ઉપર જીભ ફેરવીને એણે કહ્યું : "ના".

"મારી કૂખની લાજ જાળવવાની છે તારે," ગદલે કહ્યું. "તને દીકરો સમજીને તારો કાકો ફરીવાર પરણ્યો નહોતો. યાદ રાખજે, એનું બીજું કોઈ નથી."

નિહાલે માથું ઝુકાવી દીધું.

દોડતો દોડતો એક છોકરો આવ્યો.

"દાદી ?" એણે બૂમ મારી.

"શું છે રે ?" ગદલે સાશંક બનીને જોયું.

"પોલીસ હથિયાર લઈને આવી રહી છે."

નિહાલે ગદલ તરફ રહસ્યભરી નજરથી જોયું.

ગદલે કહ્યું : "પંગત ઊઠવામાં ઝાઝી વાર નથી."

"પણ એ લોકો શેના માનશે ?"

"એમને રોકવા જોઈશે."

"એમની પાસે બંદૂક છે."

"બંદૂકો તો આપણી પાસે પણ છે, નિહાલ." ગદલે કહ્યું. "જંગલમાં બંદૂકોની ક્યાં કમી છે."

"પણ પછી આપણે ખાઈશું શું ?"

"જે ભગવાન આપશે એ."

બહાર પોલીસની મોટરનું ભૂંગળું વાગ્યું. નિહાલ આગળ ગયો. દારોગાએ ઊતરીને કહ્યું : "અહીં જમણવાર ચાલે છે ?"

નિહાલ ચમકીને ઊભો રહી ગયો. જે માણસે લાંચ લીધી છે એ અત્યારે ઓળખતો નથી !

"હા, ચાલે છે," એણે ક્રોધભર્યા અવાજે કહ્યું.

"પચ્ચીસ માણસોથી વધારે છે ?"

"અમે ગણીને ખવડાવતા નથી, દારોગાજી."

"પણ તમે કાયદો તો તોડી શકો નહિ ને ?"

"કાયદો રાજનો છે. ગઈ કાલનો છે. પણ નાતનો કાયદો તો હમેશનો છે. અમારે રાજ લેવું નથી, નાતની સાથે કામ પાડવું છે."

"તો હું ધરપકડ કરીશ."

ગદલે બૂમ પાડી : "નિહાલ !"

નિહાલ અંદર ગયો.

ગદલે કહ્યું : "પંગત પૂરી જમી ન રહે ત્યાં સુધી આ લોકોને રોકવા જ પડશે."

"પછી ?"

"પછી બધાંને પાછળથી બહાર મોકલી દેશું. જો કોઈ પકડાઈ જાય તો નાત શું કહે ?"

"પણ આ લોકો એમ રોકાશે નહિ, ગોળી ચલાવશે."

"તું ડર માં. છત ઉપર નારાયણ ચાર માણસો સાથે બંદૂક લઈને બેઠો છે."

નિહાલ કંપી ઊઠ્યો. એણે ગભરાયેલા સ્વરમાં સમજાવવાની કોશિશ કરી : "આપણી તો ટોટીવાળી બંદૂકો છે. એ લોકોની તો રાઇફલો છે."

"ગમે તે હોય. પંગત ઊતરી જવી જોઈએ."

"ને પછી ?"

"તમે બધાં ભાગી જજો."

ઓચિંતો દીવો હોલવાઈ ગયો.

ધાંય ધાંય કરતો અવાજ આવ્યો. અંધારામાં ગોળીઓ ચાલવા લાગી.

ગદલે બૂમ પાડીને કહ્યું : "સોગંદ છે તમને; ખાઈને ઊઠજો."

પણ સહુને જલદી કરવાની ચિંતા હતી.

બહાર ધાંય ધાંય થઈ રહ્યું હતું. કોઈ ચિત્કાર કરતું પડ્યું.

પંગત પાછળથી ભાગવા લાગી.

જ્યારે બધાં ચાલ્યાં ગયાં ત્યારે ગદલે ઉપર ચડી. નિહાલને કહ્યું : "દીકરા !"

એના અવાજની અખંડ મમતા સાંભળીને એ બધી ધમાલમાં પણ નિહાલનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં. એ જવાબ આપે એ પહેલાં જ ગદલે કહ્યું : "તને મારી કૂખના સોગન છે. નારાયણને અને વહુ-છોકરાંને લઈને પાછળથી નીકળી જા."

"ને તું ?"

"મારી ફિકર છોડી દે. હું જોઈ રહી છું કે તારો કાકો મને બોલાવી રહ્યો છે."

નિહાલે ચર્ચા કરી નહિ. ગદલે એક બંદૂકવાળા પાસેથી ભરેલી બંદૂક લઈને કહ્યું, "ચાલો, જાઓ, બધાં નીકળી જાઓ."

સંતાનોના મોહમાં જકડાયેલા યુવાનોને આપત્તિએ અંધકારમાં વિલીન કરી દીધા.

ગદલે ઘોડો દાબ્યો. ચિત્કાર કરીને કોઈક ગબડ્યું. એ હસી. એ અંધકારમાં વિકરાળ હાસ્ય ગૂંજી ઊઠ્યું.

દારોગાએ સાંભળ્યું. તે ચોંક્યો. સ્ત્રી છે ! મરદો ક્યાં ગયા ? એના થોડાક સિપાહીઓએ પાછળથી ઘેરો ઘાલ્યો અને ઉપર ચડી ગયા. ગોળી ચલાવી ગદલના પેટમાં લાગી.

## 8

યુદ્ધ સમાપ્ત થઈ ગયું હતું. ગદલ લોહીથી રંગાઈને પડી હતી. પોલીસના જવાનો એકઠા થઈ ગયા.

દારોગાએ પૂછ્યું : 'અહીં તો કોઈ નથી ના ?"

"હજૂર" એક સિપાહીએ કહ્યું. "આ સ્ત્રી છે."

દારોગો આગળ ધસી આવ્યો, તેણે જોયું અને પૂછ્યું : "તું કોણ છે ?"

ગદલ હસી અને ધીરેથી બોલી : "કારજ પતી ગયું દારોગાજી, આત્માને શાંતિ મળી ગઈ."

દારોગાએ ચિડાઈને પૂછ્યું : "પણ તું કોણ છે ?"

ગદલે હજી પણ વધારે ક્ષીણ સ્વરમાં કહ્યું : "જે એક દિવસ પણ એકલો ન રહી શક્યો, એની જ છું."

ને માથું ઢળી પડ્યું. પહેલાં બૂઝી ગયેલા દીવાને અંધારામાં સળગાવીને હવે બહાર લાવવામાં આવ્યો ત્યારે તેમાં જેવું અજવાળું ઝળકી રહ્યું હતું તેવું જ હાસ્ય તેના હોઠ ઉપર ઝળકી રહ્યું હતું.

# ત્રીજા સોગંદ

## ફણીશ્વરનાથ 'રેણુ

હીરામન ગાડાવાળાની પીઠમાં ગલીપચી થાય છે...

છેલ્લાં વીસ વરસથી હીરામન ગાડું ચલાવે છે–બળદગાડું. સરહદની પેલે પારના નેપાળ રાજ્યના મોરંગ ગામથી અનાજ અને લાકડાં લઈ આવ્યો છે. કંટ્રોલના જમાનામાં ચોરબજારનો માલ આ પારથી પેલે પાર પહોંચાડી ચૂક્યો છે. પણ છતાં કદીયે પીઠમાં આવી ગલીપચી થઈ નથી......

કંટ્રોલનો જમાનો ! હીરામન એ જમાનાને કદીયે ભૂલી શકે કે ? એક વાર સિમેન્ટ ને કપડાંની ગાંસડીઓથી ભરેલા ગાડાની જોગબનીથી વિરાટનગર સુધીની ચાર ખેપ કર્યા બાદ હીરામનનું કાળજું પાકું ધીટ થઈ ગયું હતું. ફારબસગંજનો દરેક ચોર વેપારી એને જબરા ગાડાવાળા તરીકે ઓળખતો. મોટી પેઢીવાળા મોટા શેઠ જીખદુ પોતાની ભાષામાં એના બળદોનાં વખાણ કરતા.....

પાંચમી વાર ગાડું પકડાઈ ગયું, સીમાની આ બાજુની તળેટીના પ્રદેશમાં.

વેપારીનો મુનીમ એના જ ગાડામાં ગાંસડીઓની વચમાં બરોબર લપાઈ-છુપાઈને બેસી ગયો હતો. દારોગાસાહેબની દોઢ હાથ લાંબી ચોરબત્તીનો પ્રકાશ કેટલો જોરદાર હોય છે તે હીરામન જાણે છે. એનું તેજ એક પળવાર પણ જો આંખો ઉપર પડે તો માણસ એક કલાક માટે આંધળો બની જાય. એ તેજની સાથે કડકડતો અવાજ પણ આવે : એ ગાડું રોકો. સાલાઓ, ગોળી મારી દઈશ.

વીસે ગાડાંઓ ધડામ કરતાંક ને એકીસાથે ઊભાં રહી ગયાં. હીરામને પહેલાં જ કહ્યું હતું : આ વીસે ઝેરના વેલાઓ છે. એના ગાડામાં છુપાઈ રહેલા મુનીમજી ઉપર અજવાળું પાથરતાં દારોગાસાહેબ પિશાચી હાસ્ય હસ્યા : "હા... હા... હા... મુંડીમજી ... હી ... હી ... હી ... એય, સાલા ગાડાવાળા, મોં શું જોઈ રહ્યો છે રે... એ... એ ... ? કામળો હઠાવ આ ગુણીના મોં પરથી !" હાથમાંની નાની લાકડીથી મુનીમજીના પેટમાં ગોદો મારતાં મારતાં એણે કહ્યું હતું. "આ ગુણીના, સાલ્લા....."

ઘણાં જૂનાં વેરઝેર હશે દારોગાસાહેબ અને મુનીમજી વચ્ચે. નહિ તો આટલા બધા રૂપિયા આપવાનું કહ્યા છતાં પણ પોલીસ દારોગાનું મન ન ડોલે કાંઈ ? ચાર

હજાર તો ગાડામાં બેઠાં બેઠાં જ આપતો હતો. દારોગાએ બીજીવાર લાઠીથી ગોદો માર્યો. પાંચ હજાર ! ફરીથી ગોદો. "પહેલાં ઊતરો."

મુનીમને ગાડીમાંથી ઉતારીને દારોગાએ એની આંખો પર પ્રકાશ નાખ્યો. પછી બે સિપાહીઓની સાથે રસ્તાથી વીસપચ્ચીસ વાર છેટે ઝાડીની પાસે લઈ ગયો. ગાડાવાળાઓ અને ગાડાંઓ પર પાંચ પાંચ બંદૂકધારી સિપાહીઓનો પહેરો .... હીરામન સમજી ગયો, આ વખતે બચવાના નથી. જેલ ! હીરામનને જેલનો ડર નથી. પણ એના બળદ ! ખબર નથી કેટલા દિવસ સુધી ચારાપાણી વિના સરકારી કબજામાં પડ્યા રહેશે-ભૂખ્યા ને તરસ્યા ! પછી લિલામ થઈ જશે. ભાઈને ને ભાભીને પોતે કદી મોં નહિ બતાવી શકે ... એના કાનમાં લિલામના બોલ ગાજવા લાગ્યા : એક .... બે .... ત્રણ .... દારોગા અને મુનીમની વચ્ચે કદાચ સોદો પતતો નહોતો.

હીરામનના ગાડા પાસે બેસાડેલા સિપાહીએ પોતાની બોલીમાં બીજા સિપાહીને ધીરા અવાજે પૂછ્યું : "શું છે, 'લ્યા ? મામલો પતે એમ છે કે નહિ ?" પછી ખાવાની તમાકુ આપવાને બહાને સિપાહીની પાસે એ ચાલી ગયો ....

એક ... બે ... ત્રણ .... વચમાં ત્રણચાર ગાડાંઓની આડ હતી. હીરામને નક્કી કરી લીધું. એણે ધીમેથી પોતાના બળદોની રાસ ખોલી નાખી. ગાડા પર બેઠાં બેઠાં જ બન્નેને જોડીમાં બાંધી દીધા. એ શું કરવા માગતો હતો એ બળદ સમજી ગયા. હીરામન ઊતર્યો. જોડેલા ગાડાને વાંસનો આધાર દઈને બળદોની ખાંધને છૂટી કરી નાખી. બન્નેના કાન પાસે ગલીપચી કરીને, મનમાં ને મનમાં બોલ્યો : "ચાલો ભાઈ, જાન બચશે તો આવાં ગાડાં તો ઘણાં મળી રહેશે ... એક ... બે નવ દો ગ્યારા ..."

ગાડાંઓની આડમાં સડકના છેડા પર દૂર સુધી ગીચ ઝાડી ફેલાયેલી હતી. દમ ભીડીને ત્રણે પ્રાણીઓએ ઝાડી પાર કરી દીધી. મુશ્કેલી કે ઘોંઘાટ વિના. પછી એક-બે એક-બે કરતાં રેવાલ ચાલમાં ચાલ્યા બન્ને બળદ છાતીમાં શ્વાસ ભરીને. પછી તળેટીના ગીચ જંગલોમાં ઘૂસી ગયા. રસ્તો સૂંઘતાં સૂંઘતાં, નદીનાળાં પાર કરતાં કરતાં, પૂછડાં ઊંચા કરીને ભાગ્યા ને એમની પાછળ પાછળ હીરામન. આખી રાત ત્રણે જણા ભાગતા રહ્યા હતા.

ઘેર પહોંચીને બે દિવસ સુધી હીરામન બેભાન પડી રહ્યો. ભાનમાં આવ્યો તે સાથે જ તેણે કાન પકડીને સોગંદ ખાધા હતા : હવે કદીયે આવી ચીજો ગાડામાં નહિ લાદું. ચોરબજારનો માલ ? તોબા તોબા !... મુનિમજીનું શું થયું એની ખબર પડી નહિ. ભગવાનને ખબર એના ગાડાનું શું થયું ? અસલી પોલાદ એમાં વપરાયું હતું. અને બેય તો નહિ પણ એક પૈડું તો એકદમ નવું હતું. ગાડામાં રંગીન દોરાની ઝાલર ખૂબ જ જતનથી ગૂંથી હતી.

બે સોગંદ ખાધા છે એણે : એક, ચોરબજારનો માલ નહિ લાદવાના; બીજા, વાંસ બાબતના. પોતાનું ગાડું ભાડે રાખનાર દરેક ઘરાકને એ પહેલેથી પૂછી લે છે : "ચોરીચપાટીવાળી ચીજ તો નથી ના ? અને વાંસ ? વાંસ ભરવાને માટે કોઈ પચાસ રૂપિયા પણ દે તો પણ હીરામનનું ગાડું નહીં મળે, બીજાનું ગાડું કરી લે.

વાંસથી ભરેલું ગાડું ! ગાડાથી ચાર હાથ આગળ એનો આગલો બાગ બહાર નીકળે ને ચાર હાથ પાછળ એનો પાછલો ભાગ. ગાડું હંમેશાં કાબૂ બહાર રહે. એ બેકાબૂ બોજો ભરેલું ગાડું ને ખરૈહિયા શહેરવાળી વાત. વાંસના આગલા ભાગને પકડીને ચાલનારો મોટી મોટી મૂછવાળો ગાડું ભાડે લેનાર શેઠનો નોકર છોકરીઓની નિશાળ તરફ જોવા લાગ્યો. બસ, વળાંક ઉપર ઘોડાગાડી સાથે ભટકાઈ ગયો હીરામન બળદની લગામ ખેંચે ન ખેંચે એટલામાં તો ઘોડાગાડીનો ઉપરનો ભાગ વાંસના આગલા બાગમાં ફસાઈ ગયો. ઘોડાગાડીવાળાએ તડાતડ ચાબૂક મારતાં મારતાં ગાળો દીધી હતી.

વાંસ ભરવાનું જ નહિ. હીરામને ખૈરહિયાં શહેરનો માલ ભરવાનું પણ છોડી દીધું હતું. અને પછી જ્યારે ફારબસગંજથી મોરંગનું ભાડું લેવું શરૂ કર્યું ત્યારે ગાડું જ ખલાસ થઈ ગયું ....... કેટલાંય વર્ષો સુધી હીરામને બળદોને અર્ધી ભાગીદારીમાં જોડ્યા. અર્ધું ભાડું ગાડાવાળાનું ને અર્ધું બળદવાળાનું. હાય રે ! ગાડું ચલાવવાનું કામ મફત કરવાનું. અર્ધા ભાગની કમાણીમાંથી બળદનાં પેટ પણ નહોતાં ભરાતાં. ગયા વરસથી એણે પોતાનું ગાડું બનાવ્યું હતું.

દેવીમાતા ભલું કરે એ સરકસના વાઘનું ! ગયા વરસે આ જ મેળામાં વાઘગાડા ખેંચવાવાળા બન્ને ઘોડા મરી ગયા. ચમ્પાનગરથી મેળો જ્યારે ફારબસગંજ જવાનો હતો ત્યારે સરકસ કંપનીના મેનેજરે ગાડાંવાળાઓના લત્તામાં જાહેરાત કરતાં કહ્યું : "સો રૂપિયા ભાડું મળશે." એકબે ગાડાંવાળા તૈયાર થઈ ગયા. પણ એમના બળદો તો વાઘગાડીથી દસ હાથ દૂરથી જ 'બાં ...આ...' કરી ભયથી ભાંભરવા લાગ્યા. દોરડું તોડીને ભાગ્યા. હીરામને પોતાના બળદોની પીઠ પસવારતાં કહ્યું : "જુઓ ભાઈ, આવો મોકો પાછો હાથમાં નહીં આવે. મોકો છે તો આપણું પોતાનું ગાડું થઈ જશે. નહિ તો પછી અર્ધી ભાગીદારી .... અરે, પિંજરામાં પુરાયેલા વાઘથી શું બીવાનું ? મોરંગની તળેટીમાં ગર્જના કરતા વાઘોને તો તમે જોઈ ચૂક્યા છો. ને પાછો તમારી પીઠ ઉપર હું તો છું જ...."

ગાડાવાળાઓની મંડળીમાં એકીસાથે પટાપટ કરતી તાળીઓ ગાજી ઊઠી. બધાની લાજ હીરામનના બળદોએ રાખી લીધી. ઝટ દઈને આગળ ધસી ગયા ને વાઘગાડીમાં જોડાઈ ગયા. હીરામને બે દિવસ સુધી નાક ઉપરથી કપડાનો પાટો છોડ્યો નહોતો. મોટી પેઢીના મોટા શેઠજીની જેમ નાક ઉપર બંધન લગાવ્યા સિવાય વાઘની ગંધ કોઈ પણ જીરવી શકે નહિ.

વાઘગાડીની ગાડીવાની હીરામને કરી છે તો પણ કદી આવી ગલીપચી એની પીઠમાં થઈ નથી. આજે રહી રહીને એના ગાડામાં ચંપાનું ફૂલ મહેકી ઊઠે છે. પીઠમાં ગલીપચી થાય છે ત્યારે એ અંગોછાથી પીઠને ઝાપટી લે છે.

હીરામનને લાગે છે કે બે વરસથી ચંપાનગરના મેળાવાળાં ભગવતી માતા એના પર પ્રસન્ન છે. ગયે વરસે વાઘગાડી જોડી દીધી. રોકડા એક સો રૂપિયા મળ્યા તે ઉપરાંત ચાપાણી, નાસ્તો અને આખે રસ્તે રીંછ-વાંદરાનો અને જોકરનો તમાશો મફતમાં જોવા મળ્યો તે વધારાનો.

ને આ વખતે વળી આ બાઈનું ભાડું મળ્યું. બાયડી છે કે ચંપાનું ફૂલ ? જ્યારથી ગાડામાં બેઠી છે ત્યારથી ગાડું મઘ મઘ મઘમઘે છે.

કાચી સડકના એક નાના એવા ખાડામાં ગાડાનું જમણું પૈડું જરા ઓચિંતાનું હડદોલો ખાઈ ગયું. હીરામનના ગાડાની અંદરથી એક નાનો એવો સિસકારાનો અવાજ આવ્યો. હીરામને જમણી બાજુના બળદને ડંડૂકાથી ફટકારતાં કહ્યું : "શું સમજે છે તું ? અનાજના કોથળા ભર્યા છે આમાં શું ?"

"અરે, માર મા."

ન દેખાતી સ્ત્રીના અવાજે હીરામનને અચંબામાં નાખી દીધો. બચ્ચાંઓની જેવી કોમળ અને કાચના ખણખણાટ જેવી મધુર બોલી !

મથુરામોહન નૌટંકી* કંપનીમાં લયલા બનનારી હીરાબાઈનું નામ કોણે નહિ સાંભળ્યું હોય, ભલા ? પણ હીરામનની વાત જુદી છે. એણે સાત વરસથી લગાતાર મેળામાં લઈ જવાનો માલ ગાડામાં ઊંચક્યો છે, પણ કદીયે નૌટંકીનું થિયેટર કે બાયસ્કોપ–સિનેમાં જોયાં નથી. લયલા કે હીરાબાઈનું નામ પણ એણે કદી સાંભળ્યું નથી પછી જોવાની તો વાત જ ક્યાં રહી ? એટલે મેળો પૂરો થાય તેના પંદર દિવસ પહેલાં અર્ધી રાતને વખતે કાળી સાડીમાં લપેટાયેલી બાઈને જોઈને એના મનમાં ખટકો તો જરૂર પેદા થયો હતો. માલ ચડાવનાર-ઉતારનાર માણસે ગાડાના ભાડા સંબંધી ભાવતાલ કરવાની કોશિશ કરી તો સાડીવાળીએ માથું હલાવીને એને મનાઈ કરી દીધી. હીરામને ગાડું જોડતાં જોડતાં નોકરને પૂછ્યું : "કેમ ભાઈ, કોઈ ચોરી-ચપાટીનો માલબાલ તો નથી ના ?" હીરામનને પાછું અચરજ થયું, માલ ચડાવનાર-ઉતારનાર માણસે હાથનો ઇશારો કરી ગાડું હંકારવાનું કહ્યું, ને પોતે અંધારામાં ગાયબ થઈ ગયો. હીરામનને મેળામાં તમાકુ વેચવાવાળી બુઢ્ઢીની કાળી સાડી એ વખતે યાદ આવી ગઈ.

આવામાં કોઈ ગાડું શા માટે હાંકે ?

---

* નૌટંકી : લોકનાટ્યનો એક પ્રકાર છે – બિહાર બાજુ.

એક તો પીઠમાં ગલીપચી થયા કરે છે; બીજું, રહી રહીને એના ગાડામાં ચંપાનું ફૂલ ખીલી ઊઠે છે; બળદને ખીજાઓ તો એની પાસિન્જર છૂછા કરી રહે છે... એની પાસિન્જર ? એકલી બાઈ છે, તમાકુ વેચવાવાળી બુઢ્ઢી નથી. અવાજ સાંભળ્યા પછી એ વારેઘડીએ ફરીફરીને ગાડાની અંદરના ભાગમાં નજર નાખી લે છે ને અંગોછાથી પીઠ ઝાપટે છે. ભગવાન જાણે આ વખતે વળી એના નસીબમાં શું લખ્યું હશે ? ગાડું જ્યારે પૂર્વ તરફ વળ્યું ત્યારે ચાંદાનો એક ટુકડો તેના ગાડામાં ઘૂસી ગયો. પાસિન્જરના નાક ઉપર એક આગિયો ઝગમગી ઊઠ્યો. હીરામનને બધુંય ભેદભરમભરેલું ... અદ્દ્ભુત ... અદ્દ્ભુત લાગી રહ્યું છે. સામે ચંપાનગરથી સિંધિયા ગામ સુધી ફેલાયેલું મેદાન પડ્યું છે.

... ક્યાંક ડાકણ-પિશાચણી તો નહિ હોય ?

હીરામનની પાસિન્જરે પડખું બદલ્યું. ચાંદની આખા મોં પર પડી તો હીરામન ચીસ પાડતો પાડતો રહી ગયો : “અરે બાપ, આ તો પરી છે !”

પરીની આંખો ઊઘડી ગઈ. હીરામને સામે સડક તરફ મોં ફેરવી લીધું ને બળદને ડચકારવા લાગ્યો. એ જીભને તાળવે લગાડીને ડિચ–ડિચ–ડિચ–ડિચ અવાજ કાઢે છે. કોણજાણે ક્યારની હિરામનની જીભ સુકાઈને લાકડા જેવી થઈ ગઈ હતી.

“ભાઈ, તારું નામ શું છે ?”

હૂબહૂ રણકતો કાચ ! હીરામનનાં રોમેરોમ ગૂંજી ઊઠ્યાં. મોંમાંથી ભાષા નીકળી નહિ. એના બન્ને બળદો પણ કાન ઊભા કરીને બોલીને પારખવા લાગ્યા છે.

“મારું નામ ? ... નામ મારું છે હીરામન.”

એ બાઈ હસે છે એ હસવામાં પણ સુગંધ છે.

“તો તો ભાઈબંધ કહીશ, ભાઈ નહીં. મારું નામ પણ હીરા છે.”

“ધુસ્ સ્ સ્ સ્ સ્ ... ” હીરામનને ખાતરી નથી થતી. ભાયડાના અને બાયડીના નામમાં ફરક રહેતો હોય છે.

“સાચું કહું છું, મારું નામ હીરાબાઈ છે.”

ક્યાં હીરામન અને ક્યાં હીરાબાઈ ? ઘણો ફરક છે.

હીરામને પોતાના બળદોને ટપાર્યા : “કાન ઊંચા કરીને ગપસપ સાંભળ્યે રાખવાથી જ વીસ ગાઉનો રસ્તો કપાશે ? આ ડાબીકોરના બળદિયાના પેટમાં લુચ્ચાઈ ભરી છે.” હીરામને ડાબીકોરના બળદને ધીમેથી ડંડૂકાથી ફટકાર્યો.

“માર માં, ધીરે ધીરે ચાલવા દે. ઉતાવળ કઈ છે ?”

હીરામનની સામે સવાલ આવી ઊભો. શું કહીને એ હીરાબાઈને “ચૂપ” એમ કહી દે ? “તને” કહે કે “આપને ?” એની ભાષામાં મોટાંઓને “આપ” “કહે તો

ચાર સવાલ-જવાબ ચાલે ત્યાં સુધી જ વાતચીત થઈ શકે છે. દિલ ખોલીને વાત તો ગામની બોલીમાં જ થઈ શકે કોઈની પણ સાથે.

આસો-કાર્તિકની સવારોમાં જામી જતી ધુમ્મસની સામે હીરામનને પહેલેથી ચીડ છે. ઘણીવાર એ રસ્તો ભૂલીને ભટકી ચૂક્યો છે. પણ આજની સવારના આ ઘેરા ધુમ્મસમાં પણ એ મસ્ત છે. નદીના કિનારા પરના હર્યાભર્યા ખેતરોમાંથી પવન ધાનની ગંધ લઈ આવે છે. વારપરબને દિવસે ગામમાં આવી જ સુગંધ ફેલાઈ રહેતી હોય છે. એમાં વળી એના ગાડામાં પાછું ચંપાનું ફૂલ ખીલ્યું છે. એ ફૂલમાં એક પરી બેઠી છે ... જે ભગવતી ...

હીરામને આંખના ખૂણેથી જોયું ... એની પાસિન્જર ... મોતી ... હીરાબાઈની આંખો ફરી ફરીને એને જોઈ રહી છે. હીરામનના મનમાં કોઈ અજાણી રાગિણી ગુંજી ઊઠી. આખો દેહ કંપી રહ્યો છે. એણે કહ્યું : "બળદને મારીએ છીએ તો આપને બહુ ખરાબ લાગે છે ?"

હીરાબાઈએ પારખી લીધું હીરામન સાચોસાચ હીરો છે.

ચાલીસ વરસનો આ ઊંચો પૂરો કાળો કાળો ગામડિયો નવજુવાન પોતાના ગાડા અને બળદો સિવાય દુનિયાની બીજી કોઈ વાતમાં ઝાઝો રસ લેતો નથી. ઘરમાં મોટો ભાઈ છે. ખેતી કરે છે. બાળબચ્ચાંવાળો માણસ છે. હીરામન ભાઈ કરતાં યે વધારે ભાભીનું માન રાખે છે. ભાભીથી ડરે પણ છે. હીરામનનું લગન પણ થયું હતું. બચપણમાં જ આણું વળાવે એ પહેલાં જ કન્યા મરી ગઈ. હીરામનને પોતાની વહુનો ચહેરો યાદ નથી ... બીજું લગન ? બીજું લગન ન કરવાનાં અનેક કારણો છે. ભાભીની જીદ છે કે કુંવારી છોડી સાથે જ હીરામનનાં લગન કરાવવાં છે. કુંવારીનો અરથ થયો પાંચસાત વરસની છોકરી. આવી લાગણીના નિયમને કોણ માને છે ? કોઈ પણ છોકરીવાળો જો ગરજમાં આવી પડ્યો હોય તો બીજવરને પોતાની છોકરી આપે. ભાભી એની તો, જે નક્કી કરીને બેઠી છે, તે બેઠી જ છે. ભાભી આગળ ભાઈનું પણ ચાલતું નથી ... હવે હીરામને નક્કી કરી નાખ્યું છે કે લગન નથી કરવાં. બલા વેચાતી લેવા કોણ જાય ? લગન કરે તો પછી કોઈ એને ગાડાં ભાડે ફેરવવા દે કાંઈ ? બીજું બધું ભલે છૂટી જાય, હીરામન ગાડાનો ધંધો છોડી શકે તેમ નથી.

હીરાબાઈએ હીરામન જેવા નિષ્કપટ માણસો બહુ થોડા જોયા છે. હીરામને પૂછ્યું : "આપનું ઘર કયા જિલ્લામાં આવ્યું ?" કાનપુરનું નામ સાંભળ્યું તે ભેળું એને જે હસવું આવ્યું, જે હસવું આવ્યું કે એ સાંભળી એના બળદો ભડકી ઊઠ્યા હસતી વખતે હીરામન માથું નીચું નમાવી દે છે. હસવું બંધ થતાં એણે કહ્યું : "વાહ રે કાનપુર ! તો તો નાકપુર પણ હશે ? ને જ્યારે હીરાબાઈએ કહ્યું કે નાકપુર પણ છે ત્યારે તો હસી હસી બેવડ વળી ગયો.

... વાહ રે દુનિયા ! કેવાં કેવાં નામ હોય છે ! કાનપુર, નાકપુર ... હીરામને હીરાબાઈનાં કાનનાં ફૂલ ધારી ધારીને જોયાં. નાકની નથનીનું નંગ જોઈને ધ્રૂજી ઊઠ્યો. જાણે લોહીનું ટીપું !

હીરામને હીરાબાઈનું નામ ક્યારેય સાંભળ્યું નથી. નાટક કંપનીની સ્ત્રીને એ બાઈજી નથી માનતો ... કંપનીમાં કામ કરવાવાળી સ્ત્રીઓને એ જોઈ ચૂક્યો છે. સરકસ કંપનીની માલિક બાઈ પોતાની બેઉ જુવાન છોકરીઓની સાથે વાઘગાડીની પાસે આવતી હતી, વાઘને ચારોપાણી દેતી હતી, ને ખૂબ પ્યાર પણ કરતી હતી. એની મોટી દીકરીએ હીરામનના બળદોને પણ પાંઉ ને બિસ્કીટ ખવડાવ્યાં હતાં.

હીરામન હોશિયાર છે. ધુમ્મસ વિખેરાતાં જ તેણે પોતાની પછેડીથી પાછલા ભાગમાં પડદો બાંધી દીધો. બસ, બે કલાક. એ પછીનો રસ્તો કાપવો મુશ્કેલ છે. કાર્તિકનો સવારનો તડકો આપ સહન નહિ કરી શકો. કજરી નદીને કિનારે તેગછિયાની પાસે ગાડું બાંધી દેશું, બપોર ગાળીને ...

સામેથી આવતા ગાડાને આઘેથી જ જોઈને એ સાવધ થઈ ગયો. કેડી અને બળદો ઉપર ધ્યાન ચોંટાડીને બેસી ગયો. રસ્તે મળેલા ગાડાવાળાએ પૂછ્યું, “મેળો છૂટ્યો કે શું, ભાઈ ?”

હીરામને જવાબ દીધો : “હું મેળા-બેળાની વાત જાણતો નથી, મારા ગાડામાં તો “બિદાગી” (પિયર કે સાસરે જતી કન્યા) છે.” કોણજાણે ક્યાયે ગામનું નામ હીરામને બતાવી દીધું.

“છતાપુર પચીહા ક્યાં છે ?”

“ગમે ત્યાં હોય. તેની સાથે આપને શી લેવાદેવા ?” હીરામન પોતાની ચતુરાઈ પર હસી પડ્યો. પડદો નાખ્યા પછી પણ પીઠમાં ગલીપચી થાય છે.

હીરામન પડદાના કાણાંમાંથી જુએ છે. હીરાબાઈ દીવાસળીની ડબ્બી જેવડા અરીસામાં પોતાના દાંત જોઈ રહી છે.... મદનપુરના મેળામાં એક વાર હીરામને બળદો માટે સફેદ કોડીઓની માળા ખરીદી હતી – નાની નાની નાજુક નાજુક કોડીઓની હાર !

તેગછિયાનાં ત્રણે ઝાડ દૂરથી જ દેખાઈ આવે છે. હીરામને પડદાને જરાક સરકાવીને કહ્યું : “જુઓ, આજ છે તેગછિયા. બે ઝાડ વડનાં છે, ને એક... એ ફૂલનું નામ શું છે ? આપના કબજા ઉપર જેવું ફૂલ છાપેલું છે ના એવું જ ફૂલ. ખૂબ મહેકે છે. બે ગાઉ આઘે લગણ એની ગંધ આવે છે. એ ફૂલને આથો નાખેલી તમાકુમાં નાખીને લોકો પીએ પણ છે.

“ને પેલી અમરાઈની આડ પાછળ થોડાં મકાન દેખાય છે ત્યાં ગામ છે કે મંદિર ?”

હીરામને બીડી સળગાવતાં પહેલાં પૂછ્યું : "બીડી પીઉં ? આપને વાસ તો નહિ આવે ના ?... એ જ છે નામલગર દોઢી. જે રાજાના મેળામાંથી આપણે આવીએ છીએ ના, એના જમાઈના ગોતરનું છે.... વાહ રે જમાનો !"

હીરામને "વાહ રે જમાનો" કહીને વાતમાં મોણ નાખ્યું. હીરાબાઈએ છજાના પડદાને આડો ખોસી દીધો. હીરાબાઈની દાંતની હાર !

"કયો જમાનો ?" હડપચી ઉપર હાથ રાખીને એણે આગ્રહપૂર્વક પૂછ્યું.

"નામલગર દોઢીનો જમાનો. શું હતું ને શુંમાંથી શું થઈ ગયું ?"

હીરામન વાત જમાવવાની રીત જાણે છે. હીરાબાઈ બોલી : "તેં જોયો'તો એ જમાનો ?"

"જોયો નથી, સાંભળ્યો છે... રાજ કેમ ગયું એની વાત દુઃખ થાય એવી છે. સાંભળ્યું છે કે ઘરમાં દેવતાએ જનમ લીધો. કહો જોઉં, દેવતા તે આખરે દેવતા જ હોય ના ? હોય કે નહિ ? ઇન્દ્રાસન છોડીને મરતલોકમાં જનમ લઈ લે તો એનું તેજ કોઈ પણ કેમ જીરવી શકે ? સૂરજમુખીના ફૂલની જેમ એના માથા પાસે તેજ ખીલી રહેતું. પણ દેખાવનો આ ફેર કોઈએ પિછાણ્યો નહિ. એક વાર લાટસાહેબ લાટણીને લઈને હવાગાડીમાં ત્યાં આવ્યા હતા. લાટસાહેબે પણ ન પિછાણ્યું પણ આખરે લાટણી જાણી ગઈ. સૂરજમુખી તેજ દેખતાં જ એ બોલી ઊઠી : "એય મેન, રાજાસાહેબ, સાંભળો, આ માણસનું બચ્ચું નથી, દેવતા છે."

હીરામને લાટસાહેબની વહુની બોલીની નકલ કરતી વખતે ખૂબ ગોટપીટ ગોટપીટ કર્યું. હીરાબાઈ મન મૂકીને હસી. હસતી વખતે એનો આખો દેહ ડોલી ઊઠ્યો.

હીરાબાઈએ પોતાની સાડી ઠીક કરી. ત્યારે હીરામનને લાગ્યું કે...

"પછી ? એ પછી શું થયું, ભાઈબંધ ?"

"છુછુ...ઉઉ... વાત સાંભળવાનો ખૂબ શોખ છે આપને... પણ કાળો માણસ રાજા શું, મહારાજા થઈ જાય તો પણ રહેવાનો તો કાળો માણસ જ. સાહેબ જેવી અક્કલ ક્યાંથી મેળવવાનો એ ? બધાએ હસીને વાત ઉડાવી દીધી. ત્યારે દેવતા વારેઘડીએ રાણીને સપનાં દેવા લાગ્યો. સેવા કરી નથી શકતાં તમે લોકો તો જવા દો, તમારે ત્યાં નહિ રહું. એ પછી દેવતાનો ખેલ શરૂ થયો. સહુથી પહેલાં દંતૂ-શૂળવાળા બેઉ હાથી મરી ગયા. પછી ઘોડો, પછી પટપટાંગ...."

"પટપટાંગ શું ?"

હીરામનનું મન પળપળમાં બદલાય છે. મનમાં સાત રંગવાળી છત્રી ધીરે ધીરે ખૂલી રહી છે. એને લાગે છે ... એના ગાડામાં દેવકુળની નારી સવારી કરી રહી છે. દેવતા આખરે દેવતા છે.

"પટપટાંગ એટલે ધનદોલત, માલબાલ બધું સાફ ! દેવતા ઇન્દ્રાસનમાં ચાલ્યો ગયો."

હીરાબાઈએ અદશ્ય થતાં જતાં મંદિરના કાંગરા તરફ જોઈને લાંબો શ્વાસ લીધો.

"પણ દેવતાએ જતાં જતાં કહ્યું કે, "આ રાજમાં ક્યારેય એક ઉપર બીજો દીકરો નહિ થાય. ધન હું મારી સાથે લઈ જાઉં છું, ગુણ છોડી જાઉં છું." દેવતાની સાથે બધાં દેવદેવી ચાલ્યાં ગયાં. એકલાં સરસતી મા રહી ગયાં. એનું આ મંદિર છે."

દેશી ઘોડા ઉપર કંતાનનો માલ લાદી આવતા વાણિયાને જોઈને હીરામને પાછો પડદો પાડી દીધો. બળદને લલકારતો એ પરદેશી નાચનું વંદનાનું ગીત ગાવા લાગ્યો : "જે મૈયા સરસતી, અરજ કરું છું વાણી, અમારી રે કરજો સહાઈ, હે મૈયા, અમારી કરજો સહાઈ."

માલથી લાદેલા ઘોડાવાળા વાણિયાને હીરામને હોંશથી પૂછ્યું : "શું ભાવે કંતાન ખરીદો છો, શેઠ ?"

લંગડા ઘોડાવાળા વાણિયાએ મન વિનાનો જવાબ આપ્યો : "નીચેનો ભાવ સત્તાવીસ-અઠ્ઠાવીસનો, ઉપરનો ત્રીસનો, જેવો માલ તેવો ભાવ."

જુવાન વાણિયાએ પૂછ્યું : "મેળાની શી ખબર છે, ભાઈ ? કઈ નાટક કંપનીનો ખેલ ચાલે છે ? રૌતા કંપનીનો કે મથુરા મોહનનો ?"

"મેળાની વાત મેળાવાળા જાણે." હીરામને પાછું છતાપુર-પચીહાનું નામ લીધું.

સૂરજ બે વાંસ માથે આવી ગયો હતો. હીરામન પોતાના બળદો સાથે વાત કરવા લાગ્યો : "એક ગાઉ જમીન બાકી છે હજી. જરા દમ ભીડીને ચાલો. તરસ લાગી છે ના ? યાદ છે ઓલી વખત તેગછિયા પાસે સરકસ કંપનીના જોકર અને વાંદરાનો નાચ કરાવવાવાળા સાહેબ વચ્ચે ઝઘડો થઈ ગયો'તો એ ? જોકરીઓ બરોબર વાંદરાની જેમ દાંત કચકચાવીને હૂપ હૂપ કરવા મંડ્યો'તો. કોણ જાણે કયા મલકમાંથી માણસો હાલ્યા આવે છે !"

હીરામને પાછું પડદાનાં કાણાંમાંથી જોયું. હીરાબાઈ એક કાગળના ટુકડા પર આંખ ચોંટાડીને બેઠી છે. હીરામનનું મન આજે હળવા સૂરમાં બંધાયેલું છે. એને જાતજાતનાં ગીતો યાદ આવે છે. વીસપચીસ વરસ પહેલાં તો વિદેશીઓ જેવાં લોકનૃત્ય કરતા છોકરાઓ ખેમટા ગઝલો ગાતા હતા. હવે તો વાજામાં ભે...પું...ભોં...પું કરતાં કરતાં લોકો ગીતો ગાય છે. વાહ રે જમાનો ! છોકરાઓના નાચના ગીતની હીરામનને યાદ આવી ગઈ :

**સજનવા વેરી થઈ ગયો અમારો ! સજનવો....**
**અરે ચીઠીઓ હોય તો સહુ કોઈ વાંચે, ચીઠીઓ હોય તો...**
**હાય કરમ રે, હાય કરમવા...**
**કોઈ ના વાંચે અમારી, સજનવા, અરે કરમવા ...**

ગાડાના લાકડા પર આંગળીઓથી તાલ દઈને હીરામને ગીત બંધ કર્યું. નાચ કરવાવાળા મનુડા નટનું મોં હીરાબાઈ જેવું જ હતું. ક્યાં ચાલ્યો ગયો એ જમાનો ? ગામમાં નાચવાવાળા દરેક મહિને આવતા હતા. હીરામન નાચ જોવા જતો એટલા માટે એની ભાભી સાથે કોણજાણે કેટલીયવાર બોલાચાલી થઈ ગઈ હતી. ભાઈએ ઘરમાંથી ચાલ્યા જવાનું પણ કહ્યું હતું.

લાગે છે કે આજે હીરામન પર સરસતીમાની મહેરબાની છે. હીરાબાઈ બોલી : "વાહ ! તું તો કેટલું સરસ ગાય છે !"

હીરામનનું મોં લાલ થઈ ગયું. એ માથું નીચું કરીને હસવા લાગ્યો.

આજે તો તેગછિયામાં વસતા મહાવીરસ્વામીની પણ હીરામન ઉપર મહેરબાની છે. તેગછિયાની નીચે એક પણ ગાડું નથી. અહીં હંમેશાં તો ગાડાંઓની અને ગાડાંવાળાઓની ભીડ લાગી રહેતી હોય છે. માત્ર એક સાઇકલવાળો આળસમાં બેસી રહ્યો છે. મહાવીરસ્વામીનું સ્મરણ કરીને હીરામને ગાડું રોક્યું. હીરાબાઈ પડદો હઠાવવા લાગી, હીરામને પહેલી જ વાર હીરાબાઈ સાથે આંખોથી વાત કરી : "સાઇકલવાળો અહીં જ નજર ચોંટાડીને જોઈ રહ્યો છે."

બળદોને છૂટા કરતાં પહેલાં વાંસનો ટેકો લગાવીને ગાડાને ઊભું રાખ્યું. પછી વારેઘડીએ સાઇકલવાળા તરફ ગુસ્સાથી જોઈ રહેતાં પૂછ્યું : "ક્યાં જવું છે ? મેળામાં ? ક્યાંથી આવવું થયું છે ? બિસનપુરથી ? બસ, આટલા છેટામાં કેમ કરીને થાકી ગયા ? વાહ રે જુવાની !"

સાઇકલવાળો દૂબળોપાતળો જુવાન ન સમજાય એવું કંઈક નાકમાંથી બોલ્યો ને બીડી સળગાવીને ઊભો થઈ ગયો.

હીરામન આખી દુનિયાની આંખથી હીરાબાઈને બચાવી લેવા ઇચ્છતો હતો. એણે ચારે બાજુ નજર દોડાવીને જોઈ લીધુ. ક્યાંય કોઈ ગાડી કે ઘોડો નથી.

કજરી નદીની દૂબળીપાતળી ધારા તેગછિયાની પાસે આવીને પૂર્વ તરફ વળી ગઈ છે. હીરાબાઈ પાણીમાં બેઠેલી ભેંસોને અને તેમની પીઠ પર બેઠેલાં બગલાંઓને જોઈ રહી.

હીરામને કહ્યું : "જાઓ, ઘાટ ઉપર હાથ-મોં ધોઈ આવો."

હીરાબાઈ ગાડામાંથી નીચે ઊતરી. હીરામનનું કાળજું ધડકી ઊઠ્યું. ના, ના, પગ સીધા છે, આડા નથી. પણ તળિયાં આટલાં લાલ કેમ છે ? હીરાબાઈ ઘાટ તરફ ચાલી ગઈ—ગામની વહુદીકરીની જેમ માથું નીચું રાખીને ધીરે ધીરે. કોણ કહે કંપનીની બાઈ છે ? બાઈ નહિ, છોકરી, કદાચ કુંવારી જ છે.

હીરામન વાંસડા પર ટેકાવેલા ગાડામાં બેસી ગયો. એણે અંદર ડોકિયું કરીને જોયું. એક વાર આમતેમ જોઈને હીરાબાઈના તકિયા ઉપર હાથ મૂકી જોયો. પછી

તકિયા ઉપર કોણી મૂકીને ઝૂકી ગયો, ઝૂકતો ગયો. સુગંધ એના શરીરમાં ફરી વળી. તકિયાના ગલેફ ઉપર પડેલાં ફૂલોને આંગળીઓથી અડીને એણે સૂંઘ્યાં. હાય રે હાય, આટલી બધી સુગંધ ! હીરામનને લાગ્યું કે જાણે એકીસાથે ગાંજાની ચારપાંચ ચલમ ફૂંકીને એ ઊઠ્યો છે. હીરાબાઈના નાના અરીસામાં એણે પોતાનું મોં જોયું. એની આંખો આટલી લાલ કેમ છે ?

હીરાબાઈ પાછી આવી ત્યારે એણે હસીને કહ્યું : "હવે આપ ગાડાનો પહેરો કરો. હું તરત પાછો આવું છું."

હીરામને પોતાની મુસાફરીની ઝોળીમાં સાચવીને મૂકેલું ગંજી કાઢ્યું. ઝાપટીને ગમછો ખભે મૂક્યો ને હાથમાં બાલદી લટકાવીને ચાલ્યો. એના બળદોએ વારંવાર હુકહુક કરીને કંઈક કહ્યું. હીરામને જતાં જતાં પાછા વળીને કહ્યું : "હા, હા, બધાંયને તરસ લાગી છે. પાછો આવીને ઘાસ નાખીશ. બદમાશી કરો માં."

બળદોએ કાન હલાવ્યા.

નાહીધોઈને હીરામન ક્યારે આવી પહોંચ્યો એની હીરાબાઈને ખબર ન પડી. કજરીની ધારાને જોતાં જોતાં એની આંખમાં રાતની ભરાઈ રહેલી ઊંઘ ફરી આવી ગઈ હતી. હીરામન પાસેના ગામમાંથી નાસ્તા માટે દહીં, પૌવા અને ખાંડ લઈ આવ્યો તો.

"ઊઠો ! ઊંઘ ઉડાડો. બે મૂઠી નાસ્તો કરી લો."

હીરાબાઈએ આંખ ઉઘાડી ને એ આશ્ચર્યમાં પડી ગઈ. એક હાથમાં માટીના નવા શકોરામાં દહીં અને કેળનાં પાન, બીજા હાથમાં પાણી ભરેલી બાલદી. આંખોમાં આત્મીયતાભર્યો આગ્રહ.

"આટલી બધી ચીજ ક્યાંથી લાવ્યો ?"

"આ ગામનું દહીં વખણાય છે.... ચા તો ફારબસગંજ જઈને જ પીજો."

હીરામનની શરીરની ગલીપચી ભાગી ગઈ. હીરાબાઈએ કહ્યું : "તું પણ પાતળ બિછાવ... કેમ ? તું ન ખાવાનો હોય તો આ બધું સમેટીને તારી ઝોળીમાં મૂકી દે. હું પણ નહિ ખાઉં."

"છિ...છિ...છિ..." હીરામન શરમાઈને બોલ્યો. "ઠીક છે. પહેલાં આપ ખાઈ લો."

"પહેલાં-પછી શું ? તું પણ બેસ."

હીરામનનો જીવ અદ્ધર થઈ ગયો. હીરાબાઈએ પોતાને હાથે એની પાતળ બિછાવી, પાણી છાંટ્યું, દહીં અને પૌવા કાઢી આપ્યાં, હા, હા, ધન્ન છે, ધન્ન છે, ધન્ન છે ! હીરામને જોયું, ભગવતી મા ભોગ આરોગી રહ્યાં છે. લાલ હોઠોની ઉપર ગોરસનો સ્પર્શ...પહાડી પોપટને દૂધભાત ખાતો જોયો છે ?

દિવસ ઢળી ગયો.

ગાડામાં સૂતેલી હીરાબાઈની અને સાદડી પાથરીને જમીન પર સૂતેલા હીરામનની ઊંઘ એકી સાથે ઊડી ગઈ.... મેળા તરફ જવાવાળાં ગાડાંઓ તેગછિયા પાસે રોકાયાં છે. બાળકો કલકલાટ કરી રહ્યાં છે.

હીરામન એકદમ ઊભો થઈ ગયો. ગાડાની અંદર જોઈને ઇશારતથી કહ્યું : "દિવસ ઢળી ગયો છે." ગાડામાં બળદોને જોડતી વખતે એણે બીજાં ગાડાંવાળાઓના સવાલોનો જવાબ વાળ્યો નહિ. ગાડું હંકારતાં બોલ્યો :

"સિરપુર બજારની ઇસ્પિતાલની દાક્તર બાઈ છે. રોગીને જોવા જાય છે પાસેના કુડમા ગામમાં."

હીરાબાઈ છત્તાપુર પચીહાનું નામ ભૂલી ગઈ. ગાડું જ્યારે થોડે દૂર ગયું ત્યારે એણે હસીને પૂછ્યું : "પત્તાપુર-છપીહા ? હા, હા, એ લોકો છત્તાપુર-પચીહાના જ ગાડાવાળાઓ હતા એટલે એમને એનું નામ શેનું આપે તું ? હી...હી...હી..."

હસતી હસતી હીરાબાઈ ગામ તરફ જોવા લાગી.

રસ્તો તેગછિયા ગામની વચ્ચેથી નીકળે છે. ગામનાં છોકરાંઓએ પડદાવાળું ગાડું જોયું ને તાળીઓ વગાડી વગાડીને મોઢે કરેલી લીટીઓ બેવડી કરી કરીને ગાવા લાગ્યાં :

**લાલ લાલ ડોળીમાં, રે,**
**લાલ લાલ વહુબાઈ,**
**પાન...ખાય.......**

હીરામન હસ્યો. વહુબાઈ. લાલ લાલ ડોળી. વહુબાઈ પાન ખાય છે. વરની પાઘડીમાં મોં લૂંછે છે. અરે વહુબાઈ, તેગછિયા ગામનાં છોકરાંઓને યાદ રાખજે. પાછાં ફરતી વખતે ગોળના લાડુ લેતી આવજે. તારો વર લાખ વરસ જીવે ... કેટલા દિવસની હીરામનની હોંશ પૂરી થઈ છે ! આવાં કેટલાં સપનાં જોયાં છે એણે ?... એ પોતાની કન્યાને લઈને પાછો વળી રહ્યો છે. દરેક ગામનાં છોકરા તાળીઓ વગાડીને ગાઈ રહ્યાં છે ! દરેક આંગણામાંથી ડોકાં બહાર કાઢીને બાઈઓ જોઈ રહી છે. ભાઈલોક પૂછે છે ક્યાંની જાન છે ? ક્યાં જવાની છે ? એની કન્યા પાલખીનો પડદો જરાક સરકાવીને જુએ છે...ને બીજાં પણ કેટલાં સપનાં ?...

ગામમાંથી બહાર નીકળીને એણે આંખને ખૂણેથી અંદર જોયું. હીરાબાઈ કંઈક વિચારી રહી છે. હીરામન પણ કંઈક વિચારમાં પડી ગયો. થોડીવાર પછી એ ગણગણવા લાગ્યો.

**સજન રે, જૂઠ ના બોલો, ખુદાની પાસે જાવું છે.**
**નહિ હાથી, નહિ ઘોડા, નહિ ગાડી,**
**પગે ચાલીને જાવું છે... સજન રે...**

હીરાબાઈએ પૂછ્યું : "કેમ ભાઈબંધ ? તારી પોતાની બોલીમાં કોઈ ગીત નથી શું ?"

હીરામન હવે હીરાબાઈની આંખો સાથે આંખો મિલાવીને બેધડક વાત કરે છે. કંપનીની બાઈ પણ આવી હોય ? સરકસ કંપનીની માલિક બાઈ મડમ હતી. પણ હીરાબાઈ ? ગામની બોલીમાં ગીત સાંભળવા માગે છે ! એ મોટેથી હસ્યો : "ગામડાંની બોલી આપ સમજશો ?"

"હં...ઉં...ઉં..." હીરાબાઈએ ગરદન હલાવી. કાનનાં ઝૂમખાં હલી ઊઠ્યાં...

થોડીવાર સુધી હીરામન બળદોને ચૂપચાપ હાંકતો રહ્યો. પછી બોલ્યો : "ગીત સાંભળવું જ છે ? નહિ માનો ?... અરેરે, ગામડાંનાં ગીત સાંભળવાનો આટલો શોખ છે ? તો આ રસ્તો છોડવો પડશે. ચાલુ રસ્તા ઉપર કોઈ ગીત ગાઈ કેમ શકે ?" હીરામને ડાબી તરફના બળદની દોરી ખેંચીને જમણી બાજુની કેડીની બહાર કાઢ્યો ને કહ્યું : "તો પછી હરિપુર થઈને નહિ જઈએ."

તેને ચાલુ રસ્તાથી આડો ઊતરતો જોઈને હીરામનની પાછળના ગાડાવાળાએ બૂમ પાડીને કહ્યું : "કેમ રે એય ગાડાવાળા, મારગ છોડીને આમ આડેધડના રસ્તે ત્યાં ક્યાં જાય છે ?"

હીરામને ડંડૂકો હવામાં ઘુમાવતાં કહ્યું : "ક્યાં છે આ આડેધડનો રસ્તો ? એ રસ્તો નનનપુર તો જતો નથી." પછી પોતાની જાતને જ કહેતો બબડ્યો : 'આ મલકના લોકોની આ જ ખૂબ ખરાબ ટેવ છે, રસ્તે જતાં સો વાર ઊલટતપાસ કરવાના. અરે ભાઈ, તમારે જવું હોય ત્યાં જાઓની.... ગામડિયાં બુદ્ધુઓ બધાં !"

નનનપુરની સડક પર ગાડું લાવીને હીરામને બળદની રાસ ઢીલી કરી દીધી. બળદો રવાલ ચાલ છોડીને ધીરે ધીરે ચાલવા લાગ્યા.

હીરાબાઈએ જોયું, સાચોસાચ નનનપુરની સડક તદ્દન સૂની છે. હીરામન એની આંખોની બોલી સમજે છે : "ગભરાવાની વાત નથી. આ સડક પણ ફારબસગંજ જશે. રસ્તામાં આવતાં ગામોના લોકો બહુ સારા છે... રાતની એક ઘડી થઈ હશે ત્યાં સુધીમાં આપણે પહોંચી જઈશું."

હીરાબાઈને ફારબસગંજ પહોંચવાની ઉતાવળ નથી. હીરામન ઉપર એને એટલો ભરોસો બેસી ગયો છે કે ડરની કે ભયની કોઈ વાત એના મનમાં ઊઠતી નથી.

હીરામને પહેલાં તો મન ભરીને હસી લીધું કયું ગીત ગાય એ ? હીરાબાઈને વાર્તા અને ગીત બેઉનો શોખ છે ? ...હિ...હિ...હિ... મહુઆ ઘાટવાળીનું ? એણે કહ્યું : "ઠીક. જો આપને આટલો બધો શોખ છે તો મહુઆ ઘાટવાળીનું ગીત સાંભળો. એમાં ગીત પણ છે ને વાર્તા પણ છે."

કેટલા બધા દિવસો પછી ભગવતીમાએ આ હોંશ પણ પૂરી કરી ! જે ભગવતી ! આજે હીરામન પોતાના મનને ઠાલવી નાખશે. એ હીરાબાઈના અટકી ગયેલા હાસ્યને જોતો રહ્યો.

"સાંભળો. આજે પણ પરમાન નદીમાં મહુઆ ઘાટવાળીના થોડા જૂના ઘાટ છે. મહુઆ આ જ મલકની હતી. હતી તો ઘાટના કર ઉઘરાવવાવાળી પણ સારી હતી. એની ઓરમાન મા સાક્ષાત્ રાક્ષસી હતી—ઘણી મોટી ને ચાલાક નજરની. રાતનાં ગાંજા-દારૂ-અફીણ ચોરી ચોરીને વેચવાવાળાઓથી માંડીને જાતજાતના લોકો સાથે એની ઓળખાણપિછાણ હતી. બધાની સાથે પૂરેપૂરી છૂટછાટ ને હળવું મળવું મહુઆ કુંવારી હતી. પણ કામ કરાવી કરાવીને એ રાક્ષસીએ એનાં હાડકાં બહાર આણ્યાં'તાં. જુવાન થઈ ગઈ પણ એના વિવાહ કે લગ્નની ક્યાંય વાત પણ એણે ન ચલાવી. એક રાતની વાત સાંભળો.

હીરામને ધીરે ધીરે ગુનગુન કરીને પોતાનું ગળું સાફ કર્યું.

**હે અ અ અ. સાવના-ભાદરવા... કેર ઊમડલ નદિયા**
**ગે ભયો...હે...એ એ એ....**
**ગે રનિ ભયાવાનિ એ...એ...એ...**
**તડકા તડકે ધડકે...કરેજ આ... આ...**
**મોરા કિ હમહું જે નારી નાન્હી રે...**

ઓ મા... સાવણ-ભાદરવાની ઊભરાતી નદી, ભયાવની રાત, વીજળી કડકડે છે. હું કાચીકુંવારી નાની બાળ છું. મારું કાળજું ધડકે છે. એકલી કેમ જાઉં ઘાટ પર ? એ પણ વળી એક પરદેશી મુસાફરના પગે તેલ ચોળવા માટે ? ઓરમાન માએ પોતાના વજ્જર કમાડ બંધ કરી દીધાં. આકાશમાં મેઘ ગડગડી ઊઠ્યા ને ધડધડ કરતા વરસવા લાગ્યા. મહુઆ રોવા મંડી—પોતાની મરેલી માને યાદ કરીને રોવા મંડી. આજ જો એની મા હોત તો એણે આવા તોફાનવાળી રાતે પોતાની મહુઆ દીકરીને કાળજા સાથે ચોંટાડી રાખી હોત ! કહે મા, આ દી માટે, આ દેખાડવા માટે તેં મને તારા પેટમાં રાખી'તી ? મહુઆને પોતાની મા પર ગુસ્સો આવ્યો : 'એ એકલી એકલી શું કરવાને મરી ગઈ ?' પેટ ભરીને ખિજાતી ખિજાતી એ બોલી.

હીરામને ધ્યાનથી જોયું. તકિયા પર કોણી ટેકવીને હીરાબાઈ ગીતમાં મગન બનીને એકધારું એની સામે જોઈ રહી છે... એનું ગીતમાં અટવાઈ ગયેલું મોં કેવું ભોળું લાગે છે !

હીરામને ગળામાં કંપ આણ્યો. પૂરી ગામડિયા ઢબે ગાવા લાગ્યો.

**હૂ...ઉં...એ...રે ડાકનિયા મૈયા મોરી...ઈંઈ**
**નોનવા ઘટાઈ કાહે નાહિ...**
**મહિલિ સૌરી ઘર...અ...અ...**
**અહિ દિનવા ખાતિર છિનરો ધિયા**
**તહુ પોસલિ કિ નેનૂ-દૂધ-ઉટગન....**

હીરામને શ્વાસ લેતાં લેતાં પૂછ્યું : "ઓ બોલી પણ કંઈ સમજો છો કે ખાલી ગીત જ સાંભળો છો ?"

હીરાબાઈ બોલી : "બધું જ સમજું છું. ઉટગન એટલે ઉબટન, શરીરે લગાડવાનો લેપ."

હીરામને અજાયબ થઈને કહ્યું : "હા... આ... આ... એમ રડવા કરવાથી શું વળે ? સોદાગરે પૂરા પૈસા ચૂકવી દીધા'તા. મહુઆના વાળ પકડીને ઘસડતો ઘસડતો હોડી ઉપર ચડી ગયો ને ખલાસીને હુકમ કર્યો : હોડી છોડી મૂકો ને સઢ બાંધી દો. સઢ બાંધેલી નાવડી પાંખવાળા પંખીની જેમ ઊડવા લાગી. રાતભર મહુઆ રોતીકકળતી રહી. સોદાગરના નોકરોએ ખૂબ ડરાવી-ધમકાવી : "ચૂપ રહે, નહિ તો ઉઠાવીને પાણીમાં ફેંકી દેશું." બસ, મહુઆને રસ્તો સૂઝી ગયો. સવારના તારા વાદળાંની આડમાંથી જરા બહાર આવ્યા ને પાછા છુપાઈ ગયા. અહીં મહુઆ પણ છપાક દઈને પાણીમાં કૂદી પડી... સોદાગરનો એક નોકર મહુઆને દેખતાંવેંત મોહિત થઈ ગયો'તો. મહુઆની પાછળ એ પણ કૂદી પડ્યો. સામે વહેણે તરવું એ બચ્ચાંના ખેલ નથી. એમાં પણ ભાદરવાની ભરી ભરી નદીમાં ! મહુઆ અસલ ઘાટવાળાની દીકરી હતી. માછલી ભલા થાકે કંઈ પાણીમાં ? તરતી માછલીની જેમ ફર ફર કરતી પાણી ચીરતી મહુઆ ભાગતી જાય છે, ને એની પાછળ સોદાગરનો નોકર બૂમો પાડતો પાડતો કહે છે : "મહુઆ, જરા થોભ, તને પકડવા નથી આવતો. તારો સાથીદાર છું. જિંદગીભર સાથે રહેશું આપણે..."

હીરામનનું આ ખૂબ જ પ્રિય ગીત છે. મહુઆ ઘાટીવાળીનું ગીત ગાતી વખતે એની સામે શ્રાવણ-ભાદરવાની નદી ઊભરાવા લાગે છે. અમાસની રાત, ને ઘેરાં વાદળોમાં રહી રહીને વીજળી ચમકી ઊઠે છે. એ ચમકમાં એને દરિયાનાં મોજાં સામે લડી રહેલી કાચીકુંવારી મહુઆની ઝલક દેખાય છે, તરતી માછલીની ચાલ વધારે ઝડપી બની જાય છે. એને લાગે છે કે એ પોતે સોદાગરનો નોકર છે. મહુઆ એની કોઈ વાત કાને ધરતી નથી, વિશ્વાસ કરતી નથી, પાછું વળીને જોતી પણ નથી. એ તરતાં તરતાં થાકી ગયો છે !

એને લાગે છે કે આ વખતે મહુઆએ પોતાને પકડાવી દીધી છે. જાતે કરીને જ પકડમાં આવી ગઈ છે. એણે મહુઆને અડી લીધી છે, મેળવી લીધી છે. એનો થાક ઊતરી ગયો. પંદરવીસ વરસ સુધી ઊભરાતી નદીના સામા વહેણમાં તરતા રહેલા એના મનને કિનારો મળી ગયો છે. આનંદનાં આંસુને એ રોકી શકતો નથી.

પોતાની ભીની આંખોને એણે હીરાબાઈથી છુપાવવાનો પ્રયત્ન કર્યો. પણ હીરાબાઈ તો એના મનમાં પેસી જઈને કોણ જાણે ક્યારથીય બધુંય જોઈ રહી હતી. હીરામને પોતાના કંપતા અવાજને કાબૂમાં લાવીને બળદોને ડચકાર્યા : "આ

ગીતમાં કોણ જાણે શું છે તે એ બન્ને પણ ધીમા પડી જાય છે. જાણે કોઈએ એમના ઉપર સો મણનો બોજો લાદી દીધો ન હોય !"

હીરાબાઈ લાંબો શ્વાસ લે છે. હીરામનના અંગેઅંગમાં ઉમંગ ભરાઈ જાય છે.

"તું તો ઉસ્તાદ છે, ભાઈબંધ !"

"છિ..."

આસો-કાર્તિકનો સૂરજ, દિવસ બે વાંસવા રહ્યો હોય ત્યાં જ કૂમળો બની જાય છે. સૂરજ આથમી જાય એ પહેલાં જ નનનપુર પહોંચવું છે. હીરામન પોતાના બળદોને સમજાવી રહ્યો છે : "પગ ઉપાડીને ને કાળજાં કસીને ચાલો મારા બાપલિયા... એ...છિ...છિ...છિ... દોડો ભાઈ...લ..લ...લ...હે...ય."

નનનપુર સુધી એ બળદોને લલકારતો રહ્યો. દરેક લલકાર પહેલાં પોતાના બળદોને એ વીતી ગયેલી વાતોની યાદ આપતો હતો. યાદ નથી ચૌધરીની દીકરીની જાનમાં કેટલાં ગાડાં હતાં ? બધાંને કેવાં હરાવી દીધાં'તાં, હા, ત્યારે ઉપાડ્યા'તા એમ પગ ઉપાડો...લે...લે...લે... નનનપુરથી ફારબસગંજ ત્રણ ગાઉ. બે કલાક બીજા."

નનનપુરની દુકાનોમાં આજકાલ ચા પણ વેચાવા લાગી છે. હીરામન પોતાના લોટામાં ચા ભરીને લઈ આવ્યો. કંપનીની બાઈઓને એ જાણે છે. આખો દિવસ ઘડીએ ઘડીએ એ લોકો ચા પીધે રાખે છે. જાણે ચા જ જિંદગી ન હોય.

હીરાબાઈ હસી હસીને લોથપોથ થઈ રહી છે : "અરે, તને કોણે કહ્યું કે કુંવારા માણસથી ચા ન પિવાય ?"

હીરામન શરમાઈ ગંયો. શું કહે એ ?... શરમ આવે એવી વાત છે. પણ એને એક વાર પરચો મળી ગયો છે. સરકસ કંપનીની મડમના હાથની ચા પીને એણે જોઈ લીધું છે શરીર ગરમગરમ થઈ જાય છે.

"પીઓ, ગુરુજી," હીરાબાઈ હસી.

"છટ્..."

નનનપુરની દુકાનમાં દીવાબત્તી સળગી ગયાં હતાં. હીરામને પોતાનું મુસાફરીનું ફાનસ ગાડાના પાછલા ભાગમાં લટકાવી દીધું...

આજકાલ શહેરથી પાંચ ગાઉ દૂરનાં ગામડાંવાળાઓ પણ પોતાને શહેરી સમજવા લાગ્યા છે. દીવા વિનાના ગાડાને પકડીને કાગળિયાં કરી દે છે, બાર-બખેડા ઊભા થઈ જાય છે.

"આપ મને ગુરુજી ન કહો."

"તું મારો ઉસ્તાદ છે. અમારા શાસ્તરમાં કહ્યું છે કે એક અક્ષર શીખવે એ પણ ગુરુ ને એક રાગ શીખવે એ પણ ઉસ્તાદ"

"વાહ ! શાસ્તર-પુરાણ પણ જાણો છો ! મેં શું શીખવ્યું ? હું શું...."

હીરા હસીને ગુનગુન કરવા લાગી.... "હે...અ...અ... સાવના-ભાદવા ઊમડેલ નદિયા..."

અચરજનો માર્યો હીરામન મૂંગો થઈ ગયો. વાહ ! આટલી તેજ બુદ્ધિ ! બરોબર... મહુઆ ઘાટવાળી....

ગાડું સીતાધારની એક સૂકી ધારા ઉપરથી ખડખડ કરતું નીચે ઊતરવા લાગ્યું. હીરાબાઈએ હીરામનનો ખભો એક હાથથી પકડી લીધો. ઘણીવાર સુધી હીરામનના ખભા ઉપર એની આંગળીઓ પડી રહી. હીરામને કેટલીય વાર નજર ફેરવીને ખભા ઉપર સ્થિર કરવાનો પ્રયત્ન કર્યો. ગાડું ચડાણ ચડવા લાગ્યું તો હીરાબાઈની ઢીલી થયેલી આંગળીઓ ફરી પાછી તંગ થઈ ગઈ.

સામે ફારબસગંજ શહેરની બત્તીઓ ઝળહળે છે. શહેરથી થોડેક છેટે મેળાની બત્તીઓ છે... અંદર લટકતા ફાનસના તેજમાં આજુબાજુ પડછાયાઓ નાચી રહ્યા છે. ડબડબ થયેલી આંખોનાં તેજનો દરેક અંશ સુરજમુખીના ફૂલ જેવો લાગ્યા કરે છે.

ફારબસગંજ તો હીરામનનું ઘરબાર છે.

કોણ જાણે કેટલીય વાર એ ફારબસગંજ આવ્યો છે. મેળામાં માલ લાવ્યો છે કોઈ બાઈલોકને પણ લાવ્યો છે. હા. એક વાર એની ભાભી જે વરસે આણે આવી હતી ત્યારે આ જ રીતે તાલપત્રીથી ગાડાને ચારે બાજુથી ઘેરીને પડાવ બનાવી દીધો હતો.

હીરામન પોતાના ગાડાને તાલપત્રીથી ઘેરી રહ્યો છે. આ વખતે મેળામાં પડાવના તંબૂઓ ખૂબ ખોડાયા છે... બસ, હવે એક જ રાત ! આજ રાત આખી એ હીરામનના ગાડામાં રહેશે....હીરામનના ગાડામાં નહિ, ઘરમાં..."

"ક્યાંનું ગાડું છે ?... કોણ હીરામન ? કિયા મેળેથી ? કયો માલ ભરી લાવ્યો છે ?"

ગ્રામસમાજના ગાડાંવાળાઓ એકબીજાને ખોળી કરીને એકબીજાની નજદીક ગાડાં રાખીને પડાવ કરી રહ્યા છે. પોતાના ગામનો લાલમહોર ધુન્નીરામ અને પલટદાસ વગેરે ગાડાંવાળાઓના જૂથને દેખીને હીરામન અચકાઈ ગયો. ત્યાં પલટદાસે ગાડાની અંદર ડોકિયું કર્યું ને ભડક્યો. જાણે વાઘ પર નજર ન પડી ગઈ હોય ! હીરામને ઇશારત કરીને બધાને ચૂપ કરી દીધા. પછી ગાડા તરફ ત્રાંસી નજર નાખીને ધીમેકથી બોલ્યો : "ચૂપ, કંપનીની બાઈ છે, નૌટંકી કંપનીની."

"કંપનીની...ઈ...ઈ...ઈ...?"

?...?...?...

?...!

હવે એક નહિ ચાર હીરામન થઈ ગયા છે. ચારેએ અચરજ સહિત એકબીજા સામે જોયું.... કંપનીના નામની કેટલી અસર છે ! હીરામને જોયું કે ત્રણે જણા એક સાથે મૂંગામંતર થઈ ગયા છે. લાલમોહરે જરા આઘે જઈને ઇશારતથી જ વાતચીત કરવાની ઇચ્છા પ્રગટ કરી. હીરામને ગાડા તરફ મોં કરીને કહ્યું : "કોઈ હૉટલ તો ખૂલી નહિ હોય. મીઠાઈવાળાને ત્યાંથી ઘીમાં કરેલી ચીજો લઈ આવીએ."

"હીરામન, જરા વાત સાંભળ તો. હું અત્યારે કંઈ જ ખાવાની નથી. લે, તું ખાઈ આવ."

"શું છે ? પૈસા ? છટ્..." પૈસા દઈને હીરામને હજી સુધી ફારબસગંજમાં કદીયે કાચું કે પાકું ખાણું ખાધું નથી. એના ગામના આટલા બધા ગાડાંવાળાઓ છે એ કિયે દહાડે કામમાં આવવાના ? એ પૈસાને અડી પણ ન શકે. એણે હીરાબાઈને કહ્યું : "મેળાની બજારમાં નાહકની હુજજત નહિ કરતાં પૈસા મૂકી દો." મોકો જોઈને લાલમોહર પણ પાસે આવી ગયો. એણે સલામ કરીને કહ્યું : "ચાર માણસના ભાતમાં બે માણસ ખુશીથી સમાઈ જાય. અમારા પડાવમાં ભાત ચડાવી દીધો છે... હેં... હેં... હેં... અમે બધા એક જ ગામના છીએ. ગામવાળાઓ હોય ને હીરામન હૉટલમાં હલવાઈને ત્યાં ખાય કંઈ ?"

હીરામને લાલમોહરનો હાથ ટપાર્યો... "આવી કચકચ કર માં."

ગાડાથી ચાર હાથ દૂર ગયા ત્યાં જ ધુન્નીરામે પોતાના કલબલ થઈ રહેલા દિલની વાત કહી દીધી : "વાહ રે, તું પણ ગજબ છે હોં, હીરમન. ઓલી વખતે કંપનીનો વાઘ, આ વખતે કંપનીનો જનાનો !"

હીરામને દબાયેલા અવાજમાં કહ્યું : "ભાઈઓ, આ કંઈ આપણા લોકોની બાઈડી નથી કે લટપટ બોલી સાંભળે તોયે ચૂપ રહી જાય. એક તો પચ્છમ તરફની છે, ને પાછી કંપનીની છે."

ધુન્નીરામે પોતાની શંકા પ્રગટ કરી : "પણ સાંભળ્યું છે કે કંપનીમાં તો રાંડો રહે છે."

"ધત્", બધાએ એને એકી સાથે તોડી પાડ્યો. "કેવો માણસ છે ? રાંડું રહેતી હશે કંપનીમાં કંઈ ? એની બુદ્ધિ તો જુઓ ?... સાંભળ્યું છે, નજરે જોયું તો નથી ના કોઈ દી ?"

ધુન્નીરામે પોતાની ભૂલ કબૂલ કરી દીધી. પલટદાસને વિચાર આવ્યો : "હીરામનભાઈ, બાયડીની જાત એકલી પડી રહેશે ગાડામાં ? ગમે તે હોય, બાયડી એટલે બાયડી જ હોં, કંઈક કામ પડ્યું તો ?"

આ વાત બધાને ઠીક લાગી. હીરામને કહ્યું : "વાત સાચી છે. પલટ, તું પાછો જા. ગાડાની પાસે જ રહેજે. ને જો, વાતચીત જરા હોશિયારીથી કરજે, હોં."

હીરામનના શરીરમાંથી ગુલાબના અત્તરની સુગંધ આવતી હતી. હીરામન નસીબદાર છે, આગલા બાર મહિના સુધી એના શરીરમાંથી વાઘની ગંધ ગઈ નહોતી. લાલમોહરે હીરામનનો ગમછો સૂંઘ્યો : "એ...ય..."

હીરામન ચાલતો ચાલતો અટકી ગયો. "શું કરું લાલમહોર, ભાઈ, જરા કહે તો ખરો ? કહે છે કે નૌટંકી જોવું જ પડશે."

"મફત, મફતમાં જ ?"

"પણ ગામમાં આ વાત કંઈ પહોંચે નહિ ?"

હીરામને કહ્યુ : "ના રે ના. એક રાત નાટક જોવું ને આખી જિંદગી સુધી મેણાંટોણાં સાંભળવાં, એવું કોણ કરે ?... દેશી મુરઘીને વિલાયતી ચાલ !"

ધુન્નીરામે પૂછ્યું : "મફતમાં જોઈશ તોય તારી ભાભી ખિજાશે ?"

લાલમોહરના ઉતારાની નજીક જ લાકડાંની દુકાનનો માલ લઈ આવેલા ગાડાવાળાઓનો ઉતારો છે. એ ઉતારાને બુઢ્ઢા ગાડાવાળા મીર મિયાંજાને મુસાફરીમાં પિવાય તેવી હોકલી પીતાંપીતાં પૂછ્યું : "કેમ ભાઈ, મીના બજારનો માલ ભરીને કોણ આવ્યું છે ?"

મીના બજાર ! મીના બજાર તો વેશ્યાવાડાને કહેવામાં આવે છે... "શું કહે છે આ બુઢ્ઢો મિયોં ?" લાલમોહરે હીરામનના કાનમાં ઘુસપૂસ કરીને કહ્યું. "તારું શરીર મઘમઘ મહેંકી રહ્યું છે, આખુંય હોં !"

લહસનવાં લાલમોહરનો નોકર ગાડાવાળો છે. ઉમ્મરમાં સહુથી નાનો છે, પહેલી જ વાર આવ્યો છે તો શું થયું ? શેઠશાહુકારોને ઘેર બચપણથી નોકરી કરી છે. હીરામને જોયું કે લહસનવાંનો ચહેરો તમતમી ઊઠ્યો છે. "આ ધડધડ કરતું કોણ આવી રહ્યું છે ? કોણ છે ? કોણ પલટદાસ ? શું છે ?"

પલટદાસ આવીને ચૂપચાપ ઊભો રહી ગયો. એનું મોં પણ તમતમી ઊઠ્યું હતું. હીરામને પૂછ્યું : "શું થયું ? બોલતો કેમ નથી ?"

પલટદાસ શું જવાબ આપે ? હીરામને એને ચેતવ્યો હતો, વાતચીત હોશિયારીથી કરજે. એ જઈને ચૂપચાપ ગાડાની બેઠક પર બેસી ગયો હીરામનની જગ્યા ઉપર. હીરાબાઈએ પૂછ્યું : "તું પણ હીરામનનો સાથી છે ?" પલટદાસે ગરદન હલાવીને હા કહી. હીરાબાઈ ફરી લાંબી થઈ... ચહેરોમહોરો અને બોલાચાલી જોઈ સાંભળીને પલટદાસનું કાળજું કોણજાણે કેમ કંપવા લાગ્યું. હાં.... રામલીલામાં સીતા સુકુમારી આ જ રીતે થાકીને સૂઈ રહી હતી. જે... સિયાવર રામચંદ્ર કી જે... પલટદાસના મનમાં જયજયકાર થઈ રહ્યો. એ વૈષ્ણવ ભગત છે. ભજનો ગાય છે. થાકી ગયેલી સીતા મહારાણીના ચરણ ચાંપવાની એણે હાથની આંગળીઓથી ઇચ્છા બતાવી જાણે હારમોનિયમની ચાવીઓ ઉપર આંગળીઓ

ફેરવી રહ્યો ન હોય, તે રીતે. હીરાબાઈ ખિજાઈને બેઠી થઈ ગઈ : "અરે ગાંડો છે કે શું ? જા, ભાગી જા"

પલટદાસ જવાબ શું આપે ? એ તો મેળામાંથી પણ ભાગી જવાનો ઉપાય વિચારી રહ્યો છે. બોલ્યો : "કંઈ નથી. મને વેપારી મળી ગયો છે. હમણાં ટેશણે જઈને માલ ભરવાનો છે. ભાત ખાવાની તો હજી વાર છે. ત્યાં લગણમાં હું પાછો આવી જઈશ."

ખાતી વખતે ધુન્નીરામ અને લહસનવાંએ પલટદાસની પેટભરીને નિંદા કરી : "નાના મનનો છે. નાલાયક છે. પૈસા પૈસાનો હિસાબ કરે છે."

ખાધાપીધા પછી લાલમહોરની મંડળીએ પોતાનો ઉતારો સંકેલી લીધો. ધુન્ની અને લહસનવાં ગાડાં જોતરીને હીરામનના ગાડા આગળ ચાલ્યા ગયા. રસ્તો જોતાં જોતાં હીરામને ચાલતાં ચાલતાં અટકી જઈને લાલમોહરને કહ્યું : "જરા મારા આ ખભાને સૂંઘ તો, સૂંઘીને જોની !"

લાલમોહરે ખભો સૂંઘીને આંખો બંધ કરી દીધી. મોંમાંથી અસ્ફુટ શબ્દ નીકળ્યો : "આ...હ..."

હીરામને કહ્યું : "જરા જેટલો હાથ મૂક્યો એમાં આટલી સુગંધ આવી ગઈ, સમજ્યો ?"

લાલમોહરે હીરામનનો હાથ પકડી લીધો. "ખભા ઉપર હાથ રાખ્યો હતો ? સાચે જ ? જોજે, હીરામન, નૌટંકી જોવાનો આવો મોકો પાછો કોઈ દી હાથમાં નહિ આવે હોં."

"તું પણ જોઈશ ?"

ચાર રસ્તાની રોશનીમાં લાલમોહરની બત્રીસી ઝળઝળી ઊઠી.

જગ્યા આગળ પહોંચીને હીરામને જોયું કે ગાડા પાસે ઊભીને કોઈક હીરાબાઈ સાથે વાત કરી રહ્યું છે. ધુન્નીરામ અને લહસનવાં એકીસાથે બોલી ઊઠ્યા : "ક્યાં રહી ગયા'તા પાછળ ? કંપની તમને ક્યારની ખોળી રહી છે..."

હીરામને પાસે જઈને જોયું તો આ તો પેલો જ માલ ભરનારો નોકર હતો જે ચંપાનગરના મેળામાં હીરાબાઈને ગાડામાં બેસાડીને અંધારામાં ગુમ થઈ ગયો હતો.

"આવી ગયો હીરામન ? ઠીક થયું. અહીં આવ... આ લે તારું ભાડું, ને આ લે તારી દક્ષિણા. પચીસ-પચીસ, પચાસ."

હીરામનને લાગ્યું કે કોઈએ એને આકાશમાંથી ધક્કો મારીને નીચે ધરતી પર ગબડાવી દીધો છે. કોઈએ શા માટે, એ માલ ભરવાવાળા માણસે જ ! ક્યાંથી આવી પહોંચ્યો, કોણજાણે... એની જીભ ઉપર આવી ગયેલી વાત જીભ ઉપર જ રહી ગઈ... અરે વાહ ! દક્ષિણા ! એ મૂંગો મૂંગો ઊભો રહ્યો.

હીરાબાઈ બોલી : "લે પકડ. ને સાંભળ. કાલે સવારે રૌતા કંપનીમાં આવીને મને મળજે. પાસ કઢાવી દઈશ.... બોલતો કેમ નથી ?"

લાલમોહરે કહ્યું : "ઇનામ બક્ષિસ દઈ રહ્યાં છે શેઠાણી. લઈ લે હીરામન."

હીરામને કતરાઈને લાલમોહર સામે જોયું... આ લાલમોહરના બોલવામાં કંઈ ઢંગ નથી !

ધુન્નીરામની સ્વગતોક્તિ સહુએ સાંભળી–હીરાબાઈએ પણ. ગાડું ને બળદ છોડીને કોઈ પણ ગાડાવાળો મેળામાં નૌટંકી કેમ જોઈ શકે ?

હીરામને રૂપિયા લેતાં લેતાં કહ્યું : "શું બોલું ?" એણે હસવાનો ઢોંગ કર્યો.... "કંપનીની બાઈ છે, કંપનીમાં જઈ રહી છે, હીરામનને એમાં શું ?"

માલ ચડાવનારો નોકર રસ્તો દેખાડતો આગળ ચાલ્યો–"આ બાજુ" કરતો. હીરાબાઈ જતાં જતાં અટકી ગઈ. હીરામનના બળદોને સંબોધીને બોલી : "અચ્છા, હું જાઉં છું, ભાઈ."

બળદોએ 'ભાઈ' શબ્દ પર કાન ફફડાવ્યા.

?....... ?........ ?....... ?....... !.......

"ભાઈઓ, આજે રાતે, ધી રૌતા સંગીત નૌટંકી કંપનીના સ્ટેજ પર, ગુલબદનને જોઈ લો, ગુલબદન ! આપને એ જાણીને ખુશી થશે કે મથુરા મોહન કંપનીની મશહૂર ઍક્ટ્રેસ મિસ હીરાબાઈ, જેની એક એક અદા ઉપર હજાર જાન ફીદા થઈ જાય છે એ હીરાબાઈ, આ વખતે અમારી કંપનીમાં આવી ગઈ છે ! યાદ રાખજો આજની રાત ! મિસ હીરાદેવી ગુલબદન !..."

નૌટંકીવાળાની આ જાહેરાતથી મેળાની હરએક મંડળીમાં ઉત્સાહ વ્યાપી રહ્યો છે. હીરાબાઈ ? મિસ હિરાદેવી ? લયલા, ગુલબદન ? ફિલમની ઍક્ટ્રેસોને પણ મહાત કરી દેય છે, 'તારી ઇચ્છા શી છે કે... એ... એ... તું મને જોયા કરે, ને કલેજા દિલતણા, કે હું તને જોયા કરું ?' કિર્ર-ર્ર...ર્ર...કડડડડડડર... ધન...ધન...ધન... ધડામ્."

દરેકેદરેક માણસનું દિલ નગારું બની ગયું છે.

લાલમોહર દોડતો-હાંફતો ઉતારા પર આવ્યો. "એય એ હીરામન, અહીં શું બેઠો રહ્યો છે ? આવીને જોતો ખરો કેવો જેજેકાર થઈ રહ્યો છે ! વાજાં વાગે છે, છાપેલાં ફારમો વહેંચાય છે, ને હીરાબાઈનો જેજેકાર થાય છે."

હીરામન રઘવાટભર્યો ઊભો થઈ ગયો. લહસનવાંએ કહ્યું : "ધુન્નીકાકા, તમે અહીં ધ્યાન રાખવાને રહો. હું પણ જોઈ આવું."

ધુન્નીની વાત સાંભળે છે કોણ ? ત્રણે જણા નૌટંકી કંપનીની જાહેરાત કરનાર પાર્ટીની પાછળ પાછળ ચાલવા લાગ્યા. હરેક નાકે રોકાઈને, વાજાં બંધ કરીને, જાહેરાત કરવામાં આવતી હતી. જાહેરાતના દરેક શબ્દ પર હીરામન મલકી ઊઠતો હતો. હીરાબાઈનું નામ અને નામની સાથે અદા-ફદા વગેરેની વાત સાંભળીને એણે લાલમોહરની પીઠ થાબડી. "ધન્ન છે, ધન્ન છે, છે કે નહિ ?"

લાલમોહરે કહ્યું : "હવે કહે, હજી પણ નૌટંકી નહિ જો તું ?"

સવારથી જ ધુન્નીરામ અને લાલમોહર સમજાવી રહ્યા હતા. સમજાવી સમજાવીને હારી ગયા હતા... "કંપનીમાં જઈને મળી આવ, જતાં જતાં ખાસ કહી ગઈ છે," પણ હીરામનની તો બસ એક જ વાત હતી : "ધત્, કોણ જાય મળવા ? કંપનીની બાઈ, કંપનીમાં ગઈ. હવે એની સાથે કેવી લેવાદેવા ? ઓળખે પણ નહિ."

એ મનમાં ને મનમાં ખિજાયો હતો. જાહેરાત સાંભળ્યા પછી એણે લાલમોહરને કહ્યું : "જરૂર જવું જોઈએ, કેમ લાલમોહર ?"

બંને જણાએ અંદરોઅંદર મસલત કરીને રૌતા કંપની તરફ જવા માંડ્યું. કંપનીની રાવટીની પાસે પહોંચીને હીરામને લાલમોહરને ઇશારાથી સમજાવી દીધું કે પૂછતાછ કરવાનો ભાર તારે માથે છે. લાલમોહરને અહીંની કબરાહી બોલી આવડે છે. લાલમોહરે એક કાળા કોટવાળાને કહ્યું : "શેઠસાહેબ, જરા સાંભળો તો."

કાળા કોટવાળાએ નાક-મોં ચડાવીને કહ્યુ : "શું છે ? અહીં શા માટે આવ્યા છો ?"

લાલમોહરની કબરાહી બોલીમાં ગડબડ થઈ ગઈ. મૂંઝાઈ ગયો હોય તેમ બોલ્યો : "ગુલગુલ...નહિ નહિ...બુલબુલ...નહિ..."

હીરામને મામલો તરત સંભાળી લીધો : "હીરાદેવી ક્યાં રહે છે ? કહી શકશો ?"

એ માણસની આંખો ઓચિંતાની લાલચોળ થઈ ગઈ. સામે ઊભેલા નેપાલી સિપાહીઓને બોલાવીને કહ્યું : "આ લોકોને અહીં કેમ આવવા દીધા ?"

"હીરામન !" એ જ કાચના રણકા જેવો અવાજ ક્યાંથી આવ્યો ? રાવટીના પડદાને ખેસવીને હીરાબાઈએ હીરામનને બોલાવ્યો. "અહીં આવી જાઓ, અંદર. જો બહાદુર, આને ઓળખી લેજે. એ મારો હીરામન છે, સમજ્યો ?"

નેપાલી દરવાન હીરામન તરફ જોઈને જરીક હસ્યો ને ચાલ્યો ગયો. કાળા કોટવાળા પાસે જઈને કહ્યું : "હીરાબાઈનો માણસ છે. એને રોકવાની ના પાડી."

લાલમોહર નેપાલી દરવાન માટે પાન લઈ આવ્યો : "ભલે થઈ જાય !"

"અરે, એક નહિ પણ પાંચ પાસ. પાછા આઠ આનાવાળા. કહ્યું કે જ્યાં સુધી મેળામાં છો ત્યાં સુધી રોજ રાતના આવીને જોજો. બધાંનું ધ્યાન રાખે છે. કહ્યું કે

તારા બીજા સાથીદારો છે. બધાયને માટે પાસ લઈ જા. કંપનીની બાઈઓની વાત જ જુદી હોય છે કે નહિ ?"

લાલમહોરે લાલ કાગળના ટુકડાઓને અડી જોયા. "પા...સ. વાહ રે હીરામનભાઈ. પણ પાંચ પાસ લઈને શું કરશું ? પલટદાસ તો પાછો પલટીને આવ્યો જ નથી હજી સુધી."

હીરામને કહ્યું : "જવા દો. અભાગિયાના નસીબમાં લખ્યું નથી. હા, પહેલાં ગુરુના સોગન લેવા પડશે બધાએ કે ગામમાં કે ઘરમાં એ વાત એક પંખી પણ જાણે નહિ."

લાલમોહરે ઉશ્કેરાઈને કહ્યું : "ગામમાં જઈને કયો સાલો બોલવાનો હતો ? પલટો જો બદનામી કરશે તો બીજીવારથી પાછો સાથે જ નહિ લઈ આવું."

હીરામને પોતાની થેલી આજે હીરાબાઈના કબજામાં સોંપી દીધી છે. મેળાનું શું ઠેકાણું ? જાતજાતના ખિસ્સાકાતરુ લોકો દર સાલ આવે છે. ને પોતાના સાથીસંગીઓનો પણ કયો ભરોસો ? હીરાબાઈ માની ગઈ. હીરામનની કપડાની કાળી થેલીને એણે ચામડાની પેટીમાં મૂકી દીધી. પેટીના ઉપર પણ ચામડાની ખોળ ને અંદર પણ અસલ રેશમી અસ્તર હતું. હીરામનનું માનઅભિમાન ઓગળી ગયું.

લાલમોહર અને ધુન્નીરામે મળીને હીરામનની બુદ્ધિનાં વખાણ કર્યાં, એના નસીબના વખાણ કરતાં કરતાં ધીમા અવાજે એના ભાઈ અને ભાભીની નિન્દા પણ કરી લીધી. હીરામન જેવો હીરો ભાઈ તરીકે મળ્યો છે એટલે જ તો... બીજો કોઈ ભાઈ હોત તો...

લહસનવાંનું મોં લબડી પડ્યું છે – જાહેરાત સાંભળતાં સાંભળતાં કોણજાણે ક્યાં ચાલ્યો ગયો કે સાંજ થવાને ઘડી જેટલી જ વાર રહી હશે ત્યાર બાદ છેક પાછો આવ્યો છે. લાલમોહરે માલિક તરીકે ગાળ ફટકારીને ઠોંસો પણ લગાવી દીધો : "ગધેડો નહિ તો."

ધુન્નીરામે ખીચડી ચૂલા પર ચડાવતાં ચડાવતાં કહ્યું : "પહેલાં એ નક્કી કરી લો કે અહીં ગાડાં પાસે કોણ રહેશે ?"

"કોણ રહે ? આ લહસનવાં ક્યાં જવાનો છે ?"

લહસનવાં રડી પડ્યો : "હે...હે...હે...શેઠ, હાથ જોડું છું. એક ઝલક. બસ, એક ઝલક જોઈ લેવા દો."

હીરામને ઉદારતાપૂર્વક કહ્યું : "ઠીક ઠીક. એક જ ઝલક શા માટે, એક કલાક જોજે. હું આવી જીઈશ."

નૌટંકી શરૂ થવાને બે કલાક પહેલાં જ નગારાં વાગવાં શરૂ થઈ જાય છે ને નગારાં શરૂ થાય તે ભેળા જ લોકો પતંગિયાંની જેમ તૂટી પડે છે. ટિકિટબારીની

પાસે ભીડ જોઈને હીરામનને હસવું આવ્યું. "લાલમોહર, ત્યાં જો, લોકો કેવી ધક્કામુક્કી કરી રહ્યા છે ?"

"હીરામનભાઈ !"

"કોણ પલટદાસ ? ક્યાંનો માલ ભરી આવ્યો ?" લાલમોહર જાણે બીજા ગામનો માણસ હોય તે રીતે પૂછવા લાગ્યો.

પલટદાસે હાથ જોડીને માફી માગી : "ગુનેગાર છું. તમે લોકો જે સજા ફરમાવશો તે કબૂલ કરીશ. પણ સાચી વાત છે કે સીતા સુકુમારી..."

હીરામનના મનનું પૂર આ નગારાના તાલ ઉપર વહેવા લાગ્યું છે. બોલ્યો : "જો પલટા, એમ નહિ સમજતો કે આ ગામડાના ઘરની બાયડી છે. જો, તારે સારુ પણ પાસ આપ્યો છે. તારો પાસ લઈ લે, ને ખેલ જોઈ નાખ."

લાલમોહરે કહ્યું : "પણ એક શરતે જ મળશે. વચમાં વચમાં લહસનવાંને પણ..."

પલટદાસને કંઈ કહેવાની જરૂર નથી. એ હમણાં લહસનવાં જોડે જ વાત કરીને આવ્યો છે.

લાલમોહરે તેની સામે બીજી શરત મૂકી : "કોઈ રીતે પણ ગામમાં જો આ વાતની ખબર પડી તો..."

"રામ રામ," જીભને દાંતથી કચરતાં કચરતાં પલટદાસે કહ્યું.

પલટદાસે દેખાડ્યું : "આઠ આનાવાળો દરવાજો અહીં છે."

દરવાજા ઉપર ઊભેલા દરવાને એમના હાથમાંથી પાસ લઈને એમના ચહેરાઓ બારીકાઈથી જોયા. કહ્યું : "આ તો પાસ છે, ક્યાંથી મળ્યા ?"

હવે લાલમોહરની કબરાહી બોલી સાંભળવા જેવી બની ગઈ. એનો રુઆબ જોઈને દરવાન ગભરાઈ ગયો. "મળવાના ક્યાંથી હતા ? જઈને તારી કંપનીને પૂછી જો. ચાર જ નથી, જો કે એક બીજો પણ છે." ખિસ્સામાંથી પાંચમો પાસ કાઢીને લાલમોહરે દેખાડ્યો.

એક રૂપિયાવાળી ટિકિટના દરવાજા પર નેપાલી દરવાન ઊભો હતો. હીરામને બૂમ પાડીને કહ્યું : "એ સિપાહીભાઈ, સવારે જ ઓળખાણ કરાવી ને અત્યારે જ ભૂલી ગયા ?"

નેપાલી દરવાન બોલ્યો : "બધા હીરાબાઈના માણસો છે, જવા દે. પાસ છે તો પછી શાનો રોકે છે ?"

આઠ આનાવાળો કલાસ !

ત્રણેએ 'કપડાના મહેલ'ને અંદરથી પહેલી જ વાર જોયો. સામે ખુરશી અને બાંકડાઓવાળો કલાસ છે. પડદા ઉપર રામવનગમનની છબિ છે. પલટદાસે

ઓળખી લીધી. એણે હાથ જોડીને પડદા પર દોરાયેલાં રામ, સીતા સુકુમારી ને લખમણલાલને પ્રણામ કર્યાં : "જે હો ! જે હો !" પલટદાસની આંખો ભરાઈ ગઈ.

હીરામને કહ્યું : "લાલમોહર, આ છાપેલાં છે એ બધાં ઊભાં છે કે ચાલી રહ્યાં છે ?"

લાલમોહર પોતાની બાજુમાં બેઠેલા ખેલ જોનારાઓ જોડે ઓળખાણ કરી ચૂક્યો છે. એણે કહ્યું : "ખેલ હજી પડદાની અંદર છે. હમણાં પડદો બંધ રાખ્યો છે, લોકો ભેગા થાય એ માટે."

પલટદાસને ઢોલક વગાડતાં આવડે છે એટલે એ નગારાને તાલે તાલે ગરદન હલાવે છે ને દીવાસળીની પેટી ઉપર તાલ આપે છે. બીડીની આપલે કરીને હીરામને પણ ઓળખાણ કરી લીધી. લાલમોહરના ઓળખીતા માણસે ચાદરથી શરીરને ઢાંકતાં ઢાંકતાં કહ્યું : "નાચ શરૂ થવાને હજી વાર છે, ત્યાં સુધી નીંદર કરી લઉં..." બધા કલાસ કરતાં સરસ છે આઠ આનાવાળો કલાસ. સહુથી પાછળ ને સહુથી ઊંચી જગ્યાએ છે. જમીન પર હૂંફાળું પરાળ પાથર્યું છે. હેં હેં ... આ ઠંડીની મોસમમાં ખુરશીઓ ને બાંકડાઓ ઉપર બેસીને ખેલ જોનારાઓ હમણાં જ ધ્રુચપૂચ કરતાં ચાપાણી પીવા ઊઠવાનાં...

પેલા માણસે એના સાથીદારને કહ્યું : "ખેલ શરૂ થાય એટલે જગાડી દેજે. નહિ નહિ, ખેલ શરૂ થાય ત્યારે નહિ, હીરકી જ્યારે સ્ટેજ ઉપર ઊતરે ત્યારે મને જગાડજે !"

હીરામનનું કાળજુ સસડી ઊઠ્યું... "હીરકી...! મોટો લટપટિયો માણસ લાગે છે !" એણે લાલમોહરને આંખના ઇશારાથી કહી દીધું. "આ માણસ જોડે વાતચીત કરવાની જરૂર નથી."

ધન્-ધન્-ધન્-ધડામ્ પડદો ઊપડ્યો. હે...અ...હે.એ. હીરાબાઈ શરૂઆતમાં જ સ્ટેજ પર ઊતરી આવી. 'કપડાનો મહેલ' ખીચોખીચ ભરાઈ ગયો છે. હીરામનનું મોં અચંબાથી ખૂલી ગયું. લાલમોહરને કોણજાણે કેમ પણ એટલું બધું હસવું આવે છે ! હીરાબાઈના પગલે પગલે એ હસી રહે છે—કારણ વિના.

ગુલબદન દરબાર ભરીને બેઠી છે, જાહેરાત કરી રહી છે, જે માણસ તખ્ત-હજારા* બનાવીને લાવી આપશે તેને મોંમાગી ચીજ ઇનામમાં આપવામાં આવશે. અરે જી, છે કોઈ જાણકાર, તો એ થઈ જાવે તૈયાર... બનાવી લાવે તખ્ત-હજારા-આ-આ. બિડબિડ કિર્ર, કિર્ર... અલબત્ત, નાચે છે જ. કેવું ગળું છે ! ખબર છે ? આ માણસ કહે છે કે હીરાબાઈ પાનબીડી-સિગરેટ-તમાકુ કંઈ ખાતી નથી !

---

* તખ્ત હજારા 'હીર-રાંજા'ની લોકકથામાં હીરના ગામનું નામ છે, આ લોકનાટ્ય છે.

... સાચું કહે છે. ખૂબ નીમ રાખનાર રંડી ... કોણ કહે છે કે રંડી છે ? દાંત રંગેલા ક્યાં છે ?... પાવડરથી દાંત સાફ કરતી હશે... હરગીઝ નહિ... કોણ છે આ માણસ જેવીતેવી વાત કરે છે એ ? કંપનીની બાઈને રાંડ કહે છે ?... તને કેમ મરચાં મુકાય છે ?... કોણ છે એ રંડીનો ભડવો ? મારો સાલાને... મારો તારી...

હોહાની વચ્ચે હીરામનના અવાજ તંબૂને તોડી નાખે છે : "આવો એકએકનું માથું ઉતારી લેશું."

લાલમોહર ડંડૂકાથી પટાપટ પીટતો જાય છે સામેવાળા લોકોને. પલટદાસ એક જણાની છાતી ઉપર ચડી બેઠો છે. "સાલ્લા, સીતા સુકુમારીને ગાળ દે છે, ને એ પણ મુસલમાન થઈ ને ?"

ધુન્નીરામ પહેલેથી જ ચૂપ હતો. મારપીટ શરૂ થતાંવેંત એ તંબુમાંથી નીકળીને બહાર ભાગી ગયો.

કાળા કોટવાળો નૌટંકીનો મેનેજર નેપાલી સિપાહીઓની સાથે દોડી આવ્યો. દારોગાસાહેબે હંટરથી મારપીટ શરૂ કરી દીધી. હંટર ખાઈને લાલમોહરની આંખે અંધારાં આવી ગયાં. કબરાહી ભાષામાં ભાષણ કરવા લાગ્યો : "દારોગાસાહેબ, મારવો હોય તો મારજો, કંઈ વાંધો નહિ, પણ આ પાસ જોઈ લેજો. એક પાસ પાકિટમાં પણ છે, સાહેબ, ટિકિટ નથી, પાસ છે... તો પછી અમારી આંખો સામે કંપનીની બાઈ માટે કોઈ ખરાબ વાતો બોલે તો એને શેના છોડીએ ?"

આખી વાત કંપનીના મેનેજરની સમજમાં આવી ગઈ. એણે પોલીસને સમજાવ્યો : "સાહેબ, હું સમજી ગયો. આ બધી બદમાશી મથુરા મોહન કંપનીવાળાઓની છે. ખેલ ટાણે કજિયો ઊભો કરીને કંપનીને બદનામ..."

"નહિ સાહેબ, આ લોકોને છોડી દો. હીરાબાઈના માણસો છે. બિચારાનો જીવ જોખમમાં છે. મેં સાહેબને નહોતું કહ્યું ?"

હીરાબાઈનું નામ સાંભળતાં જ દારોગાએ ત્રણેને છોડી દીધા. પણ ત્રણેના ડંડૂકા આંચકી લેવામાં આવ્યા. મેનેજરે ત્રણેને એક રૂપિયાવાળા કલાસની ખુરશી ઉપર બેસાડ્યા : "તમે લોકો અહીં જ બેસજો. પાન મોકલાવું છું."

તંબૂ શાંત બન્યો ને હીરાબાઈ ફરી પાછી સ્ટેજ પર આવી ગઈ.

નગારું ફરી પાછું ધણધણી ઊઠ્યું.

થોડીવાર પછી ત્રણેને એકીસાથે ધુન્નીરામ વિશે ખ્યાલ આવ્યો : "અરે, ધુન્નીરામ ક્યાં ગયો ?"

"શેઠ, ઓ શેઠસાહેબ !" લહસનવાં તંબૂની બહારથી બૂમો પાડી રહ્યો હતો. "ઓ લાલમહોર શેઠ !"

લાલમહોરે ઊંચે અવાજે જવાબ વાળ્યો : "અહીંથી, અહીંથી આ બાજુના

દરવાજેથી." બધા પ્રેક્ષકો લાલમહોર તરફ ફરીને જોવા લાગ્યા. લહસનવાંને નેપાલી સિપાહી લાલમોહરની પાસે લઈ આવ્યો. લાલમોહરે ખીસામાંથી પાસ કાઢીને બતાવ્યો. લહસનવાંએ આવતાંવેંત પૂછ્યું : "સાહેબ, કયો જણ શું કહેતો'તો? એનો ચહેરો બતાવી દ્યો—એની એક ઝલક જ."

લોકોએ લહસનવાંની પહોળી અને સપાટ છાતી જોઈ. શિયાળાના દિવસોમાં પણ ઉઘાડું ડિલ !... વાજાં—તબલાંવાળાના માણસો લાગે છે.

લાલમોહરે લહસનવાંને શાંત કર્યો.

... ત્રણેયને કે ચારેયને પૂછશો નહિ કે નૌટંકીમાં શું જોયું ? એમાં આવતી વાર્તા કોને યાદ રહે ? હીરામનને લાગતું હતું કે હીરાબાઈ શરૂઆતથી જ પોતા સામે જ ટીકીટીકીને જોઈ રહી છે, ગાઈ રહી છે, નાચી રહી છે. લાલમોહરને લાગતું હતું કે હીરાબાઈ એની જ સામે જુએ છે. એ સમજી ગઈ છે કે લાલમોહર હીરામનથી પણ ઝાઝા પાવરવાળો માણસ છે. પલટદાસ વાર્તા સમજે છે... વાર્તામાં બીજું શું હશે ? રામાયણની જ વાત ! એ જ રામ, એ જ સીતા, એ જ લખમણલાલ ને એ જ રાવણ ! સીતા સુકુમારીને રામ આગળથી છીનવી લેવા રાવણ તરેહ તરેહના રૂપ ધરીને આવે છે. રામ ને સીતા પણ રૂપ બદલી નાખે છે. આમાં પણ તખ્ત-હજારા બનાવવાળો માળીનો દીકરો રામ છે. ગુલબદન સીતા સુકુમારી છે. માળીના દીકરાનો દોસ્ત લખમણલાલો છે ને સુલતાન છે એ રાવણ છે... ધુન્નીરામને સખત તાવ ચડ્યો છે.

...લહસનવાંને સહુથી સરસ પાર્ટ જોકરનો લાગ્યો છે. એ જોકર સાથે દોસ્તી કરવા ઇચ્છે છે... નહિ કરે દોસ્તી જોકરસાહેબ ?

હીરામનને એક ગીતની અર્ધી કડી હાથમાં આવી ગઈ છે : "મારે ગએ ગુલફામ." કોણ હતો એ ગુલફામ ? હીરાબાઈ રોતી રોતી ગાઈ રહી હતી ? "અજી હાં, મારે ગએ ગુલફામ." કિચ...કિચ...કિચ...કિચ...બિચારો ગુલફામ !...

ત્રણેને ડંડૂકા પાછા આપતાં પોલીસે કહ્યું : "લાઠી-ડંડૂકા લઈને નાચ જોવા આવો છો ?"

બીજે દિવસે આખા મેળામાં આ વાત ફેલાઈ ગઈ : "મથુરા મોહન કંપનીમાંથી હીરાબાઈ ભાગીને આવી છે એટલે આ વખતે મથુરા મોહન કંપની નથી આવી... એના ગુંડા આવ્યા છે... હીરાબાઈ પણ ઓછી નથી. ...કોઈની તાકાત છે કે 'વાહ મારી જાન' પણ કહી જાય ?"

દસ દિવસ. દિવસ ને રાત.

હીરામન દિવસ આખો ગાડુ ભાડે ફેરવે છે. સાંજ થાય છે ત્યાં જ નગારું વાગવા લાગે છે. નગારાનો અવાજ સાંભળતાં જ હીરાબાઈનો પોકાર કાન આસપાસ ગુંજવા લાગે છે. : "ભાઈ... ભાઈબંધ... હીરામન... ઉસ્તાદ... ગુરુજી..." હંમેશાં કોઈક ને કોઈક વાજું એના કાનમાં વાગ્યા જ કરતું હોય છે આખો દિવસ. કોઈકવાર હારમોનિયમ, કોઈકવાર નગારું, કોઈકવાર ઢોલક ને કોઈકવાર હીરાબાઈનું ઝાંઝર. એ સાજની ગત ઉપર જ હીરામન ઊઠે છે, બેસે છે, ચાલે છે. નૌટંકીના મેનેજરથી માંડીને પડદો ખેંચવાવાળા સુધીના બધાય એને ઓળખે છે... હીરાબાઈનો માણસ છે.

પલટદાસ હરેક રાત નૌટંકી શરૂ થવાના સમયે હાથ જોડીને સ્ટેજને શ્રદ્ધાપૂર્વક નમસ્કાર કરે છે. લાલમોહર એક દહાડો હીરાબાઈને કબરાહી બોલી સંભળાવા ગયો હતો. હીરાબાઈએ ઓળખ્યો પણ નહિ ત્યારથી એનું મન ઉદાસ થઈ ગયું છે. એનો નોકર લહસનવાં એના હાથમાંથી ચાલ્યો ગયો છે. નૌટંકી કંપનીમાં ભરતી થઈ ગયો છે. જોકર સાથે એની દોસ્તી થઈ ગઈ છે. નૌટંકી કંપનીમાં આખો દિવસ પાણી ભરે છે ને કપડાં ધુએ છે. કહે છે કે ગામમાં છે શું તી જાઉં ? લાલમોહર ઉદાસ રહે છે. ધુન્નીરામ બીમાર થઈને ચાલી ગયો છે.

હીરામન આજ ત્રણવાર માલ ભરીને સ્ટેશને આવી ચૂક્યો છે. આજ કોણજાણે કેમ તેની ભાભીની યાદ આવી રહી છે... ધન્નીરામે તાવના જોરમાં કંઈ કહી તો નહિ દીધું હોય ? અહીં કેવું અષ્ટમપષ્ટમ બકી રહ્યો હતો : "ગુલબદન તખ્ત-હજારા..." લહસનવાં મોજમાં છે. આખો દિવસ હીરાબાઈને જોતો હશે. કાલે કહેતો હતો; હીરામન શેઠ, તમારી મહેરબાનીથી ખૂબ મોજમાં છું. હીરાબાઈની સાડી ધોવાઈ જાય એટલે કથરોટનું પાણી પણ ગુલાબનું અત્તર બની જાય છે. એમાં મારો ગમછો બુડાડી રાખું છું. જુઓ, સૂંઘશો ? ...હરેક રાતે એ કોઈ નહિ ને કોઈને મોંએ સાંભળે છે કે હીરાબાઈ રંડી છે. એ કેટલા લોકો સાથે લડે ? જોયા વિના જ લોકો કેમ કોઈ વાત કહી શકતા હશે ? રાજાને પણ લોકો પીઠ પાછળ ગાળો દેતાં હોય છે... આજે એ હીરાબાઈને મળીને કહેશે, નૌટંકી કંપનીમાં રહેવાથી લોકો બહુ બદનામ કરે છે. સરકસ કંપનીમાં તમે કેમ કામ નથી કરતાં ? એ જ્યારે બધાની સામે નાચે છે ત્યારે હીરામનનું કાળજુ તડતડ તતડે છે. સરકસ કંપનીમાં એ હોય તો વાઘને નચાવે. વાઘની પાસે જવાની હિંમત કોણ કરે ? હીરાબાઈ સલામત રહેશે ? ક્યાંનું ગાડું આવ્યું છે આ ?

"હીરામન, એ હીરામનભાઈ," લાલમોહરનો અવાજ સાંભળીને હીરામને ગરદન ફેરવીને જોયું. કહ્યું :

"કયો માલ ભરીને આવ્યો છે, લાલમોહર ?"

"હીરાબાઈ ઇસ્ટેશન ઉપર તને ગોતી રહી છે. જાય છે એ." એકીશ્વાસે એ બોલી ગયો. "લાલમોહરના ગાડામાં જ મેળામાંથી આવી છે એ."

"જાય છે એ ? ક્યાં ? રેલગાડીથી જાય છે ?"

હીરામને ગાડું છોડી નાખ્યું. ગોદામના એક ચોકીદારને કહ્યું : "ભાઈ, જરા ગાડાની ને બળદની ભાળ રાખજો. હમણાં આવું છું."

"ઉસ્તાદ !" સ્ત્રીઓના વેઇટિંગ રૂમના દરવાજામાં હીરાબાઈ સાડીમાં હાથ ને મોં ઢાંકીને ઊભી હતી. એની થેલી આગળ કરતાં બોલી : "હાશ ભગવાન, મળી ગયો. ચાલો. હું તો આશા ગુમાવી બેઠી'તી. તને હવે મળાશે જ નહિ એમ લાગતું'તું... હું જઈ રહી છું, ગુરુજી."

માલ ચડાવનાર માણસ આજે કોટપાટલૂન પહેરીને સાહેબ બની ગયો છે. શેઠ લોકોની જેમ મજૂરોને હુકમ દઈ રહ્યો છે : "બાયડીઓના ડબ્બામાં ચડાવજો, હોં."

હાથમાં થેલી લઈને હીરામન ચૂપચાપ ઊભો રહ્યો. કબજાની અંદરથી થેલી કાઢી આપી છે હીરાબાઈએ. પંખીના શરીરના જેવી ગરમ છે થેલી !

"ગાડી આવે છે." પેટી ચડાવનારે મોં ચડાવીને હીરાબાઈ તરફ જોયું. એના ચહેરાનો ભાવ સ્પષ્ટ છે : "એટલું બધું શું છે...?"

હીરાબાઈ ચંચળ બની ગઈ. બોલી : "હીરામન, અહીં આવ, અંદર. હું પાછી મથુરા મોહન કંપનીમાં ચાલી જાઉં છું. મારા મુલકની કંપની છે. બનૈલીના મેળામાં આવીશ ના ?"

હીરાબાઈએ હીરામનના ખભા ઉપર હાથ મૂક્યો. આ વખતે જમણા ખબા ઉપર. પછી પોતાની પાકિટમાંથી રૂપિયા કાઢતાં બોલી : "એક ગરમ ઓઢવાનું લેજે."

આટલીવાર પછી હીરામનની બોલી ફૂટી : "ધત્, દરેક વખત રૂપિયા ને પૈસા ? રાખો એ રૂપિયા.... ઓઢવાનાનું શું કામ છે ?"

હીરાબાઈનો હાથ અટકી ગયો. એણે હીરામનના ચહેરા સામે ધારી ધારીને જોયું. પછી કહ્યું : "તારો જીવ બહુ નાનો થઈ ગયો છે, કેમ ભાઈબંધ ?... મહુઆ ઘાટવાળીને સોદાગરે જેમ ખરીદી લીધી'તી ના, ગુરુજી..."

હીરાબાઈનું ગળું ભરાઈ આવ્યું. પેટી ચડાવનારાએ બહારથી બૂમ મારી : "ગાડી આવી ગઈ છે." હીરામન ઓરડામાંથી બહાર નીકળી આવ્યો. પેટી ચડાવનારાએ નૌટંકીના જોકર જેવું મોં કરીને કહ્યું : "પલાટફારમની બહાર ભાગ. ટિકિટ વિના પકડશે તો ત્રણ મહિનાની હવા..."

હીરામન મૂંગો મૂંગો દરવાજા બહાર જઈને ઊભો રહી ગયો.... ઇસ્ટેશનની વાત છે, રેલવેનું રાજ છે ! નહિતર તો આ પેટી ચડાવનારાનું મોં સીધું કરી નાખત હીરામન !

હીરાબાઈ બરોબર સામેવાળા ડબ્બામાં ચડી. 'અરે વા ! આટલું ખેંચાણ !" ગાડીમાં બેઠા પછી પણ હીરામનની સામે જ જોઈ રહી છે ટગર, ટગર... લાલમોહરને જોઈને જીવ જલી ઊઠે છે, હંમેશાં પાછળ ને પાછળ, હંમેશાં ભાગીદારી સૂઝે છે એને !...

ગાડીએ સીટી મારી, હીરામનને લાગ્યું કે અંદરથી કોઈ અવાજ નીકળીને સીટીની સાથે ઉપરની બાજુ ચાલ્યો ગયો કૂ-ઉ-ઉ...! હસ્સ...સ...! છિ... છૂક... છૂક... ગાડી હલી. હીરામને પોતાના જમણા પગના અંગૂઠાને ડાબા પગની એડીથી કચડી નાખ્યો. કાળજાનો ધબકારો શાંત થઈ ગયો... હીરાબાઈ હાથમાંના નાના હાથરૂમાલથી ચહેરો લૂછે છે. રૂમાલ હલાવીને ઇશારાથી સમજાવે છે : "હવે જાઓ." છેલ્લો ડબ્બો ચાલી ગયો. પલેટફારમ ખાલી... બધું જ ખાલી... માલગાડીના ડબ્બાઓ... જાણે આખી દુનિયા ખાલી થઈ ગઈ ! હીરામન પાછો પોતાના ગાડા પાસે આવી ગયો.

હીરામને લાલમોહરને પૂછ્યું : "ક્યાં સુધીમાં તું પાછો ગામે જવાનો ?"

લાલમોહરે કહ્યું : "હમણાં ગામ જઈને શું કરે ? ભાડાં કમાવાનો આ તો મોકો છે. હીરાબાઈ ચાલી ગઈ. મેળો હવે વિખેરાશે."

"ઠીક છે. ઘેર કંઈ કહેવડાવવું છે ?"

લાલમોહરે હીરામનને સમજાવવાની કોશિશ કરી. પણ હીરામને તો પોતાનું ગાડું પોતાને ગામ જતી સડક તરફ વાળી દીધું... હવે મેળામાં શું દાટ્યું છે ? ખોખરો મેળો !

રેલવે લાઇનની બાજુમાંથી જ બળદગાડીની કાચી સડક દૂર સુધી જાય છે. હીરામન રેલગાડીમાં બેઠો નથી. એના મનમાં પાછી જૂની લાલસા ડોકાઈ ગઈ, રેલગાડીમાં બેસીને ગીત ગાતાં ગાતાં જગન્નાથ ધામ જવાની લાલસા... પાછળ ફરીને પોતાના ખાલી ગાડામાં અંદર જોવાની હિંમત નથી. પીઠમાં આજે પણ ગલીપચી થાય છે, આજે પણ રહી રહીને ચંપાનું ફૂલ ખીલી ઊઠે છે એના ગાડામાં. એક ગીતની તૂટેલી કડી ઉપર નગારાનો તાલ વારંવાર વાગ્યા કરે છે...

એણે પાછળ ફરીને જોયું. ગુણીઓ પણ નથી, વાંસ પણ નથી, વાઘ પણ નથી... પરી... દેવી... મોતી... હીરાદેવી... મહુઆ ઘાટવાળી...કોઈ જ નથી. મરી ગયેલા મૂહરતોના મૂંગા અવાજો બોલવા ઇચ્છે છે. હીરામનના હોઠ હાલી રહ્યા છે. કદાચ એ ત્રીજા સોગંદ લઈ રહ્યો છે : કંપનીની બાઈને ગાડામાં લઈ જવી...!

હીરામને ઓચિંતાના પોતાના બળદોને ફટકારી દીધા. ડંડૂકાથી મારતાં મારતાં બોલ્યો : "ગાડીના પાટા તરફ ફરી ફરીને શું જુઓ છો ?" બન્ને બળદોએ પગ ઉપાડીને ચાલ ઝડપી બનાવી. હીરામન ગુનગુન કરવા લાગ્યો :

"અલી હાં, મારે ગએ ગુલફામ...!

# લંડનની એક રાત

## નિર્મલ વર્મા

હું બીજીવાર ત્યાં ગયો હતો. પહેલી રાતે મોડો પહોંચ્યો હતો. મારા ગયા પહેલાં જ બધું કામ વહેંચાઈ ગયું હતું. તો પણ હું અનિશ્ચિત જેવો, ગેઇટની બહાર ઊભો રહ્યો હતો. વિચારી રહ્યો હતો કે કદાચ છેલ્લી ઘડીએ એમને કોઈક માણસની જરૂર પડશે અને એ લોકો મને બોલાવી લેશે. ધડધડાટ કરતાં મશીનોની અંદર સોડાની બાટલીઓનો અવાજ મોડે સુધી સંભળાઈ રહ્યો હતો. અમારામાંથી જેમને કામ મળી ગયું હતું એ લોકો જલદી જલદી પોતાના સૂટ ઉતારીને કામ કરવાનાં કપડાં પહેરી રહ્યા હતા.

બહાર વરંડામાં બાટલીઓ હતી – ફિક્કી ચાંદનીમાં ચકચકતી, એક ઉપર બીજી એમ ક્રમબદ્ધ ગોઠવાયેલી, ફેક્ટરીની દીવાલને બરોબર લાગી લાગીને મુકાયેલી. દૂરથી જોતાં એમ લાગતું હતું કે જાણે કાચના લાંબા ટીંબા ઉપર ઘણી બધી બિલાડીઓ એકબીજીનાં ગળાં પકડીને બેસી ગઈ છે.

હું ઊભો રહ્યો. થોડા સમય પછી એક અંગ્રેજ સજ્જન મારી પાસે આવ્યા : "તમે હજી પણ ઊભા રહ્યા છો ?...મે કહ્યું ને, આજે કંઈ જ કામ નથી." એણે એનો હાથ મારા ખભા ઉપર મૂક્યો.

"ના, હું તો ખાલી જોઈ રહ્યો હતો." મેં ધીરેથી એના હાથ મારા ખભા ઉપરથી હઠાવી દીધો.

"કાલે પંદર મિનિટ વહેલા આવી જજો. જો થોડાક માણસો કાલે નહિ આવે તો તમને લઈ લેવામાં આવશે. ગુડ નાઇટ." અને એ ચાલ્યો ગયો.

આ બીજી રાત હતી. ટ્યૂબ – સ્ટેશનની સીડીઓ ચડીને ઉપર આવ્યો ત્યારે જોયું કે કાલની ચાંદની આજે પૂરેપૂરી ખીલીને ફેલાઈ ગઈ છે. દૂર દૂર મિલોની ચીમનીઓની વચ્ચે લંડનનું – ધુમાડિયું આકાશ સંકોચાઈ ગયું હતું.

મારે બીજીવાર રસ્તો શોધવો પડ્યો. કાલે જેના પર ચાલ્યો હતો એ જ સડકો ઉપર હું પાછો ચાલવા લાગ્યો. એ હવે પરિચિત હતી. પણ ચાંદનીમાં અજબ જેવી અજાણી અજાણી લાગતી હતી.

પરંતુ નોર્થ ઍક્ટનથી જરા આગળ ચાલીને મારા પગ પોતાની મેળે જ અટકી

ગયા. ધાર્યું હતું કે આજે હું વહેલો આવી ગયો છું ને ગેઇટ પર મારા સિવાય બીજું કોઈ નહિ હોય. પણ મારું અનુમાન સાચું નહોતું. ત્યાં તો પહેલેથી જ વીસપચીસ બેકાર યુવકોનું ટોળું જામી ગયું હતું. અંગ્રેજ છોકરાઓ, કેટલાક વિદ્યાર્થીઓ – જે દેખતાંવેંત જ બર્મીઝ લાગતા હતા, દક્ષિણ આફ્રિકા અને વેસ્ટ ઇન્ડિઝના નિગ્રો લોકો – બધાં જુદાં જુદાં ટોળાંઓ બનાવીને ઊભા હતા. બધાની આંખો ગેઇટ ઉપર ચોંટેલી હતી. કેટલાકના ચહેરા પરિચિત જેવા લાગતા હતા. એમને કદાચ કાલે રાતે જોયા હતા. એ બધાની આંખો મારા તરફ ખેંચાઈ – ખામોશ અને તણાયેલી. મને લાગ્યું કે જાણે એ ખામોશીમાં એક અજબ જેવો ભય ઊભરાઈ આવ્યો છે – મારા પ્રતિ એટલો નહિ, જેટલો, જેનો નિર્ણય હવે પછીની થોડી જ ક્ષણોમાં થઈ જવાનો હતો તે અજ્ઞાત નિયતિના પ્રતિ.

હું પણ એમની સાથે એક ખૂણામાં ઊભો રહ્યો – એમનાથી ડરતો, છતાં એમની જોડે બંધાયેલો એવો.

પોણા નવની આસપાસ મૅનેજર અમારી પાસે આવ્યા. મને જરાક નિરાશા થઈ. કાલે જેમણે મારા ખભા ઉપર હાથ રાખ્યો હતો એ સજ્જન આ નહોતા. એમના હાથમાં કાગળનો એક ટુકડો હતો. કંઈક પણ મેળવવાની લાલચે મૂક પ્રાણીઓ પિંજરાના સળિયા પાસે ધીમી યાંત્રિક ગતિથી આવે છે – પ્રાણી સંગ્રહાલયનાં એ રીતે. એક ક્ષણ માટે એમણે અમને જોયા. અમારા ખુલ્લા, નગ્ન, ભાવહીન ચહેરાઓ એમને અજબ જેવા ભયાવહ લાગ્યા હશે, કેમકે એમણે પોતાની આંખો જલદીથી કાગળ પર ઝુકાવી દીધી અને ઝડપબંધ એક પછી એક નામ વાંચવા લાગ્યા.

જે લોકોએ આગલી રાતે કામ કર્યું હતું એ બધાઓને જુદા પાડી નાખવામાં આવ્યા. એમના ઉપરાંત માત્ર ત્રણ જ બીજા છોકરાઓને ચૂંટવામાં આવ્યા : બે અનાથ જેવા લાગતા અંગ્રેજ યુવકો અને એક દક્ષિણ આફ્રિકાનો વિદ્યાર્થી. એ સહુથી આગળ ઊભો હતો અને વારંવાર ઝૂકી ઝૂકીને મૅનેજરના કાનમાં કંઈક ગુસપુસ કર્યા કરતો હતો.

"આજે આટલા જ !" એમણે સહાનુભૂતિભર્યા ભાવથી અમારા તરફ જોયું. "તમે લોકો કાલે આવજો; કદાચ થોડા માણસોની જરૂર પડશે."

ટોળામાંથી ત્રણચાર યુવકોએ આગળ વધીને એમની જોડે ચર્ચા કરીને કોશિશ કરી, પરંતુ એમણે ખૂબ જ અસહાયભાવથી પોતાના હાથ હલાવ્યા ! અને અમારી સામે હસતી આંખોથી દેખતા દેખતા અંદર ચાલ્યા ગયા.

અમારી પ્રતીક્ષાનો અંત આવી ગયો છે એ જાણવા છતાંયે અમારામાંથી કોઈ એના ઉપર વિશ્વાસ કરી શક્યું નહિ. મૅનેજરના ગયા પછીયે અમારામાંથી કોઈ

જગ્યાએથી હલ્યુંચલ્યું નહિ. લાગતું હતું કે પાછલી ત્રણ મિનિટમાં જે કંઈ વધઘટ થઈ ગઈ છે તે જાણે હજી અપૂર્ણ છે; એ એક એવું અવાસ્તવિક તથ્ય છે જેની સાથે કદાચ, અમારે કોઈ પ્રકારનો સંબંધ છે નહિ... હજી કંઈક એવું છે જે બાકી છે, જે પ્રતીક્ષાની પછી પણ પોતાનાં બારણાં ખુલ્લાં રાખે છે... અમારામાંથી ઘણાઓ એવા હતા જે ટ્યૂબ-ટ્રેનમાં, ત્રણ કે ચાર શિલિંગની ટિકિટ લઈને, લંડનના દૂર દૂરના ખૂણાઓમાંથી અહીં આવ્યા હતા. અમારા બધાના હાથમાં એક એક થેલો હતો જેમાં અમે રાતની ડ્યૂટીનાં કપડાં અને ખાવાનો સામાન બાંધી રાખ્યો હતો. પછીની ટ્યૂબ-ટ્રેનમાં અમારે પાછું જવું પડશે એમ માનવું અમારામાંથી કોઈને પણ માટે મુશ્કેલ હતું. પાઇપમાંથી નીકળતું પાણી, ચાંદનીમાં ચમકી રહેલા કીચડના ખાડાઓ... એટલે સુધી કે ખાળમાં પડેલી એક ખાલી બાટલી પણ અમને પૂરેપૂરી અપ્રાસંગિક અને ઢંગધડા વગરની લાગવા માંડી. અમે કદાચ એ પણ ભૂલી ગયા હતા કે અમે અહીં શા માટે આવ્યા હતા. થોડીક ક્ષણો પહેલાં નોકરી ન મળ્યાનું જે દુ:ખ હતું એ હવે એક બેડોળ, વિકૃત બોજા જેવું બનીને અમારા ટાંટિયા આસપાસ વીંટળાઈ ગયું હતું. અમારે ફરીથી ઘસડીને એને ઘર સુધી લઈ જવાનું હતું.

એ ક્ષણે અમારા મનમાં ભૂખ અને નિરાશા સિવાય ક્યાંય પણ કોઈ ખીજ કે કટુતા નહોતી.

પણ એ બધું થોડી ક્ષણો માટે જ. ઓચિંતાની એ માયાવી ક્ષણ તૂટી ગઈ. અમે પાછા સ્વસ્થ બની ગયા. એક લાંબો વજનદાર એવો શ્વાસ એ અદૃશ્ય બેડોળ ટોળાંની ઉપર ઊઠ્યો, અને થોડીક અશ્લીલ અને અનર્ગળ ગાળોમાં ખોવાઈ ગયો. અને બીજા દેહની ગંધ – જેને અમે પાસે પાસે ઊભેલાઓ સૂંઘી શકતા હતા, અને ગાળો દેતાં છતાં અપનાવી શકતા હતા – હવે જુદે જુદે રસ્તે વળી જવા લાગી હતી. માત્ર અમે ત્રણ જ જણા હજી પણ કંપાઉન્ડની અંદર અનિશ્ચિત જેવી મુદ્રામાં ઊભા રહ્યા. મારી પાછળ આછોપાતળો એવો સરસરાટ થયો.

"બ્લડી બાસ્ટાર્ડ !" પહેલી વ્યક્તિએ કંઈક દબાયેલા, કંઈક ભરાયેલા સ્વરમાં કહ્યું. એ આગળ આવી ગયો. ભયભીત, આશંકિત આંખે ચારે બાજુ જોયું અને પછી બાટલીની પેટીઓના ઢગલામાંથી સોડાની એક બાટલી કાઢીને પીવા લાગ્યો. બીજી એક બાટલી તેણે ત્રીજી વ્યક્તિના હાથમાં પણ બળજબરીથી પકડાવી દીધી. "પી જા, યાર ! એ સાલાઓને કંઈ ખબર પણ નહિ પડે."

એ ત્રીજી વ્યક્તિ, કે જે નાની ઉંમરનો નિગ્રો વિદ્યાર્થી લાગતો હતો ને બાટલી લેવામાં જે આનાકાની કર્યા કરતો હતો, તેણે પછી કોણજાણે શું વિચારીને પોતાના માથાને એક નાનો એવો ઝટકો માર્યો અને કોઈ દૂધ પીતા બાળકની માફક

બાટલીને બન્ને હાથમાં પકડીને પોતાને હોઠે લગાડી દીધી. એક મોટો ઘૂંટડો ભરીને એણે પોતાના ઉઘાડા હાથથી પોતાનું મોં લૂછ્યું અને બાટલી મારી સામે ધરી દીધી.

"આ ત્રીજીવાર છે કે જ્યારે હું અહીં આવ્યો છું. કાલે જે સાહેબે કામ આપવાનું વચન આપ્યું હતું એ આજે દેખાયો જ નહિ."

"કાલે પણ એમ જ થશે. કોઈ નવો બાસ્ટાર્ડ આવશે ને એને ખબર પણ નહિ પડે કે આપણે આજે રાતના આવ્યા હતા."

"કાલ કોણ આવવાનું છે ? હું તો આ તરફ નજર પણ નહિ નાખું. ડેમ ધીસ..."

પહેલી વ્યક્તિએ પોતાના ઓવરકોટનાં બટન ખોલી નાખ્યાં. આટલી ગરમીમાં પણ એણે ઓવરકોટ પહેર્યો હતો એથી મને આશ્ચર્ય ન થયું. એનું વ્યક્તિત્વ ઓવરકોટ સાથે કંઈક એવી રીતે જોડાયેલું હતું કે એકને બીજાથી જુદું કરવું એ જ આશ્ચર્યજનક બની જાય. એ એક લાંબો, હૃષ્ટપુષ્ટ યુવક હતો. નાની એવી 'ગોરી' દાઢી હતી... એની પાછળ એની આંખ સૂકા, તીખા, ગાંડપણ જેવા કોઈ ભાવમાં પલક મારતી રહેતી હતી. પણ નહિ, ગાંડપણ એક અજબ જેવી નર્વસ તાણ, જે સામાન્ય રીતે, જેનો શિકાર થવાનો હોય તે જાનવરોની આંખમાં દેખાય છે. હોલીવૂડના વિલન જેવો એના શરીરનો દેખાવ અંધારામાં કોઈ પણ અજાણ્યાને પૂરતો ભયાવહ લાગે એવો હતો.

ધીમે ધીમે પગ ઉપાડતા ઉપાડતા અમે નોર્થ ઍક્ટનનો પુલ પાર કરી ગયા હતા. લંડનની ડબલ ડેકર બસ અમારી આગળથી પસાર થઈ ગઈ. ઑગસ્ટ મહિનાનાં પીળાં બરછટ પાંદડાંનો રેલો કેટલીયેવાર સુધી બસની પાછળ દોડતો રહ્યો.

ત્રીજો માણસ, પેલા નિગ્રો યુવક, હજી પણ ઉદાસ હતો. એ સડક પર આંખો નીચી ઢાળીને મૂંગો મૂંગો ચાલી રહ્યો હતો.

"લંડનમાં ક્યારથી છો ?" દાઢીવાળા યુવકે (પાછળથી જેણે પોતાનું નામ વિલી છે તેમ કહ્યું હતું) નિગ્રોના ખભા ઉપર હાથ મૂકીને પૂછ્યું.

એ ચૂપ રહ્યો.

"ક્યાંથી આવે છે ?"

"દક્ષિણ આફ્રિકાથી. અહીં ભણું છું."

એ વાતને, કદાચ, અહીં જ પૂરી કરવા માગતો હતો. એણે ખિસ્સામાંથી સિગરેટનું પાકીટ કાઢ્યું અને અમારી બન્નેની સામે ધરી દીધું. અમે બન્નેએ આભાર માનીને આંખો ખસેડી લીધી. આ એની છેલ્લી સિગરેટ હતી અને અમારી ભૂખી લાલસા ઉત્કટ હોવા છતાં પણ અમારામાં એ લેવાની ના પાડવા જેટલી શિષ્ટતા

તો બાકી રહી હતી જ. પણ આ શિષ્ટાચાર લાંબા વખત સુધી ચાલી શક્યો નહિ. થોડીવાર પછી અમે ત્રણે જણા એ સિગરેટને વારાફરતી પી રહ્યા હતા.

સામે લંડનની રાત હતી – વજનદાર, મેલીમેલી, શાન્ત. એ શહેરનો એક ઉજ્જડ ખૂણો હતો, અને રસ્તો ખાલી હતો. ખાલી, પણ વેરાન નહિ, પાંદડાંઓનો સરસરાટ, જૂનાં મકાનોની વાસી ગંધ, લાગતું હતું કે જાણે અમે વચમાં અનેક નિષ્પ્રાણ ચીજોને ઠેલતા ઠેલતા આગળ વધી રહ્યા છીએ છતાં પણ, વચ્ચે પવન અને લૅમ્પ-પોસ્ટોના પડછાયા ઉપરાંત બીજું કંઈ પણ નહોતું.

“તું ક્યાં જવાનો ?”

“વૉરન સ્ટ્રીટ,” એણે કહ્યું. “પાછલા બે દિવસોથી આવું છું. આજ સુધીમાં પાંચ પોપ્સ માત્ર આવવા-જવામાં ખર્ચાઈ ગયા છે. આટલા પૈસાથી તો હું ટેનિસ રમવા જઈ શકત.”

એ વખતે ટેનિસ રમવાની ચર્ચા ખૂબ વિચિત્ર લાગી. એના ચહેરા ઉપરથી તો એવો ભ્રમ પેદા થતો હતો કે પાછલા કેટલાય દિવસથી એને પેટ ભરીને ખાવા પણ નહિ મળ્યું હોય.

“મારા મિત્રને કામ મળી ગયું છે,” નિગ્રો વિદ્યાર્થીએ જરીક ઉત્સાહપૂર્વક કહ્યું. “અમે બન્ને સાથે રહીએ છીએ. કાલે કદાચ એ મને થોડા શિલિંગ ઉધાર દઈ શકશે.”

“ડેમ હિમ–ઇફ હી ડઝન્ટ,” વિલીએ અજબ જેવા ખિજાયેલા સ્વરમાં કહ્યું. “હું તો કાલે કોઈ પણ હિસાબે નહિ આવું...પ્લીઝ કમ ટુમોરો”! મૅનેજરની નકલ કરતાં કરતાં તેણે મોં સંકોરી લીધું. “ટુમૉરો બી ડેમ્ડ. તમે કાલે આવવાના ?” એણે પહેલીવાર મારા તરફ મોં ફેરવીને પૂછ્યું.

“કદાચ આવીશ.” મેં જાણીબૂઝીને એને વધારે ખીજવવાને કહ્યું. એ આ વખતે ‘કાલ’ની વાત કરતો હતો તેથી મને ઘણો અફસોસ થયો હતો.

“સાલાઓ શું આપે છે ?”

“અઢી પાઉન્ડ,” નિગ્રો વિદ્યાર્થીએ કહ્યું.

“રોજ સવારે ?”

“હા, રોજ સવારે. અડધી રાતે ચા અને સેન્ડવીચીઝ પણ આપે છે. મારો મિત્ર કહેતો હતો. કાલે હું અને એ સાથે સાથે આવ્યા હતા. એને લઈ લેવામાં આવ્યો, હું રહી ગયો.”

“નિગ્રો હતો ?”

“ના, એ બર્મીઝ છે.”

“ને તમે ?” વિલીએ સંદિગ્ધ ભાવથી મારી સામે જોયું–જાણે એની આંખથી મને તોળી રહ્યો ન હોય. “તમે શું જાપાની છો ?”

મેં માથું હલાવી દીધું. આટલી એવી વાતમાં એનો પ્રતિવાદ કરવો મને નિરર્થક લાગ્યો.

થોડીવાર સુધી અમે મૂગા મૂગા સ્ટેશન તરફ ચાલતા રહ્યા, જ્યારે જ્યારે ગરમ હવાની લહેરખી આવતી ત્યારે અમે ધ્રૂજી જતા. ત્યારે પોતાનાં બધાં જ બંધનો તોડીને અમારી ભૂખ ઊઘડી જતી. ત્યારે લાગતું કે જાણે પવન લૅમ્પ-પોસ્ટના પીળા, ને બહુ ઊજળા નહિ એવા તેજને તોડી નાખે છે ને તોડીને પોતાની ભેગું એને વહાવી જાય છે.

"ગરમી ઘણી છે... પાછલાં પાંચ વર્ષમાં આવી ગરમી જોઈ નથી."

"પાછલાં પાંચ વર્ષથી લંડનમાં છો ?"

"કદાચ વધારે... ત્યારથી ઘણાં કામ કરી ચૂક્યો. હું હવે ઝાઝું નહિ રહું."

"શું પાછા ઘરે જશો ?" વિલીએ પૂછ્યું.

"ઘર ?" નિગ્રો વિદ્યાર્થી જ્યોર્જના અવાજમાં એક જાતની એકલતા ઊભરાઈ આવી—જાણે ઘર શબ્દ બહુ જ વિચિત્ર હોય ને, જાણે એણે એ શબ્દ પહેલી જ વાર સાંભળ્યો હોય ને, એવું. "હું અહીં જ રહેવા ઇચ્છતો હતો. પણ 'તેઓ' અમને ઇચ્છતા નથી."

"તેઓ ? ...આહ." વિલીએ કહ્યું.

"તેઓ..." અનાયાસ અમે ચારે બાજુ જોયું. કોઈ પણ ન હતું. જોકે તેઓ દરેક જગ્યાએ, દરેક વખતે અમારી સાથે જ હતા, જેટલા અમારી બહાર, એટલા જ અમારી અંદર...

"જ્યારે જારિંગ હિલમાં તોફાન થયાં ત્યારે તું અહીં હતો ?" વિલીના સફેદ દાંત ચમકી ઊઠ્યા.

"ના, ત્યારે હું લંડન નહોતો આવ્યો."

"હું ત્યાં જ રહું છું. ત્રણ દિવસ સુધી એક અંગ્રેજ છોકરીના ઘરમાં છુપાઈ રહ્યો. જ્યારે તેઓ એક એક નિગ્રોને લિંચ કરી રહ્યા હતા. ત્યારે હું એ સફેદ 'વ્હોર'ની સાથે સૂતો રહ્યો હતો. એ માનતી હતી, હું એને ચાહું છું... પણ એ પછી મેં તો એને જોઈ સુદ્ધાં નથી, એને ખબર નહોતી કે હું બદલો લઈ રહ્યો હતો... એની સફેદ ચામડી સાથે...ને એણે હાથથી ઇશારો કર્યો—જેટલો જુગુપ્સામય, એટલો અશ્લીલ નહિ.

દૂર કારખાનાંના ધુમાડાથી પણ ઉપર ટ્યૂબ-સ્ટેશનની બત્તીઓ ચમકી રહી હતી. લાગતું હતું કે જાણે ધરતીનો કોઈક ટુકડો વચમાંથી ફાટી ગયો છે, અને એની નીચેથી હીરાઓની ચકમકતી કોર ઉપર નીકળી આવી છે.

"તું અહીં ભણે છે ?"

"હા...પણ ઉનાળાઓની રજાઓમાં કામ કરું છું. પહેલાં ડાન્સ માટે જતો હતો." જ્યોર્જે કહ્યું. એનો અવાજ ઉદાસ હતો—જાણે કામ ન મળ્યું એનું દુ:ખ હજી પૂરેપૂરું દૂર થયું નહોતું.

"કૅન્ટિનન્ટ કેમ નથી જતો, યાર ?" વિલીએ કહ્યું. "મારો એક દોસ્ત જર્મની ગયો છે, ત્યાં નોકરીઓની અછત નથી. સાંભળ્યું છે ત્યાં છોકરીઓ કાળા રંગની પાછળ દોડે છે—માત્ર ઇશારો કરવાની જ વાર."

"કદાચ છેલ્લી લડાઈને કારણે હોય." જ્યોર્જે કહ્યું.

"થોડા વર્ષ પહેલાં મારા ફાધર ત્યાં ગયા હતા. કહેતા હતા, ક્યાંય પુરુષ નજરે પડતો નથી. દરેક બાજુ બૈરાંઓ..."

"ઓહ, હાઉ આઇ વિશ ફોર અનધર વૉર, અનધર ઍન્ડ ધેન અનધર." વિલીએ કહ્યું.

જ્યોર્જે આશ્ચર્યથી વિલી તરફ જોયું. પછી મારી તરફ એ કદાચ કંઈક કહેવા માગતો હતો, પણ પછી કંઈક વિચારીને એણે માથું હલાવી દીધું. કહ્યું કંઈ પણ નહિ.

ને કદાચ એ બરોબર પણ હતું. લંડનની એ ખામોશ ગરમ રાતમાં 'વૉર' ઘણી દૂરની ચીજ લાગતી હતી – અર્થહીન અને હાસ્યાસ્પદ. એની ચર્ચા કરવાનો કશો અર્થ નહોતો. થયું પણ તેમ જ. અમે થોડી જ વારમાં વિલીની વાત ભૂલી ગયા. એ પછી અમે ઘણીવાર સુધી જુદા જુદા દેશની છોકરીઓ સંબંધમાં વાતો કરતા રહ્યા. લાગતું હતું કે જાણે જૂની ભૂખની અંદરથી એકાએક કોઈ નવી ભૂખ જાગી ઊઠી હોય.

"હું સ્પેઈન જવા માગતો હતો. ત્યાંની છોકરીઓ...આહ ! પેશન ! પણ સાલાઓએ વીસા આપ્યો નહિ. પોતાના દેશની કુંવારી છોકરીઓની વર્જિનિટીનો એમને ખૂબ ખ્યાલ રહે છે."

સ્પેઇન ! જાણે કોઈકે ઘણી જ પુરાણી રાખ ચૂંથી નાખી ન હોય !

"તું ગયો છે ?"

"હું જવા માગતો હતો, ઘણાં વર્ષ પહેલાં."

"સિવિલ વૉરમાં ?"

"ત્યારે હું ઘણો નાનો હતો."

"અમારા દેશમાં કદાચ સિવિલ વૉર"...ને અચાનક જ્યોર્જ ચૂપ થઈ ગયો. એના વાંકડિયા વાળ ઉપર પસીનાનાં ટીપાં ચમકી રહ્યાં હતાં.

"આઇ ડૉન્ટ લાઇક સિવિલ વૉર." વિલીએ કહ્યું.

અમારી વાત પાછી ત્યાં જ આવીને અટકી ગઈ હતી – ચારે બાજુ ઘૂમી

ઘૂમીને ફરી પાછા એક ને એક જ કાણામાં ઘૂસી જતા બિલિયર્ડના દડાની માફક. અમને એની સાથે કશો સંબંધ નહોતો. એ લંડનની ખૂબ જ ખામોશ અને ગરમ રાત હતી અને વૉર ખૂબ જ દૂરની ચીજ લાગતી હતી.

રસ્તાની જમણી બાજુની ટેવર્નમાંથી હાસ્ય અને સંગીતનો ભેળસેળ થઈ ગયેલો અવાજ વહી આવતો હતો. ટેવર્નની પાછળ, ગલીના અંધારા ખૂણામાં, એકબીજા સાથે ચીટકી ગયેલી બે છાયાઓ વારંવાર હલી ઊઠતી હતી. ઉપર ઊઠાવી લેવામાં આવેલા સ્કર્ટની નીચેથી એક સુડોળ નગ્ન પગ વારંવાર કંપી ઊઠતો હતો, અને પાછી ખોંખાંખોળા કરી રહેલા વિહ્વળ હાથોની નીચે ભીંસાઈ જતો હતો.

"ચાલો, થોડો બિયર પીએ. કંઈ પીધા વિના હું બરોબર ઊંઘી શકતો નથી." વિલીએ કહ્યું.

મને થોડીક દ્વિધા થઈ. મારા ખિસ્સામાં છેલ્લી બે શિલિંગ પડી હતી. એને મેં ટ્યૂબ-ટ્રેન માટે બચાવી રાખી હતી. જ્યોર્જની હાલત પણ વધારે સારી દેખાતી નહોતી. વિલીનો પ્રસ્તાવ સાંભળ્યો-ન સાંભળ્યો કરીને એ અંધારામાં સિટી બજાવી રહ્યો હતો.

કદાચ વિલી સમજી ગયો. જ્યોર્જના ખભા ઉપર હાથ મૂકીને એણે કહ્યું : "ફિકર કરવાની કંઈ જરૂર નથી. અહીંના માણસો મને ઓળખે છે. એક જમાનામાં હું અહીં ઘણીવાર આવતો હતો."

જ્યોર્જનો ઉપેક્ષાનો ભાવ ઓચિંતાનો ચાલ્યો ગયો. એના ચહેરા ઉપર બાળકના જેવી એક અજબગજબ ખુશી ફેલાઈ ગઈ.

"હું થોડોક જિન લઈશ. આશા છે કે કાલે મારો મિત્ર મને થોડા શિલિંગ ઉધાર આપી શકશે."

અમારા પગ પબ તરફ વળી ગયા.

બારણું ખોલતાંવેંત અવાજોના એક ગરમ ફીણભર્યા રેલાએ અમને પોતામાં સમાવી દીધા. ધુમાડામાં ગૂંથાઈ જતા, ઊંધા વળતા, એકબીજાને છોલતા જતા અવાજો, જે ક્યાંયથી બહાર ન નીકળી શકાવાને કારણે ગંદા, ઊછળતા પાણીની જેમ એક જ ખાડામાં ભેગા થઈ ગયા હતા ! રોશની હતી – સાધારણ, અને તે પણ, ધુમાડાના ઘેરામાં ઘેરાયેલી. એમાંથી કોઈ પણ એક ચહેરાને પિછાણવો, અને બીજાથી અલગ એને કરીને જોવો એ અશક્ય હતું.

નીચે થોડી સીડી ઊતરીએ ત્યાં બેઝમેંટ આવતું હતું. ક્યારેક ક્યારેક નાચી રહેલાં યુગલોની છાયાઓ સીડી ઉપર પડી જતી હતી – ક્યારેક બેડોળ અને લાંબી લાંબી, તો ક્યારેક એટલી નાની નાની કે એવું લાગે છે કે જાણે પારદર્શક જળને

તળિયેથી માછલીઓ ઉપર આવે છે ને પાછી બીજી જ ક્ષણે ડૂબી જાય છે !

અમે ખૂણાના ટેબલની આજુબાજુ બેસી ગયા. થોડા વખત પછી વિલી બિયરની ત્રણ બાટલીઓ અને ગ્લાસ લઈ આવ્યો. અમે પીવા લાગ્યા.

"પહેલાં હું અહીં કામ કરતો હતો. થોડા મહિના રહ્યો. પછી મન કંટાળી ગયું. આ પબનો માલિક ઇટાલિયન છે. ખરાબ નથી. પણ ડરે છે બહુ જ. આ તરફ આવશે તો તારી સાથે મેળાપ કરાવીશ." વિલીએ કહ્યું.

"સારી ટિપ મળતી હશે ?"

"અંગ્રેજો બહુ નથી દેતા. બહુ થાય તો એક છ પેની. પણ કોન્ટિનન્ટમાંથી જે ટુરિસ્ટો આવે છે એમની વાત જુદી છે. એમનાં દિલ મોટાં હોય છે, પણ બેવકૂફ તો એ લોકો પણ હોય છે."

"મને હવે જે કંઈ પણ કામ મળી જશે એ હું કરી લઈશ." જ્યોર્જે કહ્યુ.

અંદરની ગાંઠોની વચ્ચેથી બિયરે રસ્તો બનાવી લીધો છે. પહેલા જ્યાં બારીના બંધ સળિયા હતા ત્યાં હવે ઊડવાને આતુર એવી ફડફડાટ કરતી પાંખો આવી ગઈ છે.

"હું હવે ઝાઝા દિવસ અહીં નહિ રહું." વિલીએ કહ્યું. "મારો દોસ્ત જર્મનીમાં છે. બની શકશે તો એક દી ત્યાં ચાલ્યો જઈશ." વિલીએ ગ્લાસ પૂરો કરી નાખ્યો. પછી એને ટેબલ પર ઊંધો કરી દીધો; એક ટીપું પણ પડ્યું નહિ. બિયરનાં ફીણ, જાણે રેતીનાં ભીનાં અને સફેદ કણ હોય તેમ બની તેની દાઢી ઉપર ફેલાઈ ગયા હતા.

"હું જર્મનોને સહન કરી શકતો નથી." જ્યોર્જે પછી કહ્યું.

"ધેર ઇઝ રિયલ લાઇફ ! દરેક ખૂણા ઉપર જુવાન છોકરીઓ ઊભી રહે છે." વિલીએ કહ્યું.

હું હસવા લાગ્યો.

જ્યોર્જે મારા તરફ જોયું. એની આંખો બહુ જ દયા આવે એવી બની ગઈ હતી.

"બધા લોકો એકસરખા જ હોય છે." વિલીએ કહ્યું.

"પણ પેલા લોકો..." જ્યોર્જે બહારની બાજુ, દરવાજાની બહાર, જ્યાં કેવળ અંધારું હતું તે બાજુ તરફ ઇશારો કર્યો.

"એ લોકો પણ...તું ખાલી ડરે છે." વિલીએ કહ્યું.

એક ક્ષણ પૂરતો, ગ્લાસ પર ટેકવેલો જ્યોર્જનો હાથ ધ્રૂજી ગયો.

"યુ આર એ રૉટર." જ્યોર્જે કહ્યું.

એના અવાજમાં એવું કંઈક હશે કે જેથી વિલીનો ચહેરો પીળો પડી ગયો.

"જોજે, હું ઘણો ખરાબ માણસ છું. ફરીવાર એ શબ્દને કદીયે જીભ પર લાવતો નહિ."

"ઓહ...સાચેસાચ ?" જાણે એ હવામાં લટકતા દોરડા પર ચાલી રહ્યો હોય ને નીચે ખાડો હોય, ને એ ખાડામાં એ ગમે ત્યારે સરકી પડે તેમ હોય, એ રીતે જ્યોર્જનો અવાજ કંપી રહ્યો હતો. "પ્રેસ, યુ આર એ રૉટર."

વિલી ગ્લાસ લઈને ઊભો થઈ ગયો – જાણે આ કોઈ ખેલ હોય અને નિયમ અનુસાર એણે ઊભું થવું જ જોઈએ તેમ હોય, તે રીતે.

"પાછું એક વાર કહે." એનો ગ્લાસ જ્યોર્જના માથા પાસે સરકી આવ્યો હતો. કાચ ઉપર ચોટેલા બિયરનાં ફીણ પ્રકાશમાં ચમકી રહ્યાં હતાં.

જ્યોર્જની અર્ધી બિડાઈ ગયેલી આંખો એના ઉપર ચોંટી ગઈ, "યસ, યુ આર એ રૉટર, ઓલ રાઇટ !"

ગ્લાસની નીચે એનું માથું ડોલી રહ્યું હતું. માણસનું માથું આખા ધડથી અલગ થઈને માત્ર પોતાની ધરી ઉપર આ રીતે ડોલી શકે છે એ વાત મને ખૂબ જ હાસ્યાસ્પદ લાગી.

વિલીએ ઘેરા વિસ્મયપૂર્વક એની તરફ જોયું, ને પછી હસવા લાગ્યો, "કદાચ તું સાચો છે–મે બી આઇ એમ." એ પાછો પોતાની ખુરશી ઉપર બેસી ગયો.

અમે ઝાઝો પીધો નહોતો–માત્ર કોઈકે અમારી આસપાસ એક ભય ઊપજે તેવી જાળ ફેલાવી દીધી હતી–જેને અડતાંવેંત લોહી વહેવા લાગે, એવી જાળ.

થોડીવાર પછી પબનો માલિક અમારા ટેબલ પાસે આવીને ઊભો રહી ગયો. ગોળમટોળ શરીર, પણ પૂરું સુગઠિત, રંગ ઘણો પીળો. નાના એવા માથા ઉપર તેલથી ભીના થયેલા કાળા વાળ ઝૂલી રહ્યા હતા.

"વધારે જોઈએ છે ?" એણે હસતાં હસતાં વિલી તરફ જોયું.

"હમણાં છે, પછી વાત." વિલીએ કહ્યું. એના અવાજમાં પહેલાં જેવી તાણ નહોતી, તો પણ તિરસ્કારનો સ્પર્શ અમારાથી છૂપો રહી શક્યો નહિ. "આ અમારા દોસ્તો છે."

ઇટાલિયને અમારી તરફ જોયું, પણ એની આંખમાં કશી ઉત્સુકતા જાગી નહિ. "વિલી અમારે ત્યાં કામ કરતો હતો." એણે ગર્વથી વિલી તરફ જોયું, જાણે એને મન અમે લોકો વિલીની સરખામણીમાં ઘણાં તુચ્છ લાગતા હતા.

"ઘણા વખતથી અહીં છો ?" એણે પૂછ્યું.

જ્યોર્જ મૂંગો રહ્યો. (ભગવાન ભલું કરે, એનું માથું હવે કંપતું નહોતું) હું ખાલી ગ્લાસ સાથે રમત કરી રહ્યો હતો. મારા હાથ અટકી ગયા.

"માત્ર થોડાક જ દિવસથી." મેં કહ્યું.

"ઇઝન્ટિટ્ ફાઇન ?"

"ઇટ ઇઝ ફાઇન." મેં કહ્યું.

"કંઈ કામ કરો છો ?" એ મારા ખમીસનાં કોલરને જોઈ રહ્યો હતો. કોણજાણે કેટલાયે દેશોની ધૂળ એના ઉપર જામેલી હતી !

"હમણાં કશું જ નહિ..."

"વિલીને કામ મળી શકે તેમ છે, પણ એ એક જગ્યાએ ટકતો નથી." એણે વિલી તરફ જોયું – થોડું પ્યારથી, થોડું ઠપકાના ભાવથી.

"હું તમારે ત્યાં રહી શક્યો હોત... માત્ર તમે..." વિલીએ કહ્યું.

ઇટાલિયનનો ચહેરો ઓચિંતો ક્ષુબ્ધ શો થઈ ગયો. "તું તો જાણે છે..." એણે કહ્યું.

"આહ," વિલીએ કહ્યું. "તમે બધા લોકો એકસરખા જ છો."

"બહુ ગરમી છે." જ્યોર્જે કહ્યું.

"તું જાણે છે." ઇટાલિયને ખૂબ આગ્રહપૂર્વક કહ્યું.

"ના... હું કંઈ જાણતો નથી. હું માત્ર એટલું જ જાણું છું કે હું હવે ડાન્સ કરીશ." વિલીએ પોતાની ખુરશી પાછળ ઠેલી દીધી ને ઊઠીને ઊભો થઈ ગયો.

પરંતુ ઇટાલિયને એને ઝડપથી ખભેથી પકડી લીધો. એની આંખો ઓચિંતાની આક્રાન્ત શી બની રહી. વિલીના લાંબા પાતળા શરીરની સામે એનો ઠીંગણો, દડા જેવો દેહ એકાએક અત્યંત દયામણો દેખાવા લાગ્યો.

"વિલી, તને ખબર છે, અહીંયાં...."

વિલીએ ધક્કો મારીને એક ઝાટકે પોતાનો ખભો છોડાવી લીધો. એની પીઠ અમારા ટેબલના આશ્રયે ટકી રહી. જ્યોર્જે બિયરની બાટલીને બન્ને હાથે પકડી લીધી. એક ક્ષણને માટે એવું લાગ્યું કે જાણે અમે જહાજના ડગમગતા ડેક ઉપર બેઠા છીએ.

ઑરકેસ્ટ્રા શરૂ થતાવેંત પબના જુદા જુદા ખૂણાના છોકરા-છોકરીઓનાં જોડાં બેઝમેન્ટની સીડીઓ ઊતરવા લાગ્યાં હતાં.

ઇટાલિયને પાછળ ફરીને જોયું પણ નહિ. એ માત્ર હવામાં તાકી રહ્યો હતો.

વિલી ક્યાંયે નહોતો.

એનો ખાલી ગ્લાસ અમારા ટેબલ ઉપર પડ્યો હતો. જ્યોર્જે બાટલી ઉપરથી હાથ ઉઠાવી લીધો. એક સફેદ ધાબાની જેમ એની હથેળીના પસીનાંની પૂરી છાપ બાટલીના કાચ ઉપર અંકિત થઈ ગઈ હતી.

ઇટાલિયને અમારી તરફ જોયું. એમ લાગતું હતું કે જાણે એ અમને ઓળખી શકતો ન હોય. પછી એણે પોતાના બન્ને હાથ પહોળા કરી દીધા હતા.

"પાગલ છે... છે કે નહિ ?"

અમે મૂગા રહ્યા. એ વખતે ત્યાં કંઈક હતું જેનો અમારી સાથે કશો સંબંધ નહોતો; જેની મ્લાન છાયા અમારી વચ્ચે આવીને ચૂપચાપ ભરાઈ બેઠી હતી. એ ભારે, થાકેલાં પગલે, કાઉન્ટર તરફ વળી ગયો.

"બહુ ગરમી છે." જ્યોર્જે કહ્યું, "તમારી પાસે કેટલા પૈસા છે ?"

"કેમ ?" મને અચાનક બધાય ઉપર ખીજ ચડી ગઈ.

"મારી પાસે દોઢ શિલિંગ છે. એટલામાં લાગર આવી શકે ?" એણે પૂછ્યું.

હું વિલીના ખાલી ગ્લાસને જોઈ રહ્યો હતો... ક્યાં હોઈ શકે એ ?

સાધારણ એવો પ્રકાશ તળે જૂતા અને સેંડલોનો ખડખડાટ અને અહીંતહીં તૂટતા અસ્પષ્ટ અવાજોની રેલ ફેલાઈ ગઈ હતી. એના એક છેડા ઉપર અમે હતા —એક ટેબલ, જ્યોર્જ અને લાગરના બે ગ્લાસ, બધું અમે પહેલવહેલાં જેવું જોયું હતું એવું જ હતું. માત્ર હવે એક ખુરશી ખાલી હતી.

"કદાચ એ નારાજ થયો હશે... હું મારી જાતને રોકી શક્યો નહિ." જ્યોર્જે કહ્યું.

"તેં તો એને કંઈ પણ કહ્યું નહોતું ?"

"હું મારી જાતને રોકી શકતો નથી." એણે ટેબલ પર પડેલો મારો હાથ જોરથી પકડી લીધો. એની હથેળી તળે મારી આંગળીઓ ચિપાઈ જવા લાગી.

"તમને ખબર નથી. મને બૉક્સિંગનો બહુ શોખ છે... જ્યારે હું પહેલવહેલો લંડન આવ્યો હતો, ને બેકાર નહોતો, ત્યારે હું દરરોજ બૉક્સિંગ કરવા જતો હતો. પણ આજ સુધીમાં હું એકકે વાર જીતી શક્યો નથી. સાંભળો છો ? એક વાર પણ નહિ.. મારા મનમાં એક અજબ જેવી તંગદિલી ફેલાવા માંડે છે. કેટલીયે ક્ષણો સુધી હું પ્રતીક્ષા કર્યે રાખું છું કે બીજો માણસ મને હિટ કરે.. ને જ્યારે એ એમ નથી કરતો ત્યારે મારું લોહી ઊકળવા માંડે છે. હું જોખમ આવે ત્યારે એનો સામનો કરવા જેટલી રાહ જોઈ શકતો નથી. બરોબરનો મોકો આવે એ પહેલાં જ હું અંધાંધૂધ તૂટી પડું છું... જોકે હું જાણું છું કે આ ખોટું છે, એ આ રીતે લડાય નહિ. અને એ માટે તો હું ઘરથી ભાગીને અહીં આવી ગયો છું. હું મારા પિતાની માફક પ્રતીક્ષા કરી શકતો નથી."

"ને એ, તમારા પિતા, શેની પ્રતીક્ષા કરી રહ્યા છે ?"

"મને ખબર નથી. રાજનીતિમાં મને કોઈ જાતનો રસ નથી." એનું માથું લાગરના ગ્લાસની પાછળ છુપાઈ ગયું.

મેં મારો હાથ ધીરેકથી છોડાવી લીધો. એ પસીનાથી ભીંજાઈ ગયો હતો. એ હાથને હું મારી પાસે લઈ આવ્યો – જાણે એ કોઈ પાળેલી ચીજ હોય ને, તેમ.

આંગળીઓથી ગૂંથાએલો એ એક સફેદ માંસનો લોચો હતો. એના ઉપર ભૂરા વાળ હતા, ખૂબ ખૂબ વાળ. પેલાના સ્પર્શને અંગે એ હજી પણ દબાયેલા લાગતા હતા, ને મેં વિચાર્યું, આપણે ખરેખર કેટલી બધી ઓછીવાર આપણા હાથને આ રીતે જોઈએ છીએ -- જેવા એ છે તે જ સ્વરૂપે, અસલરૂપે એ જેવો છે તે જ રૂપે —ને ત્યારે ભ્રમ થઈ આવે છે કે જે કંઈ ચીજ એની પક્કડમાં આવશે એ આપણી નહિ હોય.

"જાણો છો મેં વિલીને રાટર કેમ કહ્યો ?"

"ઇટ ઇઝ નથિંગ." હું એના ચહેરા સામે આંખો ઠેરવીને જોઈ શકતો નહોતો.

"કારણ કે, ખરેખર તો હું પોતે જ એક છું. મેં હમણાં જ તમને કહ્યું'તું કે હું મારા પિતાની બહુ કદર કરું છું (જોકે એવું એણે મને કદી કહ્યું જ નહોતું). તમે એમને ઓળખતા નથી. એ જીવતા પણ છે કે નહિ એની મને ખબર નથી. તેઓ એમની પાછળ પડ્યા'તા."

"તેઓ કોણ ?"

"તેઓ ... એક ખૂબ જ ઠંડો ભય, સાપના ગૂંચળા જેવો, એની આંખોમાં ભરાઈ ગયો હતો ?"

"તમે કદી જોયા નથી !" એણે મારો હાથ પોતાની હથેળીઓમાં એકદમ સખત જોરથી પકડી લીધો. એના કાળા ચહેરા ઉપર માત્ર સફેદ દાંતો જ દેખાઈ રહ્યા હતા – એક કાનથી બીજા કાન સુધી ખેંચાયેલા—ને હું સમજી શક્યો નહિ કે એ હસી રહ્યો છે કે ભુલાઈ ગયેલી ક્ષણોમાં એના દાંત આપમેળે જ ખુલ્લા રહી ગયા છે.

"હું અહીં સુરક્ષિત છું ... ઍન્ડ ફોર ધેટ આઈ હેઈટ હીમ. આઈ હેઈટ હીમ લાઈક હેલ."

અમે મૂગા મૂગા પીતા રહ્યા. મારી સામે ઘડિયાળનું ડાયલ હતું જે મેં પહેલી જ વાર જોયું. હું વિચારી રહું છું કે મારે એક સિગરેટ પીવી જોઈએ ... મને લાગે છે કે મેં ઘણા લાંબા વખતથી સિગરેટ પીધી નથી.

"તમે શેનો વિચાર કરી રહ્યા છો ?" એના અવાજમાં બાળકનો હોય તેવો આગ્રહ હતો.

"કશાનો જ નહિ."

"જો તમે મારી જગ્યાએ હોત તો શું કરત ?"

"તમારી જગ્યાએ ?" હું હસવા લાગ્યો. મને આજ સુધી એ પણ ખબર નથી કે મારે મારી પોતાની જગ્યાએ શું કરવું જોઈએ ?"

"પણ તમે જરૂર નિર્ણય તો કરી જ લીધો હશે. પોતાનો દેશ છોડતાં પહેલાં."

"કદાચ બચી જવા માટે."

"કોનાથી બચવા માટે ?"

"પોતાના દેશના લોકોથી ... કદાચ, બીજી ચીજોથી પણ, અત્યારે મને જે યાદ નથી એવી એવી ચીજોથી."

ને ત્યારે, એ ક્ષણે મને લાગ્યું કે વધારે પીવાનું કદાચ સંભવિત નહિ બને. સવારથી કંઈ જ ખાધું નહોતું. ખાલી આંતરડાંને લાગરે ભીંજવી દીધાં હતાં. જે જે બારીમાંથી હું બહાર જોઈ શકતો હતો એ બધીયે બારીઓની આગળ એક આસમાની, લીલું લાગતું ધુમ્મસ અંદર આવવાનો રસ્તો ખોળતું જમા થઈ ગયું હતું. ત્યાં ઘડિયાળનું ડાયલ હતું ... ખૂબ જ સફેદ ... પવનમાં ડોલતા એક ખૂબ જ જૂના મડદાના જેવું, જે કોણ જાણે ક્યારથી મારી જોડે ઘસડાતું રહ્યું હતું.

"તમે હસી શા માટે રહ્યા છો ?"

હું હસી રહ્યો છું એ જાણીને મને ખૂબ જ આશ્ચર્ય થયું. ને જ્યારે મેં જાણી લીધું કે હું હસી રહ્યો છું ત્યારે પછી મારી જાતને હસતી રોકવી મને ઠીક ન લાગી.

"શી વાત છે ?"

"કંઈ નથી. કંઈક યાદ આવી ગયું હતું." મેં વાત ટાળતો હોઉં તેમ કહ્યું. મને યાદ કશું જ નહોતું આવ્યું.

"શું યાદ આવ્યું હતું ?" એ મારી ઉપર ઝૂકી પડ્યો, જાણે હમણાં જ ગળા ઉપર લટકી પડશે. "કહો, શું યાદ આવી ગયું હતું ?"

"ખબર છે ? ત્રણ દિવસ પહેલાં હું જેલમાં જવાનો હતો. માથાના વાળ જેટલી બારીક વાતથી બચી ગયો."

અસહ્ય દબાણની નીચે કોઈ પણ ચીજ યાદ આવી શકે છે... ને મને ખરેખર ત્રણ દિવસ પહેલાનો એક અજબ બનાવ યાદ આવી ગયો.

"હા, ખરેખર, હું માથાના વાળ જેટલી બારીક વાતથી બચી ગયો." (આ રીતના રૂઢિપ્રયોગો વાપરવા મને બહુ જ ગમે છે. અને સમય-કસમયે હું એ વાપરતો જ રહું છું).

"ખબર છે તમને ? લંડનમાં હું એક મિત્રને ઘેર રહું છું, છેલ્લા થોડા દિવસ દરમિયાન ફિન્લૅન્ડથી એની ગર્લફ્રેન્ડ એની સાથે રહેવા આવી હતી. ઓરડો એક જ હતો, એટલે હું ત્યારે બહાર રહેતો હતો. દિવસ આખો હું મ્યુઝિયમની લાઇબ્રેરીમાં રહેતો અને રાતના સૂવા માટે યુ સ્ટૅન્ડ સ્ટેશન ચાલ્યો જતો. હંમેશાં નક્કી કરેલા સમયે, મારો મિત્ર મને થોડા શિલિંગ આપી જતો હતો. એ સાંજે કોઈક કારણને અંગે એ મારી પાસે આવી શક્યો નહિ. મારી પાસે માત્ર દસ પેની બચ્યા હતા. આખો દિવસ મ્યુઝિયમમાં બેઠે બેઠે ભૂખનો કશો ખ્યાલ આવ્યો નહિ

પણ રાત પડતાં હું મારી જાતને રોકી શક્યો નહિ. એ સમય દરમિયાન કિંગ્સક્રૉસની સસ્તી રેસ્ટોરાંઓ બંધ થઈ ગઈ હતી અને બસમાં બેસીને શહેરના સેન્ટરમાં જવાની શક્તિ નહોતી. ઘણી બધી વાર સુધી હું વૉરન સ્ટ્રીટ સ્ટેશનની આસપાસ બેબાકળા જેવો આટાં મારતો રહ્યો. આખરે ઉપર ઉપરથી બહુ જ સસ્તી લાગે એવી એક ગ્રીક રેસ્ટોરાં મેં જોઈ. પોટેટોચિપ્સ અને ટોસ્ટનો ઑર્ડર આપીને હું અંદર બેસી ગયો. તમને તો ખબર છે કે આ ચીજો સહુથી સસ્તી હોય છે – વધુમાં વધુ આઠ પેની લાગે. હું નિશ્ચિંત હતો. થોડા વખત પછી મારી નજર ઓચિંતાની જ સામેની દીવાલ પર લટકાવેલા પ્રાઇસલિસ્ટ ઉપર પડી. શરૂઆતના ગભરાટના કારણે હું એ જોઈ શક્યો નહોતો. ટોસ્ટનો ને ચિપ્સનો ભાવ દોઢ શિલિંગ હતો ... ને મારી પાસે તો દસ પેનીથી અર્ધી પેની પણ વધારે નહોતી ... પછી ખબર છે તમને મેં શું કર્યું ? હું એકદમ ઊભો થઈ ગયો (ને, એ જ રીતે હું જ્યોર્જની સામે ઊભો થઈ ગયો) ને જોરથી બૂમ પાડી ઊઠ્યો : ગૂડ ઈવનિંગ, અરે બહાર શા માટે ઊભો છો ? (ને, હું સાચોસાચ બૂમ પાડી રહ્યો હતો જ્યોર્જના મોં સામે,) હૉટેલનો માલિક ઉત્સુકતાપૂર્વક મારી તરફ જોઈ રહ્યો હતો. મારા એક મિત્ર બહાર ઊભા છે ... એમને મળીને હમણાં જ આવું છું. ટોસ્ટ અને ચિપ્સની પ્લેટ ટેબલ પર રહેવા દઈને હું દરવાજા તરફ આગળ વધ્યો, બિલકુલ સ્વસ્થ પગલે, આમ. (ને હું સાચોસાચ ટેબલોની વચ્ચે ચાલી રહ્યો હતો.) ને દરવાજો પાર કરતાં જ... તમને ખબર છે, મેં પાછળ ફરીને જોયું પણ નહિ. (ફરી પાછો મોં ફેરવીને જ્યોર્જની પાસે આવી ગયો હતો ... લાગરનો એક મોટો ઘૂંટડો પી જઈને હું બેસી ગયો હતો) ઘણીવાર સુધી હું ભાગતો રહ્યો હતો."

"ને પેલો તમારી પાછળ પડ્યો'તો ?"

"ના. હસવાની વાત તો એ છે કે મારી પાછળ આવતો નહોતો ને છતાંય હું એક અંધારી ગલીમાંથી બીજી અંધારી ગલીમાં ભાગતો રહ્યો હતો... ને જુઓ, મારા ખીસામાં દસ પેની બચી ગયા હતા, મારી ભૂખ તો તદ્દન મરી ગઈ હતી."

"તમે પણ ગજબ છો–" જ્યોર્જે હસતાં હસતાં કહ્યું.

એ હસી રહ્યો છે એ જોઈ મને ઘણી ખુશી થઈ. બીજે દિવસે જ્યારે મેં એમને આ વાત કરી હતી ત્યારે મારો મિત્ર અને એની પ્રેમિકા પણ આ જ રીતે હસવા લાગ્યાં હતાં. જોકે, મને હંમેશાં એ વાતનું આશ્ચર્ય થયા જ કરે છે કે લોકો, વિશેષ કરીને તો જે લોકો ઉપર આવું વીત્યું હોય તે લોકો, પાછળથી કઈ રીતે સહેલાઈપૂર્વક એ બનાવોને હળવો રંગ આપી દેતા હશે ? કેમ કે જુઓ, એ ઘડીએ જ્યારે બનાવ ખરેખર બની રહ્યો હોય, બિલકુલ તે જ ઘડીએ તો, માણસ કેવો બેબાકળા જેવો બની જાય છે ! ઠંડો પરસેવો થવા માંડે છે અને ખમીસ શરીર સાથે

ચોંટી જાય છે, અને એની અંદર વિહ્વળતાભરી કાયરતા ભરાઈ આવે છે, પછી આપણી ઉંમર ગમે તે હોય તો પણ, આપણે અનુભવ ગમે તેટલો હોય, તો પણ !.... મને તો ખબર છે એ રાતના જ્યારે હું ખિસ્સામાં દસ પેની હલાવતો અંધારી સડક ઉપર ભાગી રહ્યો હતો ત્યારે કોઈક વારંવાર મને કહી રહ્યું હતું : યુ ફકિંગ ફૂલ, યુ ઇડિયટ ... યૂ ...

"તમે પણ કમાલ છો !" જ્યોર્જે કહ્યું, જ્યારે એમણે ત્રીજીવાર આ ને આ વાત કરી ત્યારે મારાથી બેઠા રહેવાયું નહિ. આંખોની આગળ ઘડિયાળનું ડાયલ પાછું ચક્કર ફરવા લાગ્યું અને હું ટોઇલેટ તરફ જવા લાગ્યો. ટોઇલેટ નીચે બેઝેમેન્ટમાં હતું. હું જલદી જલદી સીડીઓ ઊતરવા લાગ્યો. સીડીઓની ઉપર જ કંઈ થઈ જાય એ વાતનો મને ડર લાગતો હતો. મેં મોં ઉપર હાથ દાબી દીધો, ને બહુ જ રહસ્યમય રીતે હસવા લાગ્યો.

થયું કંઈ પણ નહિ – સીડીઓ ઉપર પણ નહિ, ને કંઈક બહાર નીકળી આવશે એની વાટ જોતા હું જે વોશિબેઝીન ઉપર ઝૂકી રહ્યો હતો તે વૉશબેઝીનમાં પણ નહિ. ને હવે ઘડિયાળનું સફેદ ડાયલ ચક્કર ચક્કર ફરતું નહોતું. મેં પમ્પ ખોલી નાખ્યો હતો જેથી હું નિશ્ચિત બનીને એક એક બીજ યાદ કરી શકું ને મારો અવાજ સાંભળી ન શકું (રાતની આ ઘડીએ હું અહીં શું કરી રહ્યો છું ? ના, આમ નહિ ચાલે, મારે ક્રમબદ્ધ રીતે વિગતવાર દરેક ચીજ યાદ કરવી જોઈએ – જાણે એ બહુ જ મહત્ત્વપૂર્ણ હોય, જાણે કોઈ મોટું 'સત્ય' એના પર નિર્ભર હોય.). 'વિગતવાર'... એ શબ્દ મને ગમી ગયો હતો. અને હું વારંવાર એને જીભ ઉપર ફેરવી રહ્યો હતો, કેમ કે કેટલી બધીવાર સુધી હું વસ્તુઓને યાદ કરવાને બદલે એ જ વાતનું રટણ કરતો રહ્યો કે મારે દરેક ચીજ 'વિગતવાર' યાદ કરવી જોઈએ.

ટોઇલેટની બહાર આવ્યો તો પગ અચકાઈને ઊભા રહી ગયા. નાચી રહેલાં યુગલોના વમળમાં હું ઘેરાઈ ગયો હતો. લોકો ધક્કા મારીને આગળ નીકળી જતા હતા, ને હું ક્યારેક જમણી ને ક્યારેક ડાબી બાજુ તરફ કઠપૂતળીની માફક ધકેલાયે જતો હતો. કોઈકવાર જ્યારે મારા પગ સ્થિર રાખવાનો પ્રયત્ન કરતો હતો ત્યારે ડાન્સિંગ-ફ્લોર મારા પગ નીચેથી સરકી જતી લાગતી હતી. જાણે હું એક બહુ જ જોરથી ફરી રહેલા ભમરડા ઉપર ઊભો રહ્યો ન હોઉં ! ત્યાં મને મારા ખભા ઉપર એક અજબ જેવું વજન વરતાયું.

"તમે અહીં છો ?" વિલીની દાઢી મારા માથાને અડી રહી હતી. "ને જ્યોર્જ ?"

"ત્યાં જ છે." મેં ઉપરની બાજુ નિશાની કરી.

જે છોકરી જોડે એ નાચી રહ્યો હતો તેનો ચહેરો એની છાતી નીચે છુપાઈ ગયો હતો. માત્ર એના બ્લોન્ડ વાળ દેખાઈ જતા હતા.

"તમે આવશો નહિ ? તમારો લાગર ..." મેં કહ્યું.

"આવીશ. તમે નાચશો નહિ ?"

આ વખતે છોકરીએ મોં ઊંચુ કર્યું. એના ઉઘાડા ખભા ઉપર પાઉડરની આછી છાંટ હતી, એને એણે સસ્તી છીંટનું સમર-સ્કર્ટ પહેર્યું હતું. હોઠ પર પરસેવાનાં ટીપાં લાંબા સમય સુધી નાચતા રહેવાને કારણે, કદાચ, લિપસ્ટિકની ઉપર છવાઈ ગયાં હતાં.

એ ભીડમાં ઊભું રહેવું અસંભવિત હતું. એ લોકો મારી નજીક જ બહુ ધીમે પગલે નાચવા લાગ્યા હતા.

એક ખૂબ જ સાંકડા પરિઘની અંદર કોઈકવાર વિલીનું માથું મારી પાસે સરકી આવતું હતું, ક્યારેક છોકરીના બ્લોન્ડ વાળ.

"કેવી છે ?" વિલીએ ધીરેકથી એના વાળમાં હાથ ફેરવ્યો.

એ હસી રહી હતી.

"આ બહુ ખરાબ છે... છે ના ?" એણે હસતાં હસતાં કહ્યું, ને પહેલી જ વાર મને લાગ્યું કે એની આંખો જાણે ઊંઘતી ને જાગતી પેલી ઢીંગલીઓ આવે છે ને, એના જેવી છે. માથું પાછળ જશે કે એ મીંચાઈ જશે, ને સીધું થશે કે ઊઘડી જશે.

"નાચશો ? મે બી વીથ હર" વિલીએ કહ્યું.

એ બન્ને ચક્કર મારી રહ્યાં હતાં – બહુ જ હળવાં સ્ટેપ્સ લેતાં લેતાં. જ્યારે જ્યારે જેનો ચહેરો મારી પાસે આવી જતો ત્યારે ત્યારે તે મારા કાનમાં કંઈક કહી જતો હતો.

"આનો દોસ્ત ત્યાં બેઠો છે... આની સાથે મને જોઈને મરવા પડશે" વિલીએ કહ્યું.

"તમે નહિ નાચો ? મે બિ વિથ મી." છોકરીએ કહ્યું.

"પેલો ઇટેલિયન મના કરતો હતો." મેં વિલીને કહ્યું.

"મરવા દો એને." વિલીએ કહ્યું.

ઑરકેસ્ટ્રાની એ જૂનીપુરાણી ગતમાંથી કોણજાણે કેમ મોઝાર્ટના 'લિટલ નાઇટ' મ્યૂઝિકનો આછો આછો ધ્વનિ ઉપર તરી આવતો હતો – માંડ અર્ધીએક મિનિટ પૂરતો, ત્યારે મને લાગતું હતું કે જાણે કોઈકે, પહેલાંની માફક, મારા શ્વાસને પોતાની આંગળીમાં વીંટી લઈને ખેંચી લીધો ન હોય !

"જિન પીશો ? પૈસા આ ચૂકવશે." વિલીએ ધીમે અવાજે ગુસપુસ કરતાં કહ્યું.

"મે બિ વિથ મી." છોકરીએ એવા જ ઉદાસીન અવાજે કહ્યું.

હું કંઈ કહી શકું એ પહેલાં જ નાચી રહેલ યુગલોનું ટોળું એમને મારી પાસેથી ખૂબ દૂર ઘસડી ગયું. ઓચિંતા તે લોકો દેખાતાં બંધ થઈ ગયાં.

મારું માથું હજી પણ ફરતું હતું, પણ ટૉઇલેટમાં ગયા પહેલાં જેવાં ચક્કર આવતાં હતાં, તેવાં આ ન હતાં. આ ચક્કરોમાં હવે એક વિચિત્ર પ્રકારનું હળવાપણું હતું. એમ લાગતું હતું કે જાણે ધુમ્મસની જગ્યાએ હવે માત્ર વીખરી રહેતાં, વરસી ગયેલાં વાદળો જ છે, અને અસીમ ખુલ્લાપણું છે.

ટોળાંની વચ્ચેથી રસ્તો કરવો સહેલો નહોતો. બેઝમેન્ટની સીડીઓની પાસે આવીને હું અટકી ગયો. ત્યાં સીડી ઉપર જ લાંબા થવાની, સૂઈ જવાની એક અદમ્ય ઇચ્છા થઈ આવી.

"હલ્લો !" મારા હાથને કોઈકે જકડી લીધા હતા. પાછળ ફરીને જોયું. પબનો માલિક, પેલો ઇટાલિયન ઊભો હતો. કદાચ એ દૂરથી દોડીને મારી પાસે આવ્યો હતો. હાથ ઉપર ખમીસની વાળી દીધેલી બાંયો લટકતી પડી હતી. એ હાંફી રહ્યો હતો, આજુબાજુની હવા એને શ્વાસ લેવા માટે જાણે જરી યે પૂરતી ન હોય ને, તેમ.

"સાંભળો, એ તમારો મિત્ર છે ?"

મેં ખભાં સંકોચ્યાં.

"શું તમે તેને અહીંથી લઈ જઈ શકો તેમ નથી ? હું કહેવા માગું છું કે આ જગ્યાએથી ?"

અમારી ચારે તરફ નાચી રહેલા લોકોનું વર્તુળ ક્યારેક ઘણું સાકડું બની જતું હતું, તો ક્યારેક એકદમ ફેલાઈ જતું હતું. બૅન્ડની આગળ કોઈક વ્યક્તિ લાઉડ સ્પીકરને બન્ને હાથમાં પકડીને ગાવા લાગી હતી.

અમારી બન્નેની વચ્ચે, અમારી નજરો ઉપરાંત, બીજું કોઈ જ નહોતું.

"તમે જ કેમ કહી દેતા નથી ?" મેં કહ્યું.

"હું એને કંઈ પણ કહી શકું તેમ નથી.... મારી વાત કોઈ દિવસ નહિ માને."

"પણ શા માટે ? એ અહીં શા માટે રહી ન શકે ?"

"આ જગા એને માટે સારી નથી." એક અવશ જેવી વ્યાકુળતા એના અવાજમાં ઊભરાઈ આવી.

મારા મનમાં પાછી ઇચ્છા જાગી ગઈ – ત્યાં જ સીડી ઉપર લંબાવી દેવાની.

"જુઓ, હું કંઈ પણ કહી શંકુ તેમ નથી. અમારી મુલાકાત થોડાક જ કલાકો પહેલાં થઈ હતી. તમે માનતા નથી ? એક ક્ષણને માટે મને એના દયા ઉપજાવે તેવા ચહેરા ઉપર ઘૃણા આવી ગઈ–મેં કોઈક ભીની ભીની ચીજને હાથ અડાડી દીધો હોય ને, તેવી. હું એને પૂરો ઓળખતો પણ નથી. એનું આખું નામ શું છે તેની પણ મને ખબર નથી." આખું નામ જાણવું એ જાણે જીવનમાં બહુ જ મહત્ત્વપૂર્ણ હોય, જાણે એના વિના કંઈ થઈ જ ન શકતું હોય – કંઈક એવી રીતે મેં કહ્યું.

એકાએક એણે મારા બન્ને હાથ પકડી લીધા. એ મારી તદ્દન નજદીક સરકી આવ્યો. "તમે... તમે અહીં રહેશો ?"

"હા," મેં માથું હલાવ્યું. "જ્યાં સુધી તમે બહાર નહિ ફેંકી દો ત્યાં સુધી."

એની પકડ ઢીલી પડી ગઈ. પણ એની આંખો હજીયે મને ઢંઢોળી રહી હતી. હું પગથિયાં ચડવા લાગ્યો. ... મને બરોબર એમ લાગતું હતું કે એણે મને હજી પણ પાછળથી પકડી રાખ્યો છે... હે ઈશ્વર, જો એક સિગરેટ મને પીવા મળે... લાગે છે કે જાણે ઘણા લાંબા સમયથી મેં સિગરેટ પીધી નથી.

જ્યારે હું ધક્કા ખાતો ખાતો અને મારી શક્તિ પ્રમાણે બીજાઓને ધક્કા મારતો મારતો અમારા ટેબલ પાસે પહોંચ્યો ત્યારે બધાયના પ્રત્યે તટસ્થ બનીને જ્યોર્જ ઊંઘી રહ્યો હતો. એનું માથું ટેબલની કોર ઉપર ટેકવેલું હતું, એનો દેહ ખુરશી ઉપર સંકોચાઈ ગયો હતો, અર્ધી મીંચેલી આંખોની વચ્ચે સફેદ પૂતળીઓ મેલા રૂની પૂણીઓની જેમ ઊપસી આવી હતી. પહેલાં મને ભ્રમ થયો કે એ મને જોઈ રહ્યો છે, પણ એ સાચો નહોતો. એના હોઠના છેડાઓ ઉપર થૂંક વહી આવ્યું હતું – ચાકની પાતળી રેખા જેવું. સૂકું અને સફેદ. બધાં ન જુએ તેમ એને મેં રૂમાલથી લૂંછી નાખ્યું.

એ રાતે, આ પહેલીવાર, મને લાગ્યું કે એ ઉંમરમાં ખૂબ જ નાનો છે – હાસ્યાપદ લાગે એટલો બધો નાનો, અને અજાણ.

મારો ગ્લાસ ખાલી હતો... મેં થોડાક લાગર એના ગ્લાસમાંથી મારા ગ્લાસમાં રેડી દીધો. એક પળ માટે એવું લાગ્યું કે જાણે એ અર્ધમીંચી આંખોથી મને જોતો રહીને હસી રહ્યો છે... ને એમાં હળવો એવો વ્યંગ્ય છુપાયેલો છે. કદાચ હોય પણ, મને થયું. સૂતો ન હોય ને મને જોઈ રહ્યો હોય, પણ કદાચ એ પણ મારો ભ્રમ હોય, મેં વિચાર્યું. અને પીવા લાગ્યો. પછી મને કંઈક એકલું એકલું લાગવા માંડ્યું. થયું કે મારા મિત્રને ફોન કરી દઉં. એમ પણ બને કે એની ગર્લફ્રેન્ડ અત્યાર સુધીમાં ચાલી ગઈ હોય ને હું એના ઓરડામાં સૂઈ પણ શકું. પણ જો એ હજી ત્યાં હોય તો એને ખરાબ લાગશે ... આને ઉઠાડું, એ ક્યાં સુધી સૂતો રહેશે, મને થયું. આટલી નાની ઉમરમાં ઘેરથી ભાગી આવ્યો છે, ને હવે – હવે સૂઈ રહ્યો છે ! ....મને એક બહુ જ જૂની વાત યાદ આવી ગઈ. યુરોપ આવ્યા પહેલાંની ઘરમાં એ છેલ્લી રાત હતી. મા વારંવાર ઊઠી જતી હતી અને પાણી પીવાને બહાને જોયે રાખતી હતી ... મારા ઘરની છત ઉપરની એ મારી છેલ્લી રાત હતી. એ જુલાઈની રાત હતી, ને બીજે દિવસે ચાલી જવાનું હતું. .... ને બાપુજી મારા બિછાના પાસે ઊભા રહ્યા હતા, માનતા હતા, હું સૂઈ રહ્યો છું... હું બધું જ જોઈ શકતો હતો .... આમ પણ અમારા શહેરમાં જુલાઈની રાતો બહુ ઊજળી હોય છે. ... આંખો બંધ

કરી દો તો પણ બધું જ દેખાય. ....પછી ઓચિંતાની ઇચ્છા થઈ કે હું બહાર ચાલ્યો જાઉં ... એ બહુ સહેલું હતું. પહેલા હું મારી ખુરશીમાંથી ઊઠીને ઊભો થઈ જઈશ, પછી બારણું ખોલીશ ને બહાર ચાલ્યો જઈશ. ... જસ્ટ ટુ કમ આઉટ ... આ મોટી વાત છે, મેં વિચાર્યું. .... એના મોં ઉપર થૂંક પાછું વહી આવ્યું હતું, હોઠોથી વહેતું વહેતું જ્યાં નીલા રંગના કાંટા જેવા વાળ ઊગી નીકળ્યા હતા તે હડપચી સુધી ... હું ફરી પાછું રૂમાલથી એનું મોં લૂછી નાખું છું ...

અવાજો ... એક બેબાકળી જેવી ચીસ !

બેઝમેન્ટની દીવાલ પર છાયાઓ ડોલતી જાય છે – એક ભયંકર દુઃસ્વપ્ન જેવી. ખુરશીઓને ખેંચવાનો અવાજ, અટપટું લાગે એવું હાસ્ય ... પણ છે કશું જ નહિ. હું ઊઠ્યો હોત – ગ્લાસમાં હજી પણ લાગર બાકી હતો; પણ હું ઊઠી શકતો નથી ... અને ત્યારે અચાનક મને પોતાનામાં એક અજબ જેવી શાન્તિનો અનુભવ થાય છે ... ઘન, આંજી નાખે તેવી, ગરમ રેતીના અંતહીન પથારા જેવી શાન્તિ. ને હું એને પકડી રાખું છું.

જસ્ટ ટુ કમ આઉટ, જસ્ટ ટુ–

પૂરા સામર્થ્યથી હું જ્યોર્જને ઢંઢોળવા માંડું છું.

એ એકદમ ચોંકી જઈને બેઠો થઈ ગયો અને વિમૂઢભાવથી મને જોવા લાગ્યો – જરા પેલા ટ્રેઇન્ડ જાનવરની માફક કે જે બરાબર મોકો આવ્યો હોય ત્યારે જ પોતાના 'પાઠ' ભૂલી જઈને આજુબાજુ ઊભેલા તમાશો જોનારાઓને જોવા લાગતું હોય છે ! પછી ઓચિંતી જ એની આંખો અજબ જેવા ડરથી ગભરાઈ ગઈ.

"વાત શી છે ?"

"ચાલો, અહીંથી જવું જોઈશે."

"પણ .... શું હમણાં જ ?"

એ કંઈ જ જાણતો નથી. હું જલદીથી નિશ્ચય કરી શકતો નહોતો કે એને કંઈ પણ જણાવવું ઉચિત ગણાય કે નહિ.

"શું હું ઊંઘી ગયો'તો ?" એણે પૂછ્યું. ખબર નથી મારા ચહેરા ઉપર શું હતું. પણ એ એકાએક શંકિત શો બની ગયો.

"આ અવાજ શેનો છે ?"

અમે સોડા ફેક્ટરીની બહાર ઊભા હતા ત્યારે થઈ ગયો હતો બિલકુલ તેવો તેનો ચહેરો થઈ ગયો... હવે એ ઘડી કેટલી દૂરની લાગે છે, ને કેટલી અપ્રાસંગિક !

"આપણે જવું જોઈશે .... બહાર."

બહાર લંડનની રાત છે... અમારી પ્રતીક્ષા કરી રહેલી. અમને ગળી જવાને માટે આતુર.

"વિલી ક્યાં છે ? ... આપણે એના વિના જઈ શકીએ નહિ."

"એ.... એ... આવી શકે તેમ નથી."

પબનું બારણું ખૂલે છે. કેટલાક માણસો ઉતાવળા ઉતાવળા અંદર ઘૂસી આવે છે.

"ધે આર ધેર.... ધી ડેમ્ડ..." એક ભૂંડી ગાળ અને અવાજો – માખીઓના ગણગણાટ જેવા અર્થહીન.

એનો હાથ પકડીને ઘસડું છું.

"હું નહિ આવું."

"તમે ગાંડા તો નથી ને ?"

"તેઓ ક્યાં છે ?"

"તેઓ–" હું ગુસ્સામાં એને ઊભો કરી દઉં છું. એ બરોબર મારી સામે ઊભો છે. "બતાવો, તેઓ કોણ !" હું એના ખભા હલાવું છું ને એ...

"બોલો, તેઓ કોણ ?"

"યુ આર ડ્રંક." એણે કહ્યું ને એક ઝાટકો મારીને પોતાને છોડાવી લીધો.

કદાચ આ સાચો છે, મેં વિચાર્યું. કદાચ મેં ખૂબ પી લીધો છે. આ ખ્યાલથી મને બહુ સાંત્વના મળી છે.

"તમે અહીં જ રહેશો ?"

"હું ક્યાંય પણ રહું." એણે કહ્યું.

"સાંભળો." હું વચ્ચેની ખુરશી હટાવવાની ચેષ્ટા કરું છું.

"યુ આર ડ્રંક." એ પાછળ હટી ગયો.

હું જવા લાગ્યો. એ પણ, પણ મારાથી જુદો. એવું લાગ્યું કે જાણે આ એક એવો ખેલ છે કે જેમાં આંખે પાટા બાંધીને બે વ્યક્તિઓ ચાલે છે, ને સમજે છે કે એ લોકો એકબીજાથી દૂર જઈ રહ્યા છે, પણ વાસ્તવમાં તો એ એકબીજાની નજદીક સરકી આવતા હોય છે.

બારણા તરફ ... પહેલાં ટેબલો આવે છે. અર્ધી બળેલી સિગરેટોનાં ઠૂંઠાં, ખાલી ગ્લાસો ને બાટલીઓ; ખુરશીઓ ઉપર મૂકેલાં સાંજનાં વર્તમાનપત્રો, ભોંયના એક ખૂણામાં સરી પડેલી લિપસ્ટિકની ડબ્બી, ધાંધલધમાલને અંગે જેને ઉઠાવી જવી કોઈ સ્ત્રી ભૂલી ગઈ હશે... ને મને લાગ્યું જાણે કોઈક બનાવ અચાનક બની ગયો હશે, અણધાર્યા સ્વરૂપે. ને બધાય લોકો, કોઈ જાતની તૈયારી વિના, દોડતાં જતાં ટોળાંનાં વમળમાં ફસાઈ ગયા હશે.

વિલી ક્યાં છે ?

ને આ ઇટાલિયન... ?

આગળ વિચાર કરવો પડ્યો નહિ. બારણું ઝપાટાબંધ ખૂલ્યું હતું, ને મને લાગ્યું કે જાણે જ્યોર્જ એક જ ઝાટકામાં મારાથી જુદો પડી ગયો છે – છેલ્લી ક્ષણમાં (કે સહુથી પહેલી ક્ષણમાં). મેં એને મારી જોડે જકડી રાખવાનો પ્રયત્ન કર્યો, જાણે એમ કરવું એ પોતે જ એક મહત્ત્વપૂર્ણ ચીજ હોય, પણ સણસણાટ કરતું મારું માથું નીચે તરફ ઢળી ગયું. જ્યોર્જને પકડવાને માટે મેં જે હાથ લંબાવ્યો હતો તે વળતો ગયો. છત, ના, આ છત નથી, માત્ર રોશની જ છે – એક વિચિત્ર રીતે ઝૂલી રહેલો બલ્બ ને મારો હાથ વળતો ગયો (ડોન્ટ લેટ ધેમ એસ્કેપ – એક ફૂત્કાર જેવો અવાજ. પછી તો એ પણ નહિ.) ને એ હાથ એક કાગળના ટુકડા જેમ કંપતો હતો ને હું એને જોઈ શકતો હતો ... એ કંપતો હતો ... જાણે એ મારો હાથ જ ન હોય ને ! છેલ્લા બિંદુ સુધી કોઈક એને મસળ્યે જ રાખે છે ને ત્યાં પહોંચ્યા પહેલાં જ એ તૂટી જાય છે .... આખાયે શરીરમાં, ના, આ પીડા નથી, પીડાની તો એક સીમા હોય છે, ને એને ઉલ્લંઘ્યા પછી એની પિછાન ખતમ થઈ જાય છે.

આઈ સે... લીવ હિમ એલોન.. આ શું ઇટાલિયનનો અવાજ છે ! થોડુંક આશ્ચર્ય થાય છે. મારી ઉપર ઝૂકી રહેલા ચહેરાઓ એકએક કરીને ઊઠી જતા હોય છે, પણ હું એમને જોઈ શકતો નથી ... માત્ર મારી ગરદનને વારંવાર અડી જતા એમના ગરમ શ્વાસો સિવાય – પછી તો એ પણ નહિ.

"તમે ઊઠી શકો છો ?"

હું મારા હાથને જોઉં છું ... એ હવે ભોંય ઉપર પડ્યો છે – આશ્ચર્યની વાત ! એ હજી મારી સાથે જોડાયેલો છે.

હું બેઠો થઈ ગયો છું. પછી અનાયાસ મારા હાથ મારા ગાલ તરફ ચાલ્યા જાય છે. ગાલ ભીના છે. એ આંસું હોઈ શકે છે; પણ એ બાબત મને ખાતરી ન થઈ શકી – એ એવી બેહુદી રીતે પોતાની મેળે નીકળી આવ્યાં હતાં કે મને ખબર નહોતી પડી – કંઈક એવા માણસની જેમ જે સવારે પોતાની પથારી ભીની ભાળે અને એને ખાતરી ન થાય કે એણે પોતે જ...

"કંઈક પીઓ." ઇટાલિયન મારી આજુબાજુ ઘૂમી રહ્યો છે.

"વિલી ક્યાં છે ?" મેં પૂછ્યું.

"એ લોકો એને મારી નાખશે ... મેં તમને શું કહ્યું'તું ?" એનું ગળુ કોઈક વિચિત્ર રીતે રૂંધાઈ ગયું છે.

"શું કહ્યુ'તું ?" મને હવે કશુંય યાદ આવતું નથી.

"તમને ખબર છે, તમે જો એને તમારી સાથે લઈ ગયા હોત તો કંઈયે ન થાત."

કંઈ યે ન થાત... પણ જે થયું છે એને કોઈ રોકી શકે એમ છે કે નહિ એ કોઈ પણ જાણતું નથી.

"હવે હું જઈશ." મેં કહ્યું.

"ક્યાં ?" ઇટાલીયન બારણાંની સામે ઊભો હતો.

"ક્યાંય પણ ... બહાર." મેં ચારે બાજુ જોયું. જ્યોર્જ ક્યાંયે નહોતો, મને થોડી થોડી ખુશી થાય છે.

"બહાર ?" ઇટાલિયનને કદાચ વિશ્વાસ ન પડ્યો. હું કઈ હદ સુધી પી ચૂક્યો હતો એનો એ કદાચ નિશ્ચય નહોતો કરી શકતો ... કઈ હદ સુધી એ મારી વાત ગંભીરતાથી સ્વીકારી શકે તેનો.

"આવે ટાણે નહિ. તેઓ બહાર ઊભા છે."

"સાંભળો." મેં બહુ જ સહજભાવથી કહ્યું. "હું કશું જ કરીશ નહિ. હું સીધો ઘેર ચાલ્યો જઈશ."

"કેવી વાત કરો છો ?" આ વખત એ એકદમ ભભૂકી ઊઠ્યો. "એમને ખબર છે કે તમે વિલીની સાથે આવ્યા છો ... એમનાથી બચીને તમે જઈ નહિ શકો."

ચર્ચા કરવી નકામી હતી. એ માને તેમ નહોતો.

બહાર એકાએક કોલાહલ વધી ગયો છે... એક ક્ષણ માટે બરફના કટકાની માફક કોઈ વળાંકવાળી ચીજ મારી પીઠ પર સરકવા લાગે છે. આને હું ઓળખું છું. આ ડર છે – ખૂબ જ શરૂઆતનો ડર, પોતામાં બિલકુલ નગ્ન, બિલકુલ નીરવ. મને લાગ્યું કે જાણે હું હસી રહ્યો છું.

"જુઓ, તમે મને થોડીક વ્હીસ્કી આપી શકશો ?"

થોડીવાર સુધી એ મારી સામે તાકી રહ્યો. હું આગળ ઘસડાઈ આવ્યો હતો. અમારા બન્નેનાં મોં એટલાં પાસે પાસે હતાં કે બહાર અવાજ હોવાં છતાંયે હું એનો શ્વાસોચ્છ્વાસ સાંભળી શકતો હતો.

"તમે ચાલ્યા નહિ જાઓ ?" શંકા અને અનિશ્ચય એના સ્વરમાં ભર્યાં હતાં.

"હું પાગલ નથી."

થોડીવાર સુધી એ મૂંગો મૂંગો મારી સામે જોઈ રહ્યો.

"તમને અહીં છોડીને હું નહિ જઈ શકું." તેણે કહ્યું.

એક વાર તો મનમાં થઈ ગયું કે હું એના પસીનાથી લથબથ, ગોળમટોળ, ખીલી ઊઠેલા ચહેરાને તોડીને તેના જુદા જુદા ટુકડા કરી નાખું... પણ હું તો એમ જ હસતો રહ્યો.

"હું તો અહીં જ રહીશ, તમારે માટે નહિ તો વ્હિસ્કીને માટે. તમે મારો એટલો પણ વિશ્વાસ નથી કરતા ?"

એ વખતે એના હોઠ એક અણધાર્યા સ્મિતમાં ફેલાઈ ગયા. એ સ્મિતમાં એક વિવશ દયનીયતા છુપાયેલી હતી – જાણે કે એ હસીને પોતાની જાતને જ ખાતરી દઈ રહ્યો હતો કે એણે મારા ઉપર વિશ્વાસ કરી લીધો છે.

જ્યાં જુદા જુદા શરાબો અને બિયરોની બાટલીઓ રાખેલી હતી એ કાઉન્ટર તરફ એ ગયો. વારંવાર પાછળ ફરીને ફરીને એ મારી તરફ જોઈ લેતો હતો.

હું ઊભો રહ્યો.

સ્કોચની બાટલી એણે કાઉન્ટર ઉપર મૂકી દીધી. પછી મારી સામે જોયું – જાણે અમારી બન્નેની વચ્ચે કોઈ રહસ્યમય સમજૂતી ન હોય !

અવાજો લહેરોની જેમ ઊઠતા હતા – એકબીજાની અંદર ગૂંથાઈ જતા ઊઠતા હતા ... બારણા સાથે ભટકાતા હતા અને પાછા અંતહીન અંધકારમાં વિખેરાઈ જતા હતા. અમારું મૌન તો જાણે એ અવાજોથીયે મોટું હતું.

એ ગ્લાસ ધોઈ રહ્યો હતો. પમ્પમાંથી વહેતું પાણી, ... ને ચમકતા ગ્લાસ ઉપરથી ઢળી જતું એનું એકએક ટીપું – હું એ ટીપાંને જોતો રહ્યો ને મને બરોબર લાગતું ગયું કે હું ઊલટી કરીશ. હું ખાલી કાચ ઉપર વહેતા પાણીને જોઈ શકતો નથી... મારી અંદર કોઈ અજબ જાતની ધ્રુજારી ફેલાવા લાગે છે... હું આગળ વધું છું, બારણા તરફ. હજી પણ એની પીઠ મારી તરફ હતી ... પમ્પમાંથી વહેતા પાણીનો અવાજ મારા દિલની ધડકનને ઢાંકતો રહ્યો ... ને ત્યારે, એ ક્ષણે, અચાનક મને લાગ્યું કે જાણે હવે હું ઇચ્છું તોયે પાછો નહિ ફરી શકું, જાણે કે હવે ખુદ મારું પોતાનું મારા પગ ઉપર, મારા પોતા પર, કંઈ નિયંત્રણ રહ્યું નહોતું... જાણે કે હું પોતે જ મારા પોતાથી મુક્ત છું.

ને બારણું ખૂલી ગયું... બીજી ક્ષણે હું બહાર હતો.

બહાર ... અંધારામાં.

જસ્ટ ટુ આઉટ... મેં પોતાને કહ્યું.

એ ઉનાળાની એક વિશાળ, નરમ રાત્રિ હતી ... કોઈ વિરાટ, વન્યપશુ જેવી ખામોશ ... જે પશુ દિવસભરના થાક પછી, પોતાની ગુફામાં પોતાનો સમસ્ત દેહ ફેલાવીને ઊંઘી ગયું હોય, એ પશુ જેવી.

પરસેવો સુકાઈ રહ્યો હતો. મે ઊંડો શ્વાસ લીધો. એક વાર... બેવાર.. થોડો થોડો પસ્તાવો થાય છે.... હું વ્હિસ્કી છોડીને ચાલી આવ્યો છું.... આ વખતે જો એ મારા શરીરની અંદર હોત ! હું ફરી શ્વાસ લઉં છું. હે ભગવાન. જો જો એક સિગરેટ પી શકું !... હું મોટો રસ્તો છોડીને એક નાની એવી ગલીમાં ચાલી આવ્યો છું....ઝાઝે ભાગે ગલીઓને નાકે સિગરેટનાં ઓટો મશીન મૂકેલાં હોય છે.

"હિયર હિ ઈઝ... ધી સન ઑફ એ બિચ !"

હું અટકી જાઉં છું. ના, આ ડર નથી. હું ખૂબ જ શાન્ત છું... માત્ર એક ઠંડી એવી ચીજ મારી કરોડરજ્જુનાં હાડકાંઓમાં ફેલાઈ રહી છે – કોઈ ભીની ભીની ખિસકોલીની જેવી તટસ્થ.

તેઓ ત્યાં હતા. દીવાલો સાથે ચોંટી ગયેલી છાયાઓ આગળ સરકે છે.

"હોલ્ડ હિમ." ફાટી જતી એવી એક ચીસ... ને હું અચાનક પાછળ ફરી ગયો છું. સરસરાટ કરતી પવનની એક લહર મારી બગલોની વચમાંથી નીકળી જાય છે.

ગોડ ડેમ્ડ નિગર ...

વેટ, જસ્ટ વેટ ...

એ પાછળથી આવ્યો હતો. મને ખબર પણ ન પડી કે મારું માથું પાછળની બાજુ વળતું જાય છે.... એક પણ બીજી ... ને હું બે ભાગમાં વહેંચાઈ જઈશ.

ભગવાન કરે ને હું એનો ચહેરો જોઈ શકું...

હાથ છે, પણ ભીના છે... મારા કાનની પટીઓમાં સરસર કરતું વહેતું લોહી હું સાંભળી શકતો હતો. હું જરા જેટલો હલું છું.... ને જરાક આગળ ઘસડાઈ આવું છું. એ મારી સાથે ઘસડાઈ આવે છે. આ કોઈ જુદી વ્યક્તિ છે. આણે માત્ર હાથ જકડી રાખ્યા હતા.

એક પળને માટે મને ગહન આશ્ચર્ય થાય છે. આજે આ રીતે થરથરી રહ્યો છે એ શું મારો દેહ છે ?

"યુ શીટિંગ સ્વાઈન !"

એક ઝટકો મારીને હું મને ખેંચું છું... પણ મારા વાળ... મારા વાળ એના હાથમાં ફસાઈ ગયા છે, એનો ઉઘાડો હાથ મારા મોંની સામે હલી રહ્યો છે... ને અનાયાસ મારા દાંત હું એમાં દબાવી દઉં છું... ઓહ, લીવ ઇટ, બગર !... એક તૂટતો હોય તેવો શ્વાસ... એ મને હલાવે છે, એક વાર, બેવાર – ને હરેક વાર હું, શરાબી શો, એના હાથ ઉપર ઝૂલી જાઉં છું.

"લીવ હીમ એલોન, યુ સન ઑફ એ વ્હાઇટ વ્હોર !"

શું એ વિલીનો અવાજ છે ?.... હું પૂરા જોરથી ચીસ પાડવાની ચેષ્ટા કરું છું. પણ એક ભયાવહ ઘુરર ઘુરર સિવાય મારા મોંમાથી કોઈ પણ અવાજ નીકળતો નથી.

અને ત્યારે ઓચિંતાનું મને લાગ્યું કે એની પકડ ઢીલી પડી ગઈ છે... હું પોતાને ઉઠાડી શકું છું. મારી આંખ ખૂલે છે. અંધારાનો એક આસમાની દરિયો મારી સામેથી પસાર થઈ જાય છે અને એની પેલી પાર લાલ, લીલાં, ગુલાબી ધાબાં તરતાં જાય છે. એમને મેં ક્યારેક જોયાં છે, ઘણા સમય પહેલાં ક્યારેક જોયાં છે, જેવી રીતે આ પણ જાણીતું હોય એવું કોઈ દુઃસ્વપ્ન છે, જેને હું શરૂથી અંત સુધી ફરી જોઈ રહ્યો છું.

મારાથી બે વારને અંતરે એ ઊભો હતો, ગલીની દીવાલ જોડે ચીટકીને. એક ક્ષણ તો વિશ્વાસ પડ્યો નહિ કે જેની સાથે બેસીને થોડીક જ વાર પહેલાં હું લાગર પી રહ્યો હતો તે જ વ્યક્તિ, તે જ વિલી એ છે.

પણ શું એ મને ઓળખી શકે છે ?...

ને પેલી બ્લોન્ડ છોકરી ?.... ને જ્યોર્જ ?... શું એ લોકો સ્મૃતિના ઘેરાની બહાર રાતના ક્યાંક ડૂબી ગયાં છે ?... મને અહીં રાખી દઈને... જે આ ક્ષણે પોતાને જ ઓળખી શકતો નથી, એવા મને ?

માત્ર બે જ વાર, ને વચમાંનું અંધારું !

ટોળું, અર્ધો ચહેરો, ને વિલી ઉપર ઝૂકી રહેલો એક લાંબો યુવક... વિલીના ખમીસનો કોલર પકડીને એ એને દીવાલ પાસે ઘસડી લાવે છે ખટાક... ખટાક...

એ સ્કાર્ફ ભૂલી જાય છે – એ લાંબા માણસે ગળામાં બાંધી રાખ્યો છે તે સ્કાર્ફ... રંગીન... તેના ઉપર ગુલાબનાં ફૂલ છાપેલાં છે.

ગુલાબનાં ફૂલ... અને લોહી, જે વિલીના હોઠમાંથી ટપકતું ટપકતું તેની 'ગોટી' સુધી વહી આવ્યું છે.

એક ક્ષણના ઝગમગાટમાં બધુંય ઊભરાઈ આવ્યું છે... અવાજો, પરસેવો, ગલીની ખાટી એવી ગંધ... ને હાસ્ય...

અને ત્યારે એ આવ્યો હતો... એક ઠીંગણા જેવો માણસ, જે હજી સુધી ટોળાના અંધારામાં છુપાયેલો હતો. એની ઘેરી ભમ્મરોની વચ્ચે નાની, અસ્થિર આંખો ચમકી રહી હતી... ભમ્મરના વાળ એટલા લાંબા અને ઘટ્ટ બનીને એની આંખો ઉપર ઝૂકી ગયા હતા કે એમ લાગે કે જાણે એણે પોતાના ચહેરા ઉપર કોઈ કૂતરાનો માસ્ક ન પહેરી રાખ્યો હોય !

એ બહુ જ ધીમાં પગલે વિલી તરફ જઈ રહ્યો હતો.

"ક્યાં ગઈ તારી ડાર્લિંગ ?" એણે ઝટકા સાથે વિલીની હડપચીને ઊંચી કરી દીધી.

"બોલ... ક્યાં ગઈ ?"

દરેક વખતે "ક્યાં ગઈ" કહેતી વેળા એ વિલીના માથાને દીવલા સાથે અફાળતો હતો... દરેકવાર વિલીનો દેહ શરાબીની જેમ ડોલી ઊઠતો હતો.

ને તેઓ હસી રહ્યા હતા.

"બેશ હિમ ધેર..." બીજાએ પોતાના... તરફ ઇશારો કર્યો. માથાને ભીંત સાથે ભટકાવાનો ખટ્ ખટ્ અવાજ ! ખટ્ ખટ્ ! મારા દિલના પાગલ, જ્વરગ્રસ્ત ધડકારા ! પરસેવો અને લોહીથી લથપથ થઈ ગયેલું વિલીનું ખમીસ, અને એક અનવરત-કદીયે ખતમ ન થનારી ખટ્ ખટ્, ને એક ભૂત જેવું હાસ્ય !

"બોલ, ક્યાં ગઈ... સ્પીક ! સ્પીક ! સ્પીક! યુ ફિલ્થી... હા.... હા... હા.... ખટ્... ખટ્... ખટ્..."

સ્કાર્ફમાં ઝૂલી રહેલા રંગીન ગુલાબનાં ફૂલ !

મને હવે કંઈ જ યાદ નથી... સાચું કહું તો મને એ પણ ખબર નથી કે હું પોતે જ ચીસ પાડી ઊઠ્યો હતો કે કોઈક બહારની ચીસ ઓચિંતાની મને ઢંઢોળી ગઈ હતી (ના... આજે પણ મને વિશ્વાસ નથી પડતો કે એ ભયાવહ ચીસ મારા ગળામાંથી નીકળી હશે.) મને માત્ર એટલું જ લાગ્યું હતું કે મારો શ્વાસ... એક આંધળા ચામાચીડિયાની માફક મારી છાતીની દીવાલની સાથે અથડાતો અથડાતો અધીરાઈથી ફડફડાટ કરવા લાગ્યો હતો, ને મેં એક ધક્કા ભેગા, જે બન્ને હાથોએ મને અત્યાર સુધી રોકી રાખ્યો હતો તેમને, મારી ગરદનથી છૂટા કરી દીધા.

માત્ર બે જ વાર... ને વચમાંનું અંધારું.

હુ વિલીની દિશામાં આગળ વધ્યો હતો. હું એને કંઈક કહેવા માંગુ છું, એને અડવા માગું છું, મને લાગે છે એ બહુ જ અગત્યનું છે.

વચમાંનું અંધારું... ને એ ઠંડા હાથ... ને ત્યારની એ ચીસ...

મારું માથું, જેણે મને વચમાંથી પકડી લીધો હતો એ અદૃશ્ય વ્યક્તિની હડપચી સાથે અફળાયું હતું. બીજા હાથથી એણે મારું મોં ભીંસી નાખ્યું... મારું મોં એના ખમીસ સાથે ઘસવા લાગ્યો, આઈ વિલ ટીચ યુ... હાઉ ટુ રન... બાસ્ટાડ... ખબર નથી કે શા માટે, પણ હું મારા ટાંટિયા અધીરાઈપૂર્વક વાઈના દરદીની માફક હવામાં ઘુમાવવા લાગ્યો.... કંઈ નહિ થાય... મેં વિચાર્યું.... એ મને છોડશે નહિ... ને ત્યારે મને લાગ્યું કે હવે હું શ્વાસ નહિ લઈ શકું. પણ એ વાત ખોટી હતી. દરેક બીજો શ્વાસ પહેલા શ્વાસની પકડમાંથી પોતાને છોડાવીને ઉપર આવતો હતો ને પાછો મારી સાથે ચોંટી જતો હતો ને હું વિચારતો હતો કે આ શ્વાસ છેલ્લો છે. પણ ત્રીજો શ્વાસ પાછો ઝટપટ કરતો પોતાને બીજા શ્વાસના પાંજરામાંથી છોડાવી લેતો હતો. અને મને આશ્ચર્ય થયું કે કોઈ પણ શ્વાસ પાછળ રહી જઈને છેવટનો બની જવા માગતો નહોતો... ને ત્યારે એક ભયંકર પ્રકારના આનંદે મને પોતામાં લપેટી લીધો, જાણે કે હું અત્યાર સુધી માત્ર આ ક્ષણને માટે જ જીવી રહ્યો હતો ને હવે એ ક્ષણ આવી ગઈ છે અને હવે પછી આવવાવાળી ઘડીઓમાં કોઈ પણ એવી ચીજ નહિ હોય... હું ભૂલી ગયો હતો કે હું એકલો છું... હું માત્ર એટલું જ જાણતો હતો કે તેઓ મને એકલો નહિ રહેવા દે, ને હું બચી શકીશ નહિ, ને એ રાતે મને પહેલી જ વાર લાગ્યું એકલા હોવું એ જ પૂરતું નથી... પૂરતું નથી કેમ કે તેઓ દરેક જગ્યાએ હોય છે, ને એ હું જાણતો હતો. માત્ર એ નહોતો જાણતો કે એક દિવસ તેઓ મને પકડી લેશે... હવે એ પહેલા જેવો આકારહીન નહોતો

– એ ડર. હવે એ સંગીન હતો ને સીમિત હતો – એટલો જ મોટો હતો જેટલો હું છું – અમે બન્ને અંધારામાં જાનવરોની માફક શ્વાસ લઈ રહ્યા હતા, ને મને લાગ્યું કે જાણે હું છેવટ સુધી મારી ટાંગોને આ જ હવામાં ઘુમાવતો રહીશ – ઓહ ડિયર, હાઉ ફન્ની ઇટ ઇઝ... હાઉ ફન્ની ! કોઈ હસી રહ્યું છે (શું એ હું છું ?) જેનો કંઈ અવાજ ન હોય એવું હાસ્ય ! ઘૃણા ગાળો ને પાછું એ જ હસવાનું !

તેઓ મને ઘસડતા ઘસડતા લઈ ગયા છે – ગલીના ખૂણા સુધી.

હું ઊઠવાનો પ્રયત્ન કરું છું ને બેઠો થઈ જાઉં છું. પાછી લંબાવી દેવાની ઇચ્છા થઈ જાય છે. ત્યાં જ રસ્તા ઉપર પણ આંખો બંધ કરતાંવેંત લાગે છે કે જાણે કોઈક ચીજ ભરતીની જેમ ઉપર ઊઠે છે – મારા પગમાં, છાતીમાં, હાથના સાંધામાં – ઊઠે છેને વહન કરે છે... શું આ પીડા છે ? ને મને હળવું એવું આશ્ચર્ય થાય છે કે મેં જિંદગીનાં આટલાં વર્ષો વિતાવી કાઢ્યાં ને છતાં આને તો કદી જાણી જ નહિ. લાગે છે કે મારી ચેતનાએ આ પીડાનો એક છેડો પકડી લીધો છે ને એને ઘસડતી ચાલી જાય છે... ક્યારેક પીડાથી જુદી એવી માત્ર ચેતના જ રહી જાય છે. ત્યારે લાગે છે કે જાણે મેં કશુંક ખોઈ નાખ્યું છે. વરસાદની સાંજ છે ને હું ફરીવાર મારા શહેરના એક છેડાથી બીજા છેડા સુધી દોડી રહ્યો છું... એક નાનું એવું પોલાણ મારી સામે ખૂલી ગયું છે અને મનમાં એક ઉત્કટ, ભયંકર આકાંક્ષા જાગી ઊઠે છે – એમાં છુપાઈ જવાની... જાણે એમાં છુપાઈ જવાથી જ બધુંય સવળું થઈ જશે, બધુંય બહુ જ સહજ થઈ જશે... પણ આ પોલાણ નથી... આ પીડા છે જે મારા દેહનાં ભિન્ન ભિન્ન અંગોમાં સરખે હિસ્સે વહેંચાઈ ગઈ છે. તદ્દન નવી જાતનુ દર્દ છે જેને મેં આજ સુધી ઓળખ્યું નથી (હાઉ ફન્ની ઇટ ઇઝ... હાઉ વંડરફૂલ ફન્ની). વચમાં વચમાં ચેતનાનો પડદો ખૂલી જાય છે, ને મને આશ્ચર્ય થાય છે કે આ હું છું... ને મને તરત જ વિશ્વાસ નથી આવતો કે હું બહાર આવી ગયો છું... પોતામાંથી બહાર કે જ્યાં મને કોઈ બચાવી શકે નહિ !

અંધારામાં બહાર – જ્યાં તેઓ છે.

એ ઑગસ્ટની શરૂઆતની એક રાત હતી. તેઓ મને ગલીના એક ગંદા, ખામોશ ખૂણામાં છોડી ગયા હતા. કેટલીકવાર સુધી હું ત્યાં પડ્યો રહ્યો હઈશ તે મને જરી પણ યાદ નથી. વચમાં વચમાં મારી આંખો ઊઘડી જતી હતી. એક પાતળા અને પારદર્શી ધુમ્મસની નીચે લંડનનું આકાશ ઘેરાઈ આવતું હતું. પાછી આંખો મીંચાઈ જતી હતી... ને મને લાગતું હતું કે જાણે હું એક ધુમ્મસ છોડીને બીજા ધુમ્મસમાં સમાઈ ગયો છું.

કેટલીય વાર સુધી એમ જ રહ્યો. પછી હું સાવધ થઈ ગયો. પગલાંઓનો અવાજ મારી પાસે ચાલી આવ્યો હતો – બહુ જ મંદ ગતિથી. હું ઊંઘવા લાગ્યો

હતો. કદાચ આ સપનું હોય ! ઘણીવાર સુધી ખબર ન પડી કે કોઈક રીતસર મારા ખભાને હલાવી રહ્યું હતું.

"શું વધારે પડતું વાગી ગયું છે ?"

"ના વધારે નહિ." આંખો ઊઘડી જ્યોર્જનો ચહેરો મારી ઉપર ઝૂક્યો હતો. લાગરની આછી એવી ગંધ મને સ્પર્શી ગઈ. કોણજાણે કેમ, એ ગંધની સાથે સાથે જ એક બીજી સ્મૃતિ પણ ઊભરાઈ આવી. મોઝાર્ટની સેરેનેઇડનો એક ખૂબ જ જૂનો ટ્યુન, ટ્યુન પણ નહિ, એક તૂટેલી ડાળ જેવો થડકાર માત્ર, જેને થોડી ઘડીઓ પહેલાં 'પબ'માં અચાનક પિછાણ્યો હતો.

"તમે અહીં છો ? મને ખબર હતી કે તેઓ તમને અહીં લાવ્યા છે... હું જોઈ રહ્યો હતો." એણે કહ્યું.

"વિલી ક્યાં છે ?"

"લેટ હિમ ગો ટુ હેલ... જો એ ન હોત... તો કંઈ પણ ન થાત."

"શું કંઈ ન થાત ?"

અચાનક મોટા રસ્તા ઉપરથી એક કાર પસાર થઈ ગઈ.

અમારી આંખો અંજાઈ ગઈ. મારું ધ્યાન પહેલી જ વાર મારા ઉપર દોરાયું. ખમીસનો કોલર ઉપરથી ફાટી ગયો હતો. પેટ ઉપર ધૂળ, ધૂળ અને બિયરનાં ધાબાં હતાં, ને શરીરનાં પસીનાથી ચોંટી ગયેલા મારા ગંજીફરાકમાંથી એક વજનદાર, ભીની ભીની વરાળ નીકળી રહી હોય તેવું મને લાગી રહ્યુ હતું.

"તમે પાછા કેમ આવ્યા ?"

"હું અંદર આવવા માગતો હતો, તમારા લોકોની પાસે, પણ તમે જાણો છો..."

"ઇટ ઇઝ ઓલ રાઈટ જ્યોર્જ." મેં એને વચમાં જ અટકાવી દીધો. મારા મોંનો સ્વાદ. એકદમ કડવા જેવો થઈ ગયો – જાણે હું લાંબા વખતના તાવમાંથી ઊઠ્યો ન હોઉં ! પાસે જ લૅમ્પ-પોસ્ટનું પીળું વર્તુળ હતું. મેં એની વચ્ચોવચ્ચ થૂંકી દીધું. બિલકુલ લાલ, જાણે પાનની પીચકારી ન હોય ! આ લોહી છે... મને બહુ વિચિત્ર જેવું લાગ્યું. ફરી એક વાર હું થૂંક્યો. આ વખતે મારા પોતાના લોહીને ફરીવાર જોઈ લેવાના લોભને હું વારી ન શક્યો.

"તમને વધારે પડતું વાગ્યું તો નથી ના ?" જ્યોર્જે કહ્યું. એના સ્વરમાં એક બંધાઈ ગયેલી એવી કુંઠા હતી. મને એ જરા વિચિત્ર જેવી લાગી.

હું મૂંગો રહ્યો ને પછી ઊભો થઈ ગયો. એક ક્ષણ સુધી મારું માથું ગલીની ભીંતની ઓથે ટેકવેલું રહ્યું.

ખટ્... ખટ્... ખટ્...

હજી પણ એ અવાજ મારી નસોની વચ્ચે ફડફડાટ કરી રહ્યો હતો.

અમે ટ્યૂબ-સ્ટેશન તરફ મૂંગા મૂંગા ચાલવા લાગ્યા. મારા ખિસ્સામાં હજી પણ બે શિલિંગ પડ્યા હતા. મારી ધ્રૂજતી આંગળીઓ એને અનાયાસ પંપાળી લેતી હતી.

બહાર રસ્તા ઉપર ઑગસ્ટનાં પાદડાં પડ્યાં હતાં. લંડનનું ધુમ્મસ રાતને ઓળંગીને પડતું રહેતું હતું.

"તમે મારો વિશ્વાસ કરતા નથી.. તમે સમજો છો.." જ્યોર્જે જબરદસ્તીપૂર્વક મારો ખભો પકડી લીધો.

"ઇટ ઇઝ ઓલ રાઈટ." એનો હાથ મેં ખભા ઉપરથી હઠાવી દીધો. હે ભગવાન, આ વખતે જો એ મારી સાથે ન હોત !

અમે ટ્યૂબ-સ્ટેશનની સીડી ઊતરવા લાગ્યા.

પ્લૅટફૉર્મ ઉજ્જડ પડ્યું હતું. બાંકડાઓ ઉપર એકલદોકલ માણસો બેઠા બેઠા ઊંઘી રહ્યા હતા. અમારી તદ્દન પાસે થાંભલાની આડશમાં એક જોડું ભીંતની સાથે ચોંટી ગયું હતું... છોકરી વારંવાર પોતના વાળ ઉપર હાથ ફેરવ્યા કરતી હતી. એની સામે ઊભેલો યુવક કંઈક દબાયેલા અવાજે ગુસપુસ કરી રહ્યો હતો. છોકરી વારેઘડીએ હસવા માંડતી હતી ને પછી ચોંકીને બન્ને બાજુ જોઈ લેતી હતી.

ટિકિટ ખરીદીને અમે પાસેના ખાલી બેંચ ઉપર બેસી ગયા.

"તમે લંડનમાં જ રહેશો ?"

એ ચૂપ રહ્યો. બત્તીઓની પાર જઈને એની આંખો અંડરગ્રાઉન્ડના અંધારા, ભીના બુગદા ઉપર સ્થિર થઈ ગઈ હતી. લાગતું હતું કે જાણે બુગદાનું અંધારું ઉપરના શહેરના અંધારાથી કપાઈ ગયું હોય... જાણે એ ગંદા પાણીનો સ્થિર ખાડો ન હોય !

"કોણ જાણે વિલી ક્યાં ચાલ્યો ગયો ?"

"વિલી ? મેં એને જોયો નથી." એણે કહ્યું.

"પણ તમે તો બહાર ઊભા હતા. તમે તો હમણાં જ કહ્યું !"

"મેં કંઈ પણ જોયું નથી."

અમે પાછા મૂંગા થઈ ગયા. પણ એ મૂંગાપણામાં એક જાતનો બોજ હતો. એમ લાગતું હતું કે જાણે કોઈક ચીજ વારંવાર અમારી વચ્ચે આવી જાય છે, ને અમે વારંવાર એને આઘી ઠેલી દઈએ છીએ.

"તમે સમજો છો... હું જૂઠું બોલી રહ્યો છું ?" એણે કહ્યું.

હું બીજી બાજુ જોવા લાગ્યો.

"તમે ગમે તે સમજો. મને એની જરા જેટલી પણ પડી નથી." એણે કહ્યું.

"ડોન્ટ બી સિલી." મેં કહ્યું.

"તમે મારો વિશ્વાસ કરતા નથી." આ વખતે એણે મારી તરફ જોયું. "તમે વિચારો છો કે હું ભાગી ગયો હતો..." એના હોઠ ધ્રૂજી રહ્યા હતા.

"ડેમ ઇટ, આઈ સે ડેમ ઇટ."

"તેમણે મને પકડી રાખ્યો હતો, ને હું તમારી પાસે..."

"ઇટ ઇઝ ઓલ રાઈટ, જ્યોર્જ."

"ઓ નો, ઇટ ઇઝ નોટ ઓલ રાઈટ !" એ જાણે ચીસ પાડી રહ્યો હતો. પાસેની બેંચ ઉપર સૂઈ ગયેલો માણસ ઊઠીને બેઠો થઈ ગયો ને અમારી તરફ જોવા લાગ્યો.

"જ્યોર્જ, સાંભળો." મેં એના ખભા ઉપર હાથ મૂક્યો. બેંચના હાથા ઉપર એનું મોં બન્ને હાથ વચ્ચે દબાયેલું હતું અને વારંવાર હલી ઊઠતું હતું.

"આઇ વોઝ અફરેઇડ, ટેરિબલી અફરેઇડ."

અમે બન્ને ધ્રૂજી રહ્યા હતા.

"અફરેઇડ..."

હું સામે જોતો રહ્યો, જાણે કે અંડરગ્રાઉન્ડનું અંધારું થોડીવારમાં જ ઊંચકાઈ જનારા પડદાની જેમ ધીરે ધીરે હલી રહ્યું ન હોય ! એ પળે હું જ્યોર્જથી ડરવા લાગ્યો, ખુદ મારા પોતાથી પણ ડરવા લાગ્યો. મને લાગ્યું કે જાણે હું હવે પછી કદીયે એની સામે જોઈ નહિ શકું. એ ક્ષણે હું કોઈક ભયંકર ચીજ કરી શકતો હતો. હું એને ઘણું બધું કહેવા માગતો હતો, કંઈ પણ... કિન્તુ હવે અમે બન્ને સાથે હોવા છતાં પણ અચાનક એકલા પડી ગયા હતા, ને એ રોઈ રહ્યો હતો ને હું કંઈ પણ કરી શકતો નહોતો... જ્યારે બે માણસો સાથે સાથે હોય છતાં પણ એ અનુભવ કરી લે કે એમનામાંથી કોઈ પણ એકબીજાને બચાવી શકે તેમ નથી; જ્યારે એ અનુભવ કરી લે કે વીતેલા સમયની એક પણ સ્મૃતિ, એક પણ ક્ષણ, એમના વર્તમાન, આ વહી જતી ક્ષણના નિકટના એકલાપણામાં ભાગ પડાવી શકે તેમ નથી; સાથી બની શકે તેમ નથી, કદાચ એથી વિશેષ ભયંકર બીજી કોઈ પણ ચીજ નહિ હોય.

ત્યાં અમે ચોંકી ગયા. બીજા પ્લૅટફૉર્મ ઉપર વૉરન સ્ટ્રીટ જવાવાળી ટ્યૂબ આવી રહી હતી. જ્યોર્જને એમાં જ જવું હતું. અમારી આજુબાજુના બાંકડાઓ ઉપર ઊંઘી રહેલા લોકો એકદમ ઊઠીને ઊભા થઈ ગયા. ટ્યૂબની જોરદાર હેડલાઇટમાં ન્યૂ ઍક્ટનના આગલા બુગદાનું અંધારું જરા પાછળ સરકી ગયું. દોડતા દોડતા કેટલાક લોકો સીડીઓ ઉપરથી નીચે ઊતરી રહ્યા હતા – તો જ તે લોકો વૉરન સ્ટ્રીટ જવા માટેની છેલ્લી ટ્યૂબ પકડી શકે.

જ્યોર્જ ઊભો થઈ ગયો. એણે એક વાર પણ મને જોયો નહિ, ને બીજી જ ક્ષણે તે ટોળાંની સાથે ટ્યૂબની તરફ દોડવા લાગ્યો. ટ્યૂબના ઓટોમેટિક દરવાજા ક્ષણભર માટે ઊઘડી ગયા અને ટોળાંને પોતાની અંદર ગળી જઈને બીજી ક્ષણે બંધ થઈ ગયા.

પૈડાંનો ધડબડ ધડબડ અવાજ ધીમે ધીમે ઓછો થતો ગયો અને પછી બધું પહેલાંની જેમ શાન્ત થઈ ગયું. બુગદાના જે અંધારાને ટ્યૂબની હેડલાઇટે પાછળ સરકાવી દીધું હતું તે પાછું પોતાની જગ્યાએ આવી ગયું.

માત્ર, પ્લૅટફૉર્મની ઉઘાડી છતની પેલે પાર ન્યૂ ઍક્ટનની બત્તીઓ અંધારામાં મૂંગી મૂંગી ઝગમગતી રહી.

થાંભલાની આડશમાં ઊભેલા યુવકે કહ્યું : "હવે પછીની ગાડીમાં." ને એણે ચૂમી લીધી. છોકરીની આંખો મીંચાઈ ગઈ.

એણે જોયું પણ નહિ...

ને મને લાગ્યું કે જાણે ઘણાય વખતથી મેં સિગરેટ પીધી નહોતી.

•

# ખુશબો

## રાજેન્દ્ર યાદવ

સુમેરાને રિક્ષા પોતાના શરીરનું જ એક અંગ લાગવા માંડી છે. સૂતાં કે જાગતાં, ક્યારેય, એ એને પોતાનાથી જુદી માનતો નથી. એની ઘંટડીઓ ટનન્ ટનન્ અવાજ એના અંગેઅંગમાં ઝાંઝરના અવાજની જેમ ઝણઝણી રહે છે, અને એને ચલાવતાં ચલાવતાં પેડલ અટકાવી દે ત્યારે પાછળની ધરી અને ચેઈનમાંથી આવતો કરકર અવાજ એની નસેનસમાં કરવતની જેમ ફરી વળે છે. છતાં પણ રિક્ષાની ગાદી ઉપર બેઠો હોય ત્યારે તેને પોતા વિશે ભાન રહેતું નથી. અને સાચેસાચ સુમેરા પોતાના આ રોગથી વધારેમાં વધારે પિડાય છે. જે વાતોને પરસ્પર કશો જ સંબંધ ન હોય એવી એવી એટલી બધી અજબગજબ વાતો તેને એકીસાથે યાદ આવ્યા કરે છે !

જ્યારથી એણે આ બન્ને જણાંને રિક્ષામાં બેસાડ્યાં હતાં ત્યારથી એને લાગવા માંડ્યું હતું કે જાણે કશુંક ફરીવાર બની રહ્યું છે, અને અત્યારે રિક્ષાના પગથિયા ઉપર પડેલા સફેદ રૂમાલને એણે જોયો ત્યારે તો, એ એવો ચોંકી ઊઠ્યો કે જાણે એ રૂમાલ કોઈ જીવતોજાગતો પદાર્થ ન હોય ! બુઢ્ઢી મડમની મુઠ્ઠીમાં બિડાઈને ગોળા જેવો બની ગયેલો રૂમાલ હાથમાં લઈને પહેલાં તો એણે વિચાર્યું કે એ દોડી જઈને એને પાછો આપી આવે, પણ પછી પોતાની મેળે જ એનો હાથ નાક સુધી પહોંચી ગયો. ઓચિંતું જ જ્યારે યાદ આવ્યું કે હમણાં જ, આ જ રૂમાલથી તો એ બુઢ્ઢી બુઢ્ઢાના થૂંકની લાળ લૂંછી રહી હતી ત્યારે એનું મન ઘૃણાથી ભરાઈ ગયું. છિ: છિ: અંગારાની માફક એનો ઘા કરતાં કરતાં વિચાર્યું: ચાલો, આપણી પાસે પડી રહેશે. કંઈ નહિ તો ગ્રીઝ ને મેસ લૂછવામાં તો કામ આવશે. નીચે નમીને રૂમાલને સીટની નીચે નાખતી વખતે તેને લાગ્યું કે રૂમાલમાં આછી ખુશબો છે.

ચડવા માટે પેડલ ઉપર પગ રાખીને એણે બન્ને બાજુએથી ફૂંકીને બીડી સળગાવી અને પહેલાં આવું ક્યારે બન્યું હતું એ યાદ કરવાની કોશિશ કરવા લાગ્યો. ને એને કઈ ચીજ વારંવાર યાદ આવી રહી છે ? વરસોથી રાત ને દિવસ એ વીસ-પચીસ માણસોને હંમેશાં રિક્ષામાં બેસાડતો રહ્યો છે... તો પછી આ વખતે આવું કેમ લાગે છે ? આજે જ એને પેલા ચોરીવાળા હારની વાત યાદ આવી છે,

નહિ તો વચમાં વચમાં તો બિલકુલ એવું જ લાગતું કે જાણે પોતે એ વાત ભૂલી જ ગયો હોય ! એમ જ, આંખો ઉઘાડબંધ કરતો કરતો એ બન્ને સામે ધ્યાનપૂર્વક જોતો રહ્યો.

બુઢ્ઢો આગળ જઈને ઊભો રહી ગયો હતો અને બુઢ્ઢી હવે પાછળ ફરીને દરવાજો બંધ કરી રહી હતી. બન્ને સાઠસિત્તેરની આસપાસનાં હશે. ફાટેલતૂટેલ જેવાં સ્લેટી રંગનાં જૂનાં કોટ-પાટલૂન, ભીંજાઈને સંકોચાઈ ગયેલા જેવી બની ગયેલી ગરમ કપડાંની સોલો હેટ, દરેક પગલે રેતી પર લીટી દોરતી નેતરની લાકડી... પાછળથી બુઢ્ઢો બરોબર જાપાની ઢીંગલા જેવો લાગતો હતો. બુઢ્ઢીએ લાલ અને સફેદ રંગનાં મોટાં મોટાં ફૂલોવાળું ફરાક પહેર્યું હતું અને તેના ઉઘાડા પગ કમાન જેમ વળેલા હતા. દરવાજો બંધ કરીને બુઢ્ઢી એની પાસે ગઈ, પછી હાથમાં હાથ ભરાવીને બન્ને એ પીળા અને સસ્તા જેવા લાગતા ઘર તરફ ચાલ્યાં ગયાં. એમના હાલકડોલક અને વાંકાચૂંકા થતાં શરીરના પાછલા ભાગને અને હલતા પડછાયાને સુમેરા કૌતુકથી જોતો રહ્યો. બન્ને કેવાં રમકડાંની માફક આખડતાં ને અથડાતાં ચાલ્યાં જાય છે ! હોઠ ઉપર સ્મિત આવી ગયું ને જ્યારે મનમાં થઈ રહેલ ગલીપચીને વ્યક્ત કરવાનો તેને કોઈ બીજો ઉપાય સૂઝ્યો નહિ ત્યારે તેણે અમસ્તાં જ ઘંટડી વગાડવા માંડી–ટિનન્ ટિનન્ કરીને; પણ વચમાં જ, ઓચિંતાનો, તેનો હાથ રોકાઈ ગયો અને આંખોની સામે પેલો હાર ચમકી ઊઠ્યો. સાથે સાથે જ થયું કે પાછળ કોઈક બેઠું છે અને આ ઘંટડીના અવાજથી એને તકલીફ પડશે.

કોણ જાણે કેમ, વળાંક સુધી તેને લાગતું રહ્યું કે જાણે એની રિક્ષામાં હજી પણ એ બે જણાં બેઠાં છે ને હમણાં હમણાં જ એના હાથે કોઈક બહુ જ સરસ કામ થઈ ગયું છે. મનને બહુ જ સારું સારું લાગતું હતું પણ કહેવું કોને ? જે સાંભળે એ હસે. ને જો કહેવા જાય તોય એવી કોઈ ખાસ વાત પણ નથી. બાલુ તો સાંભળીને જરૂર કહેવાનો જ કે આ સાલ્લો કોઈક દિવસ ગાંડો થઈ જશે.

એ બન્ને—બુઢ્ઢો ને બુઢ્ઢી—બૅંકની સામે ઊભાં હતાં. પૈડાં ઉપર પગ મૂકીને એણે રિક્ષા ધીમી કરી દીધી. કહ્યું : "મેમસા'બ, રિક્ષા ?"

"બેસી જઈશું ?... કેટલા પૈસા લઈશ ?" બુઢ્ઢાએ પોતાની થરથરતી ડોકને સ્થિર રાખવાનો પ્રયત્ન કરતાં પૂછ્યું.

એક જ નજરમાં સુમેરાએ માપી લીધું કે આ લોકો ખ્રિસ્તી કે ઍંગ્લો ઇંડિયન છે. બહારગામનાં કે ટુરિસ્ટો નથી.

ઊતરીને એણે માથા પર બાંધેલા અંગૂછાથી બેસવાની સીટને આમંત્રણના ભાવથી ઝાડી, ને કહ્યું : "અરે મેમસા'બ, જે મરજી પડે તે આપજો... આપ કોઈ નવાં થોડાં છો ?"

બુઢ્ઢો એ રીતે ઊભો હતો કે જાણે એ ત્યાં હોય જ નહિ. પણ બુઢ્ઢીના ચહેરા ઉપર કોણ જાણે શું હતું કે જે એને પોતાની તરફ ખેંચી રહ્યું હતું.

"નહિ, પાછળથી ઝઘડો કરો છો તમે લોકો." પણ એના સ્વરમાંથી જ બુઢ્ઢી સમજી ગઈ હતી કે એ ઝઘડો નહિ કરે. કદાચ એ લોકો ઘણીવારથી ત્યાં ઊભાં હોય ! બુઢ્ઢાના હાથમાં હાથ પરોવીને બુઢ્ઢી એને રિક્ષા પાસે લઈ આવી.

"નહિ, મેમસા'બ, હું એમાંનો નથી. એ તો ગામડા ગામના નવા નવા ગામડિયાઓ આવે છે, એ લોકો જ પાસિન્જરોને તંગ કરી દે છે."

આવી ભાષા ઉપર તો ટુરિસ્ટોએ એને પાંચપાંચ રૂપિયા બક્ષિસ આપેલી છે, પણ એ જાણતો હતો કે એવું કશું આ કિસ્સામાં નહિ બને. વિચાર્યું, શી વાત છે ? બુઢ્ઢો આંધળો-બાંધળો તો નથી ને ? ધ્યાનથી જોયું. બન્ને ઘઉંવર્ણાં હતાં. બુઢ્ઢીનું આખુંયે મોં નાની નાની કરચલીઓથી ભરેલું હતું અને બુઢ્ઢાના ગાલ ઉપર, નાકની આજુબાજુ, આંખોની નીચે, હોઠના ખૂણા સુધી ચામડી લટકી રહી હતી. ચશ્માંના કાચ જોયા તો લાગ્યું કે જૂનો મોતિયો છે. કાનમાં સાંભળવા માટે મશીન લગાવેલું હતું અને એનો દોરો મેલા જૂના કોટના કૉલરની પાસે થઈને ખમીસના ખીસામાં ગયો હતો. ત્યાં બેટરી હશે. અણસમજુ અને બુદ્ધુની માફક બુઢ્ઢો જ્યાં આંખ પડતી તે જ દિશામાં જોતો જોતો ચાલ્યો જતો હતો. હા, નેતરની સોટીવાળો એનો હાથ એકસરખો કંપ્યા કરતો હતો. એને દેખતાંવેંત સુમેરાના મનમાં થયું : આનો ડેરો હવે અહીંથી ઊઠવાનો છે. બિચારાંઓ બૅંકમાં પેન્શન લેવા આવ્યાં હશે. પણ બુઢ્ઢીનો ચહેરો જોઈને આગલી વાત વચમાંથી જ તૂટી ગઈ.

ધ્રૂજતી નેતરની સોટીના આશ્રયે બુઢ્ઢાએ બેએક વાર ચડવાની કોશિશ કરી, પણ રિક્ષાની અર્ધી ઊંચાઈ સુધી પહોંચીને જ એના પગ અટકી જતા હતા. ટેકો આપવા માટે સુમેરા આગળ વધ્યો કે તરત જ "એને અડજે માં" એમ કહેતી હોય એવા ભાવથી બુઢ્ઢી વચમાં આવી ગઈ, સોટી પોતાના હાથમાં લઈ લઈને એના હાથને પોતાના ખભા પર ટેકવ્યો અને જાણે કાચની કોઈક નાજુક ચીજને અંદર મૂકતી હોય તેવી રીતથી તેને કમ્મરનો ટેકો આપીને ચડાવવા લાગી. બેસાડી દીધા પછી એની સફળતાનો એવો આનંદ એના ચહેરા ઉપર પથરાઈ ગયો કે જાણે બુઢ્ઢો તો બેત્રણ વરસનું બાળક ન હોય ! સુમેરાની સાથે આંખ મળી તો એવી રીતે હસી કે જાણે એની માફી માગી રહી ન હોય : શું કરું ? બિચારા બુઢ્ઢા છે. એ'નાથી ચડાતું નથી. સુમેરા મુગ્ધભાવથી એના ચહેરાનો ભાવ જોઈ રહ્યો હતો. ત્યાં જ એણે ગળામાં પહેરેલી પાતળી સેર જોઈને એને પાછો હારનો વિચાર આવી ગયો. જાણે એની કોઈક કીમતી ચીજ ચોરતો પોતે પકડાઈ ગયો હોય એ રીતે એ ચમકી પડ્યો.

"તાપ ખૂબ પડે છે. હૂડ ચડાવી દે." બીજી બાજુથી બુઢ્ઢી ખાલી જગ્યામાં આવીને બેસી ગઈ હતી.

સુમેરા પાછો અટકી ગયો. જાણે કશુંક ફરી ફરી બની રહ્યું છે એમ એને કેમ લાગી રહ્યું છે ? પાછળ જઈને હૂડ ચડાવતી વખતે આ બધું પોતે ક્યાં જોયું અને સાંભળ્યું છે એ, એ યાદ કરવા લાગ્યો. બુઢ્ઢી, જાણે દશેરાના અવસર પર કેસૂડાંનાં ફૂલ સાચવીને લઈ જતી હોય એ રીતે બુઢ્ઢાની રક્ષા કરતી બેઠી હતી. આગળ આવીને સુમેરાએ ધોતિયાની નીચે ગોઠણ સુધી ખુલ્લી રહેલી પોતાની બન્ને ટાંગોને એક પછી એક ઊંચી કરીને પિંડીઓને અંગૂઠાથી ફટફટ કરીને સાફ કરી. વચમાં ઊભી કરેલી નેતરની સોટી પર બન્ને હાથ ટેકવીને ગુમસૂમ બેઠેલો બુઢ્ઢો કેસૂડા જેવો જ લાગતો હતો. સાંજના પોતે આ વાત બાબુને કહેશે. પૂછ્યું : "જઈશું, મેમસાહેબ ?"

"હા, પણ રેઈસ નહિ કરતો. ધીરે ધીરે ચલાવજે." બુઢ્ઢી ઓચિંતી થોડીક ઊભી થઈ ગઈ. બુઢ્ઢાના કોટનો જે ભાગ દબાઈ ગયો હતો તેને બહાર કાઢ્યો અને એની પીઠ પાછળ પોતાનો હાથ ફેલાવી દીધો.

પાછું એ જ ... આખરે સુમેરાએ આ બધું ક્યાં સાંભળ્યું છે ? આ બધું જરૂર ક્યાંક થયું છે. એ વારંવાર રિક્ષાને ધીમી કરતો કરતો રોકી દેવા જેવું કરતો હતો. એને પાછળ ફરીને એમનાં મોં જોઈ લેવાનું મન થયા કરતું હતું. ત્યાં શું છે જે એને વારંવાર ખેંચી રહ્યું છે ? પાછળ ફરીને જોઈ લેવાની ઇચ્છાને એ ગણગણીને બહલાવવા લાગ્યો : "કેસૂડા રે કેસૂડા ... કેસૂડાની સાત વહુરો .. નવ મણ દળે ને દસ મણ ખાય ... મોટા મલ્લ જેમ સૂજી જાય..." બાળપણમાં દીવાઓ લઈને નવરાતના તહેવારોમાં ઘેર ઘેર ઘૂમીને જે ગીતો ગાયાં હતાં એનાં અનેક ચિત્રો એની સામે ઝગમગવા લાગ્યાં, ને એ પોતાના મનમાં ને મનમાં હસવા લાગ્યો. કોણ જાણે ક્યારે એણે ફરીને પાછળ જોયું. અમસ્તાં જ પૂછ્યું : "તાપ તો નથી લાગતો ના, મેમસાહેબ ?"

લોકોના ચહેરાઓની કરચલીઓ જોઈને સુમેરા હંમેશાં પોતાની જાતને એક સવાલ પૂછે છે : માની લો કે એક વરસમાં એક કરચલી પડે, ને આ માણસોએ પોતાની જિંદગીમાં આટલી બધી કરચલીઓની કમાણી કરી છે, તો કહો ભાઈ, એના બદલામાં એને શું મળ્યું ? રૂપિયા, પૈસા, મકાન, બૈરી, ધન, દોલત, બચ્ચાં? કે એમ જ જિન્દગીભરનું રોવું–કકળવું... આખી રાત જાગી જાગીને બીડી પીધા કરવી... કે દારૂના નશામાં બેભાન બનીને નાડીઓને તૂટવા દેવી ? વીસ વરસ પછી જ્યારે પોતાના ચહેરા ઉપર પણ આવી કરચલીઓ પડી જશે ત્યારે પણ એ શું આમ જ રિક્ષા ચલાવતો રહ્યો હશે ? ત્યારે પણ એ શું ધીરાની માને અર્ધી

રાતના જગાડીને માર્યા કરશે ? ત્યારે પણ શું એને લાગ્યા કરશે કે એને કંઈક જોઈએ છે... એને કોઈક ચીજની જરૂર છે... ... ? ના રે ના, ત્યાં સુધીમાં તો ધીરો મોટો થઈ જશે. પણ મેં પોતે જ મારા બાપને કયું સુખ આપ્યું છે ? આજે પણ એ બુઢ્ઢો તો બિચારો મકાનોમાં ઈંટો બેસાડવાનું કામ કર્યા કરે છે....

છસાત દિવસ પહેલાંની વાત છે. એ દાણખાતાની ઑફિસમાં નળ નીચે નાહી રહ્યો હતો. પાણી ભરવા આવેલી બોઘાની વહુએ કહ્યું હતું : “અલ્યા, તારી તો બધી પાંસળીઓ બહાર નીકળી આવી છે.” સાબુ લગાડતાં લગાડતાં એના હાથ અટકી ગયા. કેટલીયે વાર સુધી એ પોતાની પાંસળીઓ ગણી રહ્યો. હવે નબળાઈ બહુ વરતાવા માંડી છે, ચહેરા ઉપર પણ પહેલાંની તાજગી રહી નથી. કોને ખબર, કરચલીઓ પણ પડવા માંડી હોય !... ભલે, પણ પોતાનો ચહેરો આ બુઢ્ઢીના ચહેરાની માફક નાની નાની કોમળ કોમળ કરચલીઓવાળો થશે કે આ બુઢ્ઢાના જેવા મોટા મોટા ખાડાખબચાવાળો ? એ પળે એને પોતાનું મોં અરીસામાં જોઈ લેવાની પ્રબળ ઇચ્છા થઈ આવી. કોઈક વેળા એની રિક્ષામાં પણ સામે અરીસો લગાવેલો હતો, ફુગ્ગાઓ ઊડ્યા કરતા હતા અને એના પૈડાંમાં રંગબેરંગી ફૂલો નાચતાં હતાં. હવે તો આખું માળખું ઢીલું અને ખખડધજ થઈ ગયું હતું. ચાલતાં ચાલતાં ક્યારેક વાલ પીન નીકળી જાય છે, તો ક્યારે ફ્રી વ્હીલ ફરતું જ રહે છે, તો કોઈક વાર ચેઈન ઊતરી જાય છે. ઘરાકોની ગાળો ખાતાં ખાતાં, રસ્તાની વચમાં ઈંટ કે પથ્થરથી વાલ પીન ઠોકવી, કે હાથ કાળા કરીને ચેઈન ચડાવવી એ કેટલું ખરાબ લાગે છે ? મનમાં થાય છે કે આવી રિક્ષાને હોળીની આગમાં ફેંકીને સળગાવી દઉં. હૂડનું કપડું ચીરેચીરા થઈને વાવટાની માફક ફડફડાટ કરી રહે છે ને જમણું પૈડું પેલા ટાંગામાં ભટકાયા પછી હજી સુધી પણ લંગડાતું લંગડાતું ચાલે છે. હવે એને સરખું કરાવે કે લચ્છીના રૂપિયા આપે ? પણ આ પણ અજબની વાત છે. જ્યારે જ્યારે એને પોતાના શરીર વિશે વિચાર આવે છે ત્યારે ત્યારે એની નજર રિક્ષા તરફ જયા કરે છે – જાણે બન્ને કોઈ એક જ ચીજથી જોડાયેલાં ન હોય !

ટિન્ - ટિન્ ... ભટકાવાનું એ દશ્ય યાદ આવ્યું કે તરત જ એના અંગૂઠા અને આંગળીઓએ આપોઆપ ઘંટડી વગાડી દીધી. પરંતુ તરત જ એ પોતાની મેળે જ ગભરાઈને શાંત થઈ ગયો. પાછળ ફરીને જોયું, ક્યાંક એ ઘંટડીના અવાજથી પાસિન્જરોને ખરાબ તો લાગ્યું નથી ના ? ઘંટડીનો અવાજ કેટલો બધો કાનને ન ગમે એવો છે એવો એને પહેલી જ વાર ખ્યાલ આવ્યો. એ વખતે બુઢ્ઢી અત્યંત પ્યારપૂર્વક બુઢ્ઢાના કોટનો કૉલર સરખો કરી રહી હતી. કાનમાંથી લંબાતી દોરી જોઈને એને ખ્યાલ આવ્યો કે બુઢ્ઢો તો બહેરો છે, એણે ઘંટડીનો અવાજ ક્યાંથી

સાંભળ્યો હશે ?... ઠીક છે, કેમ ભાઈ ? જ્યારે બુઢ્ઢો મરી જશે ત્યારે બુઢ્ઢી શું કરશે ? એને બિચારીને તો બહુ ખરાબ લાગ્યા કરશે. ઘરમાં બાળ-બચ્ચાં હશે ? રામ ભજો ભાઈ રામ ! આજકાલ કોણ પોતાનાં માબાપની ચિન્તા કરે છે ? ને ત્યારે સુમેરાને પોતાનો બુઢ્ઢો બાપ યાદ આવી ગયો. કોણ જાણે કેટલીય વાર તેને થયા કર્યું કે એક વાર ઘેર જઈને એના પગમાં પડી જાઉ... જે થયું તે માફ કરી દો. હવે તમે બેઠા બેઠા રામનું ભજન કરો, હું શ્રવણની માફક તમારી સેવા કરીશ... પણ જ્યારે જ્યારે એને બાપનો માર યાદ આવતો ત્યારે ત્યારે આ બધી કોમળ ભાવનાઓ હવામાં ઊડી જતી, અને અર્ધી રાતની કડકડતી ઠંડીમાં લાત અને ઘુસ્તાઓની સાથે અપાયેલી એ ગાળો એના કાનને પાડી નાખતી. "સાલા હરામી, સગી ભલે ન હોય, પણ એ તારી મા છે. અંગેઅંગમાં કીડા પડશે. જુવાની ભરાઈ ગઈ હોય તો રાંડને ત્યાં જા. ખબરદાર છે જો આજથી ઘરમાં પગ મૂક્યો છે તો. ટુકડેટુકડા કરીને કૂતરાને ખવરાવી દઈશ." ત્યારે સુમેરાને પહેલી ગાડી છિંદવાડાની મળી હતી, ને ત્યાં તો પેલો હારવાળો કિસ્સો બન્યો હતો.

રિક્ષા સરકતી રહી ને ચેઈન કર્કર્ કરતી રહી.

એને બુઢ્ઢીના ગળાની સેર યાદ આવી એટલે પાછું એક વાર પાછળ ફરીને જોયું કોણજાણે કેમ એને પોતાનો બાપ, જે અહીં હાજર નહોતો, તેની સાથે સાથે આ બન્ને જણાં પર પણ ઘણી દયા આવતી જતી હતી. બન્નેના ચહેરા પર કેટલો સંતોષ, કેવી તૃપ્તિ અને કેવી કોમળતા હતી – જાણે જાત્રા કરીને પાછાં આવી રહ્યાં ન હોય ! જોતાંવેંત લાગે છે કે એમની જિંદગી સુખમાં વીતી છે. ને એક બાજુ પેલો બાપ છે જે આવા બુઢાપામાં પણ ધગધગતા તાપમાં બેઠો બેઠો થાપીથી ગારો ફેંકી ફેંકીને ઈંટોને ચોંટાડી રહ્યો હશે... માર્યો'તો તોયે શું થઈ ગયું ? ભૂલ તો પોતાની જ હતી. હૂંમ, હશે પણ. હવે ક્યારનો યે હું પણ એ જ વાત ઘૂંટી રહ્યો છું ! આ જ તો પોતાની ટેવ ખરાબ છે. અરે, ઉમર એવી હતી. એક વાત બની ગઈ. હા, હારની વાત જરૂર... ખબર નથી ક્યાં સુધી પોતાના દિલ ઉપર આ બન્ને ભાર પડ્યા રહેશે...

અચાનક એ ચોંકીને અટકી ગયો. આ બુઢ્ઢો ને બુઢ્ઢી ક્યાંક પેલા માલગાડીના માસ્તર અને એની વહુ તો નહિ હોય ના ? પાછળ ફરીને જોયું. હટ્, એ તો હિન્દુ હતાં. એ નીચો વળીને પિંડી ખજવાળવા મંડ્યો. આમ તો, સાચું પૂછો તો, એને હંમેશાં એ બીક લાગ્યા કરે છે કે ક્યાંક, કોઈક દિવસ, એ માસ્તરની સાથે એનો ઓચિંતાનો ભેટો તો નહિ થઈ જાય ના ? ઓળખી તો થોડા જ કાઢવાના...? કોણજાણે એમણે કેટલાં સ્ટેશનો બદલ્યાં હશે, કોણ જાણે કેટલાય મજૂરો એમના હાથ નીચેથી નીકળી ચૂક્યા હશે.

મુખ્ય રસ્તા અને કાચી સડકના સંગમ ઉપર પીપળાના ઝાડની નીચે સફેદ ચૂનો લગાવેલા ગોખલામાં રંગેલા હનુમાનજીની મૂર્તિની સામેથી નીકળતી વખતે એને હંમેશાં હારની વાત યાદ આવી જતી હતી. મોં ઉપર દાટો મારીને માલગાડીના માસ્તરની વહુને ઓરડીમાં ઘેરી લઈને એનો હાર છીનવીને ભાગી જવું, બે મહિના સુધી છુપાઈ જવું, ને પછી મા મરી ગઈ છે એ બહાનું કાઢીને અહીં આવીને મંગીની સાથે રાત આખી સોનું ગળાવવું... એની આંખો સામેથી એ બધું એક પળમાં જ પસાર થઈ જાય છે. ભલે, પણ જ્યાં સુધી આ રિક્ષા છે. ત્યાં સુધી એ હારની વાત તે ભૂલી શકે તેમ નથી. નહિ તો એ પણ આજે મંગીની જેમ ક્યારેક રિક્ષા માંગી લાવતો હોત અને ક્યારેક ડોલ ને પીંછો લઈને ચૂનો છાંટતો ફરતો હોત. એને લાગે છે કે જાણે રિક્ષા એની પોતાની નથી, કોઈ પાસેથી કરજે પૈસા લઈને એ એણે બનાવી લીધી છે.

કોઈ કોઈ વાર એક અજબ વાત એના મનમાં આવે છે – કોઈ પણ રીતે પૈસા બનાવીને એ પેલા જેવો જ હાર બનાવરાવે અને જઈને માલગાડીના માસ્તરના પગ પકડીને રોવા લાગે અને કહે, “સાહેબ, મારાથી ભૂલ થઈ ગઈ’તી. હું આંધળો બની ગયો’તો...”

“પેલા સામેવાળા દરવાજા આગળ ઊભી રાખ !” એણે અચાનક સાંભળ્યું.

દરવાજા આગળ ઊભી રાખીને એ પાછળ ફર્યો. બુઢ્ઢી રૂમાલથી બુઢ્ઢાના મોંના બન્ને ખૂણા લૂછી રહી હતી – જેમ દૂધ પાયા પછી બાળકનું મોઢું લૂછી રહી હોય ને, તેમ. બુઢ્ઢી એની કેટલી સંભાળ રાખે છે !

સ્ટેશન તરફ જતાં જતાં એ ઘણીવાર સુધી પોતાનાં એ પાસિન્જરોની વાત વિશે વિચાર કરતો રહ્યો. માની તો એને યાદ નહોતી. ઓરમાન માનું બળતા લાકડાંથી એને મારવું પણ હવે તો કોઈ કોઈ વાર જ યાદ આવે છે. હા, જે ત્રીજી સ્ત્રીને એનો બાપ ખરીદી લાવ્યો હતો તેના સુરીલા અવાજે તેને ઘણા દિવસ સુધી ગાંડો બનાવી મૂક્યો હતો. એમાં એને ભૂલ પોતાની નહિ, બાપની જ લાગતી હતી. ત્યારે, એ દિવસોમાં, એ ઘણીવાર વિદ્રોહી બની ગયો હતો. કબરમાં પગ લટકે છે, છતાં હવસ ગયો નથી ! ખેર, એ બધું થયું તે થઈ ગયું, પણ આજે એણે એવું શું જોયું છે કે એને એ બધું યાદ આવી રહ્યું છે ? એણે રિક્ષામાં માણસો બેસાડ્યા ને પૈસા લીધા. તો પણ એમ કેમ લાગી રહ્યું છે કે એને હાથે કોઈ પુણ્યકાર્ય થઈ ચૂક્યું છે ? ક્યાંક એવું કશુંક જાણ્યું છે જે એની જિંદગીમાં નથી ?

ઠેકેદાર સાથે લડાઈ છે એટલે બહાર ઝાડની નીચે જ પૈડું આડું કરીને રિક્ષા ઊભી કરી દીધી ને સીટ પર લંબાવીને ઉપરનાં પાંદડાં તરફ તાકવા લાગ્યો. રિક્ષામાં બેસનારા તો અહીંયાં પણ મળી આવશે. ત્યાં નાહકનો એક આનો

વધારાનો દેવો ને લાઇનમાં નંબર પ્રમાણે ઊભા રહેવું. બસ ચાલવી ન જોઈએ એટલા માટે લોકો હડતાળો પડાવે છે, સરઘસો કઢાવે છે, પણ આ ઠેકેદારો અને સિપાહીઓના અંધેરરાજને વિશે કોઈ કંઈ બોલતુ નથી ! લૂંટ મચાવી દીધી છે. આજકાલ અમારા મંગીસાહેબ પણ લીડર બની ગયા છે, પહેરણ ને પાયજામા ઉપર જાકીટ ચડાવીને ઘુમ્યે રાખે છે. ને વળી આ તો એ જ મંગીબાબુ છે કે પોતે જામીન ન પડે તો જેને રિક્ષા દેવાની સિંધીએ ચોક્ખી ના પાડી દીધી હતી. ઠીક છે, એમણે સુમેરાનાં લગ્ન કરાવ્યાં, રામદેઈના બાપ સાથે સોદો પતાવ્યો, તો સાથે સાથે સોનું ગાળવામાં એને પૂરો ભાગ પણ આપ્યો જ હતો ના ? હવે, તમે પોતાનો ભાગ જો બાટલીમાં વેડફી નાખો, સિગરેટ-સિનેમામાં ફૂંકી નાખો, 'ફીચર'-માં લગાવો, ને ગંજેરીઓ ને ભંગડીઓને નંબર પૂછતાં રહીને અઠવાડિયાંઓ સુધી ઘરમાંથી ગુમ રહો, તો ભાઈ, સુમેરાએ એવી તો ભાંગ પીધી નથી કે તમારા નશાબશામાં પણ પૈસા આપે ને તમારાં પાપ પણ મૂગે મૂગો જોતો રહે...

સુમેરાનું મોં કડવું થઈ ગયું. નીચ ! જે ઠામમાં ખાય છે એમાં જ કાણું પાડે છે ! રિક્ષામા સૂતો સૂતો એ હાથની મૂઠીની વચમાં નાનું એવું કાણું બનાવીને એની આરપાર દૂરબીનની જેમ ઉપરના પાંદડાંને એ આકાશને જોતો રહ્યો. આ રમતમાં એને નાનપણથી જ ખૂબ મઝા આવે છે. દિવસભર કાચા આરસનાં રમકડાં બનાવવાનાં કારખાનામાં એ કામ કરતો અને રાતના પોતાના આ દૂરબીનથી કલાકો સુધી ચાંદાને જોયા કરતો ... કોઈકવાર બુઢ્ઢી ડોસી તેમાં ચરખો કાંતતી દેખાતી... કોઈકવાર હરણ દોડતું દેખાતું. અત્યારે તો લીમડાનાં થરથરતાં પાંદડાંઓને પેલે પાર, ગહન નીલા આકાશમાં, સફેદ સફેદ વાદળોના નાના નાના ટુકડાઓને એ જોતો રહ્યો—જાણે સફેદ બગલાઓ ઘુમરાતા ન હોય !

હુંહ, મંગીસાહેબ રામદેઈને માટે કાનનાં ઝૂમખાં લાવ્યા હતા !... "સેલના લિલામમાં ફસાઈ ગયો. ઇનામની લાલચમાં પહેલાં પહેલાં તો ઊંચી ઊંચી બોલી બોલતો રહ્યો, ને છેવટે એક બોલી વખતે પઠ્ઠાએ હાથમાં માલ ધરી દીધો. હું શું કરું, દોસ્ત ?" કોણ જાણે ક્યારથી ઘાલમેલ ચાલતી હશે બન્ને વચ્ચે ! ને જો એક દિવસ પોતે ઓચિંતાનો ટ્યૂબ બદલવાને માટે પાછો ઘેર ગયો ન હોત તો પોતાને જનમભર ખબર પણ ન પડત ! મોટાં મોટાં પાટિયાં રાખીને આખો દિવસ સિનેમાનાં ગીતો ગાતાં ફરતા રહેશો તો આ જ શીખવાના !... રિક્ષા ચલાવશે તો એવી રીતે કે જાણે સરકસનો ખેલ કરી દેખાડતો ન હોય ! જાણે એ રિક્ષા નહિ પણ હવાઈ વિમાન ન હોય ! એવી રીતે વાળશે કે જાણે મોટરકારને વાળી રહ્યો ન હોય ! ... ઠીક થયું છે કે એક્સિડન્ટમાં ખોપરી જ તૂટી ને બચી ગયો, નહિ તો સીધો સરગમાં જતો દેખાતો હોત. પછી 'ઘર આયા મેરા પરદેશી'નું ગીત ગાવા

ન મળત. ને પેલી હરામજાદી રામદેઈ ! એણે તો શરમથી ડૂબી મરવું જ વાજબી હતું, પણ એ તો કડકાઈથી શું કહેતી'તી : "પહેલાં પોતા સામે જુઓ, રાજ્જા. એ ખરીદાઈને આવી'તી કે વિવાહ કરીને, પણ હતી તો તારી મા જ ના ?" એટલી મારી એને , પણ સાલીએ બકવાનું બંધ કર્યું નહિ. બાપના ગુમાનમાં રહે છે. જાણે છે કે બાપ સરપંચ છે... ... આવા બાપોને તો સોટાથી ફટકારું એવો છું. સાલા ઠગો ! ... નારંગી રંગની બે નોટો આપી દો ને જે મરજી પડે એવો ચુકાદો મેળવી લો, પંચાયત થઈ કે લૂંટ ? એ મારો દંડ કરશે... ? ...એ તો જો મને ધીરા ઉપર મોહ ન હોત તો પડી રહેત જિંદગી આખી બાપને ત્યાં, કરી લેત બીજો કોઈ..."

પોતે પણ કેવી નકામી નકામી વાતો યાદ કરવા લાગ્યો છે ! સરસ તબિયત હતી એ પણ બગડી ગઈ. હાક્ - થૂ ! સૂતે સૂતે જ તેણે બળખાનો એક મોટો લોંદો પાછળની બાજુ ઉછાળ્યો, બાંયથી હોઠ લૂછ્યા ને પાછો વાદળોને જોવા લાગ્યો. એવાં એક પછી એક ચાલ્યાં આવે છે – જાણે આસમાની પાણીમાં સફેદ રૂમાલ તરતા ચાલ્યા જતા ન હોય !... ઓ હો ...! એને એક બીજો રૂમાલ પણ મળ્યો હતો ! આ ... હા, હા, હવે યાદ આવ્યું... એ જ વાતને તો એ આટલી વારથી યાદ કરી રહ્યો હતો. માર ખાઈને રામદેઈ પોતાની ગઠડી બાંધીને બાપને ત્યાં ચાલી ગઈ'તી, એ પછીના બે એક દિવસ પછીની જ તો વાત છે.

આખો દિવસ એનું મન ઉદાસ રહ્યું હતું. પડ્યો પડ્યો કટકટ કરતી ખિસકોલીઓને અને પગના પંજાથી રાખ ખોતરતી મરઘી અને એનાં બચ્ચાંને એ તાકતો રહ્યો હતો. દાણો મળી જાય ત્યારે મરઘી ચકચક કરતી હતી અને એનાં નાનાં નાનાં બચ્ચાંઓ આવીને એની ચાંચની પાસે ઊભાં રહી જતાં હતાં. જમીન સામે જોતો રહ્યો, ઝૂલવા જેવી ખાટમાં ધસ્યો, મેલા ચીકણા તકિયાની નીચેથી 'મેના પોપટની વારતા' અને 'દિલબહાર' ફિલ્મનાં ગીતો વાંચતો રહ્યો. પછી મુંજને લાકડાની હથોડીથી કૂટીને એક સરસ એવી સાવરણી બનાવી લીધી. ક્યાંય જવાનું મન થતું નહોતું જે કોઈને મળો ત્યારે એવું જ લાગે કે જાણે ભૂલ રામદેઈની નહિ પણ એની જ છે. સાલ્લા બધાય દગાખોર, હલકટ અને સ્વાર્થી છે ! એ આઠદસ ઘરોમાં પોતાની હોય એવી રિક્ષા એકલા એની પાસે જ છે ના, એટલે બધા એમ સમજે છે કે એની પાસે તો કોણ જાણે કેવીય રકમ દાટેલી પડી હશે. બાકી તો પેલો એની રિક્ષા લઈને ભાગી ગયો, એને બેલનગંજના લાલાજીએ પકડાવી દીધો. કલાકો સુધી એ પોતાની રિક્ષાને ઘસીઘસીને ધોઈને ચમકતી કરતો રહ્યો. એક ઘર વચ્ચે હતું તે છોડીને પછીના ઘરમાં રહેતી ભૂરાની વહુ હાથ ચમકાવતી ચમકાવતી બિસનાની કાકી જોડે લડતી રહી : "રાંડ છિનાળ ! મૂઆ ધણીની શેખીમાં પડી ન રહેતી. આવવા દે, આજ તારા બાપ આગળથી ચશ્માં પકડાવી ન દઉં તો કહેજે."

બોલી : "એય સાલા ભદ્દા, રમ માં એની સાથે ... કઢી ખાયા, ચોટ્ટા છે બધાવ..." કેવું ચિચિયારી કરતું ગળું છે ! મનમાં તો એવું થાય છે કે જઈને ગળું દાબી દે. છોકરાંઓને રમવાનાં બે પૈસાવાળા ચશ્માં તૂટી ગયાં હશે, એના ઉપરથી સવારથી જ આટલી ધાંધલ મચાવી મૂકી છે. મારામારીમાં આખો દિવસ ખાસડાં ઉડાડ્યા કરે છે, એક મિનિટની પણ શાંતિ નથી. સાલા અભણો ! ગમારો !

એણે સિકન્દ્રાની સામે રિક્ષા ઊભી કરી દીધી. સાંજ પડી ગઈ હતી. ઊતરીને એ એક બાજુ ઊભો ઊભો મોઢામાં ગોળધાણા ઓરતો ગયો. સર્‌ર કરતી બેત્રણ મોટરો અંદર ગઈ અને બહાર નીકળી. આ ગોરી છોકરીઓ પણ માથા ઉપર રૂમાલ બાંધીને મોટરો એવી ચલાવીને લઈ જાય છે કે જાણે માના પેટમાં હતી ત્યારથી જ મોટર ચલાવતી રહી ન હોય ! મોટરોનું વળવું, સ્ટાર્ટ થવું અને દોડવા લાગવું, એને એ કાયમ ખૂબ જ મુગ્ધ નજરથી જોતો રહ્યો છે. ભગવાનના હુકમથી જો એ પણ ડ્રાઇવરી શીખ્યો હોત તો આમ ઝન્ન્ કરતોક ને લઈ જ્યા કરત, ને આમ વાળી લઈને માણસને બચાવી લેત ! પેલી હરામજાદી રામદેઈને પણ એમાં બેસાડીને ફેરવત તો એને પણ લાગત કે હા, કો'ક છે ખરો ! ત્યાં એણે જોયું કે એક બાજુની છાતી જેમાંથી ખૂલી દેખાતી હતી તેવું કસવાળું કેડિયું અને ગોઠણ સુધી પહોંચી એવડું ધોતિયું અને માથા ઉપર મોટી એવી પાઘડી પહેરેલો એક માણસ મોં ફાડીને સિકન્દ્રાના બૂરજોને જોઈ રહ્યો હતો અને બીજાને કહી રહ્યો હતો : "ઓ રે મેહતાબ, આ જો, આ કેવો સુંદર સર્‌ર્ કરતો આકાશમાં પહોંચી જાય છે ! મને તો મસીદ જેવુ લાગે છે."

પછી સુમેરોને પૂછ્યું : "કાં ભાઈ, અકબરાનો મકબરો છે આ, કે મકબરાનો અકબરો !"

ચાવવાનું ભૂલીને સુમેરા મોટેથી હસી પડ્યો. પછી એની બાઘાઈ જોઈને સમજાવ્યું : "આ સિકન્દ્રા છે, ઠાકુર, અહીં અકબર બાચ્છાને દાટ્યા'તા. ક્યાંથી આવ્યા છો ?"

ઠાકુરે સુમેરાને હસતો જોયો નહિ. એમ જ મોં ફાડીને ને આંખો પહોળી કરીને જોતો રહ્યો. "વાહ, રંગ છે રે અકબર બાચ્છા ! મકબરા માટે પણ કેવી સરસ જગ્યા શોધી છે!" પછી સુમેરાની વાતના જવાબમાં માફી માગતો હોય તેમ બોલ્યો : "અમે તો ભાઈ, ભરતપુરના છૈયે, અમે આવું પે'લા ક્યાં જોયું હોય ! નખરાળા મહેલ જોયા હોય ... બસ્સ, કામ સારુ આવ્યા'તા એટલે જતાં જતાં જોતા જોઈએ ..."

ઠાકુર જ્યારે ચાલ્યો ગયો ત્યારે ટાંગાવાલા કુન્દને કહ્યું : "આ બિચાડા તો ગામડાંના છે – નવા માણસો. મેં તો મોટા મોટા ભણેલાગણેલાઓને પણ એવા

બેવકૂફ બનાવ્યા છે કે આજ સુધી રોતા હશે. અરે હા, કોઈ અંગ્રેજ કે અમેરિકન હોય તો એની પાસેથી પાંચદસ રૂપિયાની બક્ષિસની પણ ઉમેદ રહે. પણ આ સાલ્લાઓ પાસે હોય શું ? કલાક સુધી રકઝક કરશે ને પછી ખોટા પૈસા દઈને ચાલવા માંડશે. એટલે મેં તો શું કર્યું કે સ્ટેશનથી લાવ્યો ને સેંટ જોન્સ કૉલેજની બિલ્ડિંગની આસપાસ ફેરવ્યે રાખ્યા. કહી દીધું જોઈ લો, આ સિકન્દ્રા છે. આજે બંધ છે. અરે હા, કોણ સાલો ઘોડાને તિકતિક કરતો અહીં સુધી લાવે ? આપણને સીધા પાંચ રૂપિયા મળી ગયા. અલ્લા અલ્લા, ખેરસલ્લા. આખી દુનિયામાંથી લોકો પડતા આંખડતાં આવે છે, કોણજાણે શું ય જોતા હશે આ કબરોમાં ! મને તો કંઈ દેખાતું નથી. હા, ગાઇડોનાં ગપ્પાં સાંભળી સાંભળીને જરૂર ખુશ થઈ જાય છે, તો આપણે રોજ રોજ એવાં ગપ્પાં જોડી કાઢીએ છીએ.

સાચું કહો તો આજ સુધી આ જ વાત સુમેરાની સમજમાં પણ નથી આવી.

"રિક્ષા."

અવાજ આવ્યો ને સાથે સાથે જ એની રિક્ષાની ઘંટડી રણકી ઊઠી–ટિન ન્... ટિન્ ન્...

ચમકીને એ બાજુ સર્યો. ઘરાક આવી ગયા હતા. રિક્ષા પાસે જતાં એને ગર્વ થયો. એની જ રિક્ષા બધાંથી નવી અને ફેશનેબલ છે. ઘરાક બીજી કોઈ રિક્ષા પાસે જઈ શકે જ નહિ.

એક છોકરો ને છોકરી ઊભાં હતાં. આછા સલેટી રંગનું બટન વિનાનું ચેસ્ટર, ચોટલાની બે સેર – એક આગળ અને એક પાછળ લટકતી, ખૂલતો રંગ, લાંબું મોં, ચમકદાર આંખો !... બેય હાથ ચેસ્ટરના ખિસ્સામાં નાખીને છોકરી ભાવપૂર્વક છોકરાને કંઈક બતાવી રહી હતી. છોકરાએ ઊનનું જર્કિન અને પાટલૂન પહેર્યું હતું. એનો રંગ શામળાથીયે વધારે ઘેરો હતો, અને હરેક વાર હાથથી માથાના વાળને બેસાડવાને બહાને એ કોઈ ખાસ રીતે એને વધારે વિખેરી નાખતો હતો. કંઈક મામલો છે આ, એમ જાણી જવાની બુદ્ધિ સુમેરામાં કોઈક વિચિત્ર રીતે ઊપસી આવી હતી. સુમેરાએ માપી લીધું કે બહારની નિશ્ચિન્તતા અને નીડરતા બનાવટી છે. એથી અંદરનો ગભરાટ છુપાવી દેવામાં આવે છે. એણે પૂછ્યું : "તાજમહેલ, સા'બ?" વિચાર્યું, તાજગંજ જઈશ તો ઓલી સાલી રામદેઈના શા હાલ છે એની ખબર પણ મેળવી લઈશ. પાંચ દી થઈ ગયા છે.

"દયાળબાગ." છોકરાએ કહ્યું.

"ચાલો સાહેબ," ગાદી ઉપર હાથની ઝાપટ મારતાં સુમરાએ કહ્યું. "ચાલ, બેસી જા." છોકરીની કોણીને અડીને છોકરાએ કહ્યું. પછી એક વાર ઊંચાં ઊંચાં ઝાડ અને ચાવાળા સામે જોયું.

"હૂડ ચડાવી લે." છોકરીએ સુમેરાને કહ્યું. એના ચહેરા સામે જોયું. સુમેરાને બહુ સારું લાગતું હતું. એનો અવાજ સાંભળીને એ ચોંક્યો. એ છોકરાને કહેતી હતી : "પહેલાં આની સાથે પૈસાનું નક્કી કરી લેવું જોઈએ. પાછળથી બધાંને ટુરિસ્ટ સમજીને એ લોકો તંગ કરે છે." ને ચેસ્ટરને સરખું ગોઠવીને એ બેસી ગઈ. ચડતી વખતે એના પગની પિંડી જેટલી ખુલ્લી થઈ તે જોઈને સુમેરાનું મન ડોલી ઊઠ્યું. હૂડ ચડાવતી વખતે તેના મનમાં થયું કે પૂછું કે, "સામે પડદો પણ નાખી દું, મેમસા'બ?" પણ એ વધુ પડતું લાગશે. કહ્યું : "પૈસા માટે ઝઘડો કરનારાઓમાંનો હું નથી."

બન્ને બેસી ગયાં ત્યારે સુમેરાએ જોયું તો છોકરીએ એની નજરથી બચવા સારુ પોતાનું મોં બીજી બાજુ ફેરવી નાખ્યું હતું અને એના હસતા ચહેરાના લમણાનો ભાગ જ દેખાઈ રહ્યો હતો. એ અદા એને એટલી સરસ લાગી કે એ એના પર લટ્ટુ બની ગયો. એના અંગૂઠાએ ધીમેકથી ઘંટડી વગાડી દીધી, ટિન્ ન્ ટિન્ ન્ ...

"જરા હટ, ને મને હાથ જરાક પાછળ રાખવા દે." છોકરો કહેતો હતો.

રિક્ષાને હાથથી ચલાવતાં ચલાવતાં, સારી સડક ઉપર તેને લઈ આવતાં, સુમેરાએ મનમાં ને મનમાં કહ્યું : "હા, હા, હાથ શા સારુ, આખો ને આખો જ પાછળ સૂઈ જાની." ખાલી ખાલી એણે ઘંટડી વગાડી, ટિન્ ન્ ટિન્ ન્.

"ભાઈ જરા જલદી પહોંચવું છે, હો." છોકરીનો અવાજ સુરીલો હતો.

હવે ઘેર પહોંચવાની ઉતાવળ થઈ આવી હશે. નહિતર મા મારે ના ? ક્યારથી અંદર બેઠાં બેઠાં મોજ કરતાં રહ્યાં હશે ? સુમેરાએ કહ્યું : "હમણાં જ જોજો ને હવાઈ વિમાનની ઝડપે ચલાવીશ." સરસ સડક ઉપર એની રિક્ષા સરકવા લાગી એટલે એનું મન ઉત્સાહથી ભરાઈ ગયું. દાંત ભીંસીને પૂરા જોરથી રિક્ષા દોડાવી જવાને એનું અંગેઅંગ તત્પર થઈ ગયું. એક છોકરીને સ્કૂલે પહોંચાડવા માટે એણે મંગીને મહિના પહેલાં રખાવી દીધો હતો. એ છોકરીને બેસાડીને એ એટલા જોરથી રિક્ષા દોડાવતો હતો કે બિચારીએ ત્રીજા જ દિવસે એને ધીરે ચલાવવા કહી દીધું હતું. મંગીએ જવાબ આપ્યો : "બળદના ગાડામાં બેસવું હોય તો સુમેરાની રિક્ષામાં બેસજો. આ તો તોફાન મેઈલથી ઓછી ઝડપથી ચાલતી નથી..." આ મારું બળદનું ગાડું છે ? ઉલ્લુનો પઠ્ઠો ! માણસનું મન કોઈકવાર ખૂબ જ ઝડપથી રિક્ષા દોડાવવા શા માટે ઇચ્છે છે એ હવે એને સમજાયું. એના કામ અસાધારણપણે સરવા બની ગયા.

"ગમે તે કહો, પણ આપણે બેઠાં છીએ તે રિક્ષા ખૂબ જ સરસ છે." છોકરીનો અવાજ.

"સરસ તો છે જ ને, આમ ભિડાઈને બેસવાનું મળે છે તે !"

છોકરી હસી. હસતી વખતે એના ગાલ કેવા થઈ જતા હશે ?

આગળ સાંભળ્યું :

"જુઓ, હાથ હઠાવો, રસ્તો છે. રિક્ષાવાળાનો તો ખ્યાલ ...." એ પછીની વાત તેણે અંગ્રેજીમાં ગોટપીટ કરી લીધી.

રિક્ષાવાળાનો ખ્યાલ શા માટે કરો છો ? આંધળાં જ થઈ ગયાં છો ! પોતાની મજા કરી લેવાની, હરામીઓ ! માબાપને બનાવી લેજો ... અહીં તો કોણ શું કરવા આવે છે એ બધા જ જાણે છે. દિવસમાં બેત્રણવાર તો તમારાં જેવાઓ સાથે જ કામ પડતું હશે, સુમેરાએ વિચાર્યું. છોકરીને તો કદાચ ક્યાંક જોઈ છે, પણ છોકરો અહીંનો નથી લાગતો, કે કદાચ એને પણ મેડિકલ કૉલેજ પાસેથી નીકળતો જોયો હોય !

"સાચોસાચ મોડું થઈ ગયું." છોકરો બોલ્યો. "ત્યાં ફૂટપાથ તરફ જો, અજવાળું જરાક જેટલું જ બાકી રહ્યું છે."

"હવે લાગ્યું કે મોડું થઈ ગયું છે ! હું તો ત્યારથી કહી રહી હતી તો ? ત્યાર તો કહેતા'તા, હજી ઘણી વાર છે, ઘણી વાર છે." છોકરી ચિડાઈ જતાં બોલી.

"હશે યાર. તારી આ ઉતાવળે તો જીવ લઈ લીધો."

"ધીરે બોલો ને." લાગ્યું કે છોકરીએ છોકરાના હાથ ઉપર ચીમટો ભર્યો.

હમ્ ... હવે જલદી ચાલો ... ધીરેથી બોલો ... ત્યારે તો લાડુ ઉડાવતાં હશો ... તારે રિક્ષાવાળાને યાદ ન કર્યો ! અરે, રિક્ષા તો રિક્ષા છે. કંઈ મોટરકાર તો નથી ! ... ભગવાન કરે ને દિલ્લીવાળી પેસેન્જરને માટે ફાટક બંધ હોય તો સારું. સાલ્લાઓની ઘેર પહોંચીને ફજેતી થવા દો.

"નહિ જી, એવી કઈ મુસીબત છે ? ધીરે ધીરે હવા ખાતાં ચલાવ, દોસ્ત. લાંબે જવાનું છે. થાકી જઈશ."

હા, હા, તને કઈ ઉતાવળ છે ? તને તો સ્વર્ગ હાથમાં આવી ગયું લાગતું હશે, બેટ્ટા ! ઘેર પહોચીને જે કંઈ કહેવા-કરવાનું થશે એ એને થશે. તું તો તારે છેટો પડ્યો હોઈશ ... લાગે છે કે કો'કની વહુ-દીકરીને બનાવીને ઉપાડી લાવ્યો છે. એને છોકરીની દયા આવવા લાગી. પણ છતાં એણે ચાલ ધીમી કરી દીધી.

પાછળ કંઈક ખેંચતાણ થઈ ત્યારે એનો પિત્તો ઊછળી આવ્યો. મનમાં થયું, રિક્ષાને ઊભી રાખી દઈને એકદમ એમને ઉતારી મેલે. કોણજાણે કેમ એને સતત લાગ્યા કરતું હતું કે પોતે કોઈક ખોટા કામમાં મદદ કરી રહ્યો છે, ને એને રોક્વું જોઈએ. આ છોકરો જરૂર કોઈક લુચ્ચો, બદમાશ છે. ખરેખર, આ બિચારી છોકરીઓ ખૂબ સીધી હોય છે. પણ હળવો ઢાળ આવ્યો ત્યારે પેડલ અટકાવીને બ્રેક લગાવીને એ અક્કડ થઈ ગયો ને જાણે શહીદ બનતો હોય એ રીતે બેઠો રહ્યો.

જાણે જણાવવા માગતો હોય કે જુઓ, હું તમારી બધીય લુચ્ચાઈ જાણું છું; બધું ય સમજું છું, ને છતાં ચૂપ છું. આમ તો એની પીઠની એકેએક નસ અને સ્નાયુઓ ઝટકો મારીને પાછળ ફરીને જોઈ લેવા, એક વાર તો જોઈ જ લેવા, તલપી રહ્યાં હતાં, કે સાલાઓ બેઠાં કેવી રીતનાં હશે ? એણે આંખો કાનોમાં પરોવી દીધી હતી અને એમની બેસવાની, ને વાતો કરવાની એકેએક તસવીર એની સામે રચાઈ જતી હતી. હવે બન્ને મૂંગાં બની ગયાં હતાં. માત્ર પાછળની ધરી અને ચેઈનનો કરકર અવાજ સંભળાતો હતો. હવે તો એને ટેવ પડી ગઈ છે. નહિતર પહેલાં તો એ હંમેશાં આ અવાજથી ચોંકી ઊઠતો. એને એમ જ લાગતું કે જાણે પાછળથી કોઈક બીજી સાઇકલ આવી રહી છે.

અરે, આ લોકોએ તો શ્વાસ પણ બંધ કરી દીધો છે, લડીબડી તો નહિ પડ્યાં હોય ? એને ચિન્તા થવા લાગી. છોકરાએ કંઈ મુશ્કેલી તો ઊભી કરી-કરાવી નહિ હોય ના ? આ આજકાલનાં છોકરાંઓનાં તો સિનેમા જોઈ જોઈને મગજ જ કોણજાણે ક્યાં ચાલી ગયાં હોય છે ? કોઈ પણ કામના હોય એવા એના ઢંગ જ હોતા નથી ! ભાઈ, છોકરીનું મન જીતવું એ કંઈ એવું સહેલું થોડું જ છે ! ધીમે ધીમે આગળ વધી શકાય છે.

એણે આઘેથી જ જોઈ લીધું કે રેલવેનું ફાટક બંધ છે. બિચારીને વળી મોડામાં મોડું થતું જાય છે. મનમાં કેવી ધમાધમ મચી રહી હશે. ઉપરથી ભલેને હસી-બોલીને વાતો કરતી હોય !

આટલીવાર સુધીનું મૂંગાપણું તોડતો છોકરો બોલ્યો : "આ જમણી તરફ જે પથ્થરનો ઘોડો છે ના, એ કહે છે કે, અમરસિંહ રાઠોડનો છે. આવો જ એક ત્યાં કિલ્લાની પાસે છે. ત્યાંથી કૂદ્યો હતો અને સવારને અહીં સુધી લાવીને મરી ગયો હતો. પાછળ લશ્કર આવી રહ્યું હતું...."

"હા, ખબર છે, મેં હિસ્ટરી લીધી હતી." અણગમાપૂર્વક છોકરી બોલી.

લો, સાંભળો વળી. પહેલાં તો ગુસ્સો કરી દીધો ને હવે બતાવી રહ્યો છે કે, આ અમરસિંહ રાઠોડનો ઘોડો છે... અમરસિંહ રાઠોડ તારો બાપ થતો'તો ના ? બધી મઝા મારી નાખી સાલાએ.

ખરી રીતે તો એને પોતાને પણ બરોબર ખબર નહોતી કે આ ઘોડો કોનો છે ? કોઈક એને હુમાયુનો કહેતું'તું ને કોઈક અમરસિંહ રાઠોડનો.

ચડાણ ઉપર પગે ચાલીને રિક્ષા ચડાવતી વખતે એનું શરીર છોકરીના પગના સેન્ડલમાં બંધાયેલાં પંજા સાથે ભટકાતાં ભટકાતાં રહી જતું હતું. એને અડકી જોવાની ઇચ્છા એ કેવી રીતે રોકતો હતો એ તો એનું મન જ જાણતું હતું. ક્યાં આ કાળો કૂબડો ! ને એમાં વળી આ પરી જેવી છોકરીને ફસાવી લાવ્યો છે ! એની આંગળીઓ સાડીની કિનારી સાથે કેવી ખેલી રહી છે.

"અમે ઊતરી જઈએ, રિક્ષાવાળા ?" છોકરાએ રિક્ષા પકડીને ઊતરવાનો ભાવ બતાવ્યો.

"અરે ના રે સાહેબ, આ તો જરા જેટલું ચડાણ છે." એણે ફરીથી બન્નેના ચહેરા સામું જોયું. ચોક્ખી તણાવ દેખાતી હતી. શું થઈ ગયું હશે ?

"લ્યો આજ તો મરી ગયાં. હવે કોણજાણે ક્યારે આ ફાટક ખૂલશે ?" છોકરો પરેશાન થઈને બોલ્યો. "લાગે છે કે મારાથી બધા જ નારાજ છે."

હવે તને ફાટક દેખાયું હશે ? નારાજ તો છેસ્તો !

"જો ઊમી, આ ખોટી વાત છે. હવે તું એમ કરીશ તો.... કહે, આમ ચાલતાં ચાલતાં લડવું છે ? તારી આ ટેવ તો મને સારી લાગતી નથી."

"ને તમારી ટેવ બહુ સારી છે, કાં ?" જ્યારે સુમેરાએ રિક્ષાને હાથથી અટકાવતાં પાછળથી પૈડાંની નીચે બે ઈંટો મૂકી ત્યારે તેણે છોકરીનો ભરાઈ આવ્યો હોય તેવો અવાજ સાંભળ્યો : "અરે રિક્ષાવાળા ભાઈ, પૂછ તો ખરો કેટલી વાર છે ? ઝાઝી વાર હોય તો પેલી બાજુ જઈને બીજી રિક્ષા કરી લઈએ."

એના ચહેરા ઉપર એવો દયા આવે એવો ભાવ હતો કે હવે સુમેરાને સાચેસાચ છોકરી ઉપર દયા આવવા લાગી, ને એણે બધોય દોષ છોકરાને માથે ઢોળી દીધો. પહેલાં એણે વિચાર્યું હતું કે પોતે હૅન્ડલની પાસે ઊભો રહીને ઘંટડી ઉઘાડીને એને ઠીકઠાક કરવા માંડશે. પણ હવે "હમણાં જ આવતી હશે, સિંગલ તો ડાઉન છે" કહીને ફાટકવાળાની પાસે ગયાં. એક ટ્રક, બે મોટર, એક ટાંગો અને બેએક રિક્ષાઓ લાઇન લગાવીને ઊભી હતી. આસમાની યુનિફોર્મ પહેરેલા અને બગલમાં લાલ અને લીલી ઝંડીઓ દબાવેલા ફાટકવાળાને એણે કહ્યું, "અલ્યા પંડિત, એક બીડી તો દે આજ."

એને અહીંથી હંમેશાં જવાનું થાય છે. ફાટકવાળો તેનો દોસ્ત છે. "બીડી તારો બાપ મૂકી ગયો હશે." એવી બેચાર ગાળાગાળી કરી દીધા પછી બન્ને વાતો કરવા લાગ્યા. બીડીના ધુમાડાને ખરાબ રીતે ઘૂંટી ઘૂંટીને એ અંદરનો કલબલાટ દબાવી રહ્યો હતો. કોને કહે કે એ કોઈક અસાધારણ વાત જાણે છે ને એમાં ભાગીદાર પણ છે ? ત્યાં તો ફાટકવાળાએ અમસ્તું જ પૂછ્યું : "ક્યાંના ઉતારુઓ છે ? ઘણાં સરસ છે." ત્યારે ધુમાડાની સાથે સાથે પોતાનું હસવાનું ભેળવીને તેણે કહ્યું : "અરે પંડિતજી, આપણું તો કામ જ આ છે. એમાં કંઈ નવી વાત છે ? આપણે તો છેટે ઊભા ઊભા દુનિયાની મઝા જોઈએ છીએ." પછી ધીરેકથી પૂછ્યું : "કહે તો હોય તો સીધેસીધો પોલીસ થાણે લઈ જાઉં. વરવહુ નથી."

"અરે સાલા, એવાં ખાસડાં પડશે કે ખાલ ફાટી જશે. બધી ચાપલૂસી ભૂલી જઈશ. આજકાલનાં વરવહુને તું ઓળખતો નથી, એની આગળ તો સાલાં

ભાઈબહેન પણ કંઈ વિસાતમાં નથી. બેટા, તું તારે રિક્ષા ખેંચ્યા કર, ને દુનિયાને એને રસ્તે ચાલવા દે."

ટ્રેનના ધડધડાટથી વાતચીત તૂટી ગઈ. ને જ્યારે "છુક્ છુક્" કરતી ગાડી ફાટકના થાંભલાઓને થરથરાવતી ચાલી ગઈ ત્યારે સુસ્ત જેવો બની ગયેલો સુમેરા પાછો આવ્યો.

આટલા વખતમાં કદાચ બન્ને વચ્ચે મેળ થઈ ગયો હતો. છોકરીનો ચહેરો પાછો ખીલી ઊઠ્યો હતો. સુમેરાને ઘણું સારું લાગ્યું ને પાછું એને એકધારું જોતા રહેવાનું મન થયું.

"ને જો આમાં ક્યાંક તારા પપ્પાજી આવી રહ્યા હશે તો ?"

સુમેરાએ હૅન્ડલ સંભાળ્યું ત્યાં છોકરાનો મજાકભર્યો અવાજ આવ્યો :

"જઈને મમ્મીને પૂછશે તો ખબર પડશે કે ઊમી દીકરી મીનાને ત્યાં ગઈ છે."

"કહી દઈશ કે મોડું થઈ ગયું હતું એટલે એના ભાઈ મને મૂકવા આવ્યા'તા."

"ને સિકન્દ્રા બાજુ રહેતા હતા, કેમ ? એ ખબર નથી કે મીનાના ભાઈ દવાઓની કંપનીના એજન્ટ છે, મુંબઈ રહે છે, ને દિલ્લી આવ્યા હતા એટલે વચમાં..." બન્ને ખિલખિલ કરતાં હસી પડ્યાં. અંધારું થઈ ગયું હતું.

"જ્યારે આપણે રિક્ષામાં બેઠાં ના, ત્યારે આ રિક્ષાવાળો એવી રીતે જોઈ રહ્યો હતો કે હું તો ગભરાઈ ગઈ કે, ક્યાંક મને ઓળખી તો, ..." આ વખતે છોકરીના અવાજમાં કશીક ઊંડી ઇચ્છા વરતાતી હતી.

ને સુમેરા ઉદાસ થઈ ગયો. હટ્ટ, છોકરી જ સાલી ચાલુ છે. એને મંગી અને રામદેઈનો વિચાર આવી ગયો. એ બધીઓ દેખાવમાં સીધીસાદી લાગે છે. એટલી વારમાં પાછી એને છોકરી ઉપર દયા આવવા લાગી. લાગ્યું કે છોકરો મુંબઈનો છે ને આ સીધીસાદી છોકરીને ભરમાવીને લઈ આવ્યો છે. આમ પણ દેખાવમાં મુંબઈનો ગુંડો લાગે છે ... મુંબઈ વિશેના સિનેમાઓનાં ઘણાં બધાં દૃશ્યો આંખ આગળ તરવાં લાગ્યાં કે તરત એને લાગ્યું કે છોકરાનો દેખાવ, સિનેમાઓમાં બદમાશોના સરદાર બનવાવાળા રામસિંહને ઘણો મળતો આવે છે. લાંબા ઢાળ ઉપર પાછળ ધરીને ચેઈન પાછી કિર્ કિર્ કરવા લાગી હતી અને એ એક પગને ફ્રેઇમ ઉપર ટેકવીને આળસુની જેમ બેઠો રહ્યો હતો. સાલી રામદેઈ !

બુચ્ચ ........

ખટ્ કરીને એની બ્રેક આપોઆપ લાગી ગઈ. હવે તો હદ થઈ ગઈ ! રિક્ષા છે કે આવું બધું કરવાની જગ્યા ? એને દુઃખ થયું. છોકરીએ ધડ દઈને તમાચો કેમ ચોડી ન દીધો ?

"કેમ શું થઈ ગયું ?" રિક્ષા ઊભી રહેતાં જ બન્ને ચમકી ગયાં. છોકરીનો

ગોરો ચહેરો લાલ થઈ જઈને કેવો લાગતો હશે એનું સુમેરા અનુમાન કરવા લાગ્યો. સીધુ જોઈ શક્યો નહિ.

"સામે ચોકી છે, સાહેબ, તેથી જરાક બત્તી કરી લઉં !" જ્યારે એને કંઈ સૂઝ્યું નહિ ત્યારે પેડલને ઊંધાં ફેરવતાં તેણે કહ્યું. પાછળવાળી રિક્ષાઓ અને મોટરો આગળ નીકળી ગયાં. બત્તીના કારણને અંગે હવે ઉતાવળ હતી તો પણ ખડખડ ખડખડ કરતી જતી એક રિક્ષાના ચલાવનારને ઊભો રાખીને તેની પાસેથી માચીસ લીધી અને બત્તી સળગાવી. મનમાં થયું, જો સીધો ચોકી પર લઈ જઈને ઊભાં કરી દઉં તો ભારી મજા આવી જાય. બધો નશો ઊતરી જાય !

"હાં, તો હવે મશ્કરી ઘણી થઈ ગઈ. હવે આપણે ગંભીરતાપૂર્વક બધી વાતો નક્કી કરી લેવી જોઈએ. જો, મારે પણ એ જ સાહેબ સાથે બધુંય નક્કી કરવાનું ના ?" આ વખતે જેવી રિક્ષા ચાલી કે એકદમ બદલાયેલા સ્વરમાં છોકરાએ કહ્યું. થોડીવાર સુધી જવાબની રાહ જોઈ, પછી પાછો બોલ્યો : "જેવી પરીક્ષા પૂરી થાય કે તરત મને લખજે. ત્યાં સુધીમાં મને પણ ખબર પડી જશે કે મને ક્યાં રાખવાના છે, મુંબઈ કે દિલ્લી ? જગ્યા-બગ્યા બધું રાખી લઈશ. પપ્પાજીને તું કહેજે."

"ના, બાબા, મારી તો હિંમત નથી. તમે જ લખજો."

"જો બેવકૂફીભરી વાતો ન કરતી હો તો ! મારું કામ હું કરીશ, તારું તું સંભાળજે." આ વખતે છોકરાએ આજ્ઞા કરતો હોય તેવા અવાજમાં કહ્યું, એટલે સુમેરાને સારું લાગ્યું. હા, આ થઈ મર્દોવાળી વાત !

છોકરાએ આગળ ચલાવ્યું : "ને હું તો કહું છું બધાંને ગોળી માર ને છાનાંમાનાં સિવિલ મેરેજ કરી નાખીએ. પછી બધું થઈ રહેશે."

અરે, આ તો છૂપો રૂસ્તમ છે. દેવળમાં જઈને લગન કરવાનું કહે છે !

"ના." છોકરીએ પણ દૃઢ સ્વરે કહ્યું. થોડી વાર બન્ને ચૂપ રહ્યાં. પછી જાણે એના ખભા સાથે પોતાના ગાલ ઘસી રહી હોય તેવી રીતે છોકરી ગણગણતી હોય તેવા અવાજે બોલી : "એને તો હજી ઘણી વાર છે. ત્યાં સુધી કેમ રહેવાશે ? સાચે જ, મારું મન તો બહુ ગભરાઈ ગયું છે. કોણજાણે શું યે થશે ? સાંભળો...."

હાય હાય. બધાય ગોળનું છાણ કરી નાખ્યું ! આ તે છોકરી છે કે મીણની ઢીંગલી ? હમણાં એવી ભભકી રહી'તી ને હવે આમ બેં બેં ...... કરવા મંડી ગઈ !

"ખરેખર, હવે મારાથી રહેવાતું નથી. જ્યારથી તમારો પત્ર મળ્યો ત્યારથી એક તલભાર પણ કામ થતું નથી. બસ, થતું'તું કે ક્યારે સાંજ થાય ને ક્યારે ચાર વાગે ! ઘડિયાળ ઉપર એવો ગુસ્સો આવતો હતો કે શું કરું ? બધી છોકરીઓ મશ્કરી કરતી'તી. સાચે જ એટલું નુકસાન થાય છે ! જો જો તમે, હું તો પરીક્ષામાં પણ નહિ બેસું. નાપાસ થઈને પોતાની મશ્કરી થોડી થવા દેવી છે ?"

બધી યે સુસ્તી ભૂલીને સુમેરાના મનમાં કોઈક કલબલી ઊઠ્યું, અરે લો, આજે મુંબઈનો ખેલ થઈ ગયો. બસ, હવે એક ગીત ઔર થઈ જાય !

"અરે, અરે, આ શી બેવકૂફી છે, ઊમી ? જો આમ રસ્તા ઉપર રડ નહિ, કોઈ જુએ તો ! અરે ભાઈ, ભગવાનને ખાતર રો માં."

ટિન્ ન્, ટિન્ ન્, ઘંટડી વગાડીને પાછળથી કોઈ રિક્ષાબિક્ષા તો આવતી નથી ના, એ જોવાને માટે ડાબી તરફ હાથ લંબાવીને સુમેરાએ આંખોના ખૂણામાંથી જોયું તો સાચોસાચ છોકરીનું માથું પેલાના ખભા ઉપર ટેકવેલું હતું ને એ રૂમાલ વડે એનાં આંસુ લૂછી રહ્યો હતો. અંધારું હતું અને ઉતાવળ પણ હતી. એટલે બીજું કશું ચોખ્ખું દેખાયું નહિ. આનંદ થઈ ગયો. કેવું મઝાનું ચાલતું હતું ? હવે બેટો ફસાયો. હવે આ ઇસ્ત્રીચરીતર બતાવી રહી છે. કાલે જ જોઈ લેજોની. કોઈક બીજાની બગલમાં બેસીને આમ જ રડશે. ... રામદેઈનો વિચાર આવ્યો તો પાછું મન કડવાશથી ભરાઈ ગયું આ છોકરો પણ સોળેસોળ આના ગધેડા જેવો છે. બધીય વાતો સાચી માની રહ્યો છે. અરે, લાત માર, ને તારે ઘેર ચાલ્યો જા. ગળે ફાંસો કંઈ થોડો બાંધ્યો છે !

"જરા આ બાજુને રસ્તેથી લેજે." છોકરાએ રેલવેના પુલ તરફનો રસ્તો બતાવ્યો.

ગમે ત્યાંથી લઈ જા, પણ મારે તો આજે તારી પાસેથી બે રૂપિયા લેવા છે !

"જો ઊમી, ગભરા નહિ. બધું સારું થઈ જશે. ને જો, હું ત્યાં પહોંચું એ પહેલાં તારો કાગળ ત્યાં પહોંચી જવો જોઈએ, હોં," કહેતાં કહેતાં ગાલ થપથપાવવાનો અવાજ. "જો, એ જંગલમાં આ પ્રિય પત્રોના આધારે તો હું જીવતો રહું છું. નહિ તો આ દવાઓ....."

"તમે જ બહુ વાર લગાડો છો. સાંભળો, કહી રાખું છું કે જો મને પાસ કરાવવી હોય તો વળતી ટપાલે જ જવાબ વાળ્યા કરો. નહિ તો પછી મને દોષ નહિ દેતા. અહીં તો રોજ જઈને મીરાને પૂછવાનું ને જ્યારે ખબર પડે કે કોઈ કાગળ આવ્યો નથી ત્યારે એટલો ગુસ્સો ચડે છે કે જીવું ત્યાં સુધી કાગળ જ ન લખું."

હે ભગવાન, કોઈ એની સાથે પણ આવી રીતે વાત કરતું હોત ! સુમેરાની અંદર કશુંક સણકી ઊઠ્યું. એને એકદમ તીવ્રતાથી થયું કે એને કંઈક જોઈએ છે... કંઈક જોઈએ છે... શું જોઈએ છે એની તો એને ખબર ન પડી, પણ મા જોડે વાસનાભરી આંખોથી જોવાનું પાપ અને હારની ચોરીનો અપરાધ—બન્ને, એકી સાથે ખીલીની જેમ તડતડ કરતાં હૃદયમાં ઠોકાવા લાગ્યાં.

"અહીં આ સામેના દરવાજા પાસે ઊભી રાખ." છોકરીને કહ્યું અને હજી પૂરી

ઊભી રહે એ પહેલાં ઝટ દઈને ઊતરી ગઈ. ચેઈનનો કર્ કર્ અવાજ બંધ થઈ ગયો.

"ઠીક તો, તમે નહિ ઊતરતા. અંદરથી કદાચ કોઈક બહાર આવી પણ જાય."

"ભલે." છોકરીના બન્ને હાથને પોતાના બન્ને હાથમાં લઈને છોકરાએ કહ્યું, ને કદાચ, એમ જ, એને પોતાના હોઠ સુધી લઈ પણ ગયો.

"ચાલો."

ચાલતાં ચાલતાં પાછા ફરીને રિક્ષા તરફ જોઈ રહેલી છોકરીની આંખો સાથે સુમેરાની આંખો મળી. એમાં ડર, અચકાટ, સંકોચ કે એવું કશું જ નહોતું, ને કોણ જાણે શું યે હતું તે સુમેરાનું મન ભરાઈ ગયું. કોઈ ઝાડનું પાંદડું તોડી નાખો તો પણ એના કોમળ કોમળ રેસાઓ ક્યાંય સુધી ખેંચાતા ચાલ્યા આવે છે; એવા જ રેસાઓ સુમેરાને છોકરીના ચહેરા પર ખેંચાતા લાગ્યા. અટકતી અટકતી તે દરવાજા સુધી ગઈ. પછી પાછા ફરીને જોયું; છોકરો પણ પાછલો પડદો ઊંચો કરીને જોઈ રહ્યો હતો.... સુડોળ હાથોથી દરવાજાની સાંકળ ઉઘાડીને એ બીજી તરફ ચાલી ગઈ, ત્યારે રિક્ષા વળી ગઈ. કાચના તૂટવાનો અવાજ જેમ હવામાં તરતો ચાલવા લાગે તેમ સુમેરાના મનમાં ઉદાસી તરતી તરતી ચાલી ગઈ.

પૈસા માટે તેણે ખેંચતાણ કરી નહિ. બીડી ખરીદવાને માટે જ્યારે તે એક દુકાન પાસે રોકાયો ત્યારે ત્યાં ઊતરતી વખતે સહુથી પહેલાં તેની નજર રિક્ષાના પગથિયા ઉપર કબૂતરની જેમ પડેલા સફેદ રૂમાલ ઉપર ગઈ. એમ જ રિક્ષાને જરાક અંધારી એવી જગ્યામાં લઈ જઈને તેણે એ રૂમાલ ઉઠાવ્યો, ખોલ્યો. મોટો એવો રૂમાલ હતો અને વચ્ચે વચ્ચે ઘણી જગ્યાએ ભીનો થયેલો હતો. વિચાર્યું, પાછો જઈને આપી આવું ? અજાણતાં જ એણે રૂમાલને નાકે અડાડ્યો તો ખૂબ મંદ મંદ ખુશબો એના મગજના થરોમાંથી તરતી તરતી વહી ગઈ. લાગ્યું કે જાણે એ હસતાં કમળોવાળા સરોવરમાં જઈને સૂઈ ગયો છે. ખબર નથી ક્યારે આંખો ભીની થઈ ગઈ ને પેલી છોકરીનો ચહેરો ઊભરાઈ આવ્યો. સુગંધોમાં લપેટાઈને એ એમ ને એમ પાછો ચાલી આવ્યો. બસ, પાછલી ધરી પર ચેન કરકરાતી રહી--જાણે કોઈ હળવે હાથે ઈંટ ઉપર ઈંટ ઘસી રહ્યું ન હોય, તેમ.

મૂઠીની દૂરબીનમાંથી વાદળોના રૂમાલને ઊડતા ને ફડફડતા જોતાં જોતાં તેને કોણજાણે કેમ ખાતરી થઈ ગઈ કે આજની પેલી બુઢ્ઢીવાળા રૂમાલમાંથી પણ જરૂર આ જાતની ખુશબો આવી રહી હશે. એણે એ રૂમાલને રાખી લીધો હતો. માની લો કે કોઈક દિવસ જો એ છોકરીને પોતે રિક્ષામાં બેસાડશે તો હિમ્મત કરીને

એને એ પાછો સોંપી દેશે... પણ થોડા દિવસો પછી ખબર નથી કેં એ ક્યાં ચાલ્યો ગયો. એને પણ યાદ રહ્યું નહિ. આજે આટલા દિવસ પછી જાણે સાચેસાચ એ જ ખુશબો એના નાકમાં મહેકવા લાગી.

એટલામાં જાતજાતના અવાજો સાંભળીને એ રઘવાયો થઈ ગયો અને સીધો બેસી ગયો. જોયું, કોઈક, ઊભો ઊભો, હાથમાં જોડો લઈને એના નાક પાસે, જાણે વાઈના દરદીને સુંઘાડી રહ્યો હોય એ રીતે ધરી રહ્યો હતો. "આલતુ ને ફાલતું, આવી બલાને ટાળ તું." એને ઊઠતો દેખીને કહ્યું : "અરે એય આંધળા, પડ્યો પડ્યો અફીણિયાની માફક સૂઈ રહ્યો છે કે, મજૂરી કરે છે ? પંજાબ મેલ કોણજાણે ક્યારનોયે આવીને ઊભો રહ્યો છે."

ને એના ઢંઢોળવાથી ચમકીને એણે જોયું કે એનો દોસ્ત બાબુ રિક્ષાવાળો હતો. એણે ઊભા થઈને ચારે બાજુ હાથ ફેલાવીને જોરથી આળસ મરડ્યું ને "હા યાર, જરા એમ જ આંખ મળી ગઈ'તી."

મુસાફરોથી ભરાયેલો રિક્ષાઓ અને ટાંગાઓનો રેલો ટિન્ ન્ ટિન્ ન્, ભોં ભોં કરતો, ભરતીની જેમ વહી રહ્યો હતો. એક પળ તો એને લાગ્યું કે જાણે પોતે આ ગાડીમાંથી ઊતરીને નવો નવો જ આ જગ્યાએ આવ્યો છે, ને અહીંની કોઈ પણ ચીજને ઓળખતો નથી. અહીંની બધી જ ચીજો એકદમ નવી છે—એટલે સુધી કે રિક્ષા પણ, જે એના શરીરનું એક અંગ છે એ પણ, અજાણી જ છે.

# એનું ભોજન

## મોહન રાકેશ

બાલોને ખબર હતી કે બસને આવવાને હજી ઘણી વાર છે, છતાં પણ પાલવથી પરસેવો લૂછતાં લૂછતાં એની આંખો વારંવાર રસ્તા ઉપર મંડાઈ રહેતી હતી. નકોદર રોડના એ ભાગમાં આજુબાજુમાં છાયો ફેલાવતું કોઈ ઝાડ પણ હતું નહિ. ત્યાંની જમીન પણ વેરાન અને ખાડાખબચાવાળી હતી. ખેતરો ત્યાંથી ત્રીસ-ચાલીસ વાર છેટે ગયા પછી શરૂ થતાં હતાં. ફસલ પછી જમીનને માત્ર ગોડી નાખી હતી, એટલે ચારે તરફ બસ માટી જ માટી નજરે પડતી હતી. ગરમીથી પીગળી ગયેલા નકોદર રોડનો આછો રાખોડી રંગ જ એ માટીના રંગથી જરા જુદો પડી આવતો હતો. જ્યાં બાલો ઊભી હતી ત્યાંથી થોડે દૂર એક લાકડાનું ખોખું હતું. એમાં પાણીના બે મોટાં મોટાં માટલાં. પાસે બેઠેલ એક આધેડ જેવો માણસ ઊંઘી રહ્યો હતો. ઊંઘમાં ને ઊંઘમાં એ જ્યારે આગળ ગબડી પડવાનો થતો ત્યારે ઓચિંતો જ ઝાટકો ખાઈને પોતાને સંભાળી લેતો હતો. પછી આસપાસના વાતાવરણ ઉપર એક ઉદાસ નજર નાખીને અને અંગૂછાથી ગળાનો પસીનો લૂછીને પહેલાંની જેમ ઊંઘવા લાગતો. એક બાજુ, અઢીત્રણ ફૂટ સુધી, ખોખાનો પડછાયો ફેલાયો હતો ને જેની દાઢી ઠીક ઠીક વધી ગઈ હતી એવો એક ભિખારી ખોખાનો ટેકો લઈને લાલચુ આંખોથી બાલોના હાથ તરફ જોઈ રહ્યો હતો. એની પાસે જ એક કૂતરો સંકોડાઈને બેઠો હતો અને એની નજર પણ બાલોના હાથ ઉપર ચોંટેલી હતી.

બાલોએ હાથમાંના રોટલાને મેલા કપડામાં લપેટી રાખ્યા હતા. બીજાઓની આંખ ન પડે એ રીતે એને એ સાચવવા માગતી હતી. પોતાના પતિ સુચ્ચાસિંહ ડ્રાઇવર માટે એ રોટલો લાવી હતી, પણ મોડું થવાથી સુચ્ચાસિંહની મોટર ચાલી ગઈ હતી અને હવે બસ નકોદર જઈને ત્યાંથી પાછી આવી જાય તો પોતે એને રોટલો આપી દે એની વાટ જોતી એ ત્યાં ઊભી રહી હતી. એ જાણતી હતી કે એને સમયસર રોટલો નહોતો પહોંચ્યો એટલે સુચ્ચાસિંહને ખૂબ જં ગુસ્સો આવ્યો હશે. આમેય તે, એની બસ જલન્ધરથી નીકળીને અહીં બે વાગ્યે આવતી હતી અને નકોદર પહોંચ્યા પછી એ જમે, એટલે એ રોટલો ખાતાં ખાતાંમાં તો એને ત્રણ-સાડાત્રણ વાગી જતા હતા. એનું રાતનું ખાવાનું પણ એ એને આ સાથે જ દઈ

દેતી હતી. છેલ્લો ફેરો કરી લીધા પછી નકોદર પહોંચીને એ ખાતો હતો. સાત દિવસમાંથી છ દિવસ સુચ્ચાસિંહને ડ્યૂટી રહેતી હતી ને એ છયે દિવસ આ જ ક્રમ ચાલતો હતો. એક કે સવા વાગે રોટલો લઈને બાલો પોતાના ગામમાંથી નીકળતી હતી અને તડકામાં અડધો ગાઉ કાપીને બે વાગ્યા પહેલાં સડકને કિનારે પહોંચી જતી હતી. જો કોઈવાર એને બેચાર મિનિટ મોડું થઈ જાય તો સુચ્ચાસિંહ કોઈ ને કોઈ બહાને બસને ત્યાં રોકી રાખતો, પણ એ આવે કે તરત જ એને દમ મારવા લાગતો કે પોતે સરકારી નોકર છે, એના બાપનો નોકર નથી કે એની વાટ જોવા માટે બસને રોકી રાખે. એનો આ દમ એ ચૂપચાપ સાંભળી લેતી અને એને રોટલો દઈ દેતી.

પણ આજે એ બેચાર મિનિટ નહિ પણ બેઅઢી કલાક મોડી આવી હતી. આવે સમયે ત્યાં પહોંચવાનો કશો અર્થ નહોતો એ જાણ્યા છતાં પણ એ પોતાની બેચેનીમાં ને બેચેનીમાં ઘેરથી નીકળી પડી હતી. એને લાગી જ રહ્યું હતું કે સડક ઉપર એની વાટ જોવામાં એ જેટલો વખત વિતાવશે એટલા વખતમાં તો સુચ્ચાસિંહે બપોરનો રોટલો નકોદરના કોઈ રસોઈઘરમાં ખાઈ લીધો હશે પણ એને રાતનું ખાવાનું આપવાનું જરૂરી હતું અને સાથે સાથે પોતાને જે કારણે મોડું થયું હતું તે આખી વાત કહેવાનું પણ જરૂરી હતું. એ આખાયે બનાવને એ મનમાં ને મનમાં વાગોળ્યા કરતી હતી અને વિચારી રહી હતી કે સુચ્ચાસિંહને આખી વાત કઈ રીતે કહેવી કે જેથી એને બધી ખબર પણ પડી જાય અને છતાં એ એકદમ ક્રોધમાં પણ ન આવી જાય. એ જાણતી હતી કે સુચ્ચાસિંહનો ગુસ્સો બહુ ભારે હતો અને સાથે સાથે એ પણ જાણતી હતી કે જો જંગીની બાબતમાં કંઈ ઊંધુંચત્તું કહેવાઈ ગયું તો એ દાતરડાં સિવાય વાત કરે તેવો નથી.

જંગીની બાબતમાં ઘણી બધી વાતો સંભળાતી હતી. ગયે વર્ષે એ બાજુના ગામની કોઈ પરણેતરને ભગાડી લઈ ગયો હતો અને કોણજાણે ક્યાં લઈ જઈને તેને વેચી મારી હતી. પછી નકોદરના પંડિત જીવરામ સાથે એને ઝઘડો થયો તો એની એણે કતલ કરાવી નાખી. ગામના લોકો એનાથી છેટા ને છેટા રહેતા હતા, એની સાથે બગાડતા નહિ, છતાં પણ, એ માણસ વિરુદ્ધ લાખલાખ બૂરી વાતો સાંભળ્યા છતાં પણ, બાલોએ કદીયે એવું વિચાર્યું નહોતું કે ચૌદ વરસની જિન્દાને એકલી જોઈને એની છેડતી કરવાની કોશિશ કરવા જેટલી હલકાઈ પણ એ કરી શકશે. આમ પણ એ જિન્દા કરતાં ત્રણગણી ઉમ્મરનો હતો અને હજી એક વરસ પહેલાં સુધી તો એને દીકરી દીકરી કહીને બોલાવ્યા કરતો હતો. પણ આજે એનામાં એટલી હિંમત આવી ગઈ કે એણે ખેતરમાંથી આવી રહેલી જિન્દાનો હાથ પકડી લીધો !

એણે જિન્દાને નન્તીને ત્યાંથી છાણાં લઈ આવવા મોકલી હતી. એ લોકોનું ઘર ખેતરોના એક છેડા પર હતું અને ગામનાં બાકીનાં ઘર બીજા છેડા પર. એ લોટ મસળીને, જિન્દા છાણાં લઈ આવે તેની વાટ જોતી બેઠી'તી. તો એ જલદી રોટલા શેકી નાખે ને બસનો આવવાનો વખત થાય એ પહેલાં સડક ઉપર પહોંચી જાય. પણ જિન્દા આવી તો ખરી પણ એના હાથ ખાલી હતા ને એનો ચહેરો હળદર જેવો પીળો પડી ગયો હતો. જ્યાં સુધી જિન્દા નહોતી આવી ત્યાં સુધી એને એના ઉપર ગુસ્સો આવી રહ્યો હતો પણ એને જોતાંવેંત એનું દિલ એક અજાણી આશંકાથી કંપી ઊઠ્યું.

"શું થયું છે, જિન્દી, આવી કેમ થઈ ગઈ છો ?" એણે ધ્યાનથી એની સામે જોતાં પૂછ્યું.

જિન્દા એની પાસે આવીને ચૂપચાપ બેસી ગઈ ને હાથમાં માથું ઢાળીને રોવા લાગી.

"વાલામૂઈ, શું થયું છે એ કહીશ કે નહિ ?"

જિન્દા કંઈ બોલી નહિ. માત્ર એના રડવાનો અવાજ વધારે જોરદાર બન્યો.

"કોઈએ તને કંઈ કહ્યું છે ?" હવે એના માથા ઉપર હાથ ફેરવતાં ફેરવતાં એણે પૂછ્યું.

"તું મને છાણાંબાણાં લેવા મોકલ માં." રડવાની વચ્ચેથી સૂકા એવા અવાજે જિન્દા બોલી. "આજથી હું ઘરની બહાર નહિ જાઉં. મૂઓ જંગી આજે મને કહેતો'તો..." ને પછી ગળું રૂંધાઈ જવાથી એ આગળ કશું બોલી શકી નહિ.

તને જંગી શું કહેતો'તો ? .... બોલ ... બોલ..." જાણે કોઈક વજન નીચે દબાઈ ગઈ હોય તેમ તે બોલી. "રાંડ, હવે બોલતી કેમ નથી ?"

"એ કહેતો'તો," જિન્દા ડૂસકાં ખાતી રહી. "કે ચાલ જિન્દા, અંદર આવીને શરબત પી લે. આજ તું બહું સોહામણી લાગે છે."

"મુઓ કમજાત," એ એકદમ ઊછળી પડી. "મુઆને એની મા રાંડ સોહામણી નથી લાગતી ? મુઆની આંખમાં કીડા પડે. વાંઝિયા, તારા ઘરમાં છોકરી હોત તો આનાથી મોટી હોત, તારું નખ્ખોદ જાય... પછી તેં શું કહ્યું ?"

"મેં કહ્યું, કાકા, મને તરસ નથી લાગી." જિન્દા કંઈક શાંત પડવા મંડી.

"પછી ?"

"કહેવા લાગ્યો કે તરસ ન હોય તો પણ એક ઘૂંટડો પી લે. કાકાનું શરબત પીશ તો યાદ કરીશ... ને મારો હાથ પકડીને ખેંચવા લાગ્યો."

"હાય રે પીટ્યા, તારું કોઈ ન રહે. તારા ઘરમાં આગ લાગે ! સુચ્ચાસિંહને આવવા દેજે. તારું અંગેઅંગ ન વીંધાવી નંખાવું તો કહેજે, પાજીડા. સૂતો સૂતો જ મરી જા તું.... હાં, પછી ?"

"હુ હાથ છોડાવવા મંડી તો એ મને મીઠાઈની લાલચ દેવા લાગ્યો. મારા હાથમાંથી છાણાં ત્યાં જ પડી ગયાં. મેં એને ત્યાં જ પડ્યા રહેવા દીધાં ને હાથ છોડાવીને ભાગી આવી."

એણે ધ્યાનપૂર્વક જિન્દાને માથાથી પગ સુધી જોઈ લીધી ને પછી એને છાતી સાથે જકડી લીધી.

"બીજું તો કાંઈ એણે કહ્યું નહોતું ના ?"

"જ્યારે હું થોડીક આઘે આવી ગઈ ત્યારે એ પાછળથી હી- હી- કરીને બોલ્યો : 'દીકરી, તું ઊંધું તો નથી સમજી ના ? તારાં છાણાં તો ઉપાડી જા. હું તો તારી મશ્કરી કરતો'તો, એટલું પણ તું સમજતી નથી ? ચાલ જોઉં. અહીં આવ. નથી આવતી ? તો આજે તારે ઘેર આવીને તારી બહેન આગળ ફરિયાદ કરીશ કે જિન્દા બહુ જ લુચ્ચી થઈ ગઈ છે; કહ્યું નથી માનતી ?' પણ મેં એને જવાબ ન આપ્યો કે પાછળ ફરીને એના તરફ જોયું પણ નહિ. સીધેસીધી ઘેર ચાલી આવી."

"સારું કર્યું. હું મુઆનાં હાડકાં-પાંસળાં એક કરાવીને એને છોડીશ. સુચ્ચાસિંહને આવવા દે. હમણાં જ જઈને એને વાત કરીશ. એને એ ખબર નથી કે જિન્દા સુચ્ચાસિંહ ડ્રાઇવરની સાળી છે, સમજીવિચારીને એને હાથ લગાડું ?" પછી જરાક વિચાર કરીને પૂછ્યું : "ત્યાં તને બીજા કોઈએ તો જોઈ નહોતી ના ?"

"ના, ખેતરોની આ બાજુ આંબાના ઝાડની નીચે રાઘુકાકો બેઠો'તો. મને જોઈને એણે પૂછ્યું કે દીકરી આવે, વખતે તડકામાં ક્યાંથી આવી રહી છે. તો મેં કહ્યું કે બહેનના પેટમાં દુ:ખતું'તું એટલે હકીમજી પાસેથી ચૂરણ લાવવા ગઈ હતી."

"સારું કર્યું. મુઓ જંગી તો લફંગો છે. એના નામ સાથે આપણું નામ જોડાઈ જાય તો આપણી જ આબરૂ જાય. એનું મોંબળ્યાનું શું જવાનું છે ? લોકોને તો કરવાને વાત જોઈએ."

એ પછી છાણાં લાવીને રસોઈ બનાવવામાં એને ઘણી વાર લાગી ગઈ. જ્યારે એણે વાટકામાં બટેટાનું શાક અને કેરીનું અથાણું મૂકીને રોટલાની સાથે એને ખાદીના ટુકડામાં લપેટી લીધો ત્યારે એને ખબર હતી કે બે તો ક્યારનાયે વાગી ગયા છે ને એ બપોરનું ખાણું હવે સુચ્ચાસિંહને પહોંચાડી શકશે નહિ. એટલે તો રોટલા ઉતારી લીધા પછી એ અહીંતહીંનું બીજું કામ કરવા લાગી. પણ જ્યારે બિલકુલ નવરી થઈ ગઈ ત્યારે એને એમ થયું કે બસના ટાઇમની અટકળ કરીને ઘેરથી નીકળું. માંડ સાડાત્રણ-ચાર થયા હશે કે નીકળવાને તૈયાર થઈ ગઈ.

"બહેન, તું ક્યાં સુધીમાં આવી જઈશ ?" જિન્દાએ પૂછ્યું.

"દિવસ આથમી જાય એ પહેલાં આવી જઈશ."

"જલદી આવી જજે. મને એકલાં એકલાં બીક લાગશે."

"બીક લાગવા જેવું શું છે ?" એ બનાવટી સાહસપૂર્વક બોલી. "કોની મગદૂર છે કે તારી સામે આંખ ઉઠાવીને જોઈ પણ શકે ? સુચ્ચાસિંહને ખબર પડશે તો એ એને કાચો ને કાચો ખાઈ નહિ જાય ?.... ને આમ પણ મને ઝાઝી વાર નહિ લાગે. સાંજ પહેલાં જ ઘેર પહોંચી જઈશ. તું એમ કરજે કે અંદરથી સાંકળ મારી રાખજે, સમજી ? કોઈ દરવાજો ખટખટાવે તો પહેલાં નામ પૂછી લેવું." પછી એણે જરા ધીમા અવાજે કહ્યું : "ને જો જંગી આવી જાય ને મારી બાબતમાં પૂછે કે ક્યાં ગઈ છે તો કહેજે કે સુચ્ચાસિંહને બોલાવવા ગઈ છે; સમજી ?... પણ ના, તું એને કંઈ કહેતી નહિ. અંદરથી જવાબ જ ન દેવો, સમજી ?"

એ ડેલીની પાસે પહોંચી ત્યાં જિન્દાએ પાછળથી કહ્યું : "બહેન, મારું દિલ ધડકે છે."

"તું ગાંડી થઈ છે ?" એણે એને વહાલથી ધમકાવી નાખી. "આખું ગામ સાથે છે, પછી ડર કઈ વાતનો છે ? ને તું પોતે પણ મોટી છે, તો પછી આમ ગભરાય છે શેની ?"

પણ જિન્દાને દિલાસો દીધા પછી પણ એને પોતાને શાંતિ થઈ નહિ. સડકના કિનારા સુધી પહોંચી ત્યારથી એ ઇચ્છી રહી હતી કે કેમે કરીને બસ જલદી જલદી આવી જાય તો પોતે ખાવાનું આપીને જલદી જલદી પાછી જિન્દાની પાસે પહોંચી જાય.

"ભાઈ, બે વાગ્યાવાળી બસને ગયાને કેટલીવાર થઈ ?" જેની આંખ હજી પણ એના હાથમાંના રોટલા ઉપર ચોંટી રહી હતી એ ભિખારીને એણે પૂછ્યું. તડકાનું જોર ઓછું નહોતું થયું. જોકે ખોખાંનો પડછાયો હવે પહેલાં કરતાં ઘણો લાંબો થઈ ગયો હતો. કૂતરો પરબના પાણિયારાની નીચેના પાણીમાં મોં નાંખીને હવે એની આસપાસ ચક્કર લગાવી રહ્યો હતો.

"ખબર નથી, બેન." ! ભિખારીએ કહ્યું. "ઘણી બધી બસો આવે છે ને ઘણી જાય છે. ઘડિયાળથી હિસાબ કોણ રાખે છે ?"

બાલો ચૂપ થઈ ગઈ. હમણાં થોડીવાર પહેલાં જ એક બસ નકોદર તરફ ગઈ હતી. એને લાગતું હતું કે આ ધૂળના પથારાની બન્ને તરફ બે જુદી જુદી દુનિયાઓ છે. બસો એક દુનિયામાંથી આવે છે, ને બીજી દુનિયા તરફ ચાલી જાય છે જ્યાં મોટી મોટી બજારો, દુકાનો છે, ને જ્યાં એક ડ્રાઇવરની કમાણીનો ત્રણ ચતુર્થાંશ ભાગ દરેક મહિને ખર્ચાઈ જાય છે. એ દુનિયાઓ કેવી હશે ! દેવી હંમેશાં કહ્યા કરતો હતો કે સુચ્ચાસિંહે નકોદરમાં એક રખાત રાખી છે. એ બાઈને એક વાર જોઈ લેવાનું એને કેટલું બધું મન થતું હતું. એણે એક વાર સુચ્ચાસિંહને કહ્યું પણ

હતું કે એને નકોદર દેખાડે પણ સુચ્ચાસિંહે એને દમ મારીને જવાબ આપ્યો હતો કે કેમ, તારા પણ પગ નીકળવા લાગ્યા કાં ? ઘરમાં મઝા નથી આવતી ? સુચ્ચાસિંહ એવો ભાયડો નથી કે જે બાયડીનો હાથ પકડીને એને રસ્તા પર રખડાવતો ફર્યે રાખે. રખડવાનો એવો શોખ હોય તો બીજો ભાયડો કરી લે, મારા તરફથી તને પૂરી છૂટ છે."

એ દિવસ પછી એણે એ વાતને જીભ પર પણ આવવા દીધી નહોતી. સુચ્ચાસિંહ ગમે તેવો હોય, એને માટે તો એ જ બધુંય હતો. એ એને ગાળો આપતો'તો, મારપીટ કરતો'તો પણ છતાંય એના ઉપર એટલું વહાલ તો રાખતો'તો કે દર મહિને પગાર મળે કે તરત આવીને એને વીસ રૂપિયા દઈ જતો'તો એને લાખ વાત સંભળાવે છતાં પોતાની ઘરવાળી તો સમજતો ને ! જીભનો કડવો ભલે ને હોય, પણ સુચ્ચાસિંહ દિલનો બૂરો તો હરગિઝ હતો જ નહિ. જિન્દાને પોતે ઘરમાં રાખી હતી એથી એ વારંવાર બળાપો કરતો'તો, પણ ગયા મહિનામાં એ પોતે જ જિન્દા માટે કાચની બંગડીઓ અને અઢી વાર મલમલ લઈને આપી ગયો'તો !

આકાશના પેલા છેડાથી આ તરફ ધૂળ ઉડાડતી એક બસ આવી રહી હતી. બાલોએ આઘેથી જ જોઈ લીધું કે એ સુચ્ચાસિંહની બસ નથી. છતાં પણ જ્યાં સુધી બસ નજીક આવી ગઈ નહિ ત્યાં સુધી એ ઉત્સુક આંખોથી એના તરફ જોતી રહી. બસ પરબની સામે આવીને ઊભી રહી. એક માણસ ડુંગળી અને કંદની ગાંસડી એમાંથી લઈને ઉતર્યો, પછી કંડક્ટરે દરવાજો જોરથી બંધ કર્યો ને બસ આગળ દોડી ગઈ. જે માણસ બસમાંથી ઊતર્યો હતો તેણે પરબની પાસે જઈને પરબવાળાને જગાડ્યો ને ખોબેથી બે લોટા પાણી પીને મૂછો સાફ કરતો કરતો પોતાની ગાંસડી પાસે પાછો આવી ગયો.

"વીરા, નકોદરથી હવે પછીની બસ કેટલી વારમાં આવશે ?" બાલોએ બે ડગલાં આગળ જઈને એ માણસને પૂછ્યું.

"કલાકે કલાકે બસ દોડે છે, બાઈ," એણે કહ્યું. "તારે ક્યાં જવું છે ?"

"જાવું નથી, વીરા. બસની વાટ જોવી છે. સુચ્ચાસિંહ ડ્રાઇવર મારો ઘરવાળો છે એને રોટલા આપવા છે."

"ઓ, સુચ્ચા સ્યોં !" ને એ માણસના હોઠ ઉપર એક ખાસ તરેહનું સ્મિત આવી ગયું.

"તું એને ઓળખે છે ?"

"એને નકોદરમાં કોણ નથી ઓળખતું ?"

બાલોને એની વાત કરવાની રીત સારી ન લાગી, એટલે એ મૂંગી થઈ ગઈ.

સુચ્ચાસિંહની બાબતમાં જે વાતો એ પોતે જાણતી હતી એ જ વાતોને બીજાનાં મોંમાંથી સાંભળવી એને ગમતી નહિ. એને સમજણ નહોતી પડતી કે એના માણસની બાબતમાં આ રીતે વાત કરવાનો બીજાઓને શો હક્ક છે ?

"સુચ્ચાસિંહ કદાચ હવે પછીની બસ લઈને આવશે." એ માણસ બોલ્યો.

"હા, આના પછી હવે એની જ બસ આવશે."

"તને આવી રીતે વાટ જોવડાવે છે તી ઘણા જાલિમ છે એ ?"

"ચાલ ભાઈ, તારે રસ્તે પડ." બાલો ચિડાઈને બોલી. 'એ શું વાટ જોવડાવતો'તો ? મને જ રોટલા લાવતાં વાર થઈ ગઈ'તી ને એમાં એની બસ નીકળી ગઈ. એ બિચારો સવારથી ભૂખ્યો બેઠો હશે !"

"ભૂખ્યો ? કોણ સુચ્ચા સ્યોં ?" ને એ માણસ દાંત કાઢીને હસી પડ્યો. બાલોએ મોં બીજી બાજુ ફેરવી લીધું. "વાહ સદ્‌ગુરુ," કહીને એ માણસે પોતાની ગાંસડી માથા પર ઉપાડી લીધી ને ખેતરની પગદંડી પર ચાલવા લાગ્યો. બાલોના જમણા પગે ખાલી ચડી હતી. એણે વજનને બીજા પગ પર મૂકતાં મૂકતાં એક લાંબો શ્વાસ લીધો ને દૂર સુધીના વેરાનને તાકવા લાગી.

કોણ જાણે કેટલીયે વાર પછી આકાશના એ ખૂણામાંથી તેને બીજી બસ પોતાના તરફ આવતી દેખાઈ. ત્યાં સુધીમાં ઊભા રહી રહીને એના પગની એડીઓ દુ:ખવા લાગી હતી. બસને જોઈને એ પોટલીનું કપડું સરખું કરવા લાગી. તેને અફસોસ થઈ રહ્યો હતો કે રોટલા થોડા મોડા બનાવીને શા માટે લાવી નહિ. કેમકે તો એ રાત સુધી જરા વધારે તાજા રહ્યા હોત. સુચ્ચાસિંહને તળેલું ખાવાનો કેટલો બધો શોખ છે ! એને કેમ એ ધ્યાનમાં ન રહ્યું કે આજે થોડુંક તળેલું ખાવાનું બનાવીને લઈ આવે ?... કંઈ નહિ, કાલે ગુરુપરવ છે. કાલે જરૂર એ તળેલું ખાવાનું બનાવીને લઈ આવશે.

પાછળ ધૂળનો લાંબો લીસોટો છોડતી રહેતી બસ પાસે આવી રહી હતી. બાલોએ વીસ વાર દુરથી સુચ્ચાસિંહનો ચહેરો જોઈને સમજી લીધું કે એ પોતા પર ખૂબ જ નારાજ છે. એને જોઈને સુચ્ચાસિંહની ભમર તણાઈ ગઈ હતી અને નીચલા હોઠનો ખૂણો દાંતથી ચવાઈ ગયો હતો. બાલોએ ધડકતે દિલે રોટલાવાળો હાથ ઉપર ઉઠાવ્યો. પણ બસ તેની પાસે રોકાવાને બદલે પરબથી જરાક આગળ જઈને ઊભી રહી.

ત્યાં બસમાંથી બેએક જણ ઊતરવાના હતા. બસના છાપરા ઉપર જઈને કન્ડક્ટર એક માણસની સાઇકલ નીચે ઉતારવા લાગ્યો. જોરથી ચાલીને બાલો ડ્રાઇવરની સીટ આગળ પહોંચી ગઈ.

"સુચ્ચા સ્યાં," એણે હાથ ઊંચા કરીને વાટકાને અંદર પહોંચાડવાની ચેષ્ટા કરતાં કરતાં કહ્યું. "ખાવાનું લઈ લે."

"હટી જા," સુચ્ચાસિંહે ઝાટકો મારીને એનો હાથ પાછળ ઠેલી દીધો.

"સુચ્ચા સ્યાં, એક મિનિટ નીચે ઊતરીને મારી વાત સાંભળી લે. આજ એક ખાસ કારણ બની ગયું'તું, નહિ તો હું..."

"બક બક કરમાં, ને અહીથીં હટી જા." કહીને સુચ્ચાસિંહે કંડક્ટરને પૂછ્યું કે ત્યાંનો બધોય સામાન ઊતરી ગયો છે કે નહિ ?

"બસ, એક પેટી બાકી છે. એ ઉતારી રહ્યો છું." કંટક્ટરે છાપરા ઉપરથી જવાબ આપ્યો.

"સુચ્ચા સ્યાં, હું બે કલાકથી અહીં ઊભી છું." બાલોએ આજીજીના સૂરમાં કહ્યું. "તું નીચે ઊતરીને મારી વાત તો સાંભળી લે."

"પેટી ઊતરી ગઈ ?" સુચ્ચાસિંહે ફરીથી કન્ડક્ટરને પૂછ્યું.

"હા, ચલાવ," પાછળના ભાગમાંથી કન્ડક્ટરનો અવાજ આવ્યો.

"સુચ્ચા સ્યાં, તું મારી ઉપર નારાજ ભલે થા, પણ ખાવાનું તો ખાઈ લે. તું મંગળવારે ઘરે આવીશ તો હું તને વાત કરીશ." બાલોએ હાથ વધારે ઊંચા કર્યા.

"મંગળવારે ઘેર આવશે તારો..." ને એક નાની એવી ગાળ દઈને સુચ્ચાસિંહે ગાડી સ્ટાર્ટ કરી દીધી.

દિવસ નમતો જતો હતો તેમ તેમ આકાશનો રંગ બદલતો જતો હતો. વચ્ચે વચ્ચે એકાદ પંખી ઊડતું ઊડતું આકાશની પાર નીકળી જતું હતું. ખેતરોમાં ક્યાંક ક્યાંક રંગીન પાઘડીઓ દેખાવા લાગી હતી. બાલોએ પરબમાંથી પાણી પીધું ને આંખો પર વાછટ મારીને કપડાંથી મોં લૂંછી નાખ્યું. પાછી પરબથી થોડે દૂર જઈને ઊભી રહી ગઈ. એ જાણતી હતી કે સુચ્ચાસિંહની બસ હવે જલંધરથી છેક આઠનવ વાગ્યે પાછી આવશે. શું ત્યાં સુધી તેણે રાહ જોવી જોઈએ ? સુચ્ચાસિંહે ઊતરીને એની વાત સાંભળી લેવા જેટલું તો કરવું જ જોઈતું હતું. ત્યાં ઘરમાં જિન્દા એકલી એકલી ડરી રહી હશે. પાછળથી કંઈક બહાનું કાઢીને મુઓ જંગી આવી ગયો હશે તો ? સુચ્ચાસિંહે ખાવાનું લઈ લીધું હોત તો પોતે અરધા કલાકમાં ઘેર પહોંચી ગઈ હોત. હવે રોટલા તો એ બહાર ક્યાંક ને ક્યાંક ખાઈ જ લેશે, પણ એના ગુસ્સાનું શું થશે ? વળી એને ગુસ્સો આવ્યો હોય તો એ કારણ વિનાનો પણ નથી. એનું મહેનતુ શરીર છે ને એને કકડીને ભૂખ લાગે છે. એ થોડી વધારે આજીજી કરત તો એ માની જાત. પણ હવે ?

પરબવાળો પરબ બંધ કરી રહ્યો હતો. ભિખારી પણ કોણ જાણે ક્યારે ઊઠીને ચાલ્યો ગયો હતો. હા, હજી પણ કૂતરો ત્યાં આસપાસમાં ઘૂમી રહ્યો હતો. તડકો નમી રહ્યો હતો અને આકાશમાં ઊડતાં પંખીઓનાં ઝુંડ સોનેરી લાગી રહ્યાં હતાં. બાલોને રસ્તાના છેડા સુધી ફેલાયેલો પોતાનો પડછાયો બહું જ અજબ જેવો

લાગતો હતો. પાસેના કોઈ ખેતરમાં કોઈક ગભરુ જુવાન ખુલ્લે કંઠે માહિયા* ગાઈ રહ્યો હતો.

ઈંધણની છાયા નહિ એમાં.
જે અમને લાગ્યો રોગ, હે,
એનું નામ ન જાણે કોઈ.

માહિયાનો એ લય બાલોની રગેરગમાં વસી રહ્યો હતો. બાળપણમાં ગરમીના દિવસોની સાંજે એ બીજાં બચ્ચાંઓની સાથે મળીને રહેંટના પાણી ધારાની નીચે નાચતી નાચતી નાહ્યા કરતી હતી, ત્યારે પણ માહિયાનો લય આ જ પ્રમાણે હવામાં ગુંજી રહેતો હતો. સાંજના સમયે ન અંધારાં કે ન અજવાળાંવાળી સ્થિતિ સાથે એ લયનો એક ખાસ પ્રકારનો સંબંધ હતો. પછી જેમ જેમ એ મોટી થતી ગઈ તેમ તેમ એ લય સાથેનો સંબંધ વિશેષ ઘેરો થતો ગયો. એના ગામનો લાલી નામનો એક જુવાન હતો. એ ખૂબ લહેકાથી માહિયા ગાયા કરતો હતો. ગામની બહારના પીપળા નીચે કાન પર હાથ રાખીને એણે કેટલીયે વાર એને ગાતા સાંભળ્યો હતો. પુષ્પા અને પારોની સાથે એ મોડે સુધી એ પીપળાની પાસે ઊભી રહેતી હતી. પછી એક દિવસ આવ્યો  જ્યારે એની મા કહેવા લાગી કે હવે તું મોટી થઈ ગઈ છે, હવે તારે આ રીતે મોડે સુધી પીપળાની પાસે ઊભાં ન રહેવું જોઈએ. એ દિવસોમાં જ એની સગાઈની ચર્ચા પણ થવા લાગી હતી. જે દિવસે સુચ્ચાસિંહ સાથે એની સગાઈ થઈ તે દિવસે પારો અરધી રાત સુધી ઢોલક ઉપર ગીત ગાતી રહી હતી. ગાતાં ગાતાં પારોનો સાદ બેસી ગયો હતો. તો પણ ઢોલક છોડ્યા પછી એ એને બાથમાં લઈને ગાઈ રહી હતી.

શાને ઊભી તું ચંદન ઓથે,
છોરી, તું શાને ઊભી રે ?
બાપુના બારણે હું તો ઊભી રે,
હું તો કન્યા કુંવારી મારા બાપની.
બાપુ ખોળે મારે માટે લાલને.
કેવો રે, લાલ તને ગમશે, રે લાડલી ?
જેવો તારલિયામાં હોયે ચાંદ, ને
જેવો ચાંદામાં હોયે કોઈ નંદ, રે,
ને નંદમાંયે મુને ખપે કનૈયો ફ્હાન રે.

* માહિયા એ પ્રેમનાં ત્રણ પંક્તિઓવાળા પંજાબી લોકગીતનો પ્રકાર છે.

એ જાણતી નહોતી કે એનો વર કોણ છે, કેવો છે, છતાં એનું મન કહેતું હતું કે એ ગીતની કડીઓ સાંભળીને જેવી સૂરત ને સિકલ આંખ સામે છવાઈ જાય છે તેવી જ સૂરત સિકલ એની હશે. સોહાગરાતે જ્યારે સુચ્ચાસિંહે એનો ઘૂંઘટ ખસેડ્યો ત્યારે એને જોઈને એને લાગ્યું કે એ સાચેસાચ બિલકુલ એવો જ—કાન-કનૈયા જેવો—વર પામી ગઈ છે. સુચ્ચાસિંહે એની હડપચી ઊંચી કરી તો કોણ જાણે કેટલીયે લહરો એના માથામાંથી ઊઠીને તે છેક પગના નખમાં જઈને સમાઈ ગઈ. એને લાગ્યું કે જિંદગી કોણ જાણે આવી કેટલીયે ધ્રૂજારીઓથી ભરી હશે જેનો એ હંમેશાં અનુભવ કરતી રહેશે ને પોતાની સ્મૃતિમાં સંઘરીને રાખતી જશે.

"તું હીરાની કણી છે, હીરાની કણી." સુચ્ચાસિંહે એને બાથમાં લઈને કહ્યું હતું.

એને કહેવાનું મન થઈ આવ્યું હતું કે આ હીરાની કણી તારા પગની ધૂળ બરાબર પણ નથી, પણ એ શરમાઈને મૂંગી રહી ગઈ હતી.

"બહેન, અહીં ઊભી ઊભી શું કરી રહી છો ? અંધારું થવા આવ્યું છે, હવે ઘેર જા." પરબવાળાએ જતાં જતાં એની પાસે રોકાઈ જઈને કહ્યું.

"વીરા, આ બસ આઠનવ વાગ્યા સુધીમાં જલંધરથી પાછી આવી જશે ના ?" બાલોએ દયા આવે એવા ભાવથી એને પૂછી લીધું.

"કોને ખબર ક્યારે આવે ? તું ત્યાં સુધી અહીં ઊભી રહીશ ?"

"વીરા, એને રોટલા આપવાના છે ના ?"

"એને રોટલા જોઈતા હોત તો લઈ ન લેત ? એનું મગજ તો આસમાને ચડેલું જ રહે છે."

"ભાઈ, મરદ કોઈક વાર નારાજ થઈ જ જાય છે. એમાં એવી કઈ વાત છે ?"

"તું જા, ભલે ગમે ત્યારે આવે."

પરબવાળા સાથે વાત કર્યા પછી જે નિશ્ચય એ હજી સુધી કરી શકી નહોતી તે આપોઆપ થઈ ગયો – કે બસ જલંધરથી પાછી આવે ત્યાં સુધી એણે ત્યાં જ રોકાઈ રહેવાનું છે. જિન્દા થોડીક ડરશે એટલું જ ના ! હવે બીજીવાર એને કશું કહેવાની જંગીની હિંમત નહિ ચાલે. આખરે ગામની પંચાયત પણ કાંઈ ચીજ છે ખરી કે નહિ ? બીજાની બહેનદીકરી પર બૂરી નજર નાખવી એ કંઈ મામૂલી વાત છે ? સુચ્ચાસિંહને ખબર પડી જાય તો એ એને વાળથી પકડીને આખા ગામમાં ઘસડ્યા વિના રહે ? પણ સુચ્ચાસિંહને આ વાત ન જણાવવી એ જ કદાચ બહેતર હતું. કોને ખબર છે કે આટલી એવી વાતમાં બેયનાં માથાં ભાંગવાનો પ્રસંગ ઊભો ન થઈ જાય ? સુચ્ચાસિંહ તો પહેલેથી જ ઘરની તકલીફોથી ગભરાય છે, એને વધારે તકલીફોમાં નાખવો ઠીક નથી. એ વખતે સુચ્ચાસિંહે વાત સાંભળી નહિ એ

ઠીક થયું એ તો હમણાં જ કહેતો હતો કે એ મંગળવારે ઘેર નહિ આવે. જો એ સાચોસાચ ન આવ્યો તો ? અથવા તો એણે ગુસ્સે થઈને ઘેર નહિ આવવાનું બિલકુલ છોડી દીધું તો ? ના, એ એને હેરાન કરવાવાળી વાત કદીયે એની પાસે નહિ કરે. સુચ્ચાસિંહ ભલે ખુશ રહે. ઘરની પરેશાનીઓ તો એ પોતે સંભાળી શકે એમ છે.

એ જરીક કંપી ગઈ. ગામનો લોટુસિંહ પોતાની બૈરીને છોડીને ભાગી ગયો હતો. એ પછી એ ટુકડા ટુકડા માટે તલસતી હતી. અંતે એણે કૂવામાં પડી આત્મહત્યા કરી લીધી હતી. પાણીમાં ફૂલીને એનું શરીર કેવું ભયાનક થઈ ગયું હતું ?

એને થાક લાગતો જણાતો હતો એટલે એ જઈને પરબના પાટિયા ઉપર બેસી ગઈ. અંધારું પથરાતું જતું હતું તેની સાથેસાથે ખેતરોમાંથી હલચલ પણ શાંત થતી જતી હતી. માહિયાના ગીતનું સ્થાન હવે તમરાંના સંગીતે લઈ લીધું હતું. એક બસ જલંધર તરફથી અને એક નકોદર તરફથી આવીને ચાલી ગઈ. સુચ્ચાસિંહ જલંધરથી છેલ્લી બસ લઈને આવતો હતો. એણે આગલા બસના ડ્રાઇવર પાસેથી જાણી લીધું હતુ કે હવે જલંધર તરફથી એક જ બસ આવવાની બાકી રહી છે. હવે જે બસની બત્તીઓ દેખાવા માંડશે તે સુચ્ચાસિંહની જ બસ હશે. થાકની મારી એની આંખો બંધ થઈ જતી હતી. વારંવાર પ્રયત્નપૂર્વક આંખને ખોલી ખોલીને એ દૂર દૂર સુધી અંધારા પર, અને જે કાળી છાયાઓ હવે ધીરે ધીરે ગીચ થતી જતી હતી તેમના પર, કેન્દ્રિત કરી રહી હતી. જરા જેટલો પણ અવાજ થાય તો એને લાગતું કે બસ આવી રહી છે, અને એ સતર્ક બની જતી. પણ બત્તીઓનો પ્રકાશ જ્યારે ન દેખાય ત્યારે તે એક ઠંડો શ્વાસ લઈને ફરી પાછી થાકેલી બની જતી. બેએક વાર, બંધ કરેલી આંખોમાંથી જાણે બસની બત્તીઓ પોતા તરફ આવી રહી છે તેમ તેને દેખાતાં ચોંકી ગઈ પણ બસ નહોતી આવી રહી. પછી એને લાગવા માંડ્યું કે પોતે ઘરમાં છે ને કોઈક જોરજોરથી ઘરનું બારણું ખટખટાવી રહ્યું છે. જિન્દા અંદર ગભરાઈને બેઠી છે. એનો ચહેરો હળદર જેવો પીળો થતાં જાય છે... રહેંટના બળદો લગાતાર ઘૂમી રહ્યા છે. એમની ઘંટડીઓના તાલની સાથે પીપળાની નીચે બેઠેલો એક યુવક કાન પર હાથ રાખીને માહિયા ગાઈ રહ્યો છે... જોરથી ધૂળ ઊડી રહી છે, જે ધરતી અને આકાશની હરેક ચીજને ઢાંકી દઈ રહી છે. એ રોટલાવાળી પોતાની પોટલીને સંભાળવાની કોશિશ કરી રહી છે, પણ એ એના હાથમાંથી સરતી જાય છે... પરબ ઉપર ખાલી માટલાં રાખ્યાં છે. એમાં એક ટીપું પણ પાણી નથી. એ વારંવાર કળશિયો મટકામાં નાખે છે, પણ એને ખાલી જોઈને નિરાશ થઈ જાય છે... એના પગ ફાટી ગયા છે અને એમાં ખૂબ ચળ આવે છે. હાથની આંગળીથી તે તેના ઉપર તેલ લગાવી રહે છે પણ લગાવતાં લગાવતાં

જ તેલ સુકાતું જાય છે... જિન્દા પોતાના છૂટા વાળ ઘૂંટણો ઉપર નાખીને રડી રહી છે. કહી રહી છે : "તું મને છોડીને કેમ ગઈ'તી ? કેમ ગઈ'તી મને છોડીને ? હાય, મારું પંખીડું ક્યાં ગયું ? મારું પંખીડું કોણે લઈ લીધું ?"

ઓચિંતા જ ખભા ઉપર હાથ અડતાં એ ચોંકી ગઈ.

"સુચ્ચા સ્યાં !" એણે જલદી જલદી આંખો ચોળી લીધી.

"હજી સુધી તું ઘેર નથી ગઈ ?" સુચ્ચાસિંહ પાટિયા ઉપર એની પાસે જ બેસી ગયો. બસ પરબની બરોબર સામે ઊભી રહી હતી. એ વખતે એમાં એક પણ ઉતારુ નહોતો. કન્ડક્ટર પાછળની સીટ ઉપર ઊંઘી રહ્યો હતો.

"મને થયું કે રોટલા દઈને જ જઈશ... બેઠાં બેઠાં ઝોલું આવી ગયું. તને આવ્યે બહુ વાર તો નથી થઈ ના ?"

"ના, હમણાં જ બસ ઊભી રાખી. મેં તને છેટેથી જોઈ લીધી'તી. તું એટલી બધી ગાંડી છે કે રોટલા દેવા માટે ત્યારથી તે અત્યાર સુધી અહીં જ બેઠી રહી છે ?"

"શું કરું ? તું કહી ગયો'તો ના કે ઘેર નહિ આવું ?" અને એની પાંપણોએ ઝપ દઈને એનાં ઊભરાતાં આંસુઓને સૂકવી નાખવાની ચેષ્ટા કરી.

"ઠીક લાવ, રોટલા લાવ, ને ઘેર જા. ત્યાં જિન્દા એકલી એકલી બીતી હશે," સુચ્ચાસિંહે એના હાથને થપથપાવ્યો અને પોતે ઊઠી ઊભો થયો.

રોટલાવાળો વાટકો એની પાસેથી લઈને, એની પીઠ પર હાથ રાખીને સુચ્ચાસિંહ એને બસ સુધી લઈ આવ્યો. પછી ઊંચો થઈને એ પોતાની સીટ પર બેસી ગયો. બસ સ્ટાર્ટ કરવા લાગ્યો ત્યાં જાણે બીતી હોય તેમ તે બોલી : "સુચ્ચા સ્યાં, તું મંગળવારે ઘેર આવીશ ના ?"

"હા, આવીશ. તારે શહેરમાંથી કંઈ મંગાવવું હોય તો કહી દે."

"ના, મારે કંઈ નથી મંગાવવું."

બસ ઘરઘરાટ કરવા લાગી એટલે એ બે ડગલાં પાછળ હઠી ગઈ. સુચ્ચાસિંહે પોતાની દાઢીમૂછ પર હાથ ફેરવ્યો, એક ઓડકાર લીધો ને પછી એની તરફ જોઈને પૂછી લીધું : "તું ઓલી વાત શું વાત કહેવા માંગતી'તી ?"

"ના, ના, એવી કોઈ ખાસ વાત નહોતી, તું મંગળવારે ઘેરે આવજે જ."

"ભલે, હવે જલદી જલદી ચાલી જા, ને મોડું કર માં. એક માઈલનો રસ્તો છે."

"સુચ્ચા સ્યાં, કાલે ગુરુપરવ છે. કાલ હું તારે સારું તળેલું ખાવાનું લાવીશ."

"ઠીક... ઠીક..."

બસ ચાલી ગઈ. બાલો પૈડાંથી ઊડેલી ધૂળથી ઘેરાઈ ગઈ. ધૂળ સાફ થતાં એણે પાલવથી આંખ લૂછી લીધી અને જ્યાં સુધી આંખોથી દેખાતી એ બંધ ન થઈ ગઈ ત્યાં સુધી એ બસની પાછળની લાલ બત્તીને જોતી રહી.

# ગરમીના દિવસો

## કમલેશ્વર

ટોલનાકાની ઑક્ટ્રોય ઑફિસ સરસ રંગરોગાનવાળી છે. એના દરવાજા આગળ ઇન્દ્રધનુષ્યના આકારનાં બોર્ડ લાગેલાં છે. સૈયદઅલી પેઇન્ટરે પોતાના સિદ્ધિ પ્રાપ્ત કરેલા હાથોથી એ બોર્ડ બનાવ્યાં છે. જોતજોતામાં શહેરમાં, જેના પર સાઈન બોર્ડ લટકતાં હોય એવી, ઘણી દુકાનો થઈ ગઈ છે. સાઇન બોર્ડ લગાવવાં એટલે પોતાનો મરતબો વધારવો. ઘણા દિવસ પહેલાં જ્યારે દીનાનાથ કંદોઈની દુકાન ઉપર પહેલવહેલું સાઇન બોર્ડ લાગ્યું હતું ત્યારે ત્યાં દૂધ પીવાવાળાઓની સંખ્યામાં એકાએક વધારો થઈ ગયો હતો. પછી એમાં ભરતી થઈ ગઈ અને નવી નવી રીતરસમો અને વેલબુટ્ટાઓની શોધખોળ થવા લાગી. 'ૐ' અથવા 'જય હિન્દ'થી શરૂ કરીને "એકવાર જરૂર ખાતરી કરી લો"કે "ભેળસેળ સાબિત કરનારને રોકડા સો રૂપિયાનું ઇનામ" જેવી આજીજીઓ અને આહ્‌વાનો સુધી પહોંચીને લખાણો પૂરાં થવા લાગ્યાં.

ઑક્ટ્રોય ઑફિસનું નામ ત્રણ ભાષાઓમાં લખેલું છે. ચૅરમેનસાહેબ બહુ અક્કલવાળા માણસ છે. એમની સુધબુધના ડંકા વાગે છે એટલે દરેક સાઇન બોર્ડ હિન્દી, ઉર્દૂ અને અંગ્રેજીમાં લખવામાં આવે છે. દૂર દૂરના નેતા લોકો અહીં ભાષણો આપવા આવે છે, અને દેશવિદેશના લોકો આગ્રાનો તાજમહાલ જોઈને પૂર્વ તરફ જતી વખતે અહીં આગળથી પસાર થાય છે... ... એ લોકો પર અસર પડે છે, ભાઈ ! ને વળી મોસમની વાત પણ છે. મેળા-તમાશાના દિવસોમાં કંદોઈ, જુલાઈ-ઑગસ્ટમાં પુસ્તકો અને કાગળોવાળા, લગ્નગાળામાં કાપડિયા અને ખરાબ ઋતુમાં વૈદ્ય-હકીમોનાં સાઇન બોર્ડો ઉપર નવાં રંગરોગાન ચડે છે. સહુથી ચડી જાય એવા તો શુદ્ધ દેશી ઘીવાળાઓ છે. એ લોકો છાપરાંની અંદર ભીંત ઉપર ગેરુથી અથવા લાલ માટીથી લખી લઈને કામ ચલાવી લે છે – એના વિના કામ ચાલતું નથી. એનો બચાવ કરતાં કરતાં વૈદજીએ કહ્યું : "પોસ્ટર ચોંટાડ્યા વિના સિનેમાવાળાઓનું કામ પણ ચાલતું નથી. મોટાં મોટાં શહેરોમાં જાઓ તો ઘાસલેટ વેચનારાઓની દુકાન પર પણ સાઇન બોર્ડ લગાડેલું જડી આવશે. ઘણી જરૂરી ચીજ છે. બાળબચ્ચાંના નામનાં સાઇન બોર્ડ પણ છે. નામનાં સાઇન બોર્ડ ન મૂક્યાં

હોય તો નામ રાખવાની જરૂર કઈ છે ? સાઇન બોર્ડ લગાવીને પેલા સુખદેવભાઈ કંપાઉન્ડરમાંથી ડૉક્ટર થઈ ગયા હાથમાં બેગ લઈને ચાલવા લાગ્યા છે."

પાસે બેઠેલા રામચરણે વળી એક બીજા નવા ચમત્કારની ખબર આપી : "કાલે એમણે પેલા બુધઈવાળો એક્કો ને ઘોડો ખરીદી લીધા."

"હાંકશે કોણ ?" ટીનની ખુરશી ઉપર પ્રાણાયામની મુદ્રામાં બેઠેલા પંડિતે પૂછ્યું.

"આ બધી ખીસાં કાતરવાની રીતો છે. વૈદજીનું ધ્યાન એક્કા તરફ વિશેષ હતું. દર્દીઓ આગળથી એનું ભાડું વસૂલ કરાશે, ગાડી ચલાવવાવાળાને બક્ષિસ અપાવશે —મોટાં મોટાં શહેરોના ડૉક્ટરો કરે છે તેમ. આથી જ ધંધાની બદનામી થાય છે. પૂછો તો ખરા કે દર્દીનો ઇલાજ કરવો છે, કે રુઆબ દેખાડવો છે ? અંગ્રેજી ઓજારો લગાડીને દર્દીનો અર્ધો જીવ તો પહેલેથી જ લઈ લે છે. આયુર્વેદવાળા તો, નાડ જોવાની વાત તો પછી, પહેલાં ચહેરો જોઈને જ રોગ કહી દે છે. આમાં આનો ઘોડો શું કરવાનો ? થોડા દીમાં જ જોજોની, એનો ગાડી ચલાવવાવાળો એનો કંપાઉન્ડર થઈ જશે..." કહેતાં કહેતાં વૈદજી એમનું ખોખરું હાસ્ય હસી રહ્યા. પછી બોલ્યા : "કોણ શું કહે, ભાઈ ? ડાક્ટરી તો તમાશો બની ગઈ છે. વકીલો ને મુખત્યારોના છોકરાઓ ડૉક્ટર થવા માંડ્યા છે. લોહી અને સંસ્કારથી બધું બને છે. ... હાથમાં જશ આવે છે... વૈદનો દીકરો વૈદ થાય છે... અર્ધી વિદ્યા તો બાળપણમાં જડીબુટ્ટીઓ કૂટવાખાંડવામાંથી આવી જાય છે. તોલા અને રતીના માપની એવી અટકળ આવી જાય છે કે દવા અશુદ્ધ બની શકે જ નહિ. દવાનો ચમત્કાર એને બનાવવાની વિદ્યામાં છે.... ધન્વન્તરિ..." વૈદજી આગળ કહેવા જતા હતા ત્યાં એક માણસને દુકાન તરફ આવતો જોતાં ચૂપ થઈ ગયા, ને ત્યાં બેઠેલા માણસો સામે એવી રીતે જોવા અને ગણગણવા લાગ્યા કે જાણે એ લોકો ગપ્પાં મારવાવાળા નવરા માણસો ન હોય પણ એમના દર્દીઓ હોય !

માણસ દુકાન પર ચડતો હતો ત્યાં જ વૈદજીએ એને પારખી લીધો. એમણે સહજભાવે એના તરફ જોયું. એમના મનમાં ઉદાસીનતાનો ભાવ જાગ્યો પણ દુનિયામાં થોડો દેખાવ પણ કરવો પડે છે. એવું પણ બને કે કાલે આ જ માણસ માંદો પડી જાય કે એના ઘરમાં કોઈને રોગ ઘેરી લે. એટલા ખાતર પોતાનો વ્યવહાર અને પોતાના ધંધાનું ગૌરવ બરોબર જાળવવું જોઈએ. પોતાને ઠીકઠાક કરતાં કરતાં એમણે કહ્યું, "બોલો ભાઈ, રાજીખુશીમાં છો ?" એ માણસે જવાબ દેતાં દેતાં ગોળાનું એક ભિલ્લું સામે ધરી દીધું ને કહ્યું, "ઠાકુરસાહેબે આ અહીં રાખી જવા કહ્યું છે. બજારમાંથી પાછા વળતાં લઈ જશે એકદોઢ વાગ્યાની આસપાસ."

"એ વખતે દુકાન બંધ રહેશે." વૈદજીએ નકામા કામથી કંટાળતાં કહ્યું. "વૈદો ને હકીમોની દુકાનો આખો દિવસ ખુલ્લી નથી રહેતી. અમે કંઈ વેપારી થોડા છીએ ભાઈ !" પણ પછી કોઈક બીજા દિવસ અને અવસરની આશાએ એમની પાસે જાણે બળજબરીથી કહેવડાવ્યું, "ભલે, એમને મુશ્કેલી નહિ પડે. હું ન હોઉં તો બાજુવાળાની દુકાનેથી લઈ જાય, હું ત્યાં મૂકી જઈશ."

એ માણસ ગયો કે તરત વૈદજી બોલ્યા : "દારૂબંધીથી શું થાય ? જ્યારથી શરૂ થઈ છે ત્યારથી ઘેર ઘેર દેશી દારૂની ભઠ્ઠીઓ ચાલુ થઈ ગઈ છે. ગોળ ઘીના ભાવે વેચાવા લાગ્યો ને આ ડૉક્ટરોને શું કહીએ ?... એમનાં દવાખાનાંઓ પીઠાં બની ગયાં છે, દવાની જેમ ઉપયોગ કરવાનાં લાયસન્સો મળે છે. પણ જિંજર તો છડેચોક વેચાય છે. ક્યાં કશુંય થતું નથી. અમારે ભાંગ કે અફીણનું એક પડીકું જોઈતું હોય તોય એની પૂરી વિગતો આપવી પડે છે."

"જવાબદારીની વાત છે." પંડિતજીએ કહ્યું.

"હવે જવાબદાર તો માત્ર વૈદો જ રહી ગયા છે ! બધા જ રજિસ્ટરમાં નોંધાઈ ચૂક્યા છે, ભાઈ. એવાતેવા હાલી મળેલા જે બધા ઘૂસી ગયા હતા તેની સફાઈ પણ થઈ ગઈ. હવે તો જેનું નામ રજિસ્ટર થયું હોય તે જ વૈદનો ધંધો કરી શકે છે. ચૂરણવાળાઓ વૈદ થઈ ગયા'તા ! એ બધા ખતમ થઈ ગયા. લખનૌમાં સરકારી તપાસ બાદ સહી મળી છે..."

વૈદજીની વાતમાં રસ ન લેતાં પંડિત ત્યાંથી ઊઠી ગયા. વૈદજીએ અંદર જવાને પગ ઉપાડ્યા અને ઔષધાલયનું બોર્ડ લખતાં લખતાં અંદરથી બોલ્યા : "સફેદો ઘેરો છે, ભાઈ, ટરપેન્ટાઇન ભેળવી દો." અને પોતે જેના પર અશોકારિષ્ટનું લેબલ લાગેલું હતું તેવી એક બાટલી લઈ આવ્યા.

આ રીતે કોણ જાણે કેટલી કેટલી દવાઓના શરીરરૂપી બાટલીઓમાં કયા કયા પદાર્થોના આત્માઓ ભર્યા હશે ! સામેની એકલી અલમારીમાં મોટી મોટી બાટલીઓ રાખેલી છે, અને તેમનાં પર તરેહ તરેહનાં અરિષ્ટો અને આસવોનાં નામ ચોંટાડેલાં છે. માત્ર પહેલી હરોળમાં આ શીશીઓ ઊભી છે... એની પાછળ જરૂર પ્રમાણેનો બીજો સામાન છે.... સામેના ટેબલ ઉપર સફેદ શીશીઓની એક હરોળ છે. તેમાં થોડાં સ્વાદિષ્ટ ચૂરણો-લવણભાસ્કરાદિ વગેરે છે. બાકીનીમાં જે કંઈ ભર્યું હોય તે માત્ર વૈદજી જ જાણે છે.

ટર્પેન્ટાઇનનું તેલ મેળવીને ચન્દર આગળ લખવા લાગ્યો : "પ્રો. વૈદરાજ નિત્યાનંદ તિવારી." "શ્રી ધન્વન્તરિ ઔષધાલય"વાળી ઉપરની લીટી વૈદરાજે પોતે જ લખી લીધી હતી. સફેદાના એ અક્ષરો જાણે રૂની પૂણીઓ ચોંટાડી દીધી હોય તેવા લાગતા હતા. ઉપર ખાલી જગ્યા જોઈને વૈદજી બોલ્યા : "ભાઈ, ઉપર

જય હિન્દ લખી દેજો.... ને આ જે જગ્યા ખાલી રહી છે તેમાં એક બાજુ દ્રાક્ષાસવની બાટલી અને બીજી બાજુ ખરલની છબિ.... આર્ટમાં પાસ તો મિડલ સુધી જ થયો છું પણ આ તો હાથ બેસી જવાની વાત છે."

ચન્દર થોડો કંટાળ્યો હતો. નાહકનો ફસાઈ ગયો. લખવાનું સરસ હોવાને કારણે મળેલો આ પુરસ્કાર તેની સમજમાં આવી શકતો નહોતો. એણે કહ્યું , "કોઈ પેઇન્ટર પાસે લખાવ્યું હોત...? સરસ મજાનું લખી દેત એ, મારાથી એવું નહિ લખાય...." પોતાનો પસીનો લૂંછતાં લૂંછતાં તેણે પીંછી નીચે મૂકી દીધી.

"પાંચ રૂપિયા માગતો'તો એ, ભાઈ ! બે લીટીના પાંચ રૂપિયા ! હવે, મારી મહેનતથી તૈયાર થયેલું આ સાઇન બોર્ડ દસબાર આનામાં પડ્યું. આ રંગ એક દરદી આપી ગયો હતો. વીજળીની કંપનીનો પેઇન્ટર બદહજમીથી પીડાતો'તો. બે પડીકી બનાવી આપી ને પૈસા લીધા નહિ એટલે બેત્રણ રંગો ને થોડુંક વાર્નિશ આપી ગયો. બે ડબ્બા રંગાઈ ગયા, આ બોર્ડ બની ગયું અને એકાદ ખુરસી રંગાઈ જશે... તમે બસ આટલું લખી આપો, લાલ રંગનો શેડ હું આપતો જઈશ.... હાંસિયામાં ત્રણ રંગો ખીલી ઊઠશે ?" વૈદજીએ પૂછ્યું અને સાથે સાથે પોતે જ સંમતિ પણ આપી દીધી.

ચન્દર ગરમીથી પરેશાન થઈ ગયો હતો. જેમ જેમ બપોર નજીક આવતી જતી હતી તેમ તેમ રસ્તા પર ધૂળ અને લૂનું જોર વધતું જતું હતું. માનમર્યાદા જાળવવામાં રહી જઈને ચન્દર ના ન પાડી શક્યો. પંખાની પોતાની પીઠને ખજવાળતાં ખજવાળતાં વૈદજીએ પટવારીનાં મોટાં મોટાં રજિસ્ટરો કાઢીને પાથરવા માંડ્યાં.

સૂરજના તાપથી બચવા માટે દુકાનનું એક બારણું બંધ કરીને વૈદજી કોરાં રજિસ્ટરોમાં ખાતાંઓની રોજમેળમાંથી નકલ કરવા લાગ્યા. ચન્દરે પોતાનો જાન છોડાવવા પૂછ્યું : "આ બધું શું છે, વૈદજી ?"

વૈદજીનું મોં પડી ગયું, "ફોગટનું બેઠું રહેવા કરતાં કંઈક કામ કરવું સારું. નવા તલાટીઓને કામબામ આવડતું નથી. રોજ રોજ તહેસીલદાર અને નાયબસાહેબ તરફથી ઠપકો સાંભળવો પડે છે.... એ લોકોએ જખ મારીને આ કામ છૂટક કરાવી લેવું પડે છે. હવે જૂના જમાનાના હોશિયાર પટવારીઓ ક્યાં રહ્યા છે ? ગામનો કાયદો અને વસતિનો આંકડો એની જીભને ટેરવે જ હોય. બિચારાઓનો રોટલો છિનવાઈ ગયો, છતાં સાચું પૂછો તો હજુ પણ બધાય કામનો બોજો જૂના પટવારીઓ જ ઉપાડી રહ્યા છે. નવા તલાટીઓના પગારના બધાય રૂપિયા આ છૂટક કામ કરાવવામાં વપરાઈ જાય છે. એમને પણ પેટ તો છે જ ને !... ત્રણપાંચ કરીને ખેડૂતો પાસેથી પૈસા પડાવી લે છે. પડાવે નહિ તો ખાય

શું ?... આપણી ઓળખાણના બે ત્રણ તલાટીઓ છે, એમની પાસે કોઈ કોઈ વાર નાનું મોટું કંઈકને ને કંઈક કામ મળી જાય છે. નકલનું કામ છે — રજિસ્ટર ભરવાનું."

બહાર રસ્તો વેરાન બનતો જતો હતો. ઑફિસના સાહેબો ચાલી ગયા હતા. સામેની આક્ટ્રૉયની ઑફિસમાં ખસની ટટ્ટીઓ પર પાણી છંટાવાં શરૂ થઈ ગયાં. લૂની સાથે, દૂર દૂર ક્યાંકથી પીપળાનાં પાનનો અવાજ પણ આવતો હતો. એવામાં એક માણસ બારણામાંથી અંદર ડોકાયો. પળ બે પળમાં વૈદજીની જે વાત દર્દથી વજનદાર બની જવાની સંભાવના હતી, તે અટકી ગઈ. એમની આંખે એ માણસને ઓળખી લીધો ને એ સાવધ થઈ ગયા. તરત જ બોલી ઊઠ્યા : "આગ્રાથી એક બોર્ડ બનાવી મંગાવ્યું છે. એ જ્યાં સુધી નહિ આવે ત્યાં સુધી આનાથી કામ ચાલ્યું જશે. આ બધામાં માથાફોડી કરવાની ફુરસદ જ ક્યાં છે ?" અને એકદમ વ્યસ્ત બનીને એમણે એ માણસને પૂછ્યું : "કહો, ભાઈ, શી વાત છે ?"

"ડૉક્ટરી સર્ટિફિકેટ જોઈએ છે... કોસમાં ઠેસણ ઉપર મજૂરીનું કામ કરું છું, સાહેબ." રેલવેનો આસમાની યુનિફોર્મ પહેરેલા એ મજૂરે કહ્યું.

એની જરૂરિયાતની પૂરી અટકળ કરી લેતાં વૈદજી બોલ્યા :

"હા, ઠીક છે, કઈ તારીખથી કઈ તારીખ સુધીનું જોઈએ છે ?"

"પંદર દિવસ પહેલાં આવ્યો હતો, સાહેબ, ને બીજા સાત દિવસનું જોઈએ છે."

કંઈક હિસાબ લગાવીને વૈદજી બોલ્યા : "જુઓ ભાઈ પાકું સર્ટિફિકેટ કાઢી દઈશ, સરકારનો રજિસ્ટર નંબર પણ આપીશ ને રૂપિયા ચાર લઈશ."

જાણે ચાર રૂપિયા સાંભળીને એ માણસ ભડકી જશે એવું વૈદજીએ પોતે જ માની લીધું અને એટલે એમણે ઉમેર્યું : "જો પહેલાંનું ન લો તો બે રૂપિયામાં કામ થઈ જશે."

મજૂર નિરાશ થઈ ગયો. પણ એની નિરાશાથી વધારે નિરાશા તો વૈદજીના પસીનાથી ભીના બની ગયેલા મોં ઉપર ફેલાઈ ગઈ. તદ્દન નિરપેક્ષ ભાવથી મજૂરે કહ્યું : "સોબરનસિંહે આપની પાસે મોકલ્યો હતો." એના કહેવા ઉપરથી એમ લાગતું હતું કે જાણે આ તેનું નહિ પણ સોબરનસિંહનું કામ હોય. પણ વૈદજીના હાથમાં નાડી આવી ગઈ. બોલ્યા : "એની મને પહેલાંથી જ ખબર પડી ગઈ હતી. ઓળખાણ પિછાણ ન હોય તેવાઓને તો હું આપતો જ નથી, આબરૂનો સવાલ છે. મને શી ખબર હોય કે તમે ક્યાં હશો અને શું કરતા હશો ? આ તો વિચારવાની વાત છે, પણ વિશ્વાસ ખાતર જોખમ ઉઠાવી લઈશ.... પંદર દિવસ પહેલાંથી જ તમારું નામ રજિસ્ટરમાં ચડાવીશ, રોગનું નામ લખીશ, દરેક તારીખ વાર નામ

લખીશ ત્યારે કામ કદાચ પતશે. આ કાંઈ ઘરની ખેતી નથી...." કહેતાં કહેતાં તેમણે મદદ માટે અંદર ચન્દર તરફ જોયું. ચન્દરે સાદ પુરાવ્યો : "હવે અમને શી ખબર કે તમે બીમાર હતા કે મઝા કરતા હતા ?... સરકારી મામલો છે."

"પાંચથી ઓછામાં તો દુનિયાભરનો કોઈ ડૉક્ટર આપશે નહિ." કહેતાં કહેતાં વૈદજીએ સામે રાખેલું તલાટીવાળું રજિસ્ટર ખસેડીને જોશથી કહ્યું : "અરે, શ્વાસ લેવાનીએ ફુરસદ નથી. આ જુઓ, દેખાય છે આ નામ ?... દરદીઓની દવા કરવી મૂકીને સરકારને બતાવવા માટે આ વિગતોથી ભરપૂર રજિસ્ટર બનાવવાં પડે છે. એકેએક રોગીનાં નામ, તેનું દરદ, તેની આવક... આમાં તમારું નામ પણ ચડાવવું પડશે. હવે કહો કે દરદીઓને તપાસવા એ વધારે જરૂરી છે કે બેચાર રૂપિયા માટે સર્ટિફિકેટ દઈને આ સરકારી લફરામાં ફસાવું એ ?" કહેતાં કહેતાં એમણે મહેસૂલનું રજિસ્ટર એકમ બંધ કરીને પોતા પાસેથી હઠાવી લીધું અને માત્ર ઉપકાર કરવાને તૈયાર હોય એવી મુદ્રા ધારણ કરીને કલમથી કાન ખોતરવા લાગ્યા.

રેલવેનો મજૂર એક મિનિટ સુધી બેઠો બેઠો કંઈક વિચાર કરતો રહ્યો, અને પછી વૈદજીને માથું નમાવીને પોતાના કામમાં ડૂબેલા જોયા એટલે દુકાનમાંથી નીચે ઊતરી ગયો. વૈદજીને તરત જ પોતાની ભૂલ સમજાઈ ગઈ, લાગ્યું કે એમણે વાતને ખોટી જગ્યાએ તોડી નાખી હતી અને એવી રીતે તોડી હતી કે એ તૂટી જ ગઈ. બીજું કશું તરત જ યાદ ન આવ્યું, એટલે એમણે પેલાને બૂમ પાડીને કહ્યું : "અરે, સાંભળો; ઠાકુર સોબરનસિંહને અમારા રામ રામ કહેજો. એમનાં બાલબચ્ચાં રાજીખુશીમાં છે ના ?"

"હા, બધાં મઝામાં છે," મજૂરે અટકી જઈને કહ્યું.

એને સંભળાવતા હોય તેમ વૈદજીએ ચન્દરને કહ્યું : "સોબરનસિંહ બીજાં દસ ગામો ને શહેરો છોડીને દરદનો ઇલાજ કરાવવા અહીં જ આવે છે." ચન્દરે બોર્ડ પર છેલ્લા અક્ષરો પૂરા કરતાં પૂછ્યું :

"ચાલ્યો ગયો ?"

"ફરી ફરીને પાછો આવશે." વૈદજીએ જાણે પોતાનું મન મનાવ્યું. પણ એના પાછા આવવાની અનિવાર્યતા ઉપર શ્રદ્ધા બતાવતાં કહ્યું : "ગામડાં ગામમાં વૈદ ને વકીલ એક એક જ હોય છે. સોબરનસિંહે જો એને મારું નામ આપ્યું હશે તો એ જરૂર પાછો આવશે..... ગામડાંના માણસોની થેલીની ગાંઠ જરા મુશ્કેલીથી ખૂલે છે, ક્યાંક બેસીને વિચારશે, સમજશે, પછી આવશે."

"બીજા કોઈ પાસેથી લઈ લેશે તો ?" ચન્દરે કહ્યું ત્યાં જ વૈદજીએ વાત કાપી નાખી. "ના, ના, ભાઈ." કહીને એમણે બોર્ડ તરફ જોયું અને અવાજને પ્રશંસાથી

ભરીને બોલ્યા : "વાહ ભાઈ, ચન્દરબાબુ, સાઇન બોર્ડ ગમી ગયું... કામ ચાલશે ...! આ પાંચ રૂપિયા પેઇન્ટરને દઈને દરદીઓ પાસેથી વસૂલ કરવા પડત. એક્કો, ઘોડો ને વળી આ ખર્ચો ! વાત એકની એક છે. નાકને જોઈએ તો સામેથી પકડો કે જોઈએ તો ફેરવીને પકડો, પણ સૈયદઅલીના હાથે લખાયેલું બોર્ડ કંઈ દરદીઓને સાજા તો ન કરી આપે ના ! સહુ સહુની સમજણની વાત છે," કહેતાં કહેતાં એ ધીરેકથી હસી પડ્યા. ખબર નથી કે પોતાની વાત સમજીને એ પોતા પર હસ્યા'તા કે બીજાઓ ઉપર.

ત્યાં એક માણસ દાખલ થયો. ઓચિંતાનું લાગ્યું કે પેલો મજૂર આવી ગયો, પણ આ તો પાંડુરોગી હતો. દેખતાંવેંત જ વૈદજીના મોં પર સંતોષ ચમકી ઊઠ્યો. એ અંદર ગયા. એક તાવીજ લઈ આવીને બોલ્યા :

"આ વિદ્યા પણ મારા પિતાજી પાસે હતી, એમનાં લખેલાં પુસ્તકો પડ્યાં છે.... ઘણીવાર વિચારું છું કે ફરીથી એમની નકલ કરાવી લઉં.... મોટા અનુભવની વાતો છે. વિશ્વાસની વાત છે, ભાઈ ! એક ચપટી ધૂળથી માણસ સાજો થઈ શકે છે. ને હોમિયોપેથિક વળી બીજું શું છે, ભલા ? એક ચપટી સાકર ! જેના ઉપર વિશ્વાસ બેસી જાય, બસ !"

ચન્દરે જતાં જતાં કહ્યું "હવે તો દવાખાનું બંધ કરવાનો વખત થઈ ગયો જમવા નહિ જાઓ ?"

"તમે જાઓ, હું પાંચદસ મિનિટ પછી જઈશ." વૈદજીએ મહેસૂલવાળું કામ હાથમાં લીધું. દુકાનનો દરવાજો અધખુલ્લો કરીને બેસી ગયા. બહાર તડકા તરફ જોતાં આંખો અંજાઈ જતી હતી.

બાજુની દુકાનવાળો બચ્ચનલાલ દુકાન બંધ કરીને ઘેર જતો હતો ત્યાં તેણે વૈદજીની દુકાન ઉઘાડી જોઈને કહ્યું : "આપ જમવા માટે નથી ગયા ?"

"હા, પણ આમ જ. એક ખાસ જરૂરી કામ છે. હવે થોડી વારમાં ચાલ્યો જઈશ. " વૈદજીએ કહ્યું ને જમીન ઉપર ચટાઈ બિછાવી કાગળો, રજિસ્ટર વગેરે ટેબલ ઉપરથી ઉપાડી લઈને નીચે ફેલાવી દીધાં. પણ ગરમી તો કાંઈ ગરમી !... પરસેવો અટકતો જ નહોતો. રહી રહીને પંખો વીંઝતા, પાછા નકલ કરવા લાગતા. થોડીવાર સુધી મન મારીને કામ કર્યું. પણ પછી હિંમત ન ચાલી. ઊઠીને ધૂળભરેલી શીશીઓને ઝાડવા લાગ્યા. એને લાઇનબંધ ગોઠવી. પણ ગરમીની બપોરનો સમય સ્થિર બની ગયેલો લાગતો હતો. એક વાર એમણે બારણાંની વચ્ચેથી મોં કાઢીને રસ્તા તરફ જોયું એકાદ માણસ નજરે ચડ્યું. એ આવતાં જતાં માણસોની હાજરીથી મોટો સધિયારો મળી ગયો. અંદર આવ્યા, બોર્ડની દોરી સીધી કરી ને એને દુકાનની આગળ લટકાવી દીધું. "ધન્વન્તરિ ઔષધાલય"નું બોર્ડ

દુકાનની ગરદનમાં તાવીજ માફક લટકી રહ્યું. વળી થોડો સમય વીત્યો. અંતે એમણે હિંમત કરી. એક લોટો પાણી પી ગયા અને ધોતિયાને સાથળ સુધી સરકાવી દઈને તત્પરતાથી કામમાં જોડાઈ ગયા. બહાર કોઈક પગલું સંભળાયું. એમણે ચિન્તાથી એ તરફ જોયું.

"આજે આરામ કરવા નથી ગયા, વૈદજી ?" જતાં જતાં ઓળખીતા દુકાનદારે પૂછ્યું.

"બસ, જવાનો જ વિચાર કરી રહ્યો છું.... કંઈક કામ વધા ગયું'તું તે થયું કે પૂરું કરીને જાઉં..." કહીને વૈદજી દીવાની ઓથે પીઠ ટેકવીને બેસી ગયા. પહેરણ ઉતારીને એક બાજુ મૂકી દીધું. એકવડી દુકાન આગ જેવી તપતી હતી. વૈદજીની આંખો ઊંઘથી એકદમ ભારે ભારે બની ગઈ હતી. એકાએક ઝોલું આવી ગયું... થોડો સમય જરૂર વીતી ગયો હતો. રહેવાયું નહિ ત્યારે રજિસ્ટરોનો તકિયો બનાવીને એમણે પીઠ સીધી કરી. પણ ઊંઘ ?... આવતી'તી ને ચાલી જતી'તી. કોણ જાણે એનેય શું થઈ ગયું હતું ?

ઓચિંતાનાં એક પગલાંએ એમને ચોંકાવી દીધા. આંખ ખોલતાં ખોલતાં એ ઊઠીને બેઠા થઈ ગયા. બચ્ચનલાલ બપોર વિતાવીને પાછો આવી ગયો હતો.

"અરે, આજે આપ અત્યાર સુધી ગયા જ નથી ...!" એણે કહ્યું.

વૈદજી જોરજોરથી પંખો નાખવા લાગ્યા. બચ્ચનલાલે દુકાનેથી ઊતરતાં પૂછ્યું : "કોઈની રાહ જોતા'તા કે શું ?"

"હા, એક દરદી આવવાનું કહી ગયો'તો...હજી સુધી આવ્યો..." વૈદ્યજીએ બચ્ચનલાલને જતો જોયો એટલે વાતચીતને વચ્ચેથી તોડી નાખીને ચૂપ થઈ ગયા ને પોતાનો પરસેવો લૂછવા લાગ્યા.

# સ્મશાનયાત્રા

## શ્રીકાન્ત વર્મા

માત્ર એક ખાટ રાખવાની જગ્યા હતી. ઓરડીમાંથી બહાર નીકળીને સિપાહીએ રસ્તા ઉપર ભેગા થયેલા લોકોને પૂછ્યું : "આનો કોઈ વારસ છે ?" જ્યારે એનો કંઈ જવાબ ન મળ્યો ત્યારે એણે પોતાની જાતને કહ્યું, છેવટ કંઈક બંદોબસ્ત તો કરવો પડશે જ.

"હિન્દુ હતી ? કે મુસલમાન ?"

પોતાની સાઇકલની સીટ પર પીઠ ટેકવીને ઊભેલા એક નાની ઉંમરના છોકરાએ કહ્યું : "રંડી હતી."

"બરાબર ખબર છે ?" કોન્સ્ટેબલે દબડાવતાં કહ્યું.

"સિપાહીસાહેબ, સેવાવાળાઓને સોંપી દો." બીડીનું બંડલ સિપાહીની તરફ ધરી દેતાં એક બીજા માણસે કહ્યું. "લાશ કાલની પડી રહી છે, કંઈ ખબર છે ? ઝાઝો વખત કરશો તો એ ઝરવા માંડશે. કોન્સ્ટેબલસાહેબ, આનો કંઈક બંદોબસ્ત જલદીથી કરો."

કોન્સ્ટેબલે પોતાના નાકમાંથી બીડીનો ધુમાડો કાઢતાં કહ્યું : "છેવટે ખબર તો પડવી જોઈએ ના કે આનો વારસ, સગુંવહાલું, ભાઈભત્રીજો કોઈ છે કે નહિ ? પહેલાં તો રિપોર્ટ લખાવવો જોઈશે, નહિ તો આખી પોલીસચોકીમાં બૉમ્બ પડ્યો હોય તેવું થઈ જશે. હરામજાદાઓ મને જ ઠપકો આપશે. કંઈ ખબર તો પડે !" અને બીડીનો કશ લેતાં લેતાં એ ઊંડી ચિન્તામાં પડી ગયો. કેટલાક લોકો સિપાહીની પાસે મૂંગા મૂંગા ઊભા હતા અને કેટલાક થોડે દૂર જઈને વાતચીત કરી રહ્યા હતા.

આજુબાજુ થોડાં નાનાં નાનાં મકાનો, ઓરડીઓ અને ઝૂંપડીઓ હતી. રસ્તો પાકો નહોતો, પણ માટી પથરાવાને કારણે રંગીન લાગતો હતો. હવામાં આખો દિવસ આ માટીની ધૂળ ઊડતી હતી અને મહોલ્લો નિર્જન બની જતો હતો.

બેત્રણ વરસથી ઇમરતીબાઈ ત્યાં જ રહેતી હતી. ત્યાં રહેવા આવનાર એ છેલ્લી સ્ત્રી હતી. કેટલીયે વાર રોકટોક ને કજિયાકંકાસ થયા પણ એ ત્યાંથી ગઈ નહોતી. મહોલ્લાના લોકોએ પણ હવે એનો સ્વીકાર કરી લીધો હતો. એ જાણતા

હતા કે એ એની સાથે લડી શકે તેમ નહોતા. બહુ બહુ તો એ લોકો એની સાથે વાત ન કરે, પણ એ સંકોચાતી સંકોચાતી જ્યારે પાનવાળાની દુકાને ઊભી રહે એ સમય સિવાય વાત કરવાનો કોઈ પ્રસંગ પણ પડતો ન હતો.

સવારથી માંડીને અર્ધી રાત સુધી ફિલ્મી ગીતો વગાડનાર ધી સિન્ધુ હિન્દુ હૉટેલમાં પણ સાંજને વખતે એ જ્યારે પોતાને માટે માંસનો સેરવો લેવા જતી ત્યારે પણ એ પોતાનો સમય નકામો બરબાદ કરતી નહિ. કદાચ પોતાના અનુભવથી એણે જાણી લીધું હતું કે ત્યાં બેસવાવાળાઓ મફતિયાઓ હોય છે ને મફતિયાઓ ઉપર એને જન્મજાત ચીડ હતી. એણે એક છોકરાને પૈસા આપીને રંગીન ચાકથી સરસ અક્ષરોમાં પોતાની દીવાલ ઉપર લખાવ્યું હતું : 'ઉધાર મહોબ્બતની મનાઈ છે.'

ઇમરતીબાઈ દુનિયાની રંડીઓથી જુદી જાતની રંડી છે, એમ એના ત્યાંથી ચાલ્યા ગયા પછી પાનવાળો કહ્યા કરતો હતો. એ વધારે વાત કરતી નથી.

એની પાસે ઘરાકો પણ થોડા આવતા. અને છેવટના દિવસોમાં તો એકલદોકલ કોઈક જ આવતું હતું. ને એની પાસે આવે પણ કોણ ? એ પાનવાળો કહેતો હતો કે એ નથી ગાતી કે નથી કૂલા હલાવતી. માણસને એકલું શરીર જ થોડું જોઈએ છે ? વખત વખતની વાત છે !

લોકો એની પાસે નાચગાન સાંભળવા નહિ પણ શરીર ખાતર જ આવે છે એમ કહીને જ્યારે એને ટોકવામાં આવતો ત્યારે એ જવાબ આપતો કે શરીરમાં પણ લટકો તો જોઈએ ના ? એની પાસે એ અદા નથી. ઇમરતીબાઈ સીધીસાદી રંડી જ છે.

આ ટાણે પણ એ પોતાની દુકાન પર પાન બનાવતો બનાવતો પોતાની વાતનું પુનરુચ્ચારણ કરી રહ્યો હતો ને કહેતો હતો, હું જાણતો હતો કે આ જ હાલ થવાના. મેં તો કહ્યું પણ હતું, ઇમરતીબાઈ, ઉપાય કરાવી લે. હજી પણ બચી જઈશ. પણ કમબખ્ત જીવી ત્યાં સુધી આખી દુનિયામાં બીમારી વહેંચતી ફરી. હવે મરી ગઈ તો એને ઉપાડવાવાળું પણ કોઈ નથી. પણ ગમે તે કહો, ઇમરતીબાઈ સીધીસાદી રંડી હતી. મને એની બધી વાતો ખબર છે.

પછી એણે ત્યાં જ બેઠા બેઠા પાન પર કાથો લગાવતાં લગાવતાં સાદ દીધો : "હવાલદારસાહેબ, મડદું ઉપડાવી લો. બીમારીથી મોત થયું છે."

એ વખતે હવાલદાર કાચના ગ્લાસમાં ભરેલી ગરમાગરમ ચા ફૂંક મારી મારીને પી રહ્યો હતો, એની વાત સાંભળીને એ એના તરફ ફર્યો અને કંઈક કહેવા તૈયાર થયો. પણ ત્યાં જ સામેથી ભેંસના પાડા જોડેલું મ્યુનિસિપાલિટીનું મેલું ઉપાડવાનું ગાડું ગલીમાં દાખલ થતું નજરે પડ્યું.

ચાનો એક ઘૂંટડો ભરીને ગ્લાસને હૉટેલના છોકરાના હાથમાં પકડાવીને એ ઝડપથી ગાડા પાસે જઈને બોલ્યો : "અલ્યા એય, તારું નામ શું છે ?"

ગાડામાંથી ઊતરતાં ગાડાવાળાએ જવાબ આપ્યો : "બંસીલાલ."

"ક્યાં જઈ રહ્યો છે ?"

"ડ્યૂટી પર જાઉં છું," એણે અણગમો બતાવતાં કહ્યું, એ સિપાહીઓથી ડરતો નહોતો. તેને ત્યાં ભીડ દેખાઈ ન હોત તો તે રોકાયો પણ હોત નહિ. ગીત ગાતો ગાતો ત્યાંથી પસાર થઈ જાત. ઇમરતીબાઈ બહાર આવે કે ન આવે તો પણ અહીંથી જ્યારે જ્યારે પણ એને ડ્યૂટી પર જવાનું થતું ત્યારે ત્યારે તે એક વાર ગીત જરૂર આલાપી દેતો.

"સાંભળ એય બંસીલાલ," સિપાહીએ એને તતડાવી દેતાં કહ્યું, "ડ્યૂટી કેન્સલ કરી દે. સ્મશાને જવું પડશે."

"કોણ મર્યું છે ?" બંસીલાલે પોતાની ચાબુકવાળી લાકડી ગાડીમાં મૂકતાં કહ્યું.

"ઇમરતીબાઈ," ટોળીમાંથી કોઈકે કહ્યું.

"શું કહ્યું ?" એને વિશ્વાસ બેઠો નહિ અને એણે ફરીથી પૂછ્યું : "શું કહ્યું ?"

"અહીંથી મડદું જલદી જલદી ઉપાડી લે, ને એનં ઠેકાણે પહોંચાડી દે, સમજ્યો ? હું પોલીસ ચોકીએ જાઉં છું. રિપોર્ટ કરવો પડશે." સિપાહીએ એનો ખભો થાબડ્યો. પછી ખીસામાંથી એક ચોળાયેલી મેલી નોટબુક કાઢીને એમાં પેન્સિલથી કંઈક લખતો લખતો એ આગળ ચાલ્યો ગયો.

આણે ગાડું સડકને કિનારે ઊભું રાખ્યું હતું. જરા જોઉં, કહેતોક એ અંદર તરફ ચાલ્યો ગયો. હજી સુધી ત્યાં ભેગા થયેલ માણસોમાંથી કોઈ અંદર ગયું નહોતું. એ ગયો તો એની સાથે એમાંથી થોડાક ચાલવા લાગ્યા.

મડદું ખાટની ઉપર રાખ્યું હતું. એના ઉપર કોઈએ ચાદર પણ નહોતી ઓઢાડી.

બંસી આ ઓરડીમાં પહેલી વાર આવ્યો હતો. અંદર દાખલ થતાં તેને થોડોક કચવાટ પણ થયો.

ઇમરતીને એણે ઘણી વાર જોઈ હતી, એને એણે કોઈ નહિ ને કોઈ દિવસ એને ત્યાં જવાનો મનસૂબો પણ ઘડી રાખ્યો હતો. ગોરો ને ગુલાબી દેહ, ને આટલું વપરાઈ ગયા પછી પણ કસેલું લાગતું એવું એનું બદન !

પણ એ ત્યાં કદીયે જઈ શક્યો નહિ. એટલા પૈસા હાથમાં ન આવ્યા. એ જાણતો હતો કે ઇમરતીબાઈને ત્યાં ઘરાકો ભલે ઓછા આવે, પણ એનો રેઈટ ઊંચો છે ને એ એનાથી નીચે ઊતરે તેવી નથી. ને જો કદાચ ઊતરે તો પણ પોતાને શા માટે પસંદ કરે ? એને પોતાના રૂપરંગની જાણ હતી. એને ખબર હતી કે પોતે

બદસૂરત હતો અને કદ નાનું હોવાને અંગે બીજાઓની દયા અને હાંસીને પાત્ર બનતો. એ દયા અને હાંસી સામે આવતાં કે તરત એ પોતાનો ગુસ્સો ગળી જઈને આગળ ચાલ્યો જતો.

ડ્યૂટી બજાવી લીધા પછી સાંજના ભાગમાં એ સફેદ કુરતું અને પાતળું ધોતિયું પહેરીને સિનેમાના થિયેટર સુધી ટહેલવા નીકળતો અને વાંસળી ઉપર ફિલ્મી ગાણાં વગાડીને છોકરાઓને ભેગા કરતો. વાંસળીને કારણે એની પોતાની એક મંડળી થઈ ગઈ હતી.

ઇમરતીબાઈનું મોં તદ્દન વિકૃત થઈ ગયું હતું અને હોઠ જરીક ખુલ્લા રહી ગયા હતા. છાતી આગળથી સાડી ખસી ગઈ હતી અને સાથળવાળો ભાગ પણ ઠીક ઠીક ખુલ્લો થઈ ગયો હતો. એનું આ રૂપ જોઈને એને જરા દુઃખ થયું. હવે ઢીલ કરી શકાય તેવું છે નહિ એમ વિચારીને એ આગળ વધ્યો અને શરીર પર સાડી ઢાંકી દીધી.

"ખાટને બહાર કાઢવાની જરૂર નથી," તેણે પોતાની જાતને કહ્યું. પછી લાશને પગ આગળથી પકડીને એણે કહ્યું, "જરા મદદ કરજો." એક માણસે ગરદનને અને બીજાએ પીઠને ટેકો આપ્યો અને લાશ બહાર લાવવામાં આવી.

"જરા થોભો," તેણે સ્ફૂર્તિથી કહ્યું. "જરા ગાડું ધોઈ લઉં." મડદાં ઊંચકવાનો એને અભ્યાસ હતો. પણ એ પહેલો જ અવસર હતો કે જ્યારે એને લાગ્યું કે આવા ગંદા ગાડામાં મડદાંને લઈ જઈ શકાય નહિ.

પાડાની પીઠ ઉપર લાકડી ટેકવીને એ ગાડાને પાણીના નળ સુધી લઈ ગયો. નળ ચાલુ કર્યો ને મજા કરતો કરતો ગાડું ધોવા લાગ્યો. એ હથેળીથી પાણી ગાડાની બહાર તથા અંદર ઊલેચતો હતો હતો ને પછી એક મેલાં કપડાંથી રગડ રગડ કરીને સાફ કરતો હતો. એક વાર ઊંચો થઈને એ પાડાની પીઠ પર બેસી ગયો અને પોતાના સાફ થઈ ગયેલા ગાડાને જરા પ્રસન્ન બનીને જોઈ રહ્યો. પછી પોતાની મેળે જ, જરા વધારે ધોઈ લઉં, કહેતો ઊતરી ગયો ને ફરી ધોવા મંડ્યો.

લાશની આસપાસ દસવીસ માણસો ભેગા થઈ ગયા હતા. ગાડાને ખૂબ જોરથી હલાવતો હલાવતો એને એ એમની તરફ લઈ ગયો. જરા હટો, જરા જગા કરો, પછી જરાક હાંફતો જેવો ઊતર્યો ને પોતાને જાણે એક વાર એકત્રિત કરી લઈને બૂમ મારી, "જરા મદદ કરજો, મડદાને હાથ આપજો."

માણસો જરીક આગળ વધ્યા અને લાશને પાછી પહેલાંની જેમ ઉપાડી લીધી—જરા સંભાળીને !

એ ગાડા ઉપર ચડી ગયો હતો ને લાશ મૂકવા માટે જગ્યા કરી રહ્યો હતો. પણ મડદાને સુવડાવી દઈ શકાય એટલી જગ્યા નહોતી. એને થોડીક પરેશાની થઈ

અને મ્યુનિસિપાલિટી ઉપર થોડોક ગુસ્સો આવ્યો. આટલા નાના ગાડામાં તો બચ્ચાની લાશ પણ જઈ શકે નહિ !

એ રીતે નહિ, આ રીતે. એણે બીજા બે માણસોની મદદથી લાશને ગાડામાં અર્ધી લાંબી કરી દીધી. ખભા પરનો અંગૂછા ઉતાર્યો ને શબના માથા નીચે તકિયા જેવું બનાવી દીધું. આટલુ બધું કરી લીધા પછી એને થોડોક સંતોષ થયા જેવું થયું.

ગાડા ઉપર ઊભા રહ્યે રહ્યે એણે એ બધાઓ ઉપર એક અછડતી નજર નાખીને પોતે એ બધા કરતાં કંઈક ઊંચો હોવાનો અનુભવ કર્યો. એ લોકોમાંથી કોઈ પણ એને કંઈ કહે, કરે, એ પહેલાં એણે ગાડું હાંકી દીધું, અને જરા શ્રદ્ધાપૂર્વક પોતે પણ બેસી ગયો.

થોડે દૂર જઈને એણે પાછળ ફરીને જોયું તો ટોળું વીખરાઈ રહ્યું હતું. એક માણસ આગળ વધીને ઇમરતીબાઈના ઘરને સાંકળ મારી રહ્યો હતો.

એણે ગાડું વધારે ઝડપથી ચલાવ્યું અને બરોબર વળાંક પર આવીને અટક્યો, ઊતર્યો અને ઊતરીને જોયું. એ બરોબર તો છે ના ? લાશ એવી જ અર્થી લાંબી થઈને પડી હતી. માત્ર આ ધમાધમમાં કપડું ખસી ગયું હતું અને આખું શરીર લગભગ નગ્ન થઈ ગયું હતું. એક વાર એની નજર એના પર ચોંટી ગઈ. પછી એને શરમ જેવું લાગ્યું અને એણે શરીરને કપડાથી ઢાંકી દીધું. પછી પાનની દુકાન તરફ ગયો.

એના ખીસામાં સાત રૂપિયા હતા, પગારમાંથી બચાવીને રાખ્યા હતા. એમાંથી જે જે ચીજો લેવાની હતી તે બધાની નોંધ, કેટલાયે દિવસોથી, તેના મગજમાં પડી હતી. એણે ખિસ્સામાંથી કાઢીને રૂપિયા હાથમાં લઈ લીધા ને પછી એ હાથને દુકાન તરફ લંબાવતો બોલ્યો, “આનાં પરચૂરણ આપો.”

પાનવાળો એની સામું જોઈને હસ્યો. “એટલું છૂટું નથી.”

પણ એણે સાંભળ્યું ન હોય તેમ કહ્યું, “જરા જલદી કરજો, વખત થઈ ગયો છે.”

એણે જોયું કે પાનવાળાએ એક કપડાના થેલામાંથી પરચૂરણનો ઢગલો કાઢ્યો છે ને એ ગણી રહ્યો છે.

થેલી હાથમાં આવતાંવેંત એની હિંમત વધી ગઈ ને એ ઝટ દઈને ગાડામાં બેસી ગયો.

હાંકતી વખતે એણે જોયું કે પાનવાળો અને બેત્રણ બીજાઓ તેને જોઈને હસી રહ્યા હતા અને કાથો લગાડવાની દાંડલી હલાવી હલાવીને પાનવાળો એના તરફ ગંદા ઇશારા કરી રહ્યો હતો.

એણે મનમાં ને મનમાં એને ગાળ દઈ દીધી ને જોર કરીને એક ડંડો પાડાની પીઠ ઉપર લગાવી દીધો.

મહોલ્લાની બહાર નીકળી ગયા પછી તેને થાકનો અનુભવ થયો. તડકો સખત હતો અને એટલી મહેનત પછી એને પરસેવો વળવા લાગ્યો હતો. લોકો ફૂટપાથો ઉપર આવતા-જતા હતા અને દુકાનો લગભગ ખૂલી ગઈ હતી.

એ એક વાર પાછળ ફર્યો ને લાશ કઈ હાલતમાં છે તે જોયું. બધું બરોબર હતું. માત્ર માથું જરાક નીચે ખસી ગયું હતું. ગાડું ઊભું રાખીને એ ઊતર્યો ને તકિયો ફરી પાછો સરખો ગોઠવી દીધો.

આમતેમ કરવાથી શબ જરા જેટલું હલી ગયું ત્યારે એ અચાનક થથરી ગયો. એના જીવતા શરીરને સ્પર્શ કરવાના વિચારથી એને રોમાંચ જેવું થઈ ગયું અને એની નાડીઓ જરા જોરથી ધબકી ઊઠી. ફરી પાછો એ પોતાની જગ્યાએ બેસી ગયો હતો ને વિચારી રહ્યો હતો કે આના શરીર ઉપર જો સરસ સાડી હોત તો કેટલું સરસ લાગત ! રંગબેરંગી સાડી પહેરીને એને દરવાજા ઉપર ઊભી રહેતી એણે જોઈ હતી. રાણી રૂપમતી ! દરેક વખતે એને લાગતું કે એ કોઈકની વાટ જોતી ઊભી છે. પગપાળા ગલીમાં દાખલ થતાંવેંત એનું દિલ ધડકવા માંડતું અને એના દરવાજા આગળથી પસાર થતાં તો વળી વધારે જોરથી ધડકતું. ઘણી ઇચ્છા થતી છતાં પણ એ એની આંખો સાથે આંખો મેળવી શકતો નહોતો. શરમથી ગરદન નીચી કરીને આગળ નીકળી જતો. જ્યારે ઠીક આગળ નીકળી જતો ત્યારે પાછળ ફરીને એને જરૂર જોતો જ અને એને ખબર પડતી કે એ હજી ત્યાં ઊભી છે. રાણી રૂપમતી ! એના ત્યાં ઊભા રહેવાની અને પોતાના ત્યાંથી પસાર થવાની વચ્ચે એણે એક સંબંધ જોડી દીધો હતો. કોઈક નહિ ને કોઈક દિવસે હું જરૂર એની પાસે જઈશ જ.

કાંખમાં રાખેલી થેલીને એણે અડી જોયું. એના પર પ્રેમથી હાથ ફેરવ્યો, પછી મૂઠીમાં થોડાક સિક્કા કાઢીને આમતેમ જોઈને એને ઊંચે ઉછાળ્યા. રસ્તા ઉપર વરસતા પૈસાના ખણખણાટથી દુકાનો પર બેઠેલા અને ફૂટપાથો પર ચાલી રહેલા લોકો એક ક્ષણ પછી ચોંકી ઊઠ્યા. કેટલાક નાના નાના છોકરાઓ અને ભિખારીઓનું ટોળું એ તરફ ધસી ગયું. એણે ગાડું થોભાવ્યું અને એમને સહુને સિક્કાઓ ઉપર તૂટી પડતા અને ઝાપટ લગાવતા જોઈ રહ્યો. જ્યારે આખી સડકમાંથી સિક્કાઓ સાફ થઈ ગયા ત્યારે તેણે ફરીથી થેલીમાં હાથ નાખીને મૂઠી ભરી સિક્કા ફરીથી બહાર કાઢ્યા અને ફરીથી ઊંચે ઉછાળ્યા ને ભરેલા કંઠથી લલકાર કર્યો :

રામ નામ સત છે,
સહુની આ જ ગત છે.

પૈસા ઉપર ઝાપટ મારતાં મારતાં એ સહુએ તાંત્રિક ઢબે એ ઝીલી, સામે એ જ શબ્દો ઉચ્ચાર્યા.

એણે ગાડું મોજથી આગળ ચલાવ્યું. જાનવરની પીઠ ઉપર ધડાધડ દસવીસ ડંડા લગાવી દીધા. ગાડું દોડવા લાગ્યું અને એની પાછળ પાછળ પૈસા લૂંટવાવાળાઓનું ટોળું પણ.

આગલા વળાંક આગળ એણે દોડતા ગાડાને ઓચિંતું રોકી દીધું ને બૂમ પાડી :

રામ નામ સત છે,
સહુની આ જ ગત છે.

અત્યાર સુધીમાં તો ગાડાની આગળ અને પાછળ સારું એવું ટોળું જામી ગયું હતુ. એ, એ ટોળાંને હાંકી રહ્યો હતો, કેટલાક લોકોએ ગાડાને પકડીને રાખ્યું હતું. ગાડુ જાણે નનામી બની ગયું હતું.

એની પાસે પાસે ચાલી રહેલો એક ભિખારી રામનામની બૂમોમાંથી ધીમે ધીમે અવાજ કાઢતો બોલ્યો, "શેઠ, વાજું કરી લ્યો."

અંદરની વિહ્‌વળતાથી એની આંખો લગભગ બંધ થઈ ગઈ હતી. ભિખારીએ પોતાના સૂચનને ફરી ઉચ્ચારતાં કહ્યું, "લઈ આવું શેઠ ?"

"લઈ આવ." આ વખતે એણે મૂઠી ભરીને પૈસા સડકની જમણી બાજુ ફેંક્યા, ને ટોળું, પાણીએ રસ્તો બદલ્યો હોય તેમ, એ બાજુ વળીને એની ઉપર ઝાપટ મારી રહ્યું.

આ દરમિયાન એક બીજો ભિખારી ઢગલા જેટલાં ફૂલ અને થોડી માળાઓ લઈ આવ્યો હતો. ગાંડું ઊભું રહ્યું, એ ઊતર્યા અને બધાંય ફૂલો અને માળાઓ તેણે શબ ઉપર ફેલાવી દીધાં.

"કોણ હતું ?" ફૂટપાથ ઉપર ઊભા રહેલા કેટલાક લોકો વાત કરી રહ્યા હતા તે તેણે સાંભળ્યું.

"ઇમરતીબાઈ." માળા ફેંકતાં ફેંકતાં તેનો હાથ આનંદથી ધ્રૂજી ઊઠ્યો.

"ઇમરતીબાઈ કોણ ?"

"રંડી હતી." તેની નજર ગુસ્સામાં ઊંચી થઈ.

"મશહૂર રંડી." એણે ગર્વથી એમની તરફ જોયું.

અત્યાર સુધીમાં બજાર આવી ગઈ હતી.

"વગડાવું શેઠ ?"

"વગડાવ."

એ ઊંચો થઈને પાછો પોતાના ગાડામાં બેસી ગયો, ને વાજું વાગવા લાગ્યું. વાજાને અંગે ટોળું વધારે મોટું થયું હતું. એણે થેલીમાંથી પૈસા કાઢી લીધા અને સડક પર ફેંકવા અને વેરી દેવા લાગ્યો.

રામ નામ સત છે,
સહુની આ જ ગત છે.

આટલી બધી ભીડ જોઈને પોતે એને શી રીતે સંભાળવી એની સમજ નહોતી પડતી. છતાં એને વિશ્વાસ હતો કે પોતે સંભાળી લેશે. એક વાર એને ઇચ્છા થઈ ગઈ કે પોતે આ નનામીની દિશા બદલી નાખે ને હંકારતો હંકારતો એને ઇમરતીબાઈના દરવાજા સુધી લઈ જઈને ઊભો રહે. એના મનમાં ગલીપચી થઈ ગઈ. પણ પોતાની એ ગલીપચીને છુપાવી દઈને એણે ઝડપ વધારી દીધી. તડકો વધારે જોરદાર બની ગયો હતો. આખો કાર્યક્રમ જલદી સમેટવો જોઈશે. બધું જ જલદી જલદી પતી જશે. અને ખતમ થઈ જશે એ ખ્યાલથી એના દિલમાં એક સણકો પણ આવી ગયો. આમ ને આમ ચાલ્યા કરે તો !...

એણે માથું ઊંચું કર્યું ને જોયું કે નવજુવાન અને બુઢ્ઢી સ્ત્રીઓ અગાસીઓ ઉપર ચડીને ટોળાં કરતાં કે વાજાં કરતાંયે વિશેષ તો પોતાને જોઈ રહી હતી. એણે નીડરતાથી અને સીધી નજરથી એમના તરફ જોયું અને એ શું કહી રહી છે એ સાંભળવા મન કર્યું.

વાજાંના અવાજ વચ્ચેથી એણે બેએક શબ્દો પકડ્યા :

"અરે, કંઈ નથી, બંસી મહેતર છે."

મહેતર શબ્દ સાંભળતાં જ એના રંગમાં ભંગ પડી ગયો, ને એણે ઉપર અને ઘરોના દરવાજામાં ઊભેલી સ્ત્રીઓ અને બાળકો તરફ ગુસ્સામાં જોયું.

પોતાને કોઈ મહેતર કહે એ, એ કદીયે સહન કરી શકતો નહિ. એ બીજાઓ કરતાં ચોખ્ખો રહેતો હતો અને પોતાની જ્ઞાતિના તમામ નવયુવકોને એણે કહી રાખ્યું હતું કે જો કોઈ તમને મહેતર કહે તો તમે મેલું સાફ નહિ કરતા.

પોતા માટે મહેતર શબ્દ સંભળાતો જોઈને એ ધૂંધવાઈ ઊઠ્યો. એણે પોતાની પાસે ચાલી રહેલા ભિખારીને બૂમ પાડીને કહ્યું, "વાજું જોરથી વગડાવ."

થેલીને ફંફોળતાં એને લાગ્યું કે બહુ જ થોડા સિક્કા બાકી રહ્યા છે અને એને સંભાળીને વાપરવા જોઈએ. પૈસા ફેંકવાને બદલે હવે એ પોતાના ગાડામાંની ટીનની પેટી પર ઊભો રહી ગયો.

રામ નામ સત છે.
રામ નામ સત છે.

શહેરની બહાર નદી હતી અને નદીની સામી બાજુ સ્મશાનભૂમિ. છેટેથી પુલ દેખાતો હતો.

એણે થોડાક પૈસા હાથમાં લીધા અને પૂરા જોરથી એને ફેંક્યા જેથી એ દૂર દૂર સુધી વેરાઈ જાય. અંજાઈ જઈને આમતેમ ભાગતાં ટોળાંને એ આનંદ પામતો જોઈ રહ્યો.

ગાડું જ્યારે પુલ સુધી પહોંચ્યું ત્યારે તેણે તેને અટકાવી દીધું. ભિખારીને થેલી સાથે પૈસા સોંપતાં તેણે કહ્યું, "પાછા લઈ જાવ."

વાજું બંધ થઈ ગયું. અને છોકરાઓ અને ભિખારીઓનું ટોળું પાછું વળવા લાગ્યું. હવે માત્ર રસ્તે જતા ત્રણચાર માણસો ત્યાં ઊભા હતા.

એણે સાંભળ્યું કે એમાંથી એક કહતો હતો, "હું કહું છું કે, એ હલ્યું છે."

"શું હલ્યું છે ?" એની તરફ ધસી જતાં એણે કહ્યું.

"તમારું મડદું."

શું સાચેસાચ હલ્યું છે ? મડદાંની જીવતા થઈ જવાની વાતો એણે સાંભળી હતી. એણે સાંભળી રાખ્યું હતું કે કેટલીક વાર ચિતા પરથી પણ મડદાં બેઠાં થઈ જાય છે. મરી ગયેલા માણસનો જીવ ફરીથી પાછો આવી જાય છે, આમ કેમ થાય છે એની ખબર નથી પણ ડાક્ટરો પણ માને છે કે દફનાવ્યા પહેલાં એક વાર પૂરેપૂરી તપાસ કરી લેવી જોઈએ.

એ દોડીને મડદાં ઉપર ઝૂક્યો. એણે જોયું કે મડદું જરાક ખસી તો જરૂર ગયું જ હતું. એનો હાથ આનંદ અને અવિશ્વાસથી કંપી રહ્યો હતો. એણે ચાદરની અંદરથી શબનો હાથ બહાર કાઢ્યો એની નાડી ઉપર આંગળીઓ મૂકી દીધી.

કંઈક ધડકી તો રહ્યું હતું જ. ખૂબ જોરજોરથી. શરીર ઠંડુ છે ને નાકની પાસે હાથ લઈ જવા છતાં શ્વાસ વરતાતો નથી તો પછી ધડકી શું રહ્યું છે ?

પોતાની છાતી ઉપર એણે હાથ મૂક્યો ને એને ખબર પડી કે હૃદયની બીમારીના દર્દીની જેમ એનું હૃદય જોરજોરથી ધડકી રહ્યું હતું. ખૂબ જ જોરથી એણે ગાડું ફરી હાંકી દીધું હતું અને પુલ પરથી ચાલ્યો જતો હતો. બન્ને બાજુ પાણીનો વિસ્તાર હતો અને કિનારા ઉપર રેતીના ઢગલા. એ ઢગલાઓ ઉપર તડકો ચમકતો હતો.

ટોળાંથી છૂટા પડ્યા પછી એ એકલો થઈ ગયો હતો અને ક્યાંય કોઈ હતું નહિ; માત્ર એનું ગાડું અને એનાં પૈડાં બોલી રહ્યાં હતાં.

પુલ પાર કરીને એણે ગાડું ઢાળ ઉપર ઉતારી દીધું. સ્મશાનઘરમાં દાખલ થતાં એને ભય વરતાવા લાગ્યો.

છેડા આગળ એક મડદું બળી રહ્યું હતું. તેની દુર્ગંધ એના નાકમાં ઘૂસી ગઈ.

ગાડું એણે બરોબર ચોકીદારના ઘરની સામે ઊભું રાખ્યું – બિલકુલ ધીરેથી અને સંભાળી સંભાળીને.

"કોણ આવ્યું છે ?" ચોકીદારે પોતાનું રજિસ્ટર ખોલીને પૂછ્યું. "બાળવાનું છે ?"

"દાટવાનું છે."

"નામ ?"

"ઇમરતીબાઈ"

"ઉંમર ?"

"બત્રીસ વરસ." એણે જરાય અચકાયા વિના કહ્યું.

"વરનું નામ ?" ચોકીદારે પોતાની આંખ ઊંચી કરીને સવાલ કર્યો.

એ જરા અટક્યો, આમતેમ જોયું – જાણે કોઈ સાંભળી તો નથી રહ્યું ના ? – પછી કહ્યું : "બંસીલાલ વાલ્મીકિ."

એને એણે હાથ લંબાવીને સહી કરી દીધી.

બહાર આવીને સંભાળપૂર્વક એણે શબ ઉતાર્યું. એના ઉપર બરોબર ઓઢાડીને સાડી ઢાંકી દીદી. પાવડો ઉપાડ્યો અને ખાડો ખોદવા લાગ્યો.

# બપોરનું ભોજન

અમરકાન્ત

સિદ્ધેશ્વરીએ રસોઈ કરી લીધા પછી ચૂલો બુઝાવી દીધો અને બન્ને ઘૂંટણોની વચમાં માથું રાખીને પગની આંગળીઓને કે જમીન પર ચાલી રહેલી કીડી–મંકોડીઓને જોવા લાગી. અચાનક એને ખબર પડી કે એને ઘણા બધા સમયથી તરસ લાગી છે. એ ગાંડાની જેમ ઊઠીને માટલીમાંથી લોટો ભરાય એટલું પાણી લઈને ગટગટાવી ગઈ. એકલું પાણી એના કાળજામાં વાગ્યું અને એ 'હાય રામ' બોલીને ત્યાં જ જમીન પર લાંબી થઈને સૂઈ ગઈ.

લગભગ અર્ધા કલાક સુધી ત્યાં એ જ રીતે પડ્યા રહ્યા પછી એના જીવમાં જીવ આવ્યો. એ બેઠી થઈ ગઈ, આંખોને જરાતરા ચોળીને અહીંતહીં જોયું અને પછી એની નજર ઓસરીમાં અર્ધા તૂટ્યાફૂટ્યા ખાટલામાં સૂતેલા પોતાના છ વર્ષના દીકરા પ્રમોદ ઉપર ચોંટી ગઈ. છોકરો તદ્દન નાગો પડ્યો હતો. એના ગળા તથા છાતીનાં હાડકાં ચોખ્ખાં દેખાઈ આવતાં હતાં. એના હાથપગ વાસી કાકડી જેવા સૂકા અને નિર્જીવ લાગતા હતા, અને એનું પેટ હાંડાની જેમ ફૂલેલું હતું. એનું મોં ખુલ્લું હતું અને એના પર અગણિત માખીઓ ઊડી રહી હતી.

એ ઊઠી, છોકરાના મોં પર પોતાનું એક ફાટેલું, ગંદુ બ્લાઉઝ નાખ્યું અને અર્ધી એક મિનિટ સુધી સૂનમૂન જેમની તેમ ત્યાં ઊભી રહ્યાં પછી બહાર દરવાજા આગળ જઈને બારણાંની આડમાંથી ગલીમાં જોવા લાગી. બાર વાગી ગયા હતા. તડકો ખૂબ જ જોરદાર હતો, અને ક્યારેક ક્યારેક એકાદ-બે વ્યક્તિઓ માથા ઉપર ટોપી પહેરીને કે અંગૂછો નાખીને અથવા મજબૂત હાથે ઉઘાડી છત્રી ઉપાડીને જલદી જલદી નજરની સામેથી ચાલી જતી હતી.

દસપંદર મિનિટ સુધી એ ત્યાં એ જ રીતે ઊભી રહી, પછી એના ચહેરા ઉપર વ્યગ્રતા ફેલાઈ ગઈ અને એણે આકાશ તરફ અને જોરદાર તડકા તરફ ચિન્તાપૂર્વક જોયું. એકબે ક્ષણ પછી એણે માથું બારણામાંથી જરા વધારે બહાર કાઢ્યું ને ગલીના છેડા તરફ જોયું. તેનો મોટો દીકરો રામચન્દ્ર ધીરે ધીરે ઘર તરફ ચાલી આવતો નજરે પડ્યો.

એણે જલદી જલદી એક લોટો પાણી ઓસરીની બાજઠ આગળ નીચે મૂકી

દીધું ને પોતે રસોડાની ચોકડીમાં જઈને ખાવાના સ્થળને જલદી જલદી પાણીથી લીંપવા લાગી. ત્યાં પાટલો મૂકીને એણે માથું દરવાજા તરફ ફેરવ્યું જ હતું ત્યાં તો રામચંદ્રે અંદર પગ મૂક્યો.

રામચંદ્ર આવીને ધમ્મ કરતોકને બાજઠ ઉપર બેસી ગયો. ને પછી ત્યાં જ લોથપોથ થઈને લાંબો થઈ ગયો. એનું મોં લાલ લાલ થઈ ગયું હતું અને ચડી ગયું હતું. એના વાળ આડાઅવળા વીખરાઈ ગયેલા હતા અને તેના ફાટેલા જૂના જોડા પર ધૂળ ચોંટી ગઈ હતી.

પહેલાં તો એની પાસે જવાની સિદ્ધેશ્વરીની હિંમત જ ચાલી નહિ અને એ ભયભીત હરિણીની જેમ માથું ઊંચુંનીચું કરીને અને આમતેમ ફેરવીને વ્યગ્રતાથી દીકરા તરફ જોતી રહી; પરંતુ, લગભગ દસ મિનિટ વીતી જવા છતાં પણ જ્યારે રામચંદ્ર ઊભો થયો નહિ ત્યારે એ ગભરાઈ ગઈ. એની પાસે જઈને બોલાવ્યો : "મોટા ! મોટા !" પણ એણે કંઈ જવાબ વાળ્યો નહિ. એટલે એ ડરી ગઈ અને છોકરાના નાક પાસે પોતાનો હાથ મૂક્યો. શ્વાસ બરોબર ચાલતો હતો. પછી માથા ઉપર હાથ મૂક્યો, જોયું, તાવ ન હતો. હાથ અડવાથી રામચંદ્રે આંખો ખોલી. પહેલાં એણે મા સામે સુસ્ત નજરે જોયું, ને પછી તરત જ ઊઠીને બેઠો થઈ ગયો. બૂટ કાઢીને અને નીચે રાખેલા લોટાના પાણીથી હાથપગ ધોઈને એ યંત્રની માફક બાજઠ પર આવીને બેસી ગયો.

સિદ્ધેશ્વરીએ ડરતાં ડરતાં પૂછ્યું : "જમવાનું તૈયાર છે. અહીં જ લાવું ?"

રામચંદ્રે ઊભા થતાં થતાં પૂછ્યું : "બાપુજીએ ખાઈ લીધું ?"

સિદ્ધેશ્વરીએ રસોડા તરફ ચાલી જતાં જવાબ આપ્યો : "આવતા જ હશે."

રામચંદ્ર પાટલા પર બેસી ગયો. એની ઉંમર લગભગ એકવીસ વર્ષની હતી, લાંબો, દૂબળોપાતળો, ગોરા રંગનો, મોટી મોટી આંખો અને હોઠો ઉપર કરચલી ! એ એક સ્થાનિક દૈનિક વર્તમાનપત્રમાં પોતાની ઇચ્છાથી પ્રૂફરીડિંગનું કામ શીખતો હતો. પાછલી સાલ એણે ઇન્ટર પાસ કરી હતી.

સિદ્ધેશ્વરીએ જમવાની થાળી લઈને એની સામે મૂકી ને પાસે બેસીને પોતે પંખો નાખવા લાગી. રામચંદ્રે ખાવાનાની તરફ ફિલસૂફની જેમ જોયું. કુલ બે રોટલીઓ, વાટકો ભરીને પાણીવાળી દાળ અને ચણાનું તળેલું શાક હતું.

રામચંદ્રે રોટલીના પહેલા બટકાને ગળે ઉતારતાં પૂછ્યું : "મોહન ક્યાં છે ? બહુ જ સખત તાપ પડે છે."

મોહન સિદ્ધેશ્વરીનો વચલો દીકરો હતો. એની ઉમ્મર અઢાર વર્ષની હતી. આ વર્ષે એ હાઈસ્કૂલની પ્રાઇવેટ પરીક્ષા દેવાની તૈયારી કરી રહ્યો હતો. એ ઘરમાંથી ક્યારે ગુમ થઈ ગયો હતો તેની ખબર નહોતી ને સિદ્ધેશ્વરીને પોતાને પણ ખબર નહોતી કે એ ક્યાં ગયો છે.

પણ સાચું કહેવાનું એને મન થયું નહિ અને એણે જૂઠું જ કહ્યું : "કોઈક છોકરાને ત્યાં વાંચવા ગયો છે. આવતો જ હશે. એનું મગજ ઘણું તેજ છે, ને એનું મન ચોવીસે કલાક વાંચવામાં જ લાગી રહેતું હોય છે. હંમેશાં વાંચવાની જ વાત કર્યા કરે છે."

રામચંદ્રે કશું કહ્યું નહિ. એક બટકું મોંમાં રાખીને પાણી ભરેલો ગ્લાસ ગટગટાવી ગયો, ને પાછો ખાવામાં લાગી ગયો. એ ખૂબ નાના નાના ટુકડા તોડી તોડીને ધીરે ધીરે ચાવી રહ્યો હતો.

સિદ્ધેશ્વરી ભય અને ચિન્તાપૂર્વક પોતાના દીકરાને એકીટસે જોઈ રહી હતી. થોડા વખત વીત્યા પછી એણે ડરતાં ડરતાં પૂછ્યું : "ત્યાં કંઈ થયું કે નહિ ?"

રામચંદ્રે પોતાની મોટી મોટી ભાવવિહીન આંખોથી પોતાની માને જોઈ. પછી માથું ઢાળી દઈને શુષ્કતાથી કહ્યું : "વખત આવ્યે બધું સારું થઈ જશે."

સિદ્ધેશ્વરી ચૂપ રહી. તાપ વધારે જોરદાર બની ગયો હતો. નાના આંગણાંની ઉપર વાદળાંના એક બે ટુકડા સઢવાળી નાવડીઓની માફક આકાશમાં તરી રહ્યા હતા. બહારની ગલીમાંથી પસાર થઈ રહેલા ખડખડભડભડ કરતા એક્કાઓનો અવાજ આવ્યા કરતો હતો અને ખાટલામાં સૂતેલા છોકરાના શ્વાસનો ખડખડ અવાજ સંભળાયા કરતો હતો.

રામચંદ્રે ઓચિંતા જ ચૂપકીનો ભંગ કરતાં પૂછ્યું : "પ્રમોદે ખાઈ લીધું ?"

સિદ્ધેશ્વરીએ પ્રમોદ તરફ જોતાં ઉદાસ સ્વરમાં કહ્યું : "હા, ખાઈ લીધું."

"રડ્યા તો નહોતો ના ?"

સિદ્ધેશ્વરી પાછું જૂઠું બોલી : "આજ તો સાચે જ નથી રડ્યો. એ ખૂબ જ હોશિયાર થઈ ગયો છે. કહેતો હતો, મોટાભાઈને ત્યાં જઈશ, એવો છોકરો છે ... !

પણ એ વધારે કંઈ બોલી શકી નહિ. જાણે એના ગળામાં કંઈક અટકી ગયું. કાલે પ્રમોદે રેવડી ખાવાની જીદ કરી હતી અને એને માટે દોઢ કલાક સુધી રોયા પછી સૂતો હતો.

રામચંદ્રે આશ્ચર્યપૂર્વક પોતાની મા તરફ જોયું અને પછી પાછો માથું નીચું રાખીને જરા જલદી ખાવા લાગ્યો.

થાળીમાં જ્યારે રોટલીનો માત્ર એક જ ટુકડો બાકી રહ્યો ત્યારે સિદ્ધેશ્વરીએ ઊભા થવા જેવું કરીને પ્રશ્ન કર્યો : "બીજી એક રોટલી લાવું ?"

રામચન્દ્ર હાથથી ના પાડતો રઘવાટથી બોલી ઊઠ્યો : "ના, ના, જરા પણ નહિ. મારું પેટ તો ક્યારનું ભરાઈ ગયું છે. હું તો આ પણ છાંડવાનો છું. બસ, હવે નહિ."

સિદ્ધેશ્વરીએ આગ્રહ કર્યો : "ઠીક, તો અર્ધી તો લે."

રામચન્દ્ર બગડ્યો : "વધારે પડતું ખવડાવી દઈને માંદો પાડી નાખવાનું મન છે ! તમે લોકો જરા પણ વિચાર કરતાં નથી. બસ, પોતાની જીદને જ વળગી રહેવું ! ભૂખ હોત તો શું માગી ન લેત ?"

સિદ્ધેશ્વરી જ્યાં હતી ત્યાં જ બેઠી રહી. રામચંદ્રે થાળીમાં વધેલા ટુકડા ઉપરથી હાથ ખેંચી લીધો અને લોટાની તરફ જોઈને કહ્યું : "મા, પાણી આપ."

સિદ્ધેશ્વરી લોટો લઈને પાણી લેવા ચાલી ગઈ. રામચંદ્રે વાટકાને આંગળીઓથી વગાડી જોયો. પછી થાળીમાં હાથ રાખી દીધો. એકબે પળ પછી રોટલીના ટુકડાને ધીરેકથી હાથથી ઉપાડીને આંખથી જોયો ને અંતે આમતેમ જોઈ લઈને ટુકડાને, એ જાણે ખાવાનો કોળિયો ન હોય પણ પાનનું બીડું હોય એટલી સરળતાથી મોઢામાં મૂકી દીધો.

વચલો દીકરો મોહન આવતાંવેંત જ હાથપગ ધોઈને પાટલા પર બેસી ગયો. એ થોડોક શામળો અને એની આંખો કંઈક નાની હતી. એના ચહેરા ઉપર શીળીના ડાઘ હતા. એ પોતાના ભાઈના જેવો દૂબળોપાતળો હતો પણ એટલો લાંબો નહોતો. એ ઉંમરના પ્રમાણમાં વધારે ગંભીર અને ઉદાસ લાગતો હતો.

સિદ્ધેશ્વરીએ એની પાસે થેલી મૂકતાં પૂછ્યું : "ક્યાં ચાલી ગયો'તો. દીકરા ? ભાઈ પૂછતો હતો."

મોહને રોટલીના એક મોટા બટકાને ગળે ઉતારવાનો પ્રયત્ન કરતાં અસ્વાભાવિક જાડા અવાજમાં કહ્યું : "ક્યાંય ગયો નહોતો, અહીં જ હતો."

સિદ્ધેશ્વરી ત્યાં બેઠી બેઠી પંખો હલાવતી હલાવતી જાણે સ્વપ્નમાં બડબડતી હોય તેમ બોલી : "મોટો તારા ખૂબ જ વખાણ કરતો હતો. કહેતો'તો, મોહન ખૂબ હોશિયાર થશે. એનું મન ચોવીસે કલાક વાંચવામાં જ લાગેલું રહેતું હોય છે." અને પછી, પોતે જાણે કંઈક ચોરી કરી હોય એ રીતે એ પોતાના વચલા દીકરા તરફ જોઈ રહી.

મોહન પોતાની માની સામે જોઈને ફિક્કું હસ્યો અને પાછો ખાવામાં મંડી પડ્યો. પિરસાયેલી બે રોટલીમાંથી એ એક રોટલી, વાટકામાંની ત્રણ ચતુર્થાંશ ભાગની દાળ અને શાકનો મોટો ભાગ સાફ કરી ચૂક્યો હતો.

પોતે શું કરવું એ સિદ્ધેશ્વરીની સમજમાં ન આવ્યું. આ બન્ને છોકરાઓનો એને ખૂબ જ ડર લાગતો હતો. અચાનક એની આંખો ભરાઈ આવી. એ બીજી બાજુ જોવા લાગી.

થોડીવાર પછી એણે મોહન તરફ મોં ફેરવ્યું ત્યારે છોકરો ખાવાનું લગભગ પૂરું કરી ગયો હતો.

સિદ્ધેશ્વરીએ ચોંકી જઈને કહ્યું : "એક રોટલી આપું છું."

મોહને રસોઈ તરફ રહસ્યભર્યા નેત્રોથી જોયું, પછી સુસ્ત અવાજે કહ્યું : "ના."

સિદ્ધેશ્વરીએ ગડગડાવતાં કહ્યું : "ના, ભાઈ, મારા સમ છે. થોડીક તો લે જ. તારા ભાઈએ પણ લીધી'તી."

મોહને પોતાની મા સામે ધ્યાનથી જોયું, પછી ધીરેધીરે, કોઈક શિક્ષક પોતાના શિષ્યને સમજાવતો હોય તે રીતે જવાબ આપ્યો : "ના રે, બસ. મૂળમાં તો ભૂખ જ નથી; વળી તેં રોટલી પણ એવી બનાવી છે કે ખાઈ જ નથી શકાતી. ખબર નથી કેવી લાગે છે એ. ભલે, પણ જો તારી ઇચ્છા જ હોય તો વાટકામાં થોડી દાળ આપી દે, દાળ બહુ જ સરસ થઈ છે."

સિદ્ધેશ્વરી કંઈ કહી શકી નહિ, તેણે વાટકાને દાળથી ભરી દીધો.

મોહન વાટકાને મોંએ લગાડીને સૂ સૂ કરતો કરતો દાળ પી રહ્યો હતો ત્યાં જ મુનશી ચંદ્રિકાપ્રસાદ જોડાને ખસ ખસ કરતા ઘસડતા ઘસડતા આવ્યા અને રામનું નામ લઈને બાજઠ પર બેસી ગયા. સિદ્ધેશ્વરીએ સાડીને માથા ઉપરથી જરા નીચે સુધી ખેંચી, ને મોહન દાળને એકીશ્વાસે પી જઈને ને પાણીના લોટાને હાથમાં લઈને ઝડપપૂર્વક ઘરની બહાર ચાલ્યો ગયો.

બે રોટલી, વાટકો ભરીને દાળ અને ચણાનું તળેલું શાક! મુનશી ચંદ્રિકાપ્રસાદ પાટલા ઉપર પલાંઠી મારીને બેઠા અને રોટલીના એકએક બટકાને એવી રીતે ચાવી અને ચૂસી રહ્યા કે જાણે કોઈ બુઢ્ઢી ગાય ખોરાક વાગોળતી ન હોય ! એમની ઉંમર પિસ્તાલીસ વર્ષ આસપાસની હતી; પરંતુ એ પચાસપંચાવનના લાગતા હતા. શરીરની ચામડી ઝૂલવા માંડી હતી અને ટાલવાળી ખોપરી અરીસા જેમ ચમકતી હતી. ગંદા ધોતિયાની ઉપર ધાર્યા કરતાં વધારે ચોખ્ખું ગંજીફરાક તારેતારમાં છૂટું પડીને લટકી રહ્યું હતું.

મુનશીજીએ વાટકાને હાથમાં લઈને દાળને જરા સબડાવતાં સબડાવતાં પૂછ્યું : "મોટો દેખાતો નથી ?"

સિદ્ધેશ્વરીને પોતાના હૃદયમાં શું થઈ ગયું છે એની સમજ નહોતી પડતી; જાણે કંઈક કપાઈ રહ્યું હોય તેવું લાગતું હતું. પંખાને જરા જોરથી વીંઝતી બોલી : "હમણાં જ ખાઈને કામે ગયો છે. કહેતો'તો કે થોડા દિવસોમાં નોકરી મળી જશે. હંમેશાં બાપુજી બાપુજી કર્યે રાખે છે, કહેતો'તો : બાપુજી તો દેવતા જેવા છે."

મુનશીજીના ચહેરા ઉપર થોડીક ચમક આવી ગઈ. શરમાઈને પૂછ્યું : "શું એમ કહેતો'તો કે બાપુજી દેવતા જેવા છે ? ગજબ ગાંડો છે !"

સિદ્ધેશ્વરીને જાણે નશો ચડ્યો હતો. ઉન્માદના દરદીની માફક એ બોલવા

માંડી : “ગાંડો નથી, ઘણો હોશિયાર છે. પહેલાંના જમાનાનો કોઈ મહાત્મા છે. મોહન તો એનું ઘણું માન રાખે છે. આજે કહેતો'તો કે મોટાભાઈનું ગામમાં ઘણું માન છે. ભણેલાગણેલાઓમાં મોટો માણસ ગણાય છે, ને મોટો તો નાના ભાઈઓ માટે પ્રાણ પાથરે છે. દુનિયામાં એ બધુંય સહન કરી શકે છે, પણ એના પ્રમોદને કંઈ થઈ જાય એ જોઈ શકતો નથી.”

મુનશીજી દાળવાળા હાથ ચાટી રહ્યા હતા. એમણે સામેના ખૂણામાં જોતાં જોતાં કહ્યું : “મોટાનું મગજ તો સાચે જ ભારે તેજ છે. નહિ તો નાનપણમાં એ ઘણો નટખટ પણ હતો. હંમેશાં નાચવાકૂદવામાં જ મચ્યો રહેતો'તો. પણ એ પણ ખરું કે હું એને જે પાઠ મોઢે કરવાને આપતો હતો એને એ કડકડાટ બોલી જતો. ખરી વાત તો એ છે કે ત્રણે છોકરાઓ પૂરતા હોશિયાર છે. પ્રમોદને તું શું જેવોતેવો સમજે છે ?” આમ કહીને એ ઓચિંતાના જોરથી હસી પડ્યા.

મુનશીના દોઢ રોટલી ખાઈ લીધા પછી એક કોળિયા સાથે યુદ્ધ કરી રહ્યા હતા. જરા મુશ્કેલી વરતાતાં એક ગ્લાસ પાણી ગટગટાવી ગયા. પછી ખડખડ કરતાં ખાંસી ખાવા લાગ્યા.

પાછું બધું શાંત થઈ ગયું. દૂરથી લોટની કોઈ ચક્કીનો પુકપુક કરતો અવાજ સંભળાતો હતો અને પાસેના લીમડાના ઝાડ પર બેઠેલો કોઈ હોલો લગાતાર બોલી રહ્યો હતો.

શું કહેવું એ સિદ્ધેશ્વરીની સમજમાં આવતું નહોતું. એ ઇચ્છતી હતી કે બધી વાત એ બરોબર પૂછી લે, બધી વાત બરોબર જાણી લે અને દુનિયાની દરેક વાત વિશે એ પહેલાંની માફક બેધડક વાત કરે. પણ એની હિંમત નહોતી ચાલતી. એના મનમાં કોણજાણે કેવોય ડર ઘૂસી ગયો હતો.

હવે મુનશીજી સંકોરાઈ જઈને, મૂંગા મૂંગા, જાણે પાછલા બે દિવસથી એમણે મૌનવ્રત ધારણ કરી લીધું હોય અને આજે સાંજે ક્યાંક જઈને એ તોડવાના હોય એ રીતે ખાઈ રહ્યા હતા.

સિદ્ધેશ્વરીથી જાણે રહેવાયું નહિ. બોલી : “લાગે છે કે હવે વરસાદ નહિ પડે.”

મુનશીજીએ એક ક્ષણવાર માટે આમતેમ જોયું ને પછી નિર્વિકાર સ્વરે અભિપ્રાય ઉચ્ચાર્યો : “માખીઓ બહુ થઈ ગઈ છે.”

સિદ્ધેશ્વરીએ ઉત્સુકતા જાહેર કરી : “ફુઆજી બીમાર છે, કંઈ સમાચાર પણ આવ્યા નથી !”

જાણે એમની સાથે વાતચીત કરવાના ન હોય એવી પ્રેમભરી નજરથી મુનશીજીએ ચણાના દાણાઓ તરફ જોયું. પછી ખબર આપી :

"ગંગાશરણબાબુની દીકરીનાં લગ્ન નક્કી થઈ ગયાં. છોકરો એમ. એ. પાસ છે."

સિદ્ધેશ્વરી ઓચિંતી મૂંગી થઈ ગઈ. મુનશીજી પણ આગળ કશું બોલ્યા નહિ. એમનું જમવાનું પૂરું થઈ ગયું હતું અને એ થાળીમાં રહી ગયેલા દાણાઓને વાંદરાની જેમ વીણી રહ્યા હતા.

સિદ્ધેશ્વરીએ કહ્યું : "દીકરાના સમ. એક રોટલી મૂકું છું. હજી ઘણીબધી છે."

મુનશીજીએ પત્નીની તરફ અપરાધીની જેમ અને રસોઈ તરફ ત્રાંસી નજરે જોયું. એ પછી કોઈ ઘડાયેલા ઉસ્તાદની અદાથી બોલ્યા : "રોટલી રહેવા દે, પેટ પૂરું ભરાઈ ગયું છે. તેં નાહકના સોગન આપી દીધા. ખેર, સોગન પાળવા ખાતર લઉં છું. ગોળ હશે શું ?

સિદ્ધેશ્વરીને એમણે કહ્યું કે "હાંડલીમાં ગોળનું થોડુંક પાણી બનાવ. હું એ પીશ. તારા સોગન પણ પળાશે, સ્વાદ પણ બદલાશે, ને સાથે સાથે પાચનશક્તિ પણ સરખી થઈ જશે. હા, રોટલી ખાતાં ખાતાં તો નાકમાં દમ આવી ગયો છે." એમ કહીને એ ખડખડાટ હસી પડ્યા.

મુનશીજીનું પતી ગયા પછી સિદ્ધેશ્વરી એમની એંઠી થાળી લઈને ચોકડીમાં નીચે જમીન પર બેસી ગઈ. તાંબડીમાંથી દાળને એણે વાટકામાં ઠાલવી નાખી, પણ એ પૂરો ભરાણો નહિ. તપેલીમાં થોડું ચણાનું શાક વધ્યું હતું એને એણે પાસે ખેંચી લીધું. રોટલીની થાળીને પણ એણે પાસે ખેંચી લીધી.

એમાં ફક્ત એક જ રોટલી વધી હતી. જાડી, ગંદી ને બળી ગયેલી એ રોટલીને એંઠી થાળીમાં મૂકવા જતી હતી ત્યાં અચાનક તેનું ધ્યાન ઓસરીમાં સૂઈ રહેલા પ્રમોદ તરફ ખેંચાયું. થોડીક વાર સુધી એણે છોકરાને એકીટસે જોયા કર્યો ને પછી રોટલીને સરખે સરખા બે ટુકડામાં વહેંચી નાખી. એક ટુકડાને જુદો રાખી દીધો ને બીજાને પોતાની એંઠી થાળીમાં મૂકી દીધો. એ ઉપરાંત, એક લોટો પાણી લઈને એ ખાવા બેસી ગઈ. એણે પહેલો કોળિયો મોંમાં મૂક્યો, ને ત્યારે કોણજાણે ક્યાંથી તેની આંખોમાંથી આંસુ ટપટપ ટપકવા લાગ્યાં.

આખુંયે ઘર માખીઓથી ગણગણ કરી રહ્યું હતું. આંગણાની વળગણી ઉપર એક ગંદી સાડી ટીંગાતી હતી. તેમાં થીંગડાં લાગેલાં હતાં. બન્ને મોટા દીકરાઓનો ક્યાંય પત્તો નહોતો. બહારની ઓરડીમાં મુનશીજી ઊંધા વળીને નિશ્ચિંતતાથી સૂઈ રહ્યા હતા – જાણે કે દોઢ મહિના પહેલાં સરકારી ભાડાનિયંત્રણ વિભાગની કારકુનીમાંથી તેમને છૂટા કરવામાં આવ્યા જ ન હોય અને સાંજના તેમણે કામ શોધવા માટે ક્યાંય જવાનું જ ન હોય, તે રીતે.

# વાડની આ પાર ને પેલે પાર

## જ્ઞાનરંજન

હવે અમારા પડોશમાં મુખર્જી રહેતો નથી, એની બદલી થઈ ગઈ છે. હવે જે નવા આવ્યા છે તે અમારી સાથે કંઈ સંબંધ રાખતા નથી. એ લોકો પંજાબી લાગે છે – કે કદાચ પંજાબી ન પણ હોય. એમના સંબંધી કંઈ ખબર પડતી નથી. જ્યારથી એ આવ્યા છે ત્યારથી એમને વિશે જાણવાની કોઈ ગજબની ચળ ઊપડી છે. ખબર નથી કેમ, પણ મારાથી અનાસક્ત રહેવાતું નથી. મુસાફરીઓમાં પણ સાથે મુસાફરી કરનારાઓથી હું અપરિચિત રહેતો નથી, કદાચ એ જ સ્વભાવ છે, પણ અમારા ઘરમાંનું કોઈ પણ એ લોકો બાબતમાં અનાસક્ત નથી. અમે ઇજ્જતદાર માણસો છીએ. વહુ-દીકરીનો મામલો હોય એટલે બધુંય જાણવું જોઈએ. એટલે તો અમે હંમેશાં જાણતા રહીએ છીએ, ઉત્સુક રહીએ છીએ અને નવા પડોશીઓની ગતિવિધિઓ વિશે 'ઇમ્પ્રેશન' રાખતા રહીએ છીએ. હું એમને મારે ઘેર સહકુટુંબ બોલાવવા ઇચ્છું છું ને એમને ઘેર આવવા જવા ઇચ્છું છું, પરંતુ એ લોકોને તો, કદાચ, મારી આ લાગણીઓની સંભાવનાની પણ ખબર પડતી લાગતી નથી. એમનું જીવન સામાન્ય રીતનું નથી. એ લોકો પોતાના વરંડાની બહારની કઠોર જમીન ઉપર ખુરશીઓ નાખીને દિવસનો ઘણો સમય બેઠા રહેતા હોય છે. એમની એ ખુરશીઓ હંમેશાં ત્યાં જ પડી રહેતી હોય છે—રાતના પણ. એ બેદરકાર માણસો છે, પણ એમની ખુરશીઓ કદીયે ચોરાઈ ગઈ નથી.

અમારા મકાન બાજુ સરકારી ઑફિસ છે અને ઊંચી ઈંટોની દીવાલ પણ. પાછળ બે માળવાળી ઇમારતના ફ્લૅટોનું પછવાડું છે અને સામે મુખ્ય સડક છે. આ રીતે અમારા કુટુંબને બીજા કોઈ કુટુંબની પ્રતિક્ષણની નિકટતા હવે ઉપલબ્ધ નથી. મોટાં શહેરોમાં એકબીજાં સાથે સંબંધ રાખ્યા વિના પોતામાં જ નિબદ્ધ બનીને જીવવાની જે વિશેષતા જોવા મળે છે, કંઈક એવી જ વિશેષતાઓ અને સંસ્કારોવાળા માણસો અમારા નવા પડોશીઓ લાગે છે. આ શહેર અને મહોલ્લો બંને શાંત છે. લોકો મંથર ગતિથી આવે-જાય છે અને ધારણા મુજબ નિરાંત જીવે આંટા માર્યે રાખે છે. કેમકે અહીં જીવનમાં તીવ્રતા નથી. એટલે અમને અમારા પડોશીઓ વિચિત્ર લાગે છે.

હું બહાર નીકળું છું. એ લોકો સવારની ચા પી રહ્યાં છે. નવ વાગ્યા છે. પતિપત્ની ઉપરાંત એક છોકરી છે. છોકરી એમની દીકરી હશે. આ ત્રણે લોકો જ હંમેશાં દેખાયા કરે છે, ચોથું કોઈ નથી. આમ તો છોકરી સુંદર નથી, પણ ટાપટીપવાળી યુવતી છે. જો સરખો મેકઅપ કરે તો કદાચ સુંદર પણ લાગે. હું જોઉં છું કે એ વારંવાર અને ખૂબ ખૂબ હસે છે. એનાં માબાપ પણ હસે છે. એ બધાં હંમેશાં ખુશ હોય તેવાં જ દેખાય છે. એમની પાસે કેવી કેવી વાતોનો ખજાનો હશે, અને એ હંમેશાં હસતાં શા માટે હશે ? શું એમના જીવનમાં હસતાં રહેવાને માટેની જ સુખદ પરિસ્થિતિઓનો ઢગલો હશે ? શું એ લોકો જિંદગીની કઠિન અને વાસ્તવિક પરિસ્થિતિઓથી ગાફેલ હશે ? મને આશ્ચર્ય થાય છે. હું મારા અને પડોશીના ઘરની સરખામણી કરવા લાગું છું.

હમણાં જ એ લોકો મને ચોંકાવી નાંખે એવું સકારણ હાસ્ય હસી રહ્યાં છે. મારું ધ્યાન ગુલાબની ક્યારીઓ તરફ હતું. મારી ખુરપી અટકી ગઈ, એમનું હસવાનું અટકતું નથી. છોકરી ખુરશી છોડીને ઊભી થઈ ગઈ છે. છલકાઈ જવાની બીકથી એણે ચાનો પ્યાલો એની માના હાથમાં આપી દીધો છે. એ સીધી ઊભી નથી, બેવડ વળી ગઈ છે. કોઈક મજેદાર કે ચમચમતી વાત હશે, જેણે એનામાં હાસ્યનો વિસ્ફોટ આણી દીધો છે. છોકરી હસવાને અંગે લાચાર બની ગઈ છે. એને ભાન નથી રહ્યું કે એનો દુપટ્ટો માત્ર ખભા ઉપર જ લટકી રહ્યો છે. એની છાતીઓમાં મુક્ત અને તેને ખબર ન પડે તેવી હલચલ મચી રહી છે. બસ થયું હવે ! હવે એની માએ એના બેધ્યાનપણા ઉપર ગુસ્સે થવું જોઈએ. ખબર નથી પડતી કે એ કેવી છે કે એને એમાં કશું ખરાબ નથી લાગતું. કદાચ મારા સિવાય એ લોકોમાંથી કોઈનું પણ ધ્યાન એ તરફ ગયું નથી.

રોજેરોજ મારી લાચારી વધતી જાય છે. મારા નવા પડોશીઓ પ્રત્યે મનમાં એક જાતનું વિવશતાભર્યું ખેંચાણ વધતું જતું હોય તેમ લાગ્યા કરે છે. હું જ શા માટે, પપ્પી પણ હંમેશાં કુતૂહલથી ભરીભરી એ છોકરીના કુરતાના કપડાનાં વખાણ કર્યે રાખે છે. રસોડામાંથી ભાભી પણ જ્યારે ત્યારે તેમના તરફ તાક્યા કરે છે. અને દાદીને તો પડોશીના ઘરમાં ક્યારે શિંગોડાં કે દૂધી ખરીદાઈ અને ક્યારે એમને ત્યાં ચૂલો સળગ્યો ત્યાં સુધીની બધી ખબર રહે છે. આ બધા છતાં એ લોકો અમારા માણસોમાં રતીભાર પણ રસ લેતાં નથી.

એ છોકરી અમારી તરફ કદી જોતી પણ નથી. એનાં માબાપ પણ જોતાં નથી. એમ પણ નથી લાગતું કે એ લોકો પ્રયત્નપૂર્વક અમારી તરફ જોતાં નથી. વાતચીત કરવાની સ્થિતિ તો દૂર દૂરની અને અકલ્પનીય લાગે છે. કદાચ એમને પોતાની દુનિયામાં અમારા પ્રવેશની દરકાર જ નથી. શક્ય છે કે એ લોકો અમને નીચા

સમજતાં હોય, અથવા તો અમારી નિકટતાથી એમને કોઈ જાતની અશાન્તિનો સંદેહ અથવા ભય લાગતો હોય. એ વાત ક્યાં સુધી ખરી છે તે ખબર નથી પડતી પણ મારા મિત્રોને જોઈને મારા પિતાના મનમાં પપ્પીની બાબતમાં જે જાતનો ભય ઊભરાઈ આવે છે એવો ભય, એ છોકરીનાં માબાપની આંખમાં, પોતાની છાતી સામે એક જુવાન છોકરાને જોઈને, પોતાની દીકરીની બાબતમાં ઊભરાઈ આવતો લાગતો નથી.

એમને ત્યાં રેડિયો વાગતો નથી, અમારે ત્યાં તો હંમેશાં જોરજોરથી વાગે છે. એમના ઘરની સામેની જમીન સાવ સૂકી વેરાન છે, ત્યાં ઘાસનું એક તણખલું પણ નથી. અમારા ઘરની સામે લોન છે, બાજુમાં શાકભાજીની વાડી છે, ને તીવ્ર ગંધ આવે એવાં ફૂલોની ક્યારીઓ પણ છે. એ છોકરી મારીબહેન અને ભાભીને પોતાની બહેનપણીઓ કેમ બનાવી લેતી નથી ? એનાં માતાપિતા મારાં માતાપિતા સાથે હળીમળી કેમ નથી જતાં ? એ લોકો પોતે પીએ છે એના કરતાં વધારે સુંદર પ્યાલાઓમાં અમને ચા પીતાં કેમ દેખતાં નથી ? એમણે અમને પોતાના સંપર્કોની યાદીમાં ઉમેરી લેવાં જોઈએ. એ લોકોએ અમારી સઘળી ચીજો સાથે સંબંધ રાખવો જોઈએ. વાડની ઉપર જ, અમારી બાજુ, ગીચ અને ઊંચું આંબલીનું ઝાડ છે. એમાં છ-છ ઇંચ ઊંચી ફળીઓ લટકે છે. છોકરીઓને આંબલી જોઈને ઉન્માદ થઈ આવે છે. પણ પડોશની આ છોકરી ફળીઓને જોઈને કદીએ લલચાતી નથી. એણે અમારા ઝાડની આંબલીઓ તોડીને મને ક્યારેય ખુશ નથી કર્યો.

હું પ્રતીક્ષા કરું છું...

અમારા પડોશીઓને એવી કોઈ મુશ્કેલી નથી કે જેને માટે એ લોકોને અમારો સહકાર પામવાની જરૂર પડી હોય. અમારા ઘરમાં અને બીજાઓના ઘરમાં જેવી અંદર અંદરની મારામારી કે પરેશાનીઓ થતી હોય છે તેવી ચિંતાતુરતા હું ત્યાં જોતો નથી. છોકરીના બાપના કપાળ પર કરચલીઓ પડતી હશે અને એની મા ક્યારેક ક્યારેક પોતા ઉપર ખિજાઈ પણ જતી હશે, પણ અહીંથી એવું કશું જોવા કે સાંભળવામાં આવતું નથી. સંભવ છે કે છોકરીના મનમાં એનો પોતાનો એવો કોઈ સર્વથા નિજનો જ ખૂણો હોય, કોઈક મૂંઝવણ કે ઊર્મિઓની ખેંચતાણ હોય. હોય પણ ને કંઈ ન પણ હોય. નિશ્ચિતરૂપે કંઈપણ સમજી શકાતું નથી.

રાતના ઝાઝે ભાગે એમના વચલા ઓરડાની બત્તીઓ સળગે છે જેમાં મુખર્જી પોતાના આખા ઘરને લઈને સૂતો હતો. લાગે છે કે એ લોકો અંદર પણ સાથે મળીને બેસે છે અને ગુફતેગો કરે છે. એમની પાસે કદી પૂરી થાય જ નહીં એવી કથાઓ કે જેમાંથી અક્ષય તૃપ્તિ મળે એવા વાર્તાલાપના વિષયો હશે. એમ ને એમ, પોતાની મેળે જ, લાંબો અને ઠંડો શ્વાસ મારા મુખમાંથી સરી પડે છે. અમારા

ઘરમાં તો મોસમ, મચ્છર, બાળકોનાં જન્મ, સગાંવહાલાંઓની બુરાઈઓ, ચૂલો, રસોડું તથા વર્તમાનને ભુલાવી દેવાવાળા ભવ્ય અતીતના દિવ્ય પુરુષોની વાતોની જ બોલબાલા રહેતી હોય છે.

એમના અને અમારા મકાનની વચમાંની વાડ માત્ર નજીવી એવી જ આડ રચે છે. વાડ માટીની એક ફૂટ ઊંચી પાળી જેવડી છે. કડવાં કરમદાં અને ક્યાંય સુધી લંબાયેલા એવા સૂકા, અક્કડ જંગલી થોરની આડ. જેનાં નામની ખબરે ન હોય તેવી કેટલીક ઝાડીઓ છે જેમાં હંમેશાં ઊધઈ લાગેલી હોય છે. આ ઝાડીઓનાં પાન ચમકદાર લીલા રંગનાં છે. પાળ વચ્ચે વચ્ચે કોઈ કોઈ જગ્યાએ તૂટી ગયેલી છે ને એમાંથી રસ્તા બની ગયા છે. આ રસ્તાઓમાંથી શાકભાજીવાળાઓ અને ફળ વેચનારાઓ આવતા-જતા રહે છે. ઝાડુવાળી ને છાપાં વેચનારો પણ આવે-જાય છે. પોસ્ટમૅન અને દૂધવાળો તો વર્ષોથી એ રસ્તાનો ઉપયોગ કરી રહ્યો છે. કૂતરાં-બિલાડાંના બેધડક આવવા-જવાથી તથા ઘાસ અને ફૂલના છોડ ખાઈ જનારાં પશુઓથી થયેલું નુકસાન સહન કર્યા પછી ચોપડીઓ લેવા માટે પણ આ જ રસ્તેથી અવરજવર થયા કરે છે. આ વાડ એટલી સગવડવાળી અને સહેલી છે કે અમે સાઇકલ પરથી ઊતર્યા વિના તૂટેલ ભાગોમાંથી રમતાં રમતાં અહીંથી ત્યાં જઈ શકીએ છીએ. પહેલાં જતા હતા પણ હવે નથી જતા; કેમકે અમારા પડોશીઓ પૂરતી તો એ વાડ કદીએ ઉલ્લંઘન ન કરી શકાય તેવી કોઈ વસ્તુ છે.

એમને આવ્યે ત્રણ મહિના થઈ ગયા છે.

વાંચવાને માટે મોટે ભાગે હું મારું ટેબલ બહાર કાઢું છું. ગરમીના દિવસોમાં સખત તરસ લાગી હોય ત્યારે બરફનો ટુકડો જેટલો સુખદ લાગે તેટલી સુખદ આજકાલ બહારની હવા લાગે છે. પણ બહાર વાંચવું મુશ્કેલ બની જાય છે. આંખો વાડને ઓળંગી જાય છે. મન પડોશીના ઘરમાં ભમવા લાગે છે. જુવાન અને અસમ્પૃક્ત છોકરી ! ખુશમિજાજ અને નીડર માતાપિતા ! ભગવાને જો મને એના ઘરમાં જન્મ આપ્યો હોત ! મન આમ ઊડ્યા કરે છે.

કોઈ કોઈવાર આ પડોશી છોકરી એકલી જ બેઠી રહે છે. કોઈકવાર કામ કરતી અથવા કોઈકવાર કામ વિના ઘૂમતી ઘૂમતી એ પોતાના મકાનની સામા છેડાની દીવાલ સુધી ચાલી જાય છે. કોણીઓ ટેકવીને રસ્તા સામે જોઈ રહે છે. પાછી આવે છે. અમારા મહોલ્લામાં બીજા મહોલ્લાઓના રખડુ છોકરાઓ પણ ખૂબ આવે છે. એમ તો અમારા મહોલ્લામાં પણ એવા છોકરાઓ ઓછા નથી. પણ એ તો હંમેશાં એથી અજાણી અને મુક્ત જ રહે છે. એનું હલનચલન નિર્બંધ અને મસ્ત હોય છે. એથી ઊલટું, અમારે ત્યાં તો, ભાભી પૂજાનાં ફૂલ લેવા જવું હોય તો પણ પપ્પીને સાથે લઈને જ નીકળે છે. એ બહાર પણ ડરતાં હોય છે અને

ઘરમાં પણ. એમને ડરમાં જ રાખવામાં આવે છે. પપ્પી ઉપર પણ સખત દેખરેખ રાખવામાં આવે છે. એક વાર પડોશવાળી છોકરીના પિતા પોતાની પત્નીના ખભા ઉપર હાથ રાખીને વાત કરવા લાગ્યા તે જોઈને તરત જ કંઈક બહાનું કાઢીને પપ્પીને અંદર બોલાવી લેવામાં આવી. પછી તો એ દૃશ્યે અમારા ઘરમાં ખળભળાટ મચાવી દીધો. કેવી નિર્લજ્જતા છે ! ધીમે ધીમે કરીને અમારા ઘરનાં માણસો પડોશીઓને ખતરનાક જેવા માનવા લાગ્યાં છે.

દિવસો તો વીતતા જ જાય છે. હવે જ્યારે અમારા પડોશીઓનું અમારી બાજુમાં હોવું કે ન હોવું એ સરખું જ છે ત્યારે તેમનામાં પહેલાં જે રસ લીધો હતો તે વધારે જોરશોરપૂર્વક તેમના પ્રત્યેની અરુચિમાં ફેરવાઈ જવા લાગ્યો છે. ધીમે ધીમે અમારા ઘરમાં પડોશીઓને દુનિયાની બધી જ બુરાઈઓના 'રેફરન્સ' જેવા બનાવી દેવામાં આવ્યા છે. અમારા લોકોની આંખો હજાર વાર વાડની પેલી બાજુ જયા કરે છે. જરૂરી ને બિનજરૂરી રોજ-બ-રોજનાં કામોની વચ્ચે આ પણ એક 'રૂટિન' બની ગયું છે. બીજી ઘણી બધી ચિન્તાઓની સાથે મનમાં આ એક નવી ઉદ્વિગ્નતા પણ સામે પથરાયેલી છે. હું પોતે પણ મારો ઘણો બધો સમય સામે જોયા કરવામાં ખરચી નાખું છું, પણ એ બાજુથી કોઈની પણ નજર કદીયે આ બાજુ આવતી નથી.

આજુબાજુમાં ક્યાંક ઊભેલું ડીઝલ એન્જિન એને સિગ્નલ ન મળવાથી ચીસો પાડી રહ્યું છે. એના અવાજનું નવાપણું ચોંકાવનારું છે. અમે બધાં હવે થોડીવાર સુધી ડીઝલ એન્જિનની બાબતમાં જ વાતો કરતાં રહીશું.

આજે બપોરથી એ પડોશીઓ ઘરમાં નથી. એમને ત્યાં મહેમાન જેવા બેત્રણ માણસો આવીને રહ્યા છે. કંઈ ગરબડબરબડ નથી. હમેશ જેવી જ નિશ્ચિતતા છે. હું ઊઠીને અંદર ગયો. ભાભી વાળ સૂકવી રહ્યાં છે. પછી ખબર નથી કે શા માટે, પણ એમણે પડોશી છોકરીના સંબંધમાં કંઈક ગંદી મશ્કરી કરી. હું મનમાં હસતો હસતો હસતો બહાર આવી ગયો ત્યારે એ છોકરી અને એની મા પણ 'પેક' કરેલો સામાન લઈને બજારમાંથી આવતાં દેખાયાં. પિતા પાછળ રહી ગયા હશે.

સાંજના અને બીજે દિવસે સવારે પણ એમને ત્યાં લોકો આવતાંજતાં રહ્યાં પણ એમાં કંઈ વધારે પડતું કહેવાય તેવું નહોતું. એમના ઘરમાં કોઈક સાધારણ ઉત્સવ હોય એવું વાતાવરણ ઊભરાઈ આવ્યું હતું—ફિક્કું ફિક્કું. પણ જ્યારે દૂધવાળાએ કહ્યું કે આગલી રાતના જ એ છોકરીના વિવાહ થયા છે ત્યારે એ સમાચાર અમને સહુને ચકિત કરી દે તેવા લાગ્યા. અહીં પરેડ ગ્રાઉન્ડ આગળ રહેતો કોઈ માણસ છે. આર્ય સમાજની વિધિથી લગ્ન થયાં છે. ભાભીએ મારી સામે મશ્કરીભર્યા ખેદથી જોયું ને મને હસવું આવી ગયું, મોટે મોટેથી હસવું આવ્યું.

અમે બધાં કેવા હવાઈ ખ્યાલોવાળાં છીએ એ ખ્યાલે હસવું આવતું હતું. વચ્ચે વચ્ચે એમના ઘરમાં બેચાર માણસો આવજા કરી રહે છે. એ લોકો ઘરની અંદર જાય છે ને થોડી વારમાં બહાર નીકળીને ચાલ્યા જાય છે. વધારે પડતાં ગંભીર અને શિસ્તને ચાહનારા લોકો છે એ. કોઈ કોઈવાર કેટલાંક બાળકો ભેગાં મળીને કલશોર કરે છે અને દોડે છે, પણ બાકી કશી ધમાલ નથી. જાણે બાકી બધું સરળતા અને સગવડતાપૂર્વક થઈ ગયું છે. ખબર નથી પડતી કે શું અને કઈ રીતે થયું હશે. અમારા ઘરમાં આ ઘણો બેચેનીભર્યો દિવસ છે. કલાકો પછી એ છોકરી બહાર આવી. કદાચ પહેલી જ વાર એણે સાડી પહેરી હતી. સાડી સંભાળતી સંભાળતી અને હાથમાં નારિયેળ લઈને એ વરંડામાં ગઈ. એનામાં ચૈતન્ય દેખાય છે, પરંતુ એ સાડીમાં લપેટાઈ ગઈ હોવાથી એની મસ્ત ચાલ ટૂંકા ડગલાવાળી બની ગઈ છે. પોતાની આંખથી પોતાનાં ડગલાં જોતી જોતી ચાલતી રહી. એણે કોઈની આડ ન લીધી કે ન પોતાના પતિની પાસે ચાલવા સિવાય તેણે પરંપરાગત નવવધૂ જેવો કશો સંકોચ કે શરમ બતાવ્યાં. એના પતિનો ચહેરો મને મારા કોઈ મિત્રના ચહેરા જેવો લાગી રહ્યો છે. કોઈ પણ જાતની રોકકળ થતી નથી. છોકરીની મા એના બંને ગાલોને કેટલીયે વાર ઊંડા ભાવપૂર્વક ચૂમી ચૂકી છે. તેના પિતા તેના માથા પર હાથ ફેરવી રહ્યા છે. છોકરીની આંખોમાં હવે પાણીની આછી ચમક અને નવા જીવનનો ઉત્સાહ છૂપો રહેતો નથી.

વાડની એક બાજુથી બીજી તરફ ખિસકોલીઓ દોડી રહી છે. મા મારી પાસે છોકરીના ન રડવા બાબત આશ્ચર્ય પ્રકટ કરી રહી છે. એના મત પ્રમાણે એ છોકરી ભણીગણી છે એટલે કઠોર થઈ ગઈ છે અને એટલે એને એનાં માબાપ પ્રત્યે સાચી માયા કે મમતા નથી. “આજકાલ બધાં એવાં જ હોય છે... દુઃખ વેઠી વેઠીને જેને પાળ્યાંપોષ્યાં હોય તેની આંખોમાં આંસુનાં બે ટીપાં પણ હોય નહિ !”

મારા કાનને એવું કશું સાંભળવું ગમતું નથી. હું એ જોઈ રહ્યો છું કે મારી માને તડકો ગમતો લાગે છે. તડકાનો ટુકડો જે બાજુ જાય એ બાજુ મા પણ ચાલી જાય છે. પણ ત્યારે મારા પિતા એક વિધાન કરે છે : “પહેલાંના જમાનામાં કન્યાઓ ગામની હદ સુધી રડતી રહેતી'તી જે રડતી નહિ તેને મારીને રડાવવામાં આવતી, નહિ તો સાસરિયામાં એમનું જીવન કદી સુખમાં વીતતું નહિ.” હવે એવું રહ્યું નથી એથી પિતાજીને ખૂબ દુઃખ થાય છે. જૂનો જમાનો વહી જવા માંડ્યો છે ને માણસનું દિલ હવે મશીન થઈ ગયું છે, મશીન ! આવે વખતે પિતાજીનો અવાજ ખૂબ મોટો બની જાય છે અને એમની આંખોમાં કલિયુગનાં ખંડેરો નાચવા લાગે છે.

અમારા ઘરના આકાશ ઉપરથી વાદળોના થોડા નાના અને એકલદોકલ ટુકડાઓ આગળ નીકળી ગયા છે. પડોશી છોકરીને વિદાય આપવા તેનાં

માતાપિતા અને સગાંવહાલાંઓ હવે ઘરના દરવાજા સુધી પહોંચીને ઊભાં રહ્યાં છે. વરવાળાઓ વહુને લઈ જવા માટે 'હેરોલ્ડ' મોટર લાવ્યા છે. 'હેરોલ્ડ' એક રંગીન ઓરડા જેવી લાગે છે. એ રંગીન ઓરડો ધીરે ધીરે ખસવા લાગે છે. હવે તદ્દન ચાલી ગયો છે.

સહુથીયે વધારે તોબા તો દાદી થઈ ગયાં છે. એ એકલાં એકલાં બબડી રહ્યાં છે. એમને આ વિવાહ ને લગ્ન જરાય સમજાયાં નથી. "ન રોશની, ન ધૂમ–ધડકા, ન મીઠાઈ-મલીદા ! આવી કંજૂસાઈ શા કામની ? ને વળી આવા અવસર વખતે પડોશીઓને નોતરું પણ નહિ ! વાહ રે, માણસાઈ ! રામ, રામ, રામ !"

એ લોકો છોકરીને વિદાય કરીને પાછાં આવી ગયાં છે. એ લોકોએ પોતપોતાને માટે ખુરશીઓ લઈ લીધી છે ને બહાર જ બેસી ગયાં છે. છોકરીના ચાલ્યા ગયા પછી એની મા થોડી સુસ્ત અને ગંભીર બની ગઈ છે. કેટલાક લોકો એને મળી કરીને એના મનને આનંદમાં લાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. મારો મિત્ર રાઘુ દાવો કરીને એમ સાબિત કરવાનો પ્રયત્ન કરી રહ્યો છે કે એ છોકરી દુનિયાની અનુભવી હતી. એક ઘેરી એવી ઓછપને અંગે ઉત્પન્ન થયેલા ઉદાસપણા ઉપરાંત, મને બીજો કોઈ અનુભવ થતો નથી. અજબ જેવું ખાલીપણું લાગે છે. પાછળ પડી ગયાના ભાવને અંગે આવેલું ખાલીપણું કે રાઘુની બેપરવાઈભરી ધારણાઓને અંગે ઉત્પન્ન થયેલું ખાલીપણું ? કશી ખબર પડતી નથી. છોકરી બદચાલની હતી એ વાત કોઈ કોઈ વાર એક હીન પ્રકારનું આશ્વાસન આપતી લાગે છે, કદાચ હું પણ, મારા મનના કોઈક ખૂણામાં, મારા ઘરના માણસોની માફક, મારા પડોશીઓને સહન કરી શકતો નથી.

રાત્રિ સાંજની કાંચળી ઉતારી રહી છે. વાડની પેલી બાજુ, ટેબલની આજુબાજુ બેઠેલા લોકો ઊઠી ઊઠીને વિખરાઈ ગયા છે. રોજની માફક, પડોશીઓના વચલા ઓરડામાં, વીજળીનો લૅમ્પ સળગી ઊઠ્યો છે. દરવાજાના ઉઝરડાઈ ગયેલા ભાગ પર ઝાંખો પ્રકાશ ધાબાંની જેમ ચોંટી ગયો છે. એમની રાત શાંત અને નિયમ પ્રમાણે પસાર થઈ રહી છે. એમના ઘરમાંથી એક વ્યક્તિનું ઓછું થવું એ એમને કેવું લાગતું હશે એ ખબર પડતી નથી. અમારા ઘરમાં તો પડોશીની નિન્દાનું બજાર ગરમાગરમ છે.

# સુખ

## કાશીનાથ સિંહ

ભોલાબાબુને નોકરીથી પાછા આવ્યાને એક અઠવાડિયું પણ વીત્યું નહોતું ત્યાં એક ઘટના બની ગઈ.

એ ઓરડામાં પડ્યા પડ્યા છાપું વાંચી રહ્યા હતા. એક સાંજે બારીમાંથી કોઈક કિરણ આવ્યું અને એમના ટાલવાળા માથા પર પડ્યું. એ કિરણ જાણે કોઈક નાના બચ્ચાની હથેળી હોય તેવું ગરમ અને ગાદીવાળું હતું. ભોલાબાબુ બેઠા થઈ ગયા. જોયું કે સૂરજ પહાડોની પાછળ ક્યાંક ચાલ્યો ગયો છે અને કિરણ હજી એમના માથા ઉપર છે.

એ ઊઠ્યા. એમણે સામેની દીવાલ પર હાથ મૂક્યો. થોડી ક્ષણો પહેલાં ત્યાં પણ લાલી હતી. હથેળી જરાક ગરમ લાગી. હાથ ત્યાંથી હઠાવ્યો અને પોતાના ગાલ પર રાખ્યો. ગાલની ચામડી હથેળીથી એકાદ ઇંચ જેટલી અંદર ચાલી ગઈ હતી. એમને દુ:ખ થયું. એ તરત બહાર નીકળ્યા.

બહાર લીલું ઘાસ પણ લાલ બની ગયું હતું. કંપાઉન્ડની દીવાલો પણ લાલ હતી. એ ઝડપી પગલે આગળ વધ્યા ને દીવાલ સુધી ગયા. પછી અટકી ગયા. અહીંથી સૂરજ દેખાતો હતો—પહાડોની જરીક ઉપર, વાદળોની જરીક આસપાસ, તાડ અને બાવળોની વચમાં. એમણે પોતા તરફ જોયું પહેરણનું જાડું સફેદ કપડું ગુલાબી બની ગયું હતું. એ હસ્યા : "જુઓ તો ખરા, દુનિયામાં કેવી કેવી ચીજો છે ? કેવી સરસ સરસ ચીજો ?"

ફરી પાછી તેમણે કંપાઉન્ડની દીવાલની બહાર આંખ ઘુમાવી. આમ, તેમ, છેટેથી દેખાઈ રહેલા હરિજનોના વાસ તરફ ! જોયું કે ઝૂંપડીઓ લાંબી થઈ ગઈ છે, ઝાડની ટોચ લાંબી થઈને મંદિરને અડી રહી છે, મંદિરની પાસે એક ગાય ઊભી છે ને પૂછડું હલાવી રહી છે. એમણે ગાયને ધ્યાનથી જોઈ–એ લાલ છે કે સફેદ જ છે એ નક્કી ન કરી શક્યા. વાહ, કેવી મજાક છે ! એ હસી પડ્યા.

ઓચિંતા જ ભોલાબાબુનું ધ્યાન સૂરજ તરફ ગયું. સૂરજનો ગોળો નાનોમોટો થઈ રહ્યો હતો, કંપી રહ્યો હતો.

"બિટ્ટીની મા !" તેમણે બૂમ મારી.

કંઈ જવાબ મળ્યો નહિ.

"બિટ્ટીની મા !" એમણે ફરીથી બૂમ મારી.

"શું થયું !" સાડલાથી હાથ લૂછતી લૂછતી બિટ્ટીની મા બહાર આવી.

"અરે, અહીં તો આવ."

બિટ્ટીની મા દોડી. જઈને ભોલાબાબુની બાજુમાં ઊભી રહી ગઈ.

"સામે, ત્યાં જો."

એ સડક તરફ જોવા લાગી.

"સડક નહિ, ત્યાં દૂર દૂર તાડનાં વૃક્ષોની પાછળ."

બિટ્ટીની મા એ તરફ જોવા લાગી. પછી ભોલાબાબુ તરફ ફરી અને ખુશ થઈ ગઈ.

"કેટલું સરસ છે ?" ભોલાબાબુ ગદ્‌ગદ્‌ થઈ ગયા.

"હા, બહુ જ સરસ છે." બિટ્ટીની માએ કહ્યું.

"શું બહુ સરસ છે ?" ભોલાબાબુ જમણી તરફ વળ્યા.

"ઈંટોથી લદાયેલાં ખચ્ચરો જાય છે તેનાં પગલાં, ને તેની પાછળ ચાલી રહેલા માણસો...."

ભોલાબાબુ મોટે મોટેથી હસી પડ્યા.

"બૈરીની જાત ! ખચ્ચરો ને ગધેડા સિવાય તું બીજું જોઈ પણ શું શકે તેમ છે ?"

"તો શું જોવાનું કહો છો ?"

"કંઈ નહિ. જઈને ભાત ઓસાવ ને લોટ બાંધ."

"ના. જરા મને પણ બતાવો ને." એણે હઠ પકડી.

"શું બતાવું ? રાખ ? તને ખચ્ચર દેખાડવા માટે આટલી વારથી હેરાન થાઉં છું ?"

"તો શું છે ?" બિટ્ટીની માએ જોર કર્યું.

"તાડોની વચ્ચેથી જો. ઝાંખા ઝાંખા પહાડો દેખાય છે ?"

"હા."

"લાલ સૂરજ છે ?"

"હા."

"તે જ્યાં ગોળ ગોળ લાગે છે ત્યાં પાતળાં ભૂરાં વાદળોની રેખાઓ છે ?"

"હા, છે."

"તો જો, એને બરાબર જો."

"એને શું જોવાનાં ? તમે આજે જુઓ છો, હું તો આખી જિંદગીથી જોતી રહી છું."

"હુમ્‌," ભોલાબાબુએ ડોકું હલાવ્યું. "આખી જિંદગીથી જોતી રહી છે ?"

"હા."

"સરસ. બહુ સરસ કહી રહી છે. હવે એક કામ કર કે જા ને ચૂલો ફૂંક "

બિટ્ટીની મા ઊભી રહી. ભોલાબાબુને જોતી રહી.

"હું કહું છું કે...જા" ભોલાબાબુ ચીસ પાડી ઊઠ્યા.

બિટ્ટીની મા ડરીને ચાલી ગઈ.

ભોલાબાબુ જોતા રહ્યા–સૂરજ, વાદળ, વાદળો ઉપર ઊભરાતા રંગ, રંગો ઉપર ખેંચાતી રેખાઓ, પર્વતોની સામેના ભાગ ઉપરનું ઝાંખાપણું, ઝાંખાપણાની બરોબર ઉપર શિખર ઉપરનું લાલ ધૂમસનું ઝાંખું પડવું ! પોતે જિન્દગી આખી તારમાસ્તર જ રહ્યા, એમણે વિચાર્યું. પર્વતોવાળા આ જિલ્લામાં જ રહ્યા. કોઈ ગામ, કોઈ કસ્બો, કોઈ શહેર એમણે નહોતું છોડ્યું. પણ આ સૂરજ ! આજ સુધી એ ક્યાં હતો ? છેવટે આ સાંજ ક્યાં હતી ?... આજે એ શું જોઈ રહ્યા છે ?

એમણે પોતાની પાછળ કોઈ બાળકનો હસવાનો અવાજ સાંભળ્યો.

"કોણ ? નીલું ?"

નીલું કૂદતો કૂદતો આવ્યો.

"બીજાં બધાં ક્યાં છે ?"

"રમે છે."

"ક્યાં ?"

નીલુએ મકાનની પાછળવાળા મેદાન તરફ આંગળી ચીંધી.

"ઠીક, તો જા, દોડતો દોડતો જા, બધાંને બોલાવી આવ."

નીલુ દોડી ગયો.

ભોલાબાબુ સૂરજને જોતા રહ્યા—ક્યારેક અહીંથી, ક્યારેક ત્યાંથી, ક્યારેક ઊંચા થઈને, ક્યારેક નીચા નમીને. એમણે આનંદમાં આવી જઈને તાળીઓ પાડી. એમને લાગ્યું કે જેના છેડા ઉપર કાળા વાદળની એક પાતળી રેખા છે એવો ગોળાનો ઉપલો ભાગ ડૂબી રહ્યો છે. સૂરજનાં કિરણો હવે અહીં નથી—મેદાનોમાં નથી, લીલાં ખેતરોમાં નથી, ઝૂંપડીઓ પર નથી. એ તો વાદળોની પાછળથી આકાશ તરફ જઈ રહ્યાં છે— પ્રકાશની અનેક ધારાઓમાં, અનેક રંગોમાં.

"નીલુ," એમણે પાછળ ફરીને બૂમ મારી.

કોઈ દેખાયું નહિ.

"બધાં ક્યાં ગુમ થઈ ગયા ?" એ બબડ્યા.

"અરે, એય, એ કોણ જાય છે ?"

સામેવાળી સડક ઉપરથી એક ઊંટ જઈ રહ્યું હતું. એના પર મેલું ખમીસ પહેરેલો એક માણસ બેઠો હતો. નિશ્ચિન્તતાથી એ બીડી પી રહ્યો હતો.

"હું તને જ કહું છું."

એણે માથું ફેરવીને એ તરફ જોયું.

"જરા સામે તાડોનાં ઝાડની વચમાં તો જો. ત્યાં શું છે ?"

ઊંટવાળો ત્યાં જોતો જોતો આગળ ચાલી ગયો.

"સાલ્લો," ભોલાબાબુના મોંમાંથી ગાળ નીકળી પડી.

સૂરજ ડૂબી ગયો. એ ત્યાંથી હઠી ગયા. આવીને આરામખુરસી ઉપર ચૂપચાપ બેસી ગયા. એમનું મન ઉદાસ થવા માંડ્યું.

ચાનો પ્યાલો આવ્યો. સામેના ટેબલ ઉપર મૂકી દેવામાં આવ્યો. એમણે આંખો ખોલી. સામે બિટ્ટીની મા હતી.

"જરા ધોતિયું ને લાકડી લઈ આવ તો."

"કેમ ? ક્યાંય જવું છે ?"

ભોલાબાબુ બોલ્યા નહિ.

ધોતિયું અને લાકડી આવી ગયાં. ધોતિયું પહેર્યું, લાકડી લીધી ને ચાલવા માંડ્યા. આ એવી વાત નથી કે જેને એમ ને એમ છોડી દેવાય, એમણે વિચાર્યું. પોતે આજે જશે અને કહેશે, બધાયને કહેશે. પણ સહુથી પહેલાં માધવને ત્યાં જશે. માધવ તો વકીલ છે; બધું જ સમજે છે, જાણે છે. પછી એને લઈને બીજે ક્યાંક જશે.

ભોલાબાબુ નાકા ઉપરથી વળવા જતા હતા ત્યાં સામે જોયું તો દેખાયું કે બીયાંનું ગોદામ હતું. ક્યાંકથી ત્યાં જિલ્લેદારસાહેબ પણ આવી ગયા છે ને બીજા લોકો પણ છે. એ અંદર ગયા.

"આવો આવો, તારમાસ્તર બેસો." જિલ્લેદારસાહેબે કહ્યું.

ભોલાબાબુએ ખુરશી ખેંચી ને બેસી ગયા. એમણે એમની વૃદ્ધ આંખોથી તાકીને જોયું – થોડા નવા ચહેરાઓ હતા. એમના આવવાથી વાતોમાં વિક્ષેપ પડેલો લાગ્યો.

"કહો, કંઈ મૂંઝાયેલા લાગો છો ?"

"મૂંઝાયેલો તો શું, પણ છું જ." ભોલાબાબુએ હસવાની કોશિશ કરી. પછી વાતો થવા લાગી. જિલ્લેદારસાહેબે કહ્યું કે આ સાલ નહેરોમાં ખૂબ માછલીઓ આવી છે.

"જિલ્લેદારસાહેબ, જો આપને માછલીઓનો શોખ હોય તો એક કામ કરો." એક માણસે કહ્યું.

"શું ?"

"આપ રાતના પાણી ઉપર જાળ બિછાવી દો."

"હા સાહેબ, માછલીઓ રાતના ઉભરાય છે." બીજાએ ટેકો આપ્યો.

ભોલાબાબુ માટે આ સરસ મોકો હતો. એ જરા આગળ ધસી આવ્યા. "તો પછી જાળ સાંજના જ શા માટે ન બિછાવી દેવાય ?"

"હા, એમ પણ કરી શકાય." જિલ્લેદારસાહેબે કહ્યું.

"ને સાંજે પણ ક્યારે ?" ભોલાબાબુ આગળ બોલ્યા. "જ્યારે સૂરજ ડૂબી રહ્યો હોય ત્યારે."

"અરે, સાંજબાંજમાં કંઈ ન વળે. માછલીઓનો ઉપર આવવાનો સમય અર્ધી રાતનો ને નિયમ મુજબનો જ હોય છે." પહેલા માણસે કહ્યું.

"પણ નિયમ પ્રમાણે જ, સહુથી વધારે તો."

ભોલાબાબુએ ફરી પાછો ખુરશીની પીઠનો ટેકો લઈ લીધો. વાત હાથમાં આવીને પાછી ફસકી ગઈ તેનું તેમને દુઃખ થયું. એ ચૂપ થઈ ગયા. આટલા બધા માણસોનાં દેખતાં કહેવું ઠીક નહિ લાગે, એમને થયું. એકલા હોત તો કહી શકાત. એ ધૈર્યપૂર્વક પ્રતીક્ષા કરવા લાગ્યા પણ ત્યાંથી કોઈએ હઠવાનું નામ લીધું નહિ.

"જિલ્લેદારસાહેબ," ભોલાબાબુએ જરા મોટે અવાજે કહ્યું.

જિલ્લેદારસાહેબે ડોકું ફેરવ્યું.

"આપની સાથે એક જરૂરી વાત કરવી છે."

"મારી સાથે ?" જિલ્લેદારસાહેબ ગંભીર થઈ ગયા. "ભલે."

ભોલાબાબુ ઊઠ્યા. એમણે ઇશારો કર્યો. જિલ્લેદારસાહેબ પણ ઊઠ્યા.

ભોલાબાબુ એમને માલના ગોદામમાંથી નીચે એકાન્તમાં લઈ ગયા.

"જિલ્લેદારસાહેબ," ભોલાબાબુ બોલ્યા. "હવે આપથી શું છુપાવવું ? ને આપ તો પોતે જ સમજદાર છો !"

"અરે, તારમાસ્તર, કેવી વાત કરી રહ્યા છો ?"

ભોલાબાબુ પળભર અટકી ગયા. પછી કહ્યું : "આપ તો રોજ સાંજે ફરવા નીકળો છો."

"હા."

"રાત પડે પછી પાછા ફરો છો."

"હા."

"આજે આપે સૂરજ જોયો હશે ?"

"હા, જોયો'તો."

થોડી વાર સુધી ભોલાબાબુ જિલ્લેદારસાહેબ સામે લાલચુ આંખોએ તાકી રહ્યા. એમને મૂંગા રહેલા જોઈને બોલ્યા : "આજનો સૂરજ એવો તો લાલ, એવો તો ખૂબસૂરત હતો કે આપને શું કહું ? આખી ધરતી લાલ લાલ થઈ ગઈ હતી, જિલ્લેદારસાહેબ. આપે જોયું'તું ને ?"

"આ કંઈ નવી વાત નથી. એવું તો રોજ થાય છે. આ ઋતુ જ એ જાતની છે." જિલ્લેદારસાહેબે કહ્યું.

"ના, સાહેબ, રોજ તો શી રીતે થાય ?" ભોલાબાબુ વિસ્મિત બની ગયા.

"ઠીક," જિલ્લેદારસાહેબે બેદરકારીથી કહ્યું. "પણ વાત શી છે એ કહો ને ?"

ભોલાબાબુ મૂંગા થઈ ગયા. એમના ઉત્સાહને થોડો ધક્કો લાગ્યો. એમણે માથું નીચું ઢાળી દીધું ને ચાલવા લાગ્યા. "પણ આખરે વાત શી છે ?" જિલ્લેદારસાહેબે પૂછ્યું.

"હવે આપને શું કહું, સાહેબ ?" એમણે ધીરેકથી કહ્યું.

એ સીધા બજારમાં નીકળ્યા. બજાર ખુલ્લા મેદાનમાં પથરાયેલી છે. રસ્તા પર બત્તીઓ છે. લોકો છે – પરિચિત અને અપરિચિત. પણ ભોલાબાબુ તો પોતાને રસ્તે ચાલ્યા જાય છે. એમણે સૂરજની બાબતમાં કોઈને કહ્યું નહિ; જોકે ઘણાઓને કહેવું હતું. એ દુ:ખી હતા. દુ:ખી એ વાતથી હતા કે પોતે જિલ્લેદાર પાસે નકામા ચાલ્યા ગયા હતા. લોકો જિલ્લેદારને ખૂબ જ લાયક અને બુદ્ધિશાળી કહેતા હતા. એ પણ એમ માનવા લાગ્યા હતા. પણ આજે એમની પોલ ખૂલી ગઈ. જો એમણે સૂરજ જોયો જ ન હોય તો તો જુદી વાત હતી પણ એમણે તો જોયો છે, ને ખાસો જોયો છે !

તો પણ ભોલાબાબુ આ વિશે નવી રીતે વિચારવા માટે તૈયાર છે. ને એમણે વિચાર્યું પણ. "આ એવી વાત નથી કે જે બધાને સમજાય." આ વિચારથી વળી એમને વધારે પીડા થવા લાગી.

પણ એ ધીમે ધીમે સંતોષ મેળવવા લાગ્યા : ભલેને જિલ્લેદારસાહેબ ઝાઝું ભણ્યાગણ્યા હોય, પણ ભણવાથી શું વળે ? ખરી રીતે જોઈએ તો ભણવું અને સમજવું એ બે જુદી જુદી ચીજો છે... અને ખાસ કરીને આવી બાબતો માટે તો ઉંમર અને અનુભવ બન્ને જોઈએ.

ભોલાબાબુ માધવવાળી ગલીમાં વળવા લાગ્યા. જોયું તો હાથમાં બાલદી લઈને બીજી ગલીમાંથી માધવ નીકળી રહ્યો છે. ત્યાં થોડું અંધારું હતું.

"માધવ," એમણે બૂમ મારી.

"બાબુજી, એ તો હું છું, સોહન."

"ઠીક, તું છો ! ભલે, કંઈ નહીં."

એમણે સોહનને બોલાવ્યો.

"વકીલસાહેબ તો બપોરથી જ બહાર ગયા છે." સોહને કહ્યું.

"ક્યાં ગયા છે ?"

"કોઈક ગામમાં. કોઈક જગ્યા જોવા."

"ઠીક, તો બપોરથી જ ગયા છે ?"

"હા."

તો પછી એમણે સૂરજને ક્યાંથી જોયો હોય ? ભોલાબાબુએ વિચાર્યું. પછી એમણે સોહનની ઉંમર અને અનુભવ તરફ ધ્યાનપૂર્વક જોયું.

"તું સાંજના શું કરતો હોય છે ?" એમણે પૂછ્યું.

"કામે જાઉં છુ, ખોળ મસળું છું, ઢોરોને ખાણ ખવડાવું છું. દૂધ દોહું છુ, ને..."

"સૂરજને જોયો છે કે નહિ ?"

"સૂરજ ?" સોહને વિસ્મયથી પૂછ્યું.

"તેં આજે સૂરજ જોયો'તો ?"

"કોણ સૂરજ ? સૂરિયો તેલી ?"

"ના, કોળા, ના ! બેવકૂફ !" ભોલાબાબુ ખિજાઈ ગયા.

સોહન હસવા લાગ્યો. "બાબુ હું ગમાર આદમી છું. કોનું પુછો છો એની મને કંઈ ગતાગમ પડે ?"

"હું આકાશના સૂરજની વાત કરું છું."

"હા, બાબુ, જોયો'તો."

"તને એમાં કંઈ ખાસ લાગ્યું'તું ?"

"એટલે ?" સોહને દીનતા જાહેર કરી.

"કંઈક ગોળ ગોળ ? કંઈક લાલ લાલ ?" ભોલાબાબુ સોહનની મદદે આવ્યા.

"એટલે ?"

"એટલે તારું માથું. જા ભેંસ સાચવ." એમણે ક્રોધથી કહ્યું.

એ પાછા ફર્યા. આ વખતે ભોલાબાબુની રહીસહી આશા પણ ખતમ થઈ ગઈ. "આખરે લોકો પણ કેવા થઈ જતા જાય છે ?" એ ચિડાઈ ગયા.

ઘેર જઈને એમણે દરવાજો ખોલ્યો. અંદર ગયા. લાકડી મૂકી દીધી ને બિછાના પર સૂઈ ગયા. હાય ! દુનિયા કેટલી બદલાઈ ગઈ છે ? એમણે વારંવાર વિચાર્યું. વિચાર આવ્યો : કાલે સાંજ થશે, પોતે બધા જ લોકોને બોલાવશે, સૂરજ દેખાડશે ને સમજાવશે કે જુઓ, દુનિયામાં ચૂલો, યોજના, ઑફિસ, ઊંટ ને દૂધ એમાંજ કંઈ બધું આવી જતું નથી. સૂરજ પણ છે. પર્વતોની ઉપર એ હોય છે તાડોની વચમાં એ આવે છે. પછી કંપે છે ને પછી એ પળ પણ આવે છે કે જ્યારે એ પહાડોની પાછળ ચાલ્યો જાય છે અને ડૂબી જતાં પહેલાં તમારા ટાલિયા માથા ઉપર એક કોમળ કિરણ મૂકી જાય છે.

અચાનક એમને યાદ આવ્યું. એ પોતાનો હાથ માથા ઉપર લઈ ગયા. એને ફંફોસ્યું. એ ભાગ તદ્દન ઠંડો હતો. એમને દુઃખ થવા લાગ્યું – "પણ એવા કેટલા લોકો હશે જે કાલ પણ આ વાત સમજી શકશે ?" એ બેચેન થવા માંડ્યા.

ભોલાબાબુને કોઈકનાં પગલાં અંદર આવતાં સંભળાયાં. જોયું કે ટેબલ પર ભોજનની થાળી આવી ગઈ છે અને ખાટલાના એક છેડા પર બિટ્ટીની મા બેઠી છે.

"સાંજના ક્યાં ચાલ્યા ગયા'તા ?"

"ક્યાંય નહિ." ભોલાબાબુએ બેધ્યાનપણે જવાબ આપ્યો.

"તબિયત તો ઠીક છે ના ?"

ભોલાબાબુએ કશો જવાબ ન આપ્યો.

બિટ્ટીની માએ ચાદરની અંદર હાથ નાખ્યો ને પગને અડી જોયું.

"ઠીક જ છું."

એ થોડીવાર મૂંગી રહી. ત્યાં સુધીમાં બિટ્ટી, નીલુ અને બીજાં બાળકો પણ આવી ગયાં હતાં.

"ઠીક તો ઊઠો, ને ખાઈ લો."

"આજે હું ખાઈશ નહિ."

"કેમ ?" બિટ્ટીની મા ચોંકી ગઈ.

ઘણા સમય સુધી ભોલાબાબુ નિરુત્તર પડ્યા રહ્યા—ઉદાસ અને ખિન્ન.

પછી સંયત સ્વરે બોલ્યા : "જો, કહેવા ખાતર આ વહુ છે, દીકરો છે, આ દીકરી છે, આ મકાન છે, આ ધનદોલત છે, આ મિત્રો છેને આ સંબંધીઓ છે. પણ સાચું પૂછો તો કોઈ કોઈનું નથી."

"આપ એમ કેમ કહો છો ?" બિટ્ટીની માની આંખમાં આંસુ આવી ગયાં.

"મારું દુઃખ જો કોઈ સમજી શકતું નથી, તો કેવી વહુ ને કેવા દીકરા ?"

"મારું કોઈ નથી." ભોલાબાબુનો કંઠ પણ ભરાઈ આવ્યો.

"ના, ના, ના. આ શું કહી રહ્યા છો ? આપને શું થઈ ગયું છે ?"

બિટ્ટીની મા રડવા લાગી. એને જોઈને બાળકો પણ ડૂસકાં ભરવા લાગ્યાં.

"પણ આમાં રોવાની શી જરૂર છે ? તમે બધાં જાઓ, ખાઓપીઓ, બસ હું નહિ ખાઉં." ભોલાબાબુએ ગદગદિત અવાજે કહ્યું ને બીજી બાજુ પાસુ બદલ્યું.

બિટ્ટીની માએ બાળકોનાં મોં સામે જોયું ને જોરથી રડી પડી. બાળકો પણ મોટેથી રોવા લાગ્યાં. ભોલાબાબુ પણ તકિયામાં ડૂસકાં ભરી રહ્યા. પછી એ કોણીને ટેકે બેઠા થયા.

"બિટ્ટીની મા, છેવટે શા માટે ? આ બધું શા માટે ?" એમણે બિટ્ટીની માને હચમચાવી નાખી.

બિટ્ટીની મા વધારે જોરથી રડવા લાગી. ભોલાબાબુ જોતા રહ્યા ને પછી ઓચિંતાના મોટે મોટેથી રડવા માંડ્યા.

રડનારાઓમાં સહુથી મોટો અને દુઃખી અવાજ ભોલાબાબુનો હતો.

# લેખક-પરિચય

## ચન્દ્રધર શર્મા 'ગુલેરી' (1883-1920)

જન્મસ્થાન ગુલેર (પંજાબ). પહેલાં અજમેરની મૅયો કૉલેજમાં શિક્ષક, પછી કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયના સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ, પુરાતત્ત્વવેત્તા અને ભાષાવિદ. હિંદીમાં 'કછુવા ધર્મ' અને 'મારે સિ મોંહિ,' 'કુઠાઉ' જેવા કેટલાક લલિત નિબંધો તથા બધું મળીને ત્રણ નવલિકાઓ લખી. 'ઉસને કહા થા'નું પ્રકાશન 1915ના 'સરસ્વતી'માં થયું.

## પ્રેમચંદ (1880-1936)

જન્મસ્થાન લમહી, બનારસ (ઉત્તરપ્રદેશ). લેખન પહેલાં ઉર્દૂમાં શરૂ કર્યું, પછી હિંદીમાં. સાપ્તાહિક 'જાગરણ' અને માસિક 'હંસ'નું સંપાદન કર્યું. લગભગ એક ડઝન નવલકથાઓ તથા સવા બસો નવલિકાઓ લખી છે મુખ્ય નવલકથાઓ 'સેવાસદન', 'પ્રેમાશ્રમ', 'રંગભૂમિ', 'કર્મભૂમિ', 'ગબન' તથા 'ગોદાન'. મોટા ભાગની નવલિકાઓ 'માનસરોવર' નામના આઠ ગ્રંથોમાં પ્રકાશિત. 'કફન'નું પ્રકાશનવર્ષ 1936.

## જયશંકર પ્રસાદ (1889-1937)

જન્મસ્થાન બનારસ (ઉત્તરપ્રદેશ). મુખ્યત્વે કવિ અને નાટ્યકાર. નવલકથાઓ અને નવલિકાઓ પણ લખી છે. કાવ્યનો સુપ્રસિદ્ધ ગ્રંથ 'કામાયની'. મુખ્ય નાટકો 'સ્કંદગુપ્ત' અને 'ચંદ્રગુપ્ત'. મુખ્ય નવલકથાઓ 'તિતલી' અને 'કંકાલ'. નવલિકાસંગ્રહો 'છાયા', 'પ્રતિધ્વનિ', 'ઈન્દ્રજાલ', 'આંધી' અને 'આકાશદીપ'.

## જૈનેન્દ્રકુમાર (1905-1988)

જન્મસ્થળ કોડિયાગંજ, જિલ્લો અલીગઢ (ઉત્તરપ્રદેશ) નવલકથાકાર, નવલિકાકાર અને ચિન્તક. મુખ્ય નવલકથાઓ 'પરખ', 'સુનીતા', 'ત્યાગપત્ર', 'જયવર્ધન'. મોટા ભાગની નવલિકાઓ 'જૈનેન્દ્ર કી કહાનિયાં' નામની ગ્રન્થમાળાના દસ ગ્રન્થોમાં પ્રકાશિત.

**યશપાલ (1903-1976)**

વતન ફિરોઝપુર છાવણી (પંજાબ). પૂર્વજો કાંગડાના. રહેવાસનું શહેર લખનૌ. ઘણા સમય સુધી ક્રાંતિકારી સંગઠનમાં કાર્ય કર્યું અને જેલો ભોગવી. 1938 થી લેખનનો પ્રારંભ. નવલકથાકાર, નવલિકાકાર તથા વિચારક. મુખ્ય નવલકથાઓ 'દાદા કોમરેડ', 'પાર્ટી કોમરેડ', 'દેશદ્રોહી', 'મનુષ્ય કે રૂપ', 'દિવ્યા' અને 'જૂઠા-સચ'. મુખ્ય નવલિકાસંગ્રહો 'પિંજરે કી ઉડાન', 'જ્ઞાનદાન', 'વો દુનિયા', 'ધર્મયદ્ધ', 'ચિત્ર કા શીર્ષક', 'તુમને ક્યોં કહા થા', 'મૈં સુન્દર હૂં' આદિ.

**રાંગેય રાઘવ (1923-1963)**

દક્ષિણના વતની. માતા કન્નડભાષી અને પિતા તમિળભાષી. ઝાઝો ભાગ આગ્રા અને ભરતપુરમાં રહ્યા. મુખ્યત્વે નવલકથાકાર તથા વિચારક. કવિતાઓ પણ લખી છે. મુખ્ય નવલકથા 'ઘરૌંદે', 'મુર્દો કા ટીલા', 'વિષાદ મઠ', 'કબ તક પુકારું' વગેરે. મુખ્ય નવલિકાસંગ્રહ 'મેરી પ્રિય કહાનિયાં.'

**ફણીશ્વરનાથ રેણુ (1921-1977)**

વતન પૂર્ણિયા (બિહાર). નવલકથાકાર અને નવલિકાકાર. મુખ્ય નવલકથાઓ 'મૈલા આંચલ', 'પરતી પરિકથા', 'દીર્ઘતયા', વગેરે. વાર્તાસંગ્રહ 'ઠુમરી' અને 'આદિમ રાત્રિ કી ગંધ'.

**નિર્મલ વર્મા (જ. 1929)**

વતન સિમલા (હિમાચલપ્રદેશ). રહેવાસનું શહેર દિલ્હી. મુખ્યત્વે નવલિકાકાર. 'વે દિન' શીર્ષકથી એક નવલકથા પણ પ્રકાશિત થયેલી છે. એમની નવલકથા 'લાલ ટીન કી છત' ખૂબ પ્રસિદ્ધિ પામી છે. નવલિકાસંગ્રહો 'પરિંદે', 'જલતી ઝાડી' તથા 'પિછલી ગર્મિયોં મેં'. જ્ઞાનપીઠ પુરસ્કારથી સમ્માનિત.

**અમરકાન્ત (જ. 1924)**

વતન બાલિયા (ઉત્તરપ્રદેશ). રહેવાસનું શહેર અલ્લાહાબાદ. મુખ્યત્વે નવલિકાકાર. નવલકથાઓ પણ લખી છે. મુખ્ય નવલિકાસંગ્રહ 'જિંદગી ઔર જોંક'.

**જ્ઞાનરંજન (જ. 1936)**

વતન અલ્લાહાબાદ (ઉત્તરપ્રદેશ). મુખ્યત્વે નવલિકાકાર. પ્રકાશિત નવલિકાસંગ્રહ 'ફેન્સ કે ઇધર ઔર ઉધર'.

**કાશીનાથ સિંહ (જ. 1937)**

બનારસ (ઉત્તરપ્રદેશ)ના વતની. મુખ્યત્વે નવલિકાકાર પ્રકાશિત નવલિકાસંગ્રહ 'લોગ બિસ્તરોં પર'.

**મોહન રાકેશ (1925-1972)**

જન્મ અમૃતસર (પંજાબ)માં. નાટકકાર, નવલકથાકાર અને નવલિકાકાર. નાટક 'આષાઢ કા એક દિન', 'લહરોં કે રાજહંસ' અને 'આધે અધૂરે'. નવલકથા 'અંધેરે બંદ કમરે'. નવલિકાસંગ્રહો 'નયે બાદલ', 'જાનવર ઔર જાનવર', 'એક ઔર જિંદગી' તથા 'ફૌલાદ કા આકાશ'.

**રાજેન્દ્ર યાદવ (1929)**

આગ્રા (ઉત્તરપ્રદેશ)ના વતની. હમણાં દિલ્હીમાં રહે છે. નવલકથાકાર અને વાર્તાકાર. એક કવિતાસંગ્રહ પણ પ્રસિદ્ધ થયો છે. નવલકથાઓ 'સારા આકાશ', 'ઉખડે હુયે લોગ', 'શહ ઔર માત', 'કુલટા' અને 'યંત્રવિદ્ધ'. નવલિકાસંગ્રહો 'ખેલ ખિલૌને', 'જહાઁ લક્ષ્મી કૈદ હૈ', 'છોટે છોટે તાજમહલ', 'કિનારે સે કિનારે તક', 'પ્રતીક્ષા', 'ટૂટના' વગેરે.

**કમલેશ્વર (1932)**

જન્મસ્થળ મૈનપુર (ઉત્તરપ્રદેશ). કેટલોક સમય અલ્લાહાબાદ અને દિલ્હીમાં રહ્યા. હમણાં મુંબઈ. નવલિકાકાર અને નવલકથાકાર. નવલિકાસંગ્રહો 'રાજા નિરબંસિયા', 'કસ્બેકા આદમી', 'ખોઈ હુઈ દિશાએ' તથા 'માંસ કા દરિયા', નવલકથાઓ 'એક સડક સત્તાવન ગલિયાઁ', 'ડાક બંગલા' તથા 'તીસરા આદમી'.

**શ્રીકાન્ત વર્મા (1931-1986)**

જન્મસ્થળ વિલાસપુર (મધ્યપ્રદેશ). મુખ્યત: કવિ. નવલકથા અને નવલિકાઓ પણ લખી છે. કવિતાસંગ્રહો 'ભટકા મેઘ', 'માયાદર્પણ', તથા 'દિનારંભ'. નવલકથા 'દૂસરી બાર'. નવલિકાસંગ્રહો 'ઝાડી' અને 'સંવાદ'.

Printed at Shivam Offset Press, A-12/1 Naraina Indl. Area, Phase-I, New Delhi-110 028